

Mr. ROMESH CHANDRA DUTT, C. I. E.

મિ૦ રમેશ ચન્દ્ર દત્ત સી. આઈ. ઈ.

સુધાહાસિની.

સાંસારિક નવલકથા.

મી. રમેશચંદ્ર દત્ત, સી. આઇ. ઇ.

ના અંગ્રેજી પુસ્તકપરથી

ભાષાંતર કરનાર

સૌ. વિદ્યા રમણભાઇ, બી. એ.

તથા

સૌ. શારદા મહેતા, બી. એ.

અમદાવાદ

પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ.

ઈ. સ. ૧૯૦૬.

કીંમત રૂ. ૧-૪-૦.

ગ્રંથકર્તાની પ્રસ્તાવના.

બંગાળાનાં ગામડાનાં જીવનની સાદી કથા ઇ. સ. ૧૮૮૫ માં 'સંસાર' એ નામથી પ્રકટ થઇ હતી. અંગ્રેજી વાચકો માટે એ કથા ઇંગ્લીશ ભાષામાં લખવામાં આવી છે. તેમાં ઘટતા સહેજ ફેરફાર કરવામાં આવ્યા છે તથા પૂર્વના લોકના ગૃહસંસાર અને પાશ્ચાત્યો વચ્ચે જે અંતરપટ રહેલો છે તે ખસેડી એનું તાદૃશ ચિત્ર આપવા પ્રયાસ કરેલો છે.

ગંગાને કિનારે મંદિરોવાળું બનારસ આવી રહ્યું છે; ત્રણ હજાર વર્ષનાં સ્મરણ ચિહ્નો–મસીદો અને મિનારા–નજરે પાડતું પાડતું દિલ્હી રહેલું છે; જેપુર પોતામાં શોભિતાં મકાનો ગર્વ સહિત દેખાડે છે; જોધપુર એના ડુંગરી કિલ્લા માટે સુપ્રસિદ્ધ છે. આ સર્વ તથા એના સરખી બીજી જગાઓ જોઇ સામાન્ય મુસાફર હિંદુસ્તાન જોયાનો સંતોષ વાળે છે. એથી વધારે જિજ્ઞાસાવાળાઓને ઉંચાં તાલવૃક્ષોની નીચે રહેલાં ભુખરાં ગામડાંઓમાં કેવી રીતના જીવનવ્યવહાર ચાલતા હશે તે જાણવાની ઉત્કંઠા થાય છે. પાસે થઇને મ્હો ઢાંકીને બોલ્યા ચાલ્યા વગર જતી સ્ત્રીઓના મનના વિચાર કેવા હશે તે જાણવાની ઇચ્છા થાય છે. પ્રાતઃકાલે ખેતરમાં જતા ગ્રામ્ય જનોને કદાચ આગગાડીની બારીમાંથી જોનાર મુસાફરને એવું બને કે સર્વ રીતે માનવૃત્તિથી ભરેલી કેટલીક જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને સર્વ રીતે જિજ્ઞાસાથી ભરેલી માનવૃત્તિ ઉત્પન્ન થાય.

એન્જેલસનો મહાન્ ચિતારો કહેતો કે પૃથ્વીનો સ્વર મારા કાનમાં હમેશ રહે છે. પરિશ્રમના ફલવાળો, પ્રાચીન આદર્શવાળો તથા નવીન અભિલાષ વાળો હિંદ ભૂમિનો સ્વર હિંદના લોકનાં જીવન સમજવા પ્રયાસ કરનારના કાનમાં નિરંતર રહેવો જોઇએ.

લંડન, જાન્યુઆરી ૧૯૦૨.

ભાષાન્તર કરનારની પ્રસ્તાવના.

સુપ્રસિદ્ધ દેશભક્ત અને લેખક મી. રમેશચંદ્ર દત્ત, સી. આઈ. ઈ. ના નામથી ભાગ્યે જ કોઇ અજાણ્યું હશે. તેમની "સંસાર" નામે બંગાળી નવલકથાપરથી રચેલા તેમના પોતાના અંગ્રેજી પુસ્તક Lake of Palms નું આ ભાષાંતર છે. એ કથા સાદી, રસપૂર્ણ અને આબાલ વૃદ્ધ સર્વ કોઇ વાંચી શકે તેવી શુદ્ધ અને નિર્દોષ છે. આપણા દેશના સરલ અને અતિ ક્ષોભકતા વિનાના સંસારજીવનના બનાવોનું સાદું પણ આકર્ષક ચિત્ર એમાં છે. ઘણી બંગાળી નવલકથાઓનાં ગુજરાતીમાં ભાષાંતર થયાં છે પણ તે સર્વથી આ જૂદા જ પ્રકારની છે એ વાંચનાર જોઇ શકશે. ઘણી ખરી બંગાળી કથાઓમાં જૂદી જૂદી લાગણીઓનું દર્શન અને માત્ર લાગણીઓથી વ્યક્તિત્વ પામેલાં પાત્રોનાં જીવન ટુંકાણમાં આલેખેલાં નજરે પડે છે. આ કથામાં પાત્રોનાં ચરિત્ર (character) નું સંવર્ધન (development) તથા નાના પ્રકારના સાંસારિક બનાવોનું રસિક વર્ણન છે.

ગ્રંથકર્તાની સ્વદેશપ્રીતિ અને દેશના સારા રિવાજો તરફ પક્ષપાત આમાં સ્થળે સ્થળે નજરે પડે છે. દેશભક્તિ અને હિંદુસ્તાનની સંસ્થાઓ તરફ તેમના હૃદયમાં જે પ્રેમ રહેલો છે ત દર્શાવવાનો કોઇ પ્રસંગ આ પુસ્તકમાં ખાલી જવા દીધેલો નથી. એ ઉભરાઇ જતી મનોવૃત્તિ વાંચનારને તેમના તરફ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન કરે છે.

રાજકીય અને સાંસારિક પ્રશ્નો સંબંધે કર્તાએ પોતાના અનેક અભિપ્રાય એમાં દર્શાવેલા છે. સંસારસુધારાના હિમાયતીઓ પ્રાચીન સંસ્થાઓ અને પ્રાચીન વ્યવસ્થાઓ તરફ યોગ્ય આદર નથી રાખતા એવું ઘણી વાર સંસારસુધારાના વિરુદ્ધ પક્ષ તરફથી કહેવામાં આવે છે. એ આક્ષેપ કેટલો અસત્ય છે તે આ ગ્રંથપરથી સહજ જણાય તેમ છે. દેશના પ્રાચીન સાહિત્ય અને પ્રાચીન ગૌરવના પૂજક મી. રમેશચંદ્ર દત્ત સરખા થોડા જ નર હશે.

હિંદુસ્તાન એટલો મોટો દેશ છે કે દેશના જૂદા જૂદા પ્રાંતોમાં જૂદા જૂદા રીતરિવાજ પ્રચલિત છે. બંગાળાના રીતરિવાજનું આ પુસ્તકમાં દર્શન થાય છે. તે સાથે એ વાત પણ સિદ્ધ થાય છે કે સહેજસાજ ઉપર ઉપરના ફેરવાળા રિવાજ છતાં, સમસ્ત દેશનું વલણ, વૃત્તિઓ,

અને સ્વભાવમાં એટલું ઐક્ય છે કે ભરતખંડનિવાસીઓ આપણે એક જ પ્રજા છીએ અને જૂદી જૂદી ભાષા બોલનાર, પહેરવેશની ભિન્નતા અને બીજી બાહ્ય ભિન્નતા છતાં, આપણામાં સામાન્યપણું કેટલું બધું છે તે આપણે જાણી શકીએ છીએ. આપણા લોકોના સંસારનું બંધારણ, કુટુંબજીવન તથા હૃદયની વાંછાઓ સર્વત્ર ઐક્યપૂર્ણ છે એ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

ગ્રંથકર્તાની પોતાની ખાસ ઈચ્છા અને સૂચના પરથી આ ભાષાંતર કરવામાં આવ્યું છે. Ancient India તથા The Economic History of British India અને બીજા અનેક ગ્રંથોના સમર્થ લેખકની પ્રૌઢ પણ સરલ શૈલી અને સુઘટિત વિચારના અનુવાદમાં ખામીઓ ઘણી રહી હશે અને તે માટે વાચક વર્ગની ક્ષમા યાચીએ છીએ.

અમદાવાદ.
તા. ૧૮ ડીસેમ્બર સને ૧૯૦૬.

અર્પણ પત્રિકા.

જે પરમપૂજ્ય માતપિતાએ અનેક કષ્ટ તથા અગવડો વેઠી અમારા વિદ્યાભ્યાસનો માર્ગ સરલ કરી આપ્યો છે તથા તેમાં ઉત્તેજન અને હિંમત આપી દૃઢતા રાખી છે, તેમના તે ઉપકારના સ્મરણ તરીકે આ ભાષાંતર તેમના જ ચરણમાં ઉપહાર કરવું ઘટિત લાગ્યું છે.

અમદાવાદ.
૨૧ ડીસેમ્બર ૧૯૦૨ } સૌ. વિદ્યા તથા સૌ. શારદા.

અનુક્રમણિકા.

પ્રથમ ખંડ.

ગામડું.

ખંડ બીજો.

કલકત્તા.

ખંડ ત્રીજો.

દેવસ્થાન.

ખંડ ચોથો.

સરોવર.

સુધાહાસિની.

પ્રથમ ખંડ.

ગામડું.

પ્રકરણ ૧ લું.

અનાથ બાલકો.

બંગાળા પ્રાંતની વિશાળ ભૂમિમાં તાલપુખર એટલે તાલ સરોવર નામનું એક નાનું ગામડું આવેલું છે. તેની થોડાક અંતરે ડાંગરનાં ખેતરોની કોરણુ ઉપર એક સુંદર તળાવ છે. આ તળાવની ચારે તરફ ફરતાં ઉંચાં તાડનાં ઝાડ ઉગેલાં છે તે ઉપરથી તેનું નામ તાલપુખર પડયું છે.

માત્ર મધ્યાહ્ન વખતે જ્યારે સૂર્ય બરોબર માથા ઉપર હોય તે શિવાય આખો દિવસ આ તળાવનું પાણી તેના કાંઠા ઉપરનાં ઊંચાં ઝાડને લીધે ત્યાં અંધકાર હોવાથી, સૂર્યાસ્ત વેળા ઘેરા કાળા રંગનું દેખાય છે. શિઆળાના સ્વચ્છ આકાશવાળા મહિના પછી એપ્રિલ માસની એકાદ સાંજે વાયવ્ય તરફથી જોરમાં વાતા તોફાની પવન પછી આ સ્થાને વસંત ઋતુની શરૂઆત થવા લાગે છે. આકાશ કેટલેક ઠેકાણે છુટાં છવાયાં વાદળાંથી ઢંકાઇ ગયું હતું. તાડનાં ઝાડમાં થઇને પવન મંદમંદ વાતો

હતો. આકાશમાં થોડા તારા નજરે પડતા હતા; અને દૂરના ગામડા-માંથી કોઇક કોઇક દીવાનો પ્રકાશ ઝાંખો ઝાંખો આવતો હતો. પાસે આ-વતાં આટલા અંધારામાં પણ પાણીની અંદર કમરપુર પાણીમાં ઉભેલી એક સ્ત્રી નજરે પડતી હતી. ઘાટ ઉપરનાં પગથીઆં ઉપર નવેક વર્ષની એક છોકરી પોતાના ખોળામાં પોતાની નાની બહેનને લઇને બેઠેલી હતી. તળાવનું પાણી એટલું શીતળ હતું કે આ સ્ત્રી નિત્યકર્મ કરતાં માત્ર આ-નંદની ખાતર જ સંધ્યાસ્નાન કરતી હોય એમ લાગતું હતું. પાણી ભરીને ઘેર લઈ જવાને માટે તેની પાસે માટીનો એક નાનો ઘડો હતો.

આ જગ્યા અને દેખાવ સાધારણ હતાં. અજાણ્યાં પગલાંનો અવાજ કાને પડતો હતો પણ તે આ ત્રણેમાંથી કોઇને પણ ભયસૂચક લાગતો નહોતો. જે પચાસ સાઠ ગામડીઆઓ પાસે રહેતા હતા તે બધા જાણીતા અને ભલા પાડોશીઓ હતા; અને જે બ્રાહ્મણ કે અન્ય ઉંચી વર્ણનાં કુટુંબો હતાં તે પણ નિસ્પૃહી હતાં, કારણ કે બીજાં ગામડાની માફક જ આ સ્થાનમાં રહેનારા લોકનાં જીવન બહુ શાંત, સરલ અને નગરવાસીઓથી જૂદાં જ હતાં. ઉપર વર્ણવેલી ગરીબ વિધવા સ્ત્રી અને તેની બે પુત્રીની કથા પણ ટુંકી સાદી અને સહેલથી વર્ણવી શકાય એવી છે.

આ સ્ત્રી કાયસ્થ જ્ઞાતિના એક સારા પરંતુ ગરીબ કુળમાં જન્મી હતી. તેને હરિદાસ મલિક નામના એક ઘણી જ ગરીબ સ્થિતિના માણસ સાથે પરણાવી હતી. તેની પાસે દસપંદર વીઘાં જમીન હતી, પણ કાય-સ્થથી જાતે ખેતી કરાય નહિં તેથી હળ ખેડવાને અને ડાંગર વાવવાને તેણે નોકરો રાખ્યા હતા. નોકરોને મજુરી તથા જમીનદારનું મહેસુલ ચુકવ્યા પછી તેની પાસે થોડુંક જ બચતું હતું. અને જેટલું બાકી રહેતું તેમાંથી મહા પ્રયત્ને પોતાના કુટુંબનો નિર્વાહ થતો. એક આબરૂદાર ગરીબ કુટુંબ—પોતે પોતાની સ્ત્રી અને છોકરાં, રોજના છ સાત આનામાં આદે-શમાં ગુજરાન ચલાવી શકે, પરંતુ હરિદાસની બધી કમાઇ ગણીએ તોએ એટલું પરાણે થતું. બરદ્વાન શહેરમાં તારિણી મલિક નામે તેનો એક પિ-ત્રાઇ ભાઇ સરકારી નોકરીમાં હતો. પણ આ વખતમાં પોતાનો સગો ભાઇ સહાયતા કરે નહિં તો પિત્રાઇ ભાઇ પાસે તો શાની જ આશા રખાય! પરંતુ જ્યારે હરિદાસ ઘણી જ વિટંબનામાં આવતો ત્યારે તેના પિત્રાઇ પાસે માગતો અને તારિણી તેને પાંચ દશ રૂપીઆ વગર વ્યાજે ધીરતો. આવી રીતે તે અત્યંત કંગાલ સ્થિતિમાં હતો, તે છતાં તે હમેશ સંતોષ માનતો.

હરિદાસને પરણે પંદર સોળ વર્ષ થયાં ત્યારે તેના ઘરમાં એક પુત્રી જન્મી. તેનું નામ વિન્ધ્યવાસિની પાડ્યું, પણ સર્વ તેને બિન્દુ કહી બોલાવતા. મોટી ઉમરે છોકરી થઇ તેથી બિન્દુ તેનાં માબાપની બહુ લાડકી હતી. માબાપની સ્થિતિ એટલી ગરીબ હતી કે પોતાની વ્હાલી છોકરીને પ્રેમ શિવાય બીજું કાંઇ કવચિત જ આપી શકતાં. જ્યારે નવરાત્રની પૂજાની રજામાં તેનો કાકો તારિણી નોકરી ઉપરથી ગામમાં આવતો ત્યારે ત્યારે તે પોતાની પુત્રી ઉમાને માટે કોઈ વખત ઢાકાની મસલીનની સાડીઓ, કોઇ વખત સોનાની બંગડીઓ, અથવા તો પગનાં રૂપાનાં કલ્લાં સાંકળાં એવી એવી અનેક ચીજો લાવતો. બિચારી બિન્દુનાં માબાપે આ બધું જોઇને મહા મહેનતે તેને માટે સોનાની હલકી બંગડીઓ કરાવી અને પગને માટે કલ્લાં કરાવ્યાં. આટલું કરવાને માટે પણ તેમને કોઇના પૈસા દેવા કરવા પડયા હતા, અને કેટલોક વખત સૂધી તે પૈસા પાછા આપી શકયાં નહોતા. તે છતાં આટલી વસ્તુઓ તો કુટુંબમાં એક કાયમની મિલ્કત થઇ. આપણા લોકમાં જે ઘેર કાંઇ પણ પૂંજી નથી હોતી ત્યાં પણ થોડાક સોના રૂપાના દાગીના તો હોય છે જ, કારણ કે નાણું વપરાઇ જાય છે પણ સ્ત્રીનાં ઘરેણાં સંભાળથી રાખવામાં આવે છે ને માબાપ પોતાની પ્રજાને તે વારસા તરીકે આપી જાય છે.

બિન્દુને ઉમા સમાન વયનાં જ હતાં તેથી તે ઘણીવાર એકઠાં રમતાં. બિન્દુનો સ્વભાવ બહુ નમ્ર અને સાલસ હતો અને તે કોઈવાર વઢતી નહોતી તેથી ઉમાને તે બહુ ગમતી હતી. જ્યારે જ્યારે તેને કાંઇ ખાવાનું મળતું ત્યારે પોતાનામાંથી થોડો ભાગ પાસે ઉભેલી શાંત નમ્ર બિન્દુને આપતી અને જ્યારે એનાં સગાં વહાલાં બજારમાંથી કાંઇ રમકડાં લાવતાં ત્યારે તેમાંથી એકાદ હલકી ઢીંગલી બિન્દુને તે આપતી. આટલાથી એ બિન્દુ બહુ જ ખુશી થતી અને ઘેર આવીને ઘણા જ ઉત્સાહથી પોતાની માને બતાવતી. તેની માની આંખમાં આવા પ્રસંગે આંસુ પ્રકાશતાં પણ બિન્દુને તો તે માત્ર ચુંબન જ કરતી. બિન્દુ ચાર વર્ષની થઈ ત્યારે તેની બહેન જન્મી હતી. મોટી છોકરી સહેજ ઘઉંવર્ણી હતી, પરંતુ આ નવી કુમારિકાની ચામડીનો રંગ તો પરી જેવો હતો. તેની આંખ તો મધમાખ કરતાં પણ ચળકતી અને ચંચળ હતી. તેના હોઠ બિમ્બ સરખા હતા તથા તે પર મધુર સ્મિતની છાપ હમેશ રહેતી. ગરીબ માતા પિતાને આ અમૂલ્ય કન્યા બહુ જ પ્રિય લાગતી તેથી તેનું નામ સુખદા

સિની પાડયુ. માતાપિતા પાસેથી ચુંબન શિવાય તે બીજું કાંઇ પામતી નહિં. ઉલટું તેને લીધે કુટુંબમાં વધારો થયો તેથી ઘરખર્ચ વધ્યું હતું. નાની બલિકાને દૂધનો ખપ પડે, તેના નાજુકડા હાથને શોભાવવા બંગડીઓ જોઇએ, અને તેના પરી જેવા ઘટમદાર શરીરને દીપાવવા ઢાકાની સાડી વગર કેમ ચાલે? માતાપિતા બન્નેના પ્રેમી અંતઃકરણમાં આવી અનેક વાંચ્છનાઓ થતી; પણ તે બધી પુરી શી રીતે પડી શકે?

ગરીબાઇમાં અને ચિંતામાં **બિન્દુનો** બાપ રાત દિવસ કામ કરતો અને ઘર ચલાવતો. તેની મા પણ પોતાના પતિની સંભાળ લેવામાં તેમ જ પોતાનાં છોકરાંને ઉછેરવાને હોંસથી મહેનત કરવામાં બાકી રાખતી નહિં. સૂર્યોદય થયા પહેલાં પ્રભાતમાં **બિન્દુની** મા વહેલી ઉઠતી, વાસણકુસણ માંજીને સ્વચ્છ કરતી, ઘર તથા આંગણું વાળી ઝાડીને સાફ કરતી, છોકરીઓને દૂધ પાતી અને પછી પતિને માટે રસોઈ કરતી. તેનો પતિ જમી લે પછી નિત્યનિયમ પ્રમાણે તે તળાવપર સ્નાન કરવા તથા પાણી ભરવા જતી. મધ્યાહ્‌ને તે પોતે જમતી, ને પછી ઝાડ નીચે પોતાની છોકરીઓને લઇને થોડીવાર શયન કરતી. સાંજ પહેલાં તે પાછી ઉઠતી અને રસોઇ વગેરે ઘરનું કામકાજ આરંભતી, તે છેક વાળુ પછી તેનો પતિ તથા છોકરાં સુવા જતાં ત્યાં સૂધી પહોંચતું. પછી તેનો વાળુ કરવાનો વારો આવતો. ત્યાર પછી રાતનાં વાસણ માંજતી, અને બારણાં વિગેરે બંધ કરીને ધીમે રહીને કાંઇ પણ અવાજ કર્યા વગર પોતાના પતિની પાસે સુવા જતી. કુટુંબ ઉપરનો પ્રેમ એ જ તેનું ધન હતું. આટલી દરિદ્ર સ્થિતિ છતાં **બિન્દુની** માતા શાન્તિ તથા સંતોષમાં જેવી સુખી હતી તેવાં સુખી આ જગતમાં વિરલાં જ હોય છે. શું તે ગરીબ હતી? હા પણ તેના જેવાં તો કરોડો હોય છે. પણ તેને તો એક ભલો અને સુશીલ પતિ હતો, જેને તે દેવસમાન ગણતી, અને કંઠના રત્નના હાર કરતાં પણ વધારે કીંમતી બે વ્હાલી છોકરીઓ હતી. દિવસના કામમાંથી પરવાર્યા પછી તેને ગરીબાઇમાં પણ સુખ અને આરામ મળતો. આ ઉપરાંત એક ગરીબ સ્ત્રીને બીજી શાની ઇચ્છા હોય?

પણ આવું સુખ પણ લાંબો વખત પહોંચ્યું નહિં. નસીબની ગતિ ન્યારી જ છે. **સુધા** ચાર વર્ષની થઈ ત્યારે તેનો પિતા મરણ પામ્યો. **સુધાની** માએ બહુએ વ્યર્થ કલ્પાંત કર્યું. કપાળ તથા છાતી કુટી નાંખ્યાં અને બેશુદ્ધ થઇને જમીન ઉપર પડી. બિચારીનો આધાર ઇશ્વરે કેમ છીનવી

લીધો હશે ? ગરીબ સ્ત્રીની ઝુંપડીનું છત્ર અને દીપ નાશ પામ્યો. આડોશી પાડોશી તેની પાસે આવીને તેના દુઃખમાં ભાગ લેવા લાગ્યાં. આ કુટું-બની દયા જનક સ્થિતિ જોઇને દરેક જણને આંસુ આવ્યા વગર રહેતાં નહિં.

આ પછી એક વર્ષ વીતી ગયું. હરિદાસની જમીનનો વહીવટ તેનો પિત્રાઇ ભાઇ **તારિણી મલિક** કરતો, અને તે પોતાની વિધવા ભાભીને એટલો થોડો હિસ્સો આપતો કે તે તેના કુટુંબનું પરાણે પોષણ કરી શકતી. તેના ઘરની ફરતી વાડ પડી ગઇ હતી તે તથા ઘરમાં બીજો ટાકોટીકો કરાવવાની જરૂર હતી તે કરાવવાને કાંઇ બચાવી શકતી નહિં. છેવટ **બિન્દુ**ની માએ તેનું ભાગ્યું તુટયું ઘર હતું તે વેચી નાખ્યું, અને **તારિણી મલિક**ના કુટુંબ સાથે રહેવા ગઈ. પોતાનાં ગરીબ સંબંધીને પાળવાં એ દરેક કમાનાર પુરુષની ફરજ છે એ આપણા દેશમાં ચાલતી આવેલી રીત છે. આખા કુટુંબને માટે રસોઇ તે કરતી, અને ઘરમાં એક ચાકરડીનું બધું કામ કરતી. પોતાનાં છોકરાંને પડતાં નાખીને **તારિણી**ની છોકરીને ફેરવતી. પાણી ભરવા એ જતી, વા-સણકુસણ માંજતી અને વારીદાં પણ આખા ઘરમાં એ જ વાળતી. **તારિણી**ને આશરે તે પડી હતી તેથી તેને બહુ બહુ વાનાં સહન કરવાં પડતાં, પણ **બિન્દુ**ની મા મોં મીચીને બેસી રહેતી. કોઇ વખત જ્યારે બહુ મુંઝવાતી ત્યારે એકાંતમાં જઇને આંસુ પાડતી અને ઇશ્વર પ્રત્યે માગતી કે "દીનદયાલ ! મારી **બિન્દુ** તથા **સુધા**ને અખંડ સુખમાં રાખજે અને નિરંતર તેમની રક્ષા કરજે. મારા મૃત્યુ પહેલાં એ છોકરીઓને સારે ઠેકાણે પરણેલી જોઉં એટલા જ સુખની આ જગત્માં મને ઇચ્છા છે." આ અનાથ બાળકો તથા તેમની દુઃખીઆરી માતાની હકીકત આવી હતી.

થોડીક વારમાં તે માતા પાણીમાંથી બહાર આવી ઘડામાં પાણી ભરી લીધું ને ઉપાડતાં **બિન્દુ**ને કહેવા લાગી "વ્હાલી દીકરી ચાલો હવે આપણે ઘેર જઇએ. **સુધા**ને તારાથી ઉચકાશે ? એ બિચારી આવતી વ-ખતે ચાલી હતી તેથી થાકી ગઇ હશે. એ તે શી રીતે એટલું એ ચાલી શકે અરે ! શું ઉંઘી એ ગઈ છે ?"

"હા મા, એ તો ઉંઘી ગઇ છે. હું એને ઉંચકી લઇશ."

"ના બા એ તો ભર ઉંઘમાં પડી છે અને તારાથી તેનો ભાર ખમાશે નહિં. એને મારા હાથમાં આપી દે, અને મારા લુગડાનો છેડો પકડીને તું મારી પાછળ પાછળ ચાલ. અંધારૂં બહુ થઇ ગયું છે ને વા-દળાં થવા માંડ્યાં છે. વખતે આજ રાત્રે વરસાદ આવશે."

હજી પણ બિન્દુએ હઠ છોડી નહિં ને કહેવા મંડી કે "ના, મા, હું સુધાને ઉચકું તેમાં હરકત શી છે? તે દિવસે હું છેક કાલી બહેનના ઘર સુધી એને નહોતી લઇ ગઇ? અહીંથી આપણું ઘર તે કયાં વેગળું છે?"

છેવટે માને હા કહેવી પડી. પણ કહ્યું કે "બેટા સંભાળીને ચાલજે અંધારૂં બહુ જ છે. મને બીક લાગે છે કે રખેને તું સરી પડે. તે દિવસે મેળામાંથી પાછાં આવતાં ઉમા કેવી પડી ગઇ હતી! તને સાંભરે છે ને? તેના કપાળમાં કેવડો મોટો ઘા પડયો હતો?"

"મા એ શેનો મેળો જોવા ગઇ હતી? ત્યાંથી એ જે સુંદર રમકડાં લાવી હતી તે તો મેં જોયાં હતાં. ખરે! બહુ જ સારાં હતાં, કોણ જાણે મા એ ક્યાંથી લાવી હશે?"

"વ્હાલી! તું નથી જાણતી! એ તો બધા અગ્રદ્વીપના મોટા મેળામાં ગયાં હતાં. તે જગ્યાએ તો દર વર્ષે મોટો મેળો થાય છે. અને હજારો લોકો આસપાસના ગામમાંથી આવે છે. ઝાડ નીચે વૈષ્ણવોને જમાડવામાં આવે છે. અને પછી લોકોનાં ટોળે ટોળાં એકઠાં મળીને ગાય છે વગાડે છે ને ગમ્મત કરે છે."

"મા તમે કોઇ દહાડો એ મેળો જોયો છે?"

"હા દીકરી હું જ્યારે તારા જેટલી નાની હતી ત્યારે હું ને મારા બાપ, મા, બધાં ગયાં હતાં. ત્યાં અમે ત્રણ ચાર દિવસ રહ્યાં હતાં. ખાતાં હતાં એ ઝાડની નીચે ને સુતાં હતાં એ ઝાડ નીચે."

"મા ઝાડ નીચે કેમ? ત્યાં કાંઈ ઘર નથી કે શું?"

"દીકરી તું શી વાત કરે છે? લગભગ પચાસ હજાર માણુસ ત્યાં એકઠું થાય છે. એટલાં બધાંને માટે તે ઘર કયાંથી લાવે? દરેક જણને ત્યાં તો ઝાડની છાયા નીચે જ રહેવું પડે છે. ત્યાં આગળ મોટું આંબા વાડીઉં છે ને મેળો તેની જ છાયામાં ભરાય છે. મોટા વેપારીઓ અને દુકાનદારો દરેક ઠેકાણેથી સામાન લાવી લાવીને ત્યાં ગોઠવે છે ને વેચવા બેસે છે."

મા! મને એવો મેળો જોવાનું બહુ મન છે તે એકવાર મોકલશો?"

"ઓ મારી વ્હાલી દીકરી! હું બીજા લોકો જેવી નસીબદાર નથી. મારાથી શી રીતે એટલો ખર્ચ થાય ને શી રીતે તને લઈ જવાય!"

"પણુ મા! ઉમા ને કાલીતારા બે જણુંએ જોયો છે. ત્યારે હું કેમ ના જોઉં. આવતી સાલ તો હું જરૂર જઇશ."

"ના દીકરી તું ડાહી થઇને આવી ખોટી હઠ શું કરવા કરે છે? ઉમા ને કાલી એના બાપ પૈસાદાર છે, એટલે એમને તો જ્યાં જવું હોય ત્યાં જવાય. તમે બન્ને તો ગરીબ માબાપનાં છોકરાં છો તે એવાં એવાં મન કરો તે કેમ ચાલે? તમારે રોજના ચોખાઇ§ મળવાના જ સાંસા છે. જો તમારા નસીબમાં સુખ લખેલું હોત તો તમારે પારકે ઉમરે પગ શું કરવા મૂકવો પડત? અરે પરમાત્મા તારી ઇચ્છા બળવાન છે!"

અંધારૂં ધીમે ધીમે ચોમેર વધવા માંડયું. અને પશ્ચિમ તરફનું આકાશ વાદળાંથી ઘેરાઈ ગયું. કોઇ કોઇ વખત તો વીજળી પણુ ચમકતી અને ઝાડમાંથી પવનનો સુસવાટો પણુ સખત આવતો. ગામડામાં સઘળે શૂન્યકાર પ્રસરી રહ્યો હતો. માત્ર કોઇ કોઇ વખત દૂરથી શિઆળવાંનો અવાજ આવતો હતો. ઘોર અંધારામાં હજી સુધી એકાદ બે ઝાંખા તારા દેખાતા હતા. અને ઝાડમાં થઇને દૂરથી દીવાનો પ્રકાશ ઝાંખો ઝાંખો પડતો હતો. આવા ઘોર અંધારામાં ગામડાના રસ્તા ઉપર થઇને ઝાડ નીચે બિન્દુ તેની માના લૂગડાનો છેડો પકડીને ચાલતી હતી. તાલપુખરની દુઃખીઆરી વિધવાના શોકાતુર ગાલ ઉપરથી આંસુ ખરતાં હતાં તે આ બાળકી અંધારાને લીધે જોઇ શકતી નહોતી.

પ્રકરણુ ૨ જું.

બે બહેનો.

તાલપુખરમાં ઘટ્ટ ઝાડીની છાયામાં એક નાની સ્વચ્છ ઝુંપડી હતી. મધ્યાહ્નનો સમય હતો. અને ખુલ્લાં ખેતરોમાં સૂર્ય અત્યંત તાપથી પ્રકાશતો હતો. ખેડુતોએ પોતાનું, પ્રાતઃકાળનું કામ આટોપી લીધું હતું. અને હળ તથા પોતાનાં ઢોર લઇને ગામ તરફ પાછા વળતા હતા. કેટલાક જે બહુ થાકી ગયા હતા તે ખેતરોમાં જ ઝાડનો છાંયો શોધીને

§ બંગાળામાં ગરીબ લોકોનો સાધારણુ ખોરાક ચોખા છે.

ભા. ક.

સૂતા હતા અને તેમને માટે બપોરનું ભાથું પોતાની મા બહેન કે સ્ત્રી ઘેરથી લાવેલી હતી તે ખાતા હતા. આસપાસનાં ખેતરોના તડકાના પ્રમાણમાં ગામની અંદર કાંઇક ઠંડક લાગતી હતી. વાંસના પ્રૌઢ વૃક્ષનાં કુમળાં પાંદડાં પવનને લીધે હાલતાં હતાં. નાળીએરીનાં ઝાડ ખજુરીનાં ઝાડ તથા ફણુસનાં મોટાં ઝાડ દરેક ઘર અને ઝુંપડીની પાસે ઉગાડેલાં હતાં. કેળનાં ઝાડનાં લાંબાં ચળકતાં પાંદડાં પાસે કેળાંની લુમો દેખાતી હતી. મંદાર તથા માનસ તથા બીજાં કાંટાવાળાં ઝાડથી રસ્તાની બાજુઓને રોકી દેવામાં આવી હતી અને ગામની લગભગ અરધી જમીન ઉપર જંગલી રોપાઓ ઉગી નીકળેલા હતા.

એક નાનું સ્વચ્છ ઘર કેટલાંક ઝાડની વચમાં દેખાતું હતું. આગળની ઓશરીની પાસે નાળીએરીનાં થોડાંક ઝાડ હતાં, અને પછવાડીના વાડામાં પણ એવાં જ બીજાં ઝાડ હતાં. પાસે વળી દરરોજ ઉપયોગમાં આવે એવાં ફળ ફુલાદિના વેલા શોભી રહ્યા હતા. આંગણાની પાસે એક છાએલી મોટી ઝુંપડી હતી, તે સુવાને તેમ જ બેસવા ઉઠવા માટે વપરાતી હતી. મોં આગળ વાળી ઝાડીને સ્વચ્છ કરેલી ઓશરી હતી. બાજુ ઉપર રસોડાને માટે એક બીજી કોટડી હતી. ગૌખાનામાં એક ગાય હતી.

પ્રસ્તુત કાળે, આ ઘરમાં વસતાં સર્વ જણ જમી કરીને પરવાર્યા હતાં. ચુલામાંનો દેવતા છાંટી દીધો હતો. વાડ ઉપર લૂગડાં સુકવવા નાંખ્યાં હતાં. સુવાની ઓરડીની પછવાડી એક નાનું સરખું તળાવ હતું. તેમાં રસોઇનાં વાસણુ માંજવાને મૂકેલાં હતાં. તળાવની પાસે કેટલીક કેળ ઉગેલી હતી તથા ફણુસનાં થોડાં ઝાડ હતાં. બાકી બધે ઉજડ હતું.

સુવાની ઓરડીનો વાંસનો દરવાજો બંધ હતો. અને અંદર બધે અંધારૂં હતું. આ ઘરની ગૃહિણી અંધારામાં આમતેમ ફરતી હતી. ભોંય ઉપર સાદડી પાથરેલી હતી તેના ઉપર તેની એક બે વર્ષની છોકરી સુતેલી હતી. અને પોતાના ખભા ઉપર છએક મહિનાના નાના છોકરાને ગાઇ થાપડીને ઊંઘાડતી હતી.

આ સ્ત્રીની ઉમર વીસ વર્ષની ભાગ્યે જ હશે. તે બહુ નાજુક બાંધાની હતી. તેનો ચહેરો બહુ જ નમ્ર હતો પણ હાલ જરા ફીક્કો પડેલો હતો. તેની મોટી કાળી આંખો નમ્ર તેમ જ વિચારશીલ હતી. વીસ વર્ષની છોકરીમાં જેટલું જુવાનીનું જોર તથા જુસ્સો જોઇએ તેટલું તે-

નામાં હતું નહિં, જો કે આપણા લોકમાં કાંઈ એ નવાઇ જેવું જરાએ નથી. કારણ કે ખરેખરી ખીલવાનો વખત થાય તે પહેલાં છોકરીને તો અવશ્ય પરણાવવી જોઇએ, એ આપણો તો રીવાજ છે. વીસ વર્ષની થાય તે પહેલાં તો બે છોકરાંની મા પણ થએલી હોયને આખા ઘરનો જુમો એના ઉપર પડેલો હોય.

ખભા ઉપર સુવાડેલો છોકરો હવે તો તદ્દન ઊંઘી ગયો હતો. તેથી તેને સાદડી ઉપર સુવાડયો. એ પોતે પણ જરા થાક ખાવાને પોતાના હાથનું ઓશીકું કરીને સૂતી. બપોરના સખત તાપને લીધે આસપાસ બધું શાંત હતું. તેથી આ બાળકમાતા પોતાનાં બાળકોની પાસે નિશ્ચિંતપણે ઊંઘી ગઇ. જેટલો વખત ઊંઘી તેટલો વખત એના મુખ ઉપરથી ઘર જંજાળનાં સર્વ ચિહ્ન દૂર થએલાં દેખાતાં હતાં.

લગભગ એક કલાક એ ઊંઘી, એટલામાં કાંઇક ખડખડાટ થયો તેથી તે જાગી ઊઠી. આંખ ઉઘાડતાંવાંત તેણે પોતાની પાસે એક નાની હસમુખી છોકરીને બિલાડીના બચ્ચા સાથે રમતી દીઠી. છોકરીના હાથમાં એક રમકડું હતું તે લઇ લેવા માટે બિલાડીને ચીઢવતી હતી. સુંદરકેશી આનંદી બાલિકાના ચહેરા ઉપર ચિંતાની એક રેખા સરખી નહોતી. તેની ઉમર આશરે સોળ વર્ષની હતી.

"સુધા! તું કયારની આવી છે?"

"બહુએ વાર થઇ," બાલિકાએ ઉત્તર દીધો. "પણ બહેન તું ઊંઘતી હતી તેથી મેં તને ઉઠાડી નહિં. બહેન જો તો ખરી હું જ્યાં જાઉં છું ત્યાં આ બિલાડીનું બચ્ચું મારી પાછળ પાછળ આવે છે. રસોડું બંધ કરીને તળાવ ઉપર હું વાસણ માંજવા ગઈ તો ત્યાં પણ મારી પછવાડી આવ્યું."

"તેં વાસણ માંજીને ઠેકાણે મૂકી દીધાં?"

"હા, બહેન, પછી આ બિલાડીના બચ્ચાને મેં ગૌખાનામાં પૂરી દીધું પણ ત્યાંથી તો એ દરવાજાની નીચે થઇને નીકળી ગયું ને મારી પાસે આવ્યું. આ રમકડું એને લેવું છે; પણ હું કાંઇ એને લેવા દઉં કે?"

"બહેન હવે ઘડીવાર અહીં સુઇ જાને. તને રાત્રે પણ બરોબર ઊંઘ નહોતી આવી."

"પણ બહેન મને બપોરે તો ઊંઘ આવતી જ નથી. ને રાત્રે માત્ર

એકવાર આ કીકો રડયો ત્યારે હું ઉઠી હતી, બાકી તો બરોબર ઊંઘી હતી. આજે એને કેમ છે?"

અત્યારે તો ઠીક છે. પણ રાત્રે જ્યારે ફરીથી તાવ ચડવા માંડે છે ત્યારે એનું દીલ શેકાઇ જાય છે. કટવાથી આજે એ કાંઇ દવા લાવવાના છે, તેથી વખતે એને તાવ નાહ ચઢે તો ઊંઘ પણ બરોબર આવશે."

"બહેન કટવાથી હેમ ક્યારે આવવાના છે?"

"સાંજરે આવી પહોંચીશ એમ એ કહેતા તો હતા. કેમ બહેન?"

"હું કાંઇ ગમ્મત કરવાની છું," તે છોકરીએ હસતે હસતે કહ્યું "હું તને હમણાં કહીશ નહિં. એ જ્યારે આવશે ત્યારે તને ખબર પડશે. તે દિવસે હોળીમાં એમણે મારા ઉપર ગુલાલ છાંટયો હતો તે તને સાંભરે છે ને? આજ હવે હું એનો દાવ વાળવાની છું."

"મને કહે તો ખરી કે તું શું કરવાની છે?"

"ના બા; તું તો હેમને કહી દે."

"ના, ના, ખરેખર હું નહિં કહી દઉં"

"નક્કી નહિં કહે?"

"નક્કી નહિં કહું."

પછી સુધાએ પોતાના લૂગડાના છેડામાંથી કાંઇક વસ્તુ કહાડી. તે વસ્તુ અરાઢેક ઇંચ લાંબી હતી. બિન્દુએ આશ્ચર્ય પામીને પૂછ્યું–"અરે બહેન આ વળી શું છે?"

"તારાથી નથી દેખાતું?"

"મારાથી દેખાય છે તો ખરૂં. કાંઇક શણ જેવું છે ખરૂં?"

"હા છે તો શણ જ. પણ મેં એને કસુંબાનાં લાલ ફુલથી રંગ્યું છે, તે તો જો!"

"એ તો ખરૂં, પણ એને તું કરીશ શું?"

"તું શું ધારે છે?"

"મને તો કાંઇ ખ્યાલ આવતો નથી."

"એટલું નથી સુઝતું! આજે રાત્રે જ્યારે હેમ સુઇ જશે ત્યારે એમની દહાડીએ હું એ બાંધીશ. પછી એ જ્યારે સ્હવારે ઉઠશે ત્યારે કેવી મઝા પડશે? એમને હું સંન્યાસી બાવા કહીને ચીઢવીશ, ખરેખર બહુ જ

ગમ્મત પડશે." એમ કહીને એ છોકરી ખડખડાટ હસી પડી ને એના હસવાથી આખું ઘર ગાજી રહ્યું."

બિન્દુ પણ હસવાનું રોકી શકી નહિં. પછી તેની બહેન તરફ દ્રષ્ટિ કરીને વિચાર કરવા મંડી. "સુધા! તારા હાસ્યને લીધે જ તારો સંસાર સુખી છે. તને તારી પોતાની સ્થિતિનું ભાન પણ નથી. તારૂં જીવન કેવું નિરર્થક થયું છે તેની તને ખબર સરખી નથી. તારા જેવી જુવાન છોકરી વિધવા થાય એ તે કેટલું કમનસીબ!"

વાંચનાર! કહેવાની અગત્ય નથી કે આપણને તળાવના ઘાટ ઉપર મા તથા એ નાની છોકરીઓનું પહેલ વહેલું ઓળખાણ થયાને અગીઆર વર્ષ વીતી ગયાં છે. વચગાળામાં કેટલો ફેરફાર થયો હતો તે ઉપરની વાતચિત ઉપરથી સહેજ સમજાયું હશે.

બિન્દુની માએ પિત્રાઇ જેઠને ઘેર રહીને પોતાની છોકરીઓને ઉછેરી હતી. પતિ મરી ગયા પછી આ જીવનમાં તેને કાંઇ સુખ રહ્યું નહોતું, પણ છોકરીઓને સારે ઠેકાણે પરણેલી જોવાની એની મોટામાં મોટી ઇચ્છા હતી. બિન્દુ જ્યારે દસ વર્ષની થઇ ત્યારથી એને લાયક વરની તપાસ તેની માએ કરવા માંડી હતી.

કોઈ કુળવાન કુટુંબ ગરીબ સ્થિતિમાં આવી ગયું હોય તો તે કુટુંબની કન્યાને યોગ્ય વર મળવો મુશ્કેલ છે. મોટા શહેરોમાં તો વરવાળાં વળી સારી પહેરામણી લેવાને બહુ રગઝક કરે. જો કે ગામડામાં તો એવું નથી હોતું તો પણ પોતાનો છોકરો કોઈ સારા ધનવાન કુળમાં પરણે તો સારૂં એમ બધાં જ આશા રાખે. બિન્દુનો કાકો તથા બીજાં સગાંવહાલાં તેના લગ્ન માટે કાંઇ બહુ કાળજી રાખતાં નહોતાં, તેમ એ કાંઇ એવી ખુબસુરત પણ નહોતી. કેટલાકને ત્યાંથી માગાં આવતાં પણ કાંઇ ઠેકાણું પડયું નહોતું. તારિણીની વહુ કોઈ કોઇ વાર સાંજરે ઘરની અંદર પડાળીમાં બેસતી ને બિન્દુની મા પાસે માથું હોળાવતી, તે વખતે એને મોટી મોટી આશાઓ આપતી.

"પણ બહેન તું એને માટે એટલી બધી ચિંતા શું કરવા કરે છે? આપણા ઘરની કન્યાને પરણાવવાને ઉદરાવો શું કરવા રાખવો? આપણું કુળ, આપણી સ્થિતિ, એમની બરદ્વાનમાં નોકરી આ બધુ શું કાંઈ કોઇનું અજાણ્યું છે? જેણે કેટલાંએ પુણ્ય કર્યાં હશે તે આપણા ઘરની કન્યા

પામશે. માટે તું બિન્દુને માટે જરા ચિંતા કરીશ નહિં. નવરાત્રની ર-જામાં એમને અંહી આવવા તો દે, પછી હું જ મારી મેળે આપણી બિ-ન્દુને માટે સારો વર શોધી આપીશ. જો ને! મારી ઉમા દસ જ વર્ષની છે તો પણ કેટલે બધે ઠેકાણેથી એનું માગું આવે છે! જો હું એને હમણાં પરણાવી દેવાની હા કહું તો એ લોકો તો એને કેડમાં બેસાડીને આ ઘડી ઉચકી જાય. પણ હું એવાં માગાંને જરાએ લક્ષમાં લેતી નથી. ઉમાને તો આપણા કુળને યોગ્ય કુળ હશે ત્યાં જ પરણાવવાની મારી તો મરજી છે. એટલું ખરૂં કે મારી ઉમા દેખાવડી બહુ ને બિન્દુ જરા શ્યામળી ખરી; અને તમારી પાસે કાંઇ પૈસો નહિં. તું જાણે છે ને કે તારો વર બિચારો ભલો માણસ હતો, એણે કાંઈ પૈસો એકઠો કર્યો નહિં, એટલે જરા ફેર પડે. પણ તું જરા ગભરાઇશ નહિં. મેં જો એક કામ મારા મન ઉપર લીધું તો પછી તે કામ જરૂર પાર પડવાનું."

આવી આવી વાતો હાથના લ્હેંકા કરીને તેની જેઠાણી કરતી હતી તે બિન્દુની મા હોંસ અને આશાથી સાંભળતી હતી.

*નવરાત્રિના દિવસ આવી પહોંચ્યા, અને તારિણી નોકરી ઉપરથી આવ્યો. તે પોતાની વહુને માટે કાંઇ કાંઇ નવાં નવાં લૂગડાં, ને ઘરેણાં ને નવી નવી સુશોભિત ચીજો લાવ્યો હતો. આ બધું જોઇને એની વહુના આનંદનો પાર રહ્યો નહિં. ઘરમાં બધાંને માટે લૂગડાં, અને નવાં નવાં બૂટ આવ્યાં હતાં. ઉમાને માટે ઢાકાની સાડીઓ ને રૂપાનાં માથામાં પહેરવાનાં ફુલ આવ્યાં હતાં. બરદાનનો નાજર ઘેર શું શું લઇ આવ્યો હતો, એ વાત આખા ગામમાં ચર્ચાઇ. સંખ્યાબંધ લોકો તેને મળવા આવવા લાગ્યા, અને સર્વે તેને હાજી હા કરીને ખુશ કરવા લાગ્યા. કેટલાક આ પૂજાના પ્રસં-ગને માટે થોડા પૈસા ઉછીના લેવા આવતા. વળી કેટલાક પોતાની આફતમાં સલાહ લેવા આવતા. કોઇ વળી પોતાના ભાઇ ભત્રીજાને માટે નોકરીની સીપારશ માટે આવતા. વળી કેટલાક કાંઇ પણ કારણ વગર માત્ર અસલની રૂઢિને અનુસરવા ખાતર આવતા. આ બધા ગડબડાટ અને ખુશાલીમાં બિચારી બિન્દુના લગ્નનો વિચાર પણ કોણ કરે? નવરાત્રિના તહેવાર પૂરા થયા; અને રજા પણ પૂરી થઇ એટલે નાજર બરદાન પાછો ગયો અને આ બિચારી છોકરીના લગ્નનો બંદોબસ્ત કાંઈ થયો નહિં.

---

* બંગાળામાં નવરાત્રમાં દુર્ગાપૂજનનું અતિશય માહાત્મ્ય છે અને તે ઘણો મોટો ઉત્સવ મનાય છે. ભા. ક.

ઘણીવાર બિન્દુની મા આડોશીપાડોશી પાસે જતી અને ગામની વૃદ્ધ સ્ત્રીઓની સલાહ પૂછતી. સર્વ તેને ખરા અંતઃકરણથી ધીરજ દેતાં.

"અલબત, બહેન અમે તારી છોકરી માટે વર શોધવામાં મદદ કરીશું. તને મદદ ના કરીએ તો બીજા કોને કરીએ. પણ તું જાણે છે તો ખરીને કે આજકાલ છોકરીનું લગ્ન કરવું એ કાંઇ સહેલી વાત નથી. તેમાં વળી મોટી પહેરામણીને બીજી મોટી મોટી રીત આપવાની તારી ગુંજાસ નહિં. જો તારા જેઠની માફક બિન્દુના બાપે થોડાકે પૈસા મૂક્યા હોતને તો તો કાંઇ અડચણ પડત નહિં. પહેલાં અમે એને બહુએ સમજાવતાં પણ અમારૂં સાંભળે ત્યારે ને! હવે વેઠવાનું બધું તારે છે. હશે, હવે તો જે થયું તે થયું, પણ એટલી તો તું ખાત્રી રાખજે કે એ છોકરીને માટે વર તો અમે જરૂર શોધી કહાડીશું. અમને બિન્દુ એટલી વ્હાલી છે કે કાંઇ વાત નહિં.

જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ બિન્દુની મા વધારે મુંઝવાતી હતી. ગામના મોટા વગવાળા ગૃહસ્થોને તેણે વિનંતી કરવા માંડી, અને જ્યારે ત્યારે એ કોઇને જોતી કે પોતાની છોકરીના વિવાહ સંબંધી વાત સંભારતી. સર્વ તેને માયાથી જવાબ આપતા ને ધીરજ રાખવાનું કહેતા.

"બહેન તેં અમને આટલા દિવસ સૂધી કાંઇ વાત સરખીએ કરી નહિં. પૂછ્યા કર્યા વગર અમારાથી આવા કામમાં શી રીતે માથું નંખાય. જોને આ કાલીતારાની માએ કેટલા વખત સૂધી વ્યર્થ ફાંફાં માર્યા હતાં તે તને નથી સાંભરતું? છેવટે અચાલે ગયા મહિનામાં મારી પાસે એ આવીને મને એણે વાત કરી. તરત મેં પત્તો લગાડ્યો. કાલીતારાની ને તારી છોકરીની ઉમર તો ઘણું કરીને સરખી જ છે. તેને માટે કેવું સારૂં ચોકઠું ગોઠવી દીધું! બરદ્વાનના રાયની પાસે અઢળક ધન વૈભવ, જે જોઇએ તે છે, ને કુળ પણ સાથે સારૂં છે. બીજવર છે એટલે કાંઈ બહુ નાનો નથી. પણ પૈસો કેટલોબધો છે! એનું વતન બરદ્વાન છે. ને ત્યાં એ ઘણો જ આબરૂદાર ગણાય છે. ગાડીઘોડા રાખે છે, અંગ્રેજ લોકોને પણ ખાણાં આપે છે. મોટા જાગીરદારને યોગ્ય જ બધો રોફ રાખે છે. અમારા હાથમાં વાત આવ્યા વગર આવાં ચોકઠાં કેવી રીતે ગોઠવાય! તું આખા ગામમાં પૂછે છે પણ અમારા મોં આગળ કોઇ દિવસ વાત કરી છે? આજકાલ સૌને એટલો અહંકાર આવી ગયો છે કે એક પણ બાબતમાં બીજાની મદદ માગવી ગમતી નથી. પણ એમ તો આપણું

કાંઇ વળે નહિં. હશે, આટલે વખતે તેં અમને સંભાર્યાં છે એટલું ઠીક છે." આવી આવી રીતે સર્વ કોઇ એને જવાબ દેતા. એ બિચારી વિધવાની આંખમાં આંસુ આવી જતાં ને પોતાની બેદરકારીને માટે તે ક્ષમા માગતી. આવા ઉપયોગી માણસોને વહેલી વાત ના કરી એ એની મૂર્ખાઇ કબુલ કરતી. ગામના ગૃહસ્થો આટલાથી સંતોષ માનતા અને કહેતા કે "બહેન હવે તારે ગભરાવાની બીલકુલ જરૂર નથી. એકવાર અમને વાત કરી એટલે તારી બિન્દુનું ઠેકાણું પડયું જ જાણજે.

બિન્દુની મા આવા આવા બોલથી અત્યંત ખુશ થતી અને ખુશીમાંને ખુશીમાં ખાવા પીવાનું ઊંઘવાનું બધું ભૂલી જતી. દિવસ ઉપર દિવસ ને મહિના ઉપર મહિના ચાલી ગયા ને એમ કરતાં કરતાં બે વર્ષ વીતી ગયાં, પણ આ અનાથ વિધવાની છોકરીને વર મળ્યો જ નહિં.

બિન્દુના બાપના એક મિત્રને હેમચંદ્ર બોસ નામનો એક છોકરો હતો. હેમને બહુ કાળજીથી કેળવણી આપવામાં આવી હતી. મેટ્રીકયુલેશનની પરીક્ષા પાસ કર્યા પછી કલકત્તાની કોલેજમાં તે જતો હતો. પણ એનો પિતા મરણ પામ્યો તેથી તેને અભ્યાસ છોડી દેવો પડયો અને પોતાને ગામ પાછાં આવવું પડયું. જે થોડી ઘણી જમીન હતી તેની તે દેખરેખ રાખવા લાગ્યો.

બિન્દુ બાળક હતી ત્યારથી હેમચંદ્ર તેને ઓળખતો હતો. પોતાના પિતાના મિત્રની છોકરી જો કે છેક ભીખારી જેવી હતી તો પણ તેની સાથે પરણવાનો તેણે નિશ્ચય કર્યો. ગામના લોકો તો અલબત એમ જ કહેવા લાગ્યા કે એ તો અક્કલ વેચી આવ્યો છે. બધાએ નાકનું ટીચકું ચઢાવવા લાગ્યા. તેનાં સગાંવહાલાંને પણ આ સંબંધ પસંદ નહોતો. તે પણ કહેવા લાગ્યાં કે કુળની લજ્જા ખોવા આ છોકરો તો બેઠો છે. પણ હેમ દૃઢ મનનો છોકરો હતો તે એકનો બે થયો નહિં અને બિન્દુની મા પાસે જઇને તેણે સર્વ ચોક્કસ કર્યું. કુથલીખોર નવરા લોકો તો એમ પણ કહેવા લાગ્યા કે આ ઉદ્ધત છોકરો તો વહુને જોવાની તક શોધતો જ ફરે છે ને લાગ ફાવે છે તો તેની જોડે એકાંતમાં વાતો પણ કરે છે.

બિન્દુની કાકી આ વિવાહ નક્કી થવાથી ખુશ થઈ. એના હૈયામાં કાંઇ ખરેખરી કાળજી નહોતી. તો પણ ઘરમાં લગ્ન ઠર્યું તેથી તેને ખુ-

શી ઘણી થઇ. જોશીએ સારો દિવસ જોઇને લગ્નનું મુહૂર્ત ઠરાવ્યું અને કાકીએ હોંસથી કન્યાદાન દીધું.

બિન્દુના લગ્નથી એને ખુશી થઇ હતી, પણ જ્યારે પોતાની ઉમાને માટે એક ઘણા જ ધનવાન અને મોટા ખાનદાન ઘર તરફથી માગું આવ્યું ત્યારે તેની ખુશીનો પાર રહ્યો નહિં. બિન્દુ ને ઉમા બન્ને જ્યારે બાર વર્ષનાં થયાં ત્યારે તેમનાં લગ્ન થયાં.

બીજાં બે વર્ષ વીતી ગયાં. બિન્દુ ચૌદ વર્ષની થઇ હતી. હવે એની માની એક ઇચ્છા રહી હતી, તે એકે સુધા પણ બિન્દુની માફક સારે ઠેકાણે પડી જાય અને તો એના જીવને નિરાંત થાય.

એ ઇચ્છા પણ પૂર્ણ થઇ. સુધાનું લગ્ન તેના જેવડા જ એક છોકરા જોડે કરવામાં આવ્યું. પતિના મૃત્યુ પછી આ એણે પહેલ વહેલું સુખ દીઠું અને પોતાની બન્ને પુત્રીઓને જ્યારે પરણેલી દીઠી ત્યારે તે પોતાને અત્યંત સુખી ગણવા લાગી. અને ખરે બન્યું પણ એમ જ, કારણ કે સુધાના લગ્ન પછી બે ત્રણ મહિને એ શાંત ચિત્તથી મૃત્યુ પામી.

બિન્દુ અને હેમનું જીવન સરલ તેમ જ સુખી હતું. હેમ જ્યારે તેની સાથે પરણ્યો ત્યારે તે બાર વર્ષની હતી. આ કુમળી વયથી તેનું જીવન, તેના હાથમાં આવ્યું ત્યારથી તેણે ખીલવ્યું અને કેળવ્યું. તેના ઉપર તે બહુ જ ભાવ રાખતો, અને જ્યારે તે પુખ્ત ઉમરની થઇ ત્યારે તેણે અંતઃકરણપૂર્વક તેને પ્રેમ આપ્યો. તેના બદલામાં બિન્દુ પણ તેને અત્યંત પ્રેમથી પોતાના અંતઃકરણના દેવસમાન ગણતી.

બિચારી સુધાની કથા કાંઇક જૂદી જ હતી. દસ વર્ષની વયે તે પરણી અને બારમે વર્ષે વિધવા થઇ. પરણવું એટલે શું અને વિધવા થવું તે શું એ કાંઇ તે સમજતી નહોતી. બાળવિધવા થઇ તેથી તે પોતાની મોટી બહેનના ઘરમાં રહેતી અને બાલ્યાવસ્થાને યોગ્ય નિર્દોષ રમત ગમત કરતી.

આ સર્વે બનાવ બન્યે ચાર વર્ષ વીતી ગયાં હતાં. બિન્દુ વીસ વર્ષની થઇ હતી ને તેને બે છોકરાં થયાં હતાં. ઉમા ને કાલીતારા પોતપોતાને સાસરે રહેતાં. કોઇકવાર પીયર આવતાં જતાં. ત્રણે સ્ત્રીઓ સમાન વયની જ હતી તેથી ઘરસંસારનો જુમો અને ચિંતા છતાં બાલ્યાવસ્થાનો અરસ્પરસનો સ્નેહ ભૂલી ગયાં નહોતાં.

પ્રકરણ ૩ જું.

પત્ની.

મધ્ય રાત્રિને સમયે તાલપુખરમાં સર્વે લોક નિદ્રાવશ થયાં હતાં. સર્વ ઠેકાણે શૂન્યકાર હતો. ચંદ્રનો રમણીય પ્રકાશ ઝાડનાં પાંદડાંમાં થઇને આવતો હતો. સરોવરનું પાણી પણ ચંદ્રના પ્રકાશથી ચમક ચમક થતું હતું. લોકો ખાઇ પીને પરવારીને પોતાનાં ઘરનાં બારી બારણાં બંધ કરી નિદ્રાધીન થયાં હતાં. જવલ્લે જ કોઈ વૃદ્ધ માણસ પોતાના ઓટલા ઉપર બેસીને બીડી ફુંકતો નજરે પડતો હતો. તળાવ ઉપર કોઇક સ્ત્રી વાસણ માંજતી દેખાતી હતી. બાકી બધું શાંત હતું.

બિન્દુએ ઘરનું કામ આટોપી લીધું હતું. પણ તેનો પતિ હજી ઘેર આવ્યો નહોતો તેથી ઓશરીમાં જ બેઠી હતી. તેના મોં ઉપર તેમ જ તેના સફેત લૂગડા ઉપર ચંદ્રનો ઝાંખો પ્રકાશ પડતો હતો. સુધા પણ બનેવીને સંન્યાસી બનાવવાના ઉમંગમાં ને ઉમંગમાં ઊંઘી નહોતી ગઇ. પણ એતો બિચારી રાહ જોઇ જોઇને થાકીને બેનની પાસે સૂતાં વાંત જ ઊંઘી ગઇ.

બિન્દુ એકલી વિચારમાં તલ્લીન થઇને બેઠી હતી, એટલામાં બહારના દરવાજા આગળ તેણે કોઇના પગલાં સાંભળ્યાં. બારણું ઉઘાડવાને તે દોડી અને હેમચંદ્ર ઘરમાં આવ્યો. આ યુવકની ઉમર ચોવીસ વર્ષની હતી. તેનું કપાળ વિશાળ હતું ને તેનો ચહેરો ખુબસુરત હતો. તેની આંખો નિશ્ચિંત હતી અને તે શાંત પ્રકૃતિનો દેખાતો હતો. અતિશય ચાલવાથી તે થાકેલો જણાતો હતો. તેના જોડા ધૂળથી ધોળા થઇ ગયા હતા. બિન્દુએ તેને બેસવા માટે એક પાટલો માંડયો અને પીવાને પાણી આણી આપ્યું. હેમે હાથ પગ ધોઇ નાખ્યા.

બિન્દુ પ્રેમથી બોલી, "આજ તો તમારે બહુ મોડું થયું હજી તમે વાળુ સરખુંએ નથી કર્યું ! તેણે જવાબ દીધો. "હું નીકળ્યો હતો તો વહેલો પણ રસ્તામાં મને ફટવાનો એક મિત્ર મળ્યો તે મને એને ઘેર તેડી ગયો અને ત્યાં મને કાંઇ કાચુંકોરૂં ખાવા બેસાડયો તેથી વાર લાગી તેં તો વાળુ કરી લીધું છેને ?"

"સુધા વાળુ કરીને ઊંઘી ગઈ છે. હું તો જરાવાર પછી કરીશ.

(એતો પોતાના પતિના જમ્યા પહેલાં અન્નનો દાણો સરખો મોંમાં મૂકતી નહિં.) તમે થોડોક ભાત નહિં ખાઓ ?"

"બિન્દુ, મને ભુખ તો જરા નથી પણ જરાક ભાત તો ખાઇશ."

બિન્દુએ ઓટલા ઉપર થોડું પાણી છાંટયું અને પાટલો માંડીને રસોડામાંથી તે થાળી પીરસીને લાવી. થાળીમાંનું ખાવાનું બહુ સાધારણ હતું. ભાત, દાળ, શાક ને રોટલી એટલું હતું. પોતાના વાડામાંથી લીંબુ કાપીને ચીરીઓ તૈયાર કરી મૂકી હતી, અને એક લીલું નાળીએર પણ ફોડીને મૂકયું હતું. ઘરની ગાયનું દૂધ ઉન્હું કરીને મૂકયું હતું. હેમ જમવા બેઠો ને બિન્દુ તેની પાસે બેઠી.

"ફીકાને માટે હું દવા લેતો આવ્યો છું, પણ હમણાં એને પાઇશ નહિં. રાતમાં જ્યારે વધારે આલસવિલસ કરે ત્યારે પાજે એટલે એ સૂઈ જશે. પેલા બીજા કામને માટે હું કટવે ગયો હતો તેનું તો કાંઇ થયું નહિં."

"કેમ ના થયું ?"

"કટવાના એક જૂના વકીલને હું સારી રીતે ઓળખતો હતો તેને ઘેર હું ગયો. અને તારા બાપનાં જે ખેતરો હતાં તેને વીશે વાત કરી."

"તે એણે શો જવાબ દીધો ?"

"એણે તો કહ્યું કે કચેરીમાં ગયા વગર એનો કબજો કદી મળશે નહિં."

"અરે એ તે શી વાત કરો છો ? મારા કાકાની સામે તે મારાથી ફરીયાદ મંડાય ? મારા બાપના મરણ પછી એમણે તો મને પાળી પોષીને મોટી કરી ને પરણાવી. મારાં કાકી એ મને પોતાની છોકરી જેવી જ ગણે છે. એમની સામે તો આપણાથી કદી ફરીયાદ મંડાય નહિં."

હેમ જરાક હસ્યો, અને કહેવા લાગ્યો "હવે એ તો બધું ઠીક છે. આપણું લગ્ન કરવામાં તો એમણે કેટલી મદદ કરી છે એ બધું હું જાણું છું. તું તો તે વખત બાળક હતી, એટલે તને તો કાંઇ યાદ ના હોય, ને તારે એ જાણવાની અગત્ય પણ નથી. ગમે તેમ હો. મારી પણ મરજી તો તારા કાકાની વિરુદ્ધ દાવો માંડવાની નથી. પણ એમ કર્યા વગર કાંઇ છૂટકો છે ?"

"પણ એમની સામો દાવો માંડીએ એ સારૂં એ દેખાય ? વળી આપણે તો ગરીબ પડયાં એટલે કાયદા તે શી રીતે લઢી શકીશું ? આપણને

તો જેટલું છે તેટલામાં સુખે રોટલો ખાઇએ ને જે બે છોકરાં ઇશ્વરે આપ્યાં છે તેને ઉછેરીને મોટાં કરીએ એટલું મળે તો એ ઇશ્વરનો મોટો ઉપકાર સમજીશું. તમારી પોતાની જમીનો છે તેના તો આપણને પૈસા મળશે જ, અને વળી આપણું આ ઘરનું ઘર છે; પછી બીજું શું જોઇએ?"

હેમનો ચહેરો ફીક્કો પડી ગયો ને બોલતાં બોલતાં તેનો અવાજ ધ્રુજ્યો.

"પ્રિય બિન્દુ! તું તો સહનશીલ અને સંતોષી છે, તેમજ ભલી અને વિશ્વાસુ છે. તેં કોઇ દિવસ પૈસા સંબંધી વિટંબનાનો એક પણ શબ્દ કહ્યો નથી. પણ મને તો એમ થાયજને કે તને ત્યારે સુખના દહાડા બતાવું. હમેશ હું આવી ગરીબ સ્થિતિમાં પડી રહીશ એવું તો મને સ્વપ્ને પણ નહોતું લાગ્યું."

પોતાના પતિને મુઝાતો જોઇને બિન્દુથી રહેવાયું નહિં. તેણે મધુર હાસ્ય કરીને કહ્યું "અરે મારા પ્રિયતમ! આ કાંઇ ગરીબ અવસ્થા કહેવાય! આવું ઘર, વાસણકુસણ જે જોઇએ તે છે. રાજા જેવા રાજાને આવું સુખ જોઇને તો અદેખાઇ આવે. ચાલો હું તમને આજે એવાં પકવાન જમાડું કે તમે ખાઇને ખુશ ખુશ થઇ જશો."

"અરે મારી મીઠી રાણી! જા લાવ એ પકવાન મને ચખાડ તો ખરી!" હેમે હસીને કહ્યું. બિન્દુ રસોડામાં ગઇ અને ઘરના આંબાની કાચી કેરીનું શાક કર્યું હતું તે એક પથ્થરના પ્યાલામાં લઇ આવી.

"લો આ ખાઇ જુવો."

હેમે ભાતમાં આ શાક નાંખીને ખાવા માંડ્યું. પછી હસતે ચહેરે બિન્દુ તરફ જોઇને કહ્યું, "ખરેખર રાજાની થાળમાં શોભે એવું જ આ શાક તો છે. પણ એ વસ્તુની પોતાની ખુબી કરતાં રાંધનારની ચતુરાઇ વધારે છે. હેમ દૂધને ભાત વખાણ કરતો કરતો ખાઇ ગયો, ને હાથ, મોં ધોઇ નાંખ્યાં; તે પછી તેની સ્ત્રીએ એક સ્વાદદાર પાન તૈયાર કરી રાખ્યું હતું તે ખાધું. પાછી વાત શરૂ થઇ.

બિન્દુએ પૂછ્યું, "મારા કાકાની સાથે સલાહ સંપથી આ બાબતનું નિરાકરણ થઇ જાય તો સારૂં. તમને પણ એમ નથી લાગતું? આપણે ચાર સારા માણસની સલાહ લઇને કામ કરીએ તો સારૂં."

"મેં પણ એમ જ કરવાનું ધાર્યું હતું પણ એમ બને તેમ નથી કેમકે તારા કાકા જમીન ઉપરથી પોતાનો હક ઉઠાવતા જ નથી. એ તો કહે છે કે દસ

વર્ષથી એ ખેતર મારા કબજામાં છે ને હું એનુ મહેસુલ ભરૂં છું. એમાં સુધારા વધારા એ મેં કર્યા છે, જાગીરદારીમાં નામ પણ મારૂં જ લખાએલું છે, એવું એવું સમજાવીને કહે છે કે હું તો કબજો નહિં છોડું. પણ તું અને સુધા એમની છોકરીઓ જેવી જ છો, તેથી તમને બન્નેને કાંઈક નામની રકમ આપવા ખુશી છે. એ જાણે છે કે આપણી અવસ્થા ગરીબ છે તેથી જ એ આવું કરે છે."

બિન્દુએ ધીમેથી અને મધુરતાથી જવાબ દીધો, "હું સ્ત્રી જાત તે એમાં કાંઇ સમજતી નથી પણ મને તો એમ લાગે છે કે એ જેટલું આપવાને કબુલ થતા હોય તેટલું લઇને આપણે બેસી રહેવું. એ આપણા નિકટના સંબંધી છે તેમ જ ઉમરે વડીલ છે. અમને ઉછેરીને એમણે મોટાં કર્યા છે. બુજ જેવી રકમને બદલે આપણે એમને એટલું લેવા દઇએ તેમાં પણ શું નુકસાન છે? કાયદો લઢવો તો કેટલો ભારે પડે? આપણું કામ ચલાવવા માટે પહેલવહેલા આપણે થોડા પૈસા દેવા કરવા પડે. તે આપણે કેટલે વર્ષે ભરી રહીયે? અને ધારો કે આપણે જીતીએ તોએ તે દેવું ભરવાને જમીન વેચવી પડે અને આપણી અને કાકાની વચ્ચે ભિન્નભાવ રહે ને ઉંચાં મન થાય. અને વળી જો કદાપિ હારીએ તો તો બેવડું નુકસાન થાય. કદાચ એ બહુ નાની રકમ આપવાને કબુલ થતા હશે પણ તે ના ગણકારીને આપણે વાત ટુંકી કરવી જોઇએ. હું તો સ્ત્રી જાત તે કાયદો સમજતી નથી અને તેથી દાવા લઢતાં મને તો બીક બહુ લાગે છે. તમે મરદ છો તે વધારે સમજો. મેં કહ્યું છે તે બધાનો બરોબર વિચાર કરી જો જો અને છેવટ તમને યોગ્ય લાગે તેમ કરજો. થોડીકવાર સુધી હેમ વિચારમાં નિમગ્ન થઇને બેસી રહ્યો. પછી તે ધીમેથી તેમ જ કોમળતાથી બોલ્યો. "હા પ્રિય બિન્દુ! તું સ્ત્રી જાત છે તે ખરૂં છે ને જેને આવી સ્ત્રી જગતના વ્યવહારમાં સહાયકારિણી હોય તે ખરેખરો ભાગ્યશાળી કહેવાય. વકીલના ઘર સુધી ફેરો ખાધો, તેના કરતાં તારી જ સલાહ પહેલી પૂછી હોત તો સારૂં થાત. તેં જે કહ્યું છે તે યોગ્ય જ છે, અને હું તે જ પ્રમાણે વર્તીશ. તારા કાકા હાલમાં ગામમાં આવ્યા છે. હું કાલે જઇને મળીશ અને સલાહ સંપથી સર્વ નિરાકરણ કરી દઇશું. અને ફરી જ્યારે મારે કાંઇ સલાહની જરૂર પડશે તો હું મારા ઘરમાં જ વસતી દેવીને પૂછીશ."

બિન્દુએ હેમની પથારી પાથરી, બીજું પાન તેને આપ્યું અને કે-

ટલોક વખત તેની પથારી પાસે બેસીને વિવિધ વિષય ઉપર વાતો કરી. પ્રેમની વાતોનો કાંઇ છેડો આવે છે! વાત કરતે કરતે મધરાત થઇ ગઇ; ત્યારે હેમે કહ્યું, " એ તો બધું ખરૂં પણ પ્રિયે! તું તો હજી જમી પણ નથી જા, જા, જમી લે. "

આ ક્ષણે બિન્દુ પોતાને અત્યંત સુખી ગણવા લાગી. તે લગભગ પરોઢીઉં થતાં જમવા બેઠી.

પ્રકરણ ૪ થું.

ભવિષ્યસૂચક છાયા.

બીજે દિવસે સાંજરે હેમ તારિણીને ઘેર ગયો. આગળના ચોકમાં દાણા ભરવાના મોટા કોઠાર હતા. ગાયો, બળદ, માટે પાસે એક મોટો તબેલો હતો. પૂજા કરવા માટે એક જૂદો જ ઓરડો હતો અને ઓચ્છવ કીર્તન કથા વગેરે કરવાને માટે એક મોટી ઓશરી હતી. એ વર્ષે ઉપર તારિણીએ બેસવા ઉઠવા સારૂ એક દિવાનખાનું કરાવ્યું હતું. આ ઓરડામાં એક દીવેલનો દીવો બળતો હતો. એક પાટ ઉપર મોટા ગાદીતકીઆ પાથર્યા હતા ત્યાં તારિણી પડયો પડયો બીડી ફૂંકતો હતો. કોઇ પડોશના લોક તેને મળવા આવેલા હતા. તારિણીએ હેમને આવકાર દીધો અને તેને અંદરના ઓરડામાં બેસાડવાને એક નોકરને કહ્યું. અંદરના ઓરડામાં વાંસના પડદા કરેલા હતા. પાસે પરસાળ તથા પરસાળમાં ઓરડા લીંપી ગુંપીને સ્વચ્છ રાખેલા દેખાતા હતા. ચોક તથા રસોડાં પાણીઆરાં પણ સ્વચ્છ હતાં. ઘરની પાછળ એક મોટું તળાવ વહેતું. તેની પાસે આંબાનાં, નાળીએરી તથા બીજાં ફળ ફુલનાં ઝાડ હતાં.

હેમચંદ્રે અંદર આવીને કાકીને નમસ્કાર કર્યા. કાકીએ તેને બહુ વહાલથી બોલાવ્યો, અને પાસે બેસાડયો. કાકીની ઉમર ચાળીસેક વર્ષની હતી. તેનો ચહેરો હસમુખો અને શરીર પણ પુષ્ટ હતું. તેનું કદ જરા ઠીંગણું હતું છતાં જાજરમાન લાગતી હતી. હાથે સોનાની નકકુર બંગડીઓ પહેરી હતી અને પગમાં રૂપાનાં કલ્લાં પહેર્યાં હતાં. આભૂષણને લીધે એ બહુ શોભતી હતી. બોલવા ચાલવાની રીતભાત ઉપરથી સહેજ માલૂમ પડતું હતું કે તે ધનાઢય ગૃહસ્થની ગૃહિણી હતી. પણ તે સ્વભાવે ભ-

લીને સાદી હતી અને બહુ વિવેકી હતી. હેમની જોડે વાત કરતાં હસતે હસતે તેણે કહ્યું—

"દીકરા! તારૂં ઘર અહીંથી બે ડગલાં એ દૂર નથી, તોએ તું અહીં કોઇ દિવસ દેખાતો નથી, તારી આ વૃદ્ધ કાકી જીવે છે કે નહિ તેની ખબર સરખીએ કહાડતો નથી."

"ના, ના, કાકી એમ ના કહેશો, દરરોજ તમારા સમાચાર અમને મળે છે. પણ અમે ગરીબ રહ્યાંને અમારે ઘેર નોકર ચાકર નહિં, તેથી આખો દિવસ ઘરના કામકાજમાં તથા છોકરાંમાં ગુંથાએલાં રહીએ છીએ."

"તેં બચાવ તો ઠીક કર્યો. બિન્દુ ને તો મેં જ ઉછેરીને મોટી કરી છે, પરણાવી છે. એ પણ એની કાકીને ભૂલી ગઇ હોય એમ લાગે છે."

"એમ તે હોય કાકી! એ તો રોજ તમારી ખબર પૂછે છે અને જે દિવસની ઉમા અહીં આવી છે તે દિવસની તો રોજ અહીં આવવાનો વિચાર કરે છે પણ ઘરનું બધું કામ એને માથે, તેમાં વળી કીકો માંદો પડયો છે તેથી એ જરા પરવારતી નથી. જો ઉમા અમારે ઘેર એક દિવસ આવે તો એની બહેનને પણ મળાય ને એનાં ભાણેજોને પણ મળાય."

"અરે ભાઇ એ તે કેમ બને! મારી ઉમા તો મોટે ઘેર પરણી છે તેથી એ લોકોને મળવા કરવા જાય એ તો એનાં સાસરીઆંને જરા પરવડે નહિં. એના સસરા તો ધનપુરના દિવાનના કુળના. એ તો મોટા લોક કહેવાય.

"એ તો હું જાણું છું કાકી."

"હાસ્તો તું ના જાણે એમ તે હોય. ધનપુરના દિવાનનું નામ તો જગજાણીતું છે. તેમની પાસે પૈસો પુષ્કળ છે તેમ હાથ પણ છૂટો છે. એમના ઘરની એક છોકરી પરણી ત્યારે પચાસ હજાર રૂપીઆ ખર્ચ કર્યા હતા. એમને કાંઇ ખર્ચનો વિચાર છે?"

"પણ કાકી એ તો ઉડાઉપણું કહેવાય." તે યુવકે જવાબ દીધો. એના વિચાર ઇંગ્રેજી કેળવણીને લીધે જૂદા જ હતા.

"એ વળી ઉડાઉપણું કહેવાતું હશે! એણે તો પૈસા ગરીબ લોકોને લૂગડાં તથા ખાવાનું આપવામાં અને આસપાસનાં બધાં ગામડાંના લોકોને જમાડવામાં ખર્ચ્યા હતા. એ તો પૈસો ધર્માદા કર્યો કહેવાય, એ તો પુણ્યનું કામ કહેવાય."

હેમ થોડીવાર વિચારગ્રસ્ત થઇને બેસી રહ્યો.

વળી ઉમાની માએ બોલવું શરૂ કર્યું. "ઉમાને એનાં સાસરીઆં આપણે ઘેર ક્યાં આવવા દે છે? માત્ર આસો મહીનામાં નવરાત્રિની પૂજા વખતે આવવા દે છે, બાકી નહિં. આ ઉન્હાળામાં તો એમણે થોડા દિવસની રજા લીધી છે તેથી કેટલાંએક તેડાં એને સાસરે મોકલ્યાં ત્યારે છેવટ એને ફક્ત પંદર દિવસ માટે આવવા દીધી છે. પખવાડીઉં પૂરૂં થશે એટલે એને તો પાછાં જવું જ પડશે. એ જાય તે વખતે એની સાથે આપવાને માટે કાંઇ થોડાં સારાં લૂગડાં, થોડીક કેરીઓ અને થોડાક બરફીપેંડા બરહાનથી મંગાવ્યાં છે."

"ત્યારે કાકી! જો ઉમાથી અમારે ઘેર ના અવાય તો હું એમને તથા છોકરાંને અહીં મોકલીશ."

"જરૂર મોકલજે, દીકરા, બિન્દુ તો મને મારી છોકરી જેટલી જ વ્હાલી છે. એ તો જેટલીવાર અહીં આવે તેટલું ઓછું."

"કાકી એ જરૂર આવશે. ઉમાને જવાને હવે કેટલા દિવસ બાકી છે?"

"એ તો કાંઇ હવે રહેવાની નથી. બરહાનથી મંગાવેલો સામાન બધો આવી પહોંચે એટલી વાર છે. એને કાંઇકે આપ્યા વગર કાંઇ મોકલાય? વળી આ છઠ આવે છે ત્યારે કાંઇ થોડું ખર્ચ કરવું પડશે ને?"

"હાસ્તો વળી."

"છઠને દિવસે અમારા ઘરના રીવાજ પ્રમાણે જમાઇને કાંઇ ખાવાનું આપવું પડે. વારૂ હેમ! તારાં છોકરાં કેમ છે?"

"કીકાને પાંચ છ દિવસથી તાવ આવે છે. હું કટવે ગયો હતો ત્યાંથી કાંઇક દવા લાવ્યો છું તેથી એને જરાક ઠીક છે."

"દવા લાવ્યો તે ઠીક કર્યું. બિન્દુ નાની હતી ત્યારે એને એ ઘણીવાર તાવ આવતો. બિન્દુનું નાનપણ તો મને બહુ જ સાંભરે છે. એ તો બિચારી સ્વભાવે બહુ જ ગરીબ હતી. એણે કદી કોઇને પજવ્યાં નથી. એ બિચારીને ભૂખ કે તરસ લાગી હોય તોએ મોં ફોડીને માગે નહિં. એને જ્યારે હું કાંઇ ચાહીને આપું ત્યારે. એને તો મારા ઉપર બહુ જ ભાવ હતો, એના બાપ ગુજરી ગયા ત્યારે એની મા પાસે કાંઇ ખવડાવવાને એ નહોતું ને પહેરાવવાને કાંઇ નહોતું એ તો જ્યારથી અહીં રહેવા આવ્યાં ત્યારે બધું ઠેકાણે પડ્યું. બિન્દુને મારા મનથી તો હું મારી ઉમા જેવી જ ગણું છું. એને જરૂર કહેજે કે મને મળવા આવે."

"જરૂર કાકી એને હું મોકલીશ."

"ગયે વર્ષે તો નવરાત્રમાં બિન્દુ એક જ દિવસ આવી હતી. ને તે એ રાતે ચાલી ગઇ હતી પણ આ ફેરી તો હું એમ નહિં કરવા દઉં. એ શું આ ઘરની છોકરી નહિં કે? એણે તો આખું અઠવાડીઉં અહીં રહીને અમને કામ કરવા લાગવાનું હોય. કામે તે કાંઇ થોડું ઘણું હોય છે? છ, સાત ગાઉથી લોકો માતાનાં દર્શન કરવા આપણે ઘેર આવે છે. તમે તો દિવાનખાનામાં બેસીને ચાલ્યા જાઓ, તે કામ કેટલું પડે છે તેની તમને ક્યાંથી ખબર પડે! મળસ્કે ત્રણ વાગેથી તો રસોઇના ચુલા સળગાવવા પડે છે, તે છેક સાંજના ત્રણ સુધી પહોંચે છે, તો એ જમવાનો તાગ નથી આવતો. કેટલું લોક એકઠું થાય છે? અને રસોઇએ કેટલી બધી કરવી પડે છે! એની તે કાંઈ ગણત્રી કરાય.

"કાકી એ બધું મેં કાંઇ નથી જોયું એમ છે? હું શું દર વર્ષે એ બધું નથી જોતો? પૂજા વખતે જે ગંજાવર જમણવાર થાય છે તેનાથી કોણ અજાણ્યું હશે?"

હાસ્તો ભાઇ! આપણા બાપદાદાના વખતની રૂઢિ તો કાયમ રાખવી જ પડે તો. ને એ તો એ જ પહોંચી શકે. બધાથી કાંઇ નવરાત્રની પૂજા આટલા ઠાઠથી થાય! જોને તારે કાંઇ કરવું પડે છે? ને લોકો તારી કાંઇ વાતે કરે નહિં. પણ અમારા મલિકના ઘરની વાત તો જૂદી તેથી અમારે તો ચાલે જ નહિં."

આવી રીતે મલિકના કુળની મોટાઈની તથા ધનપુરના દિવાનના ઘરની, પૂજાની વગેરે મોટાઇની વાતો કેટલાક કલાક ચાલ્યા કરી. બિચારા હેમને તો બગાસાં આવવા લાગ્યાં. મહા પ્રયત્ને ઝોકાં આવતાં તે રોકી રાખતો ને એની કાકી બોલતી તેની વચ્ચે વચ્ચે ટહુકો પૂરતો હતો. લગભગ દસ વાગ્યા ત્યારે બહારથી કોઈના પગનાં નૂપુરનો અવાજ આવ્યો ત્યારે કાકી બોલતાં ધીરાં પડ્યાં. ઉમાએ પોતાના સાસરાને તેમ જ પિયરને શોભે એવાં વસ્ત્રઆભૂષણ સજેલાં હતાં. એણે બનેવીને ઘણા આવકારથી બોલાવ્યો.

આ વીસ વર્ષની નવયૌવના એવી રૂપવંતી હતી કે ગામમાં એની બરોબરી કરી શકે એવું કોઇ નહોતું. એની આંખ, નાક, તથા ચામડીનો રંગ ખરેખર અનુપમ હતાં. કાળા લાંબા વાળનો સુશોભિત અંબોડો વાળેલો હતો. તેમાં સુંદર મોતી તથા હીરાજડિત ફુલ ખોસ્યાં હતાં. કપાળ ઉપર

માણેક તથા હીરાની સુંદર દામણી ચળકતી હતી. હાથમાં સોના તથા હીરાની તરેહતરેહની બંગડીઓ પહેરેલી હતી. કમરે સોનાનો કંદોરો શોભતો હતો. ગળામાં હીરામોતીની ચીસપટી ઝળકતી હતી. અને મોટાં મોતીની પાંચ સેરની માળા કંઠને શોભાવતી હતી.

"કેટલો વ્યર્થ ભપકો !," હેમ મનમાં બબડયો. ઇંગ્રેજી કેળવણીને લીધે આ ઉછરતા યુવકના ખ્યાલ વિચિત્ર હતા.

" ઓહો ! "આજતો અમારાં ભાગ્ય ઉઘડયાં." આનંદી ઉમાએ હસતે હસતે કહ્યું. "આજ તો અમારૂં સદ્ભાગ્ય કે તમારા દર્શન થયાં. આજ સ્હવારે કોનું મોં જોયું હશે કે અત્યારે આટલો લાભ થયો !"

"ભાગ્ય તો મારાં," હેમે જવાબ દીધો. "તમારા જેવા મોટા લોકનાં દર્શન થાય એ તો અમારૂં સદ્ભાગ્ય કહેવાય.

" અરે ભાઇ એ તો બધું ઠીક જ છે. મારે આવે તો આજ દસ દિવસ થયા ને તમે એકેવાર અહીં આવ્યા નથી. હશે, તમે સારા તો છોને ! બિન્દુ બહેન કેમ છે ? ઠીક છેને ?"

" હા ! બધાં સારાં છે, તું એ સારી પેઠે છેને !"

" હા આપની કૃપાથી સારી છું. મારી ખબર પૂછો છો એ જ આપની મોટી કૃપા. કાંઇ દયાભાવ ઉભરાતો હશે તેથી જ આજ આ મુલાકાત થઇ. છેવટ બિન્દુ બહેને તમને આવવા દીધા ખરા ! જો જો હોં ભાઇ વધારે વાર બેસતા નહિં. નહિં તો વળી એને ગુસ્સો ચઢશે."

સાળી અને બનેવીની તકરારમાં હમેશ સાળીની જ જીત થાય છે.

હેમે માથું નમાવીને જવાબ દીધો,

"ઉમા, બિન્દુ તને મળવા આવવાની જ છે. રોજ આવવાનું ધારે છે પણ કાંઇ કાંઇ અડચણ આવી પડે છે તેથી રોકાઇ જાય છે. કાલે છોકરાંને લઇને આવશે, તું ખુશી થઇશને ?"

ઉમાએ ખુશી થઇને કહ્યું, " હા એને જરૂર કાલે મોકલજો. કેટલા દિવસથી છોકરાંને જોવાનું એ મન છે."

" કાલે જરૂર આવશે. ખરેખર એ તને મળવાને ઘણી જ આતુર છે. તું સાસરે હોય છે ત્યારે ઘણીવાર તારી ખબર પૂછે છે."

"હા, હા, હું કયાં નથી જાણતી !" ઉમાએ ખરા પ્રેમની ઊર્મિથી

કહ્યું. બિન્દુ બહેનનો પ્રેમ તો નાનપણથી મારા ઉપર છે, એકએકને જોયા વગર ઘડી ચાલતું નહિં. તે વખતે એમ જ કહેતાં કે આપણે સદા ભેગાં જ રહીશું ને રોજ એક બીજાને મળીશું. પણ મોટાં થયાં એટલે સર્વ નિકટનાં સંબંધીઓથી દૂર ખસવું પડે છે. તે છતાં અમે બાળકપણનો સ્નેહ હજી જાળવી રાખ્યો છે એ અમારૂં સુભાગ્ય. બિન્દુ બહેનને ને છોકરાંને જરૂર કાલે મોકલજો."

"ઉમા, હું જરૂર મોકલીશ."

ઉમા ખરેખરી ખુશી થઇ હતી. માબાપ જેવો બડાઇખોર એનો સ્વભાવ નહોતો. તેમ જ સાસરાની મોટાઇનું પણ તેને અભિમાન નહોતું. તેથી બાળપણનાં સંબંધી ઉપરનો સ્નેહ શિથિલ થયો નહોતો. હેમે જ્યારે ઉમાને ઘણે દિવસે પહેલ વહેલી જોઇ ત્યારે તો તેને વહેમ પડયો હતો કે ધન-પુરની દિવાનગીરીનો ગર્વ એનામાં હશે. પણ તેની સાથે વાતચીત કરતાં તેનો સંશય દૂર થયો હતો. જગતમાં જો ધનવૈભવથી સ્નેહ શિથિલ ન થતો હોય તો પરિણામ ખચિત સુખકર થાય.

"ભાઈ! તમારાં પવિત્ર પગલાંથી અમારા ઘરને આજે પાવન કર્યુ છે તો જરા વધારે મહેરબાની કરીને અમારા ગરીબના ઘરની મહેમાનગીરીનો સ્વીકાર કરીને જે કાંઇ થોડું ઘણું કાચુંકોરૂં ખાવાનું ઘરમાં છે તેનો સ્વાદ ચાખો. એમ કહીને પગનાં ઝાંઝરનો ઝમઝમ અવાજ કરતી કરતી હેમને તે અંદર લઇ ગઇ. એ ઓરડામાં બે મોટાં ઝુમર સળગાવેલાં હતાં. રૂપાના થાળમાં થોડાં પકવાન્ન, તથા મીઠાઇ હતાં અને રૂપાના ચળકતા વાડકામાં દૂધપાક વગેરે હતું.

"બેસો ભાઈ," ઉમાએ કહ્યું. "અમારા અતિથ્યમાં કાંઇ ખામી હોય તો ક્ષમા કરજો."

હેમ પાટલા ઉપર બેઠો. ઉમા પાસે બેઠી. ઉમાની ખુબસુરતીમાં કાંઇ ખામી નહોતી અને તેથી જ તે મોટા ઘરનો વર પામી હતી, કારણ કે ધનપુરના જાગીરદારના પુત્રે લગ્ન પહેલાં પોતાની એવી ઇચ્છા દર્શાવી હતી કે હું તો કોઇ રૂપવતી કન્યા સાથે જ લગ્ન કરીશ. ઉમાના રૂપની ખ્યાતિ ગામ પરગામ થતી સાંભળીને તેના પિતાએ માગું મોકલ્યું, કારણ કે ઉ-માના પિતાની આબરૂ જો કે સાધારણ ઠીક હતી તો પણ ધનપુરના જા-ગીરદારની તોલે તો ક્યાંથી આવે! તારિણી તથા તેની ભોળી પત્નીને તો આવા મોટા ઘરનો જમાઇ મળ્યો તેથી અભિમાનનો પાર રહ્યો નહિં.

ઉમાને પૈસાનું સુખ તો મળ્યું, પરંતુ એ સર્વ રીતે સુખી હતી કે નહિં તે હજી આપણે જાણતાં નથી. તેના પતિનો પરિચય થતાં કાંઇક ખબર પડશે. ગામમાં વાતો તો ચાલતી હતી કે એ છોકરો જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ રૂપવતી સ્ત્રીઓ તરફ તેનો મોહ વધતો જતો હતો અને મોજ શોખ ભોગવવાની લાલસા એ વધતી જતી હતી. પણ હાલ આપણે એ છોકરાની વાત પડતી મૂકીશું.

ઉમા તથા હેમ વચ્ચે બહુ વખત સુધી વાતચીત ચાલી. વાત ઉપરથી વાત કરતાં ઉમાના સાસરાની વાત આવી. એવી વાત કાંઇ આવતી કે ઉમાનો ચહેરો બહુ ગંભીર થઇ જતો. તેથી હેમને કાંઇક વહેમ પડતો અને તેથી એ જરા ચિંતાતુર જણાતો. રખેને આવી સુકોમળ પદ્મિનીના મનમાં કાંઈ ચિંતાએ વાસ કર્યો હોય ! કે રખેને આ સુંદરીને કાંઇ મનનું ગૂઢ દુઃખ હોય ! એવા એવા વિચારો અને સંશય ઉમાનો ચહેરો જોવાથી હેમને આવ્યા. તેને તો એમ જ લાગ્યું કે આ સુંદરી દુઃખનું વાદળ છુપાવવાને પ્રયત્ન કરે છે, હરિણી જેવાં સુંદર નેત્રમાં આંસુ રોકી રાખે છે. ઉમા શું ખરેખર દુઃખી જ હતી કે ભવિષ્યમાં પડવાના દુઃખનું પ્રતિબિંબ એનાં કાળાં ચળકતાં નેત્રમાં માલૂમ પડતું હતું !

પ્રકરણ ૫ મું.

નવ જીવનના અંકુર.

હેમ જમી રહ્યો ત્યાર પછી તારિણીની સાથે વાતચીત કરતાં એક કલાક નીકળી ગયો. જ્યારે એ ઘેર પહોંચ્યો ત્યારે મધરાત થઈ ગઇ હતી. બિન્દુ તેની વાટ જોઇને ઓશરીમાં બેઠી હતી, તેણે દૂરથી તેને આવતો જોયો. તેને જોતાં જ એના મુખ ઉપર આનંદ પ્રસરી રહ્યો, અને તેથી તેની આંખમાં મધુર સ્મિત રમી રહ્યું.

" અંતે તમે આવ્યા ખરા. મને તો એમ થયું કે રસ્તામાં કાંઈ ભૂલા પડયા કે શું ? વળી એમ લાગ્યું કે ઉમાની પાસે બેસીને વાત કરતાં કરતાં વખત વહી ગયો તેનો ખ્યાલ નહિં રહ્યો હોય ! "

" પ્રિયે ! આવા ઠપકાને હું પાત્ર છું શું વારૂં ? કાંઈ બહુ મોડું થયું છે ? "

"નારે બહુ તો કાંઇ મોડું થયું નથી. માત્ર બાર વાગી ગયા છે! અને સંધ્યાકાળથી તમારો એક મિત્ર રાહ જોતો બેઠેલો છે."

"કોણ આવ્યું છે?"

"અંદર આવીને જુવો." બિન્દુ એમ કહીને તેને અંદર લઇ ગઇ. તે અંદર પેઠો એટલે એક ગૌર વર્ણનો તથા ખુબસુરત દેખાવનો યુવક ઉભો થયો. હેમે થોડીક વાર સૂધી તેને ઓળખ્યો નહિં. તે જોઇને બિન્દુનું મોં જરા મલકાયું. એક જ ક્ષણમાં હેમે તેના પરોણાને ઓળખ્યો.

"અરે આ કોણ શરત! તું કલકત્તેથી ક્યારે આવ્યો? તું કેટલો ફેરવાઇ ગયો છે? મેં તો તને દસ વર્ષ ઉપર તારી બહેન કાલીતારાના લગ્નમાં જોયો હતો. ત્યારે તો તું છેક બાળક હતો ને બરદ્વાનની નિશાળમાં ભણવા જતો હતો. હવે તો મોટો જુવાન થઇ ગયો છે; તારી આવડી મોટી મુછને લીધે હું તો ભૂલો જ પડયો."

"હા!" શરતચંદ્રે કહ્યું, "મારી બહેનના લગ્ન પછી તરત મારા પિતા મરણ પામ્યા તેથી મારી માતા ને હું બરદ્વાનમાં રહેતાં. ત્યાર પછી હું અહીં આવ્યો જ નથી. મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં હું પાસ થયો ત્યાર પછી મેં કલકત્તાની કોલેજમાં અભ્યાસ કરવા માંડયો ત્યારથી મારી મા અહીં જ રહે છે. હાલ અમારે ઉન્હાળા ખાતે રજા છે તેથી હું તેને મળવા આવ્યો છું. ઘણાં વર્ષ થયાં એટલે મારામાં ફેરફાર થએલો તમને લાગે એમાં કાંઇ આશ્ચર્ય નથી. તમારા બધાંમાં મને એ કેટલો ફેર થયેલો લાગે છે! બિન્દુ બહેન મારા કરતાં એક વર્ષ મોટી છે. બાળક હતાં ત્યારે અમારે બન્નેને બહુ મિત્રાચારી હતી. હમેશ અમે સાથે જ રમતાં. હું મલિકને ઘેર જતો અથવા બિન્દુ બહેન નાની સુધાને લઇને અમારે ઘેર રમવા આવતી. અમારા ઘરની જમરૂખી ઉપરનાં કેટલાં જમરૂખ તોડી તોડીને એ ખાઇ જતી. એ તો બહુ તોફાની હતી. હવે તો એ મોટી ગૃહિણી થઇ ગઇ છે ને વળી એ છોકરાંની મા થઇ છે."

"ના, ના, શરત મને તોફાની ના કહીશ," બિન્દુએ હસતાં હસતાં કહ્યું, "તું તારી પોતની જ વાત કરને, આખા ગામના આંબા ઉપર એકે કેરી તો રહેવા દેતો નહિં! તે હવે તો કોલેજના મોટા વિદ્યાર્થી થઇ ગયા; ને તે વળી બધા કરતાં હોંશીઆરમાં ગણાઓ છો; નાનપણમાં તો ઝાડ ઉપર ચઢવામાં હોંશીઆર હતા."

"ચાલો બસ હવે," હેમે હસતાં હસતાં કહ્યું, "તે વખતની ચોરીઓ હવે શું કરવા ઉઘાડી પાડો છો? તમે બન્ને કેવાં હશો તેનો ખ્યાલ મને બરોબર છે. હું એ તારે ઘેર કોઈ કોઇ વાર આવતો તે તને યાદ છે કે શરત? ત્યાં બિન્દુ ને સુધા પણ ક્વચિત્ મળતાં. સુધા તો તે વખતે છ જ વર્ષની હતી. સુધા! તને યાદ છે કે?"

"હા, વળી." સુધાએ પોતાના બાળપણના મિત્રના સુંદર ચહેરા તરફ જોતાં જોતાં લજ્જાયમાન થઇને કહ્યું.

"શરત તું જમ્યો કે?" હેમે પૂછ્યું. "હા ભાઇ, બિન્દુ બહેને મને જે કાચી કેરીનું શાક ખવડાવ્યું એવું તો મેં જન્મારામાં કદી ખાધું નહોતું."

"એક આંબા ઉપરથી બીજા આંબા ઉપર કુદકા મારતા હતા ત્યારે શું નહોતું ખાધું?" બિન્દુએ પ્રશ્ન કર્યો.

"અરે, કાચી કેરીઓ તો પુષ્કળ ખાધેલી પણ આવું શાક કરીને તો નહિં'સ્તો."

"ના રે, શાક થાય તેટલીવાર થોભે કોણ?"

હેમે પૂછ્યું, 'સુધા, તું જમી કે નહિં? ને બિન્દુ, તું એ જમી કે નહિં?"

"સુધા તો જમી. હું હમણાં જાઉં છું. તમે જરાએ નહિં જમો?"

"નારે, હું તો તારા કાકાને ઘેર નિરાંતે જમ્યો છું."

બિન્દુ જમવા માટે રસોડામાં ગઇ. સુધા હેમને આવવાની વાટ જ જોતી હતી એટલે એ તો તરત જ ઓટલા ઉપર સાદડી પાથરીને સુઇ ગઇ. એના મોં ઉપર લેશમાત્ર પણ ચિંતાની છાપ નહોતી. તેથી ચાંદનીમાં ઠંડા પવનની લ્હેરકીમાં તરત તે નિદ્રાવશ થઇ ગઇ. મધ્ય રાત્રિ થઇ હતી એટલે આખું ગામ નિદ્રાધીન થએલું હતું.

શરતચંદ્ર ઘોસ ઓટલા ઉપર બેઠો બેઠો હેમની સાથે વિવિધ વિષય ઉપર વાતો કરતો હતો. અસલના વખતમાં બોસ અને ઘોસના કુટુંબ વચ્ચે લગ્નનો સંબંધ થયેલો હતો. હેમ અને શરતને બાળપણથી મિત્રાચારી હતી. મિત્ર જોડે વાત કરતાં કરતાં તે યુવકનો ઉચ્ચ સ્વભાવ તથા ઉદાત્ત ગુણો માલૂમ પડી આવતા હતા; પોતાનો નાનો ભાઇ હોય તેટલો સ્નેહ તેના ઉપર હેમને હતો. શરત પણ તેને વડીલભાઇ જેવો જ ગણતો. બિન્દુ જમીને આવી ત્યાં સુધી તેમની વાતો પૂરી થઇ નહોતી. સુધાના

માથા નીચે ઓશીકું નહોતું તેથી બિન્દુએ પોતાના ખોળામાં તેને સુવાડી, અને હલકે હાથે તેના માથા ઉપર હાથ ફેરવવા મંડી.

"હવે ત્યારે તું તારી છેલ્લી બી. એ. ને માટે વાંચે છે કે શરત?" હેમે પૂછ્યું. "હજી તારે પરીક્ષાને છએક મહિના બાકી હશે; હું તો ખાત્રીથી કહું છું કે તું તો પહેલા વર્ગમાં જ પાસ થઇશ. પછી શું કરવું તેનો કાંઇ તેં નિશ્ચય કર્યો છે?

"હજી મેં કાંઇ વિચાર કર્યો નથી. પણ હું પાસ થાઉં ત્યાર પછી મારી માને બનારસ જાત્રાએ જવાનો વિચાર છે, તેથી મારે અહીં આ-વીને મારી જાગીર ઉપર દેખરેખ રાખવી પડશે. અમારી જમીન કાંઇ ઝાઝી નથી, વર્ષે દહાડે છસો સાતસો રૂપીઆ જેટલી જ ઉપજ આવે છે. મને જો કાંઇ સારી નોકરી મળે તો હું વધારે પસંદ કરૂં. કેમકે તો પછી મારી મા બનારસમાં સુખમાં રહી શકે. એની ઇચ્છા તો હવે બાકીની જીંદગી ત્યાં જ ગાળવાની છે. હું કલકત્તે પાછો જાઉં ત્યાર પહેલાં તેને ત્યાં લઇ જવાની મેં બધી સગવડ કરેલી છે."

"એ તો તેં સારી ધારણા કરી છે. એમને બનારસ જવાની ઇચ્છા છે તો પહેલો તો તેમને ત્યાં લઇ જા ને પછી તું તારા અભ્યાસ માટે કલકત્તે જજે. પરીક્ષા માટે મહેનત સારી રીતે કરજે, કારણ કે એ પરીક્ષા તો બહુ અઘરી હોય છે. જો મહેનત બરોબર કરીશ તો બધી પરીક્ષાઓમાં જેવી શાબાશીથી પાસ થયો છે તે જ રીતે આમાં પણ થઇશ."

"હું મહેનત તો કરીશ. જેમ બનશે તેમ જલદી હું કલકત્તે જઇશ. તમે બધાં પણ ત્યાં જ આવો તો સારૂં એમ મને તો લાગે છે. આખો જન્મારો તમે શું આ ગામડામાં જ ગાળવાનું ધારો છો? દશેક વર્ષ ઉપર તમે અભ્યાસાર્થે થોડોએક વખત કલકત્તામાં રહ્યા હતા અને બિન્દુ બ-હેને તો મુદ્દલ કલકત્તા જોયું જ નથી. અમસ્તાં જોવા ખાતર તો એકવાર તમે બન્ને ચાલો. હાલમાં તમારે વાવણી વગેરેનું તો કાંઇ કામ છે નહિં; ત્યારે હમણાં જ આવો તો સારૂં. હમણાં મારા ઘરમાં એ બીજું કોઇ નથી એટલે તમને ઘરની પણ અગવડ નહિં પડે. પછી વળી શરદ્ ઋતુમાં કાપણીનો વખત થાય ત્યારે તમારી ઇચ્છા હોય તો અહીં પાછાં આવજો.

"એ સૂચના તો તારી સારી છે શરત, પણ કલકત્તે આવીને હું કરૂં શું? તને તો મોટી મોટી ઉમેદો છે ને તારે તો પરીક્ષાઓ આપવાની છે.

તું જો એમાં સારી રીતે પાસ થઈશ તો તને તો સારી નોકરી મળશે. પણ હું ત્યાં શું કરૂં ?"

"કેમ ! તમે પણ જો પ્રયત્ન કરો તો દુનિઆમાં ઉંચે દરજ્જે શું ના ચઢી શકો ? આખો જન્મારો આ ગામડામાં કહાડવો તમને ગમશે કેમ ? તમે કોલેજ છોડયા પછી પણ અભ્યાસ બહુ કર્યો છે, તે હું જાણું છું અને કલકત્તાની યુનીવર્સીટીના મોટા ગ્રેડયુએટ હોય છે તેના કરતાં તો તમારૂં જ્ઞાન સંગીન છે તે પણ હું જાણું છું. તમારી આટલી આવડત અને ઉદ્યોગી સ્વભાવ છતાં જગતમાં ઉંચ્ચે દરજ્જે ના ચઢી શકો એ તે કાંઇ વાત છે ?"

"મારૂં જ્ઞાન તો બહુ ક્ષુલ્લક છે. જો કોઇ કોઇ વાર ચોપડીઓ વાંચું છું તે માત્ર મારૂં મનરંજન કરવાને માટે જ. કલકત્તા જેવા મોટા શહેરમાં તો મારા કરતાં વધારે કેળવાયલા લાખો માણસો નોકરીઓ મેળવવાને પ્રયત્ન કરે છે. તે લોકોનું કાંઇ ફાવતું નથી તો હું તે શી ગણત્રીમાં ? જે ઠેકાણે ધંધાની સ્પર્ધા આટલી બળવાન્ હોય ત્યાં કાબેલ માણસોનું ઠેકાણું પડવું મુશ્કેલ તો મારા જેવા છેક અણઆવડીઆત માણસની તો વાત જ શી ? વ્યર્થ ફાંફાં મારીને છેવટ મારે અહીં જ પાછા આવવું પડે."

"જો એમ કરવું પડે તો એ નુકસાન શું ? તમે મારા મહેમાન તરીકે રહેવાનું કબુલ કરો તો પછી કલકત્તામાં રહેવાનું કાંઇ વધારે ખર્ચ તો થાય નહિં, ને વળી ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યાનો મનને સંતોષ થાય તે જૂદો. મારી તો જો કે ખાત્રી જ છે કે આવા મોટા શહેરમાં પણ તમારો પ્રયત્ન સફળ થશે. જો તેમ ના થાય તો થોડા મહિના રહીને અહીં પાછા આવજો. મુસાફરીથી તમને કાંઇ ગેરફાયદો તો નહિં જ થાય."

હેમે થોડીકવાર વિચાર કરીને કહ્યું. "શરત, અમને તારા મહેમાન તરીકે રહેવાનું કહે છે એ ખરે, તારી સરસાઇ બતાવે છે પણ જો અમે કલકત્તે આવીએ તો અમારે જૂદું જ ઘર રાખવું પડે, નહિં તો તારા અભ્યાસમાં વિક્ષેપ પડે. હશે, પણ એ સર્વ વ્યવસ્થા આજ રાત્રેને રાત્રે કરવાની કાંઇ અગત્ય નથી. બિન્દુના કાકાની ઇચ્છા મને બરદ્વાન લઇ જવાની છે, ને તું મને કલકત્તે જવાનું કહે છે. ગમે તે ઠેકાણે મન ફેર કરવાને જવાની મારી પોતાની પણ ઘણા દિવસથી ઇચ્છા છે. હું બરોબર વિચાર કરીશ શરત, અને છેવટ નિશ્ચય તારી સલાહ લઇને કરીશ."

"બહેન બિન્દુ તારી શી મરજી છે? કલકત્તા જેવું મોટું શહેર જોવાનું તને મન નથી?"

"શરત! મને જોવાનું તો મન છે પણ ત્યાં જવાની અમારી ગુંજાસ નહિં. મેં તો સાંભળ્યું છે કે ત્યાં મોંઘવારી બહુ જ છે ને અમે તો ગરીબ માણસ રહ્યાં; એટલું ખર્ચ કરવાની અમારી સ્થિતિ નહિં."

"જો પૈસા ઉરાડી નાંખવાની ઇચ્છા જ હોય તો ત્યાં ખર્ચ કરવાના રસ્તા પુષ્કળ છે. બાકી સાધારણ ખર્ચ ત્યાં કાંઇ વધારે થતું નથી. હું તો ખાત્રીથી કહુંછું કે તમે જો મારા ઘરમાં રહેશો તો મારા અભ્યાસમાં કાંઇ વિક્ષેપ પડવાનો નથી. હું જ્યારે એકલો હોઉં છું ત્યારે ઘણી વાર ચોપડીઓ ઉપર મને કંટાળો આવે છે. તેથી જો તમે ત્યાં હો, તો તમારી જોડે વાતચીત કર્યાથી મારા મગજને વિશ્રાંતિ મળશે અને ઉલટો મારો અભ્યાસ તો સારો થશે."

"નહિં તો વાંચવાને બદલે રસોડામાં આવીને મારી સાથે બાળપણની રમત અને તોફાનની વાતો કરજો," બિન્દુએ ઉમેર્યું.

"અથવા બિન્દુ બહેન મને કેરીનાં સારાં સારાં શાક કરીને ખવડાવશે. કેમકે એવાં સારાં શાક બીજા કોઇને કરતાં નથી આવડતાં. એકંદર રીતે જોતાં લાભ તો મને જ છે."

"હા, હા, શરત, હમણાં તો તારૂં નસીબ પાધરૂં છે." બિન્દુએ હસતાં હસતા કહ્યું. "મેં જે સાંભળ્યું છે એ જો ખરૂં હોય તો તો તારે સારી સ્વાદિષ્ટ રસોઇની હવે કાંઇ અડચણ વેઠવી નહિં પડે. કેમકે કોઇ નવું જ માણસ તને સ્વાદિષ્ટ ભોજન જમાડવાને આવવાનું છે."

"એ વળી કોણ?"

"હાં, જાણે પોતાને કાંઇ ખબર જ ના હોય! બિચારો અણુસમજુ ખરોને! કેમ તારાં મા તારી સગાઇ કરવાને તપાસ નથી કરતાં?"

શરતે શરમાઇને નીચું જોઇને કહ્યું, "બિન્દુ બહેન, એ વાત કરીશ નહિં. એ તો બધાં ગપ્પાં."

"હા, હા, એ તો ઠીકરતો. મને લાગે છે કે એ ખરી જ વાત છે. તારાં મા જ્યારે બનારસ જાય ત્યારે તારી દેખરેખ રાખવાને કોઇ નાજુકડી વહુ જોઇએજને?"

"મારી માનો કાંઇ એ બાબત માટે બહુ આગ્રહ નથી." શરતે કહ્યું.

"એનું ચિત્ત તો માત્ર ભક્તિમાં જ લાગ્યું છે. મારી બહેનને મને પર-ણાવવાની બહુ ઉતાવળ છે. બરદ્વાનના કોઇ સારા કુટુંબની યોગ્ય કન્યા શોધવાનો એ પ્રયત્ન કરે છે. અને અહીં આવી છે તે દિવસની મારી માને આગ્રહ કર્યા કરે છે, પણ મેં તો સાફ કહી દીધું છે કે હું તો પાસ થાઉં ને કુટુંબનું પોષણ કરવા જેટલા પૈસા કમાઉં ત્યારે જ પરણવાનો."

"કાલીતારાને મળ્યે મારે તો કેટલો વખત થયો." બિન્દુએ કહ્યું. "બાળપણમાં કાલીતારા, ઉમા ને હું તો ભેગાં જ હરતાં ફરતાં, તે હવે તો છ મહિને પણ નથી મળતાં. કાલે જરૂર એ બન્ને જણને મળવા જવાનો મારો વિચાર છે."

"મારી બહેન કાલે ઉમાને મળવા જવાની છે, તેથી જો ત્યાં જશો તો બન્નેને સાથે મળાશે."

"હા, ત્યારે તો હું એમ જ કરીશ. તારી બહેનને મળવાનું મને બહુ જ મન છે. એ તો બિચારી કોઇક જ વાર અહીં આવે છે. સાસ-રામાં કુટુંબ મોટું રહ્યું અને વરની તબીયત સારી રહે નહિં એટલે શી રીતે આવી શકે ? એના વરની ઉમર ચાળીસેક વર્ષની તો હશે ને સાં-ભળ્યું છે કે ઘરડાઇ બહુ ગયો છે. બીજવર અને આટલો બધો ફેર તારાં માએ શું કરવા જોયો હશે ?"

"બિન્દુ બહેન, મને તું પૂછીશ જ નહિં. મારી માને પણ એ વિવાહ તો ગમતો નહોતો. પણ કુળ બહુ ઊંચું ગણાય છે, અને બધા બ્રાહ્મણોએ ને અમારા ગોરે બહુ સીપારશ કરી તેથી કરવું પડયું. બહેન બિચારી એવી ગરીબ ને સંતોષી છે કે જે મળ્યું છે તેમાં સુખ માનીને બેસી રહી છે ને પતિ ઉપર પ્રેમ પણ બહુ રાખે છે."

વિવિધ વિષય ઉપર વાત કરતાં કરતાં મધરાત વીતી ગઇ, અને બહુ મોડું થયું તેથી બિન્દુની રજા લઇને શરત ઉઠયો.

"બિન્દુ બહેન ! હું કાલે પાછો આવીશ. અહીં છું ત્યાં સુધી રોજ તમારી કેરીઓ ખાવા આવીશ. તમે જો કલકત્તે આવો તો મને તો ખાવાની બહુ જ ગમ્મત પડે."

"એ તો હવે આપણે પછી નક્કી કરીશું." બિન્દુએ હસતે હસતે જવાબ દીધો, "કાલે તો પહેલાં હું તારી બહેનને મળીશ ને પછી અમે બન્ને મળીને તારે માટે એક સુંદરી શોધી કહાડીશું, એટલે પછી તારે

ખાવા પીવાની અડચણ નહિં પડે. તારા સ્વાદ બરોબર સંભાળી શકે એવી કોઈ શોધી કહાડીશું."

શરત હસ્યો ને ચાલતો થયો. સુધા હજી ઊંઘતી હતી. તેના નાજુક ચહેરા ઉપર મધ્યરાત્રિના ચંદ્રનો પ્રકાશ પુષ્કળ પડતો હતો. તેના મુખ ઉપર મધુર હાસ્ય પ્રકાશતું હતું. પોતાની બહેનના ખોળામાં સૂતી સૂતી તે નિરાંતે ઊંઘતી હતી.

શરત ધીમે ધીમે ચાલતો ચાલતો ઘેર ગયો. તેની દૃષ્ટિ તારા તરફ હતી; અને તેના મગજમાં હજાર પ્રકારના આવા વિચાર ચાલતા હતા: બરદ્વાનમાં ને કલકત્તામાં મેં બહુએ મોટાં સમૃદ્ધિવાળાં ઘર જોયાં છે પણ આ રંક ઝુંપડીમાં જેટલો સત્ય તથા પ્રેમનો પ્રભાવ છે તેટલો મેં બીજે કાંઇ જોયો નથી. હેમનામાં કેટલો બંધુભાવ અને નિખાલસપણું છે! બિન્દુ બહેનની કેટલી સુકોમળતા અને સત્યતા! બાળક સુધાની કેટલી મધુરતા અને સરલતા! મારા પ્રેમશૂન્ય અંતઃકરણમાં આ સર્વેનું નિરીક્ષણ કરીને કાંઇ પ્રેમનાં કિરણ પ્રકાસે ને મારા ઉદાસી તથા રસશૂન્ય અંતઃકરણમાં કાંઇ જીવનના ઉન્નત ભાવ પ્રવેશ પામે તો કેવું સારૂં!

પ્રકરણ ૬ હું.

દરિદ્રતાનાં મિત્રો.

બીજે દિવસે પ્રાતઃકાળે બિન્દુએ ઉઠીને ઘરમાં ને આંગણામાં વાસીદાં વાળ્યાં ને પછી પાસેના તળાવ ઉપર જઇને રાતનાં પડેલાં વાસણ માંજ્યાં એટલામાં કોઇએ બારણાની સાંકળ ખખડાવી. હેમ ને સુધા તો હજી ઉઠયાં પણ નહોતાં. તેથી તળાવ ઉપર જ વાસણ રહેવા દઇને તે બારણું ઉઘાડવાને ગઈ. પાસે રહેતા સનાતન નામના ખેડુતની વહુ આવી હતી. જાતે એ કૈબારત હતી. બાળકપણમાં બિન્દુ તેને કૈબારત બહેન કહેતી હતી. હજીએ ઘણી વાર તેને એ જ નામે બોલાવતી હતી.

"કૈબારત બહેન! આજ આટલી વહેલી ક્યાંથી, તારા હાથમાં શું છે?" બિન્દુએ પૂછ્યું.

"અરે એ તો કાંઇ નહિં બહેન, એ તો વિસાત વગરની વસ્તુ છે.

મને તો સહેજ એમ જ થયું કે આજે અત્યારમાં જ તમને મળી આવું, અને સુધાને આ મારૂં મીઠું દહીં બહુ ભાવે છે તે આ લોટામાં આપી આવું; એ ઉઠી છે કે નહિં?"

"ના એ હજી ઉઠી નથી. પણ બહેન તું તો રોજ ને રોજ અમારે માટે કાંઇને કાંઇ લાવે છે. તું ગરીબ માણસ અમારે માટે એવું ખરચ શું કરવા કરે છે?"

"અરે બહેન એમાં તે શી વિસાત છે? દૂધ તો અમારે ઘરની ગાયનું કની? તેમાંથી થોડું હું તમારે માટે લાવું તેમાં શું થઇ ગયું? અમારી ગાય, ઘર બધું એ તમારૂં જ છે તો? અમે જીવીએ છીએ તમારી જમીનોને લીધે ને! જે છે તે બધું તમારૂં છે ને, તમને આવી વસ્તુ ના આપું તો કોને આપું?"

"ઠીક બહેન, લાવ ત્યારે હું રસોડામાં મુકી આવું, ભાત સાથે આજે એ ખાઇશું, તારૂં બનાવેલું દહીં બહુ જ સારૂં હોય છે. સુધાને તો એ બહુ જ ભાવે છે. પણ બહેન આ શું! તારી આંખમાં આંસુ શાનાં? તું રડે છે કેમ?"

સનાતનની વહુ અત્યાર સુધી મુગે મોંએ અશ્રુ પાડતી હતી, પણ બિન્દુએ પૂછ્યું એટલે તો જોરથી રડી પડી. લૂગડાના છેડાથી આંસુ લૂછવા તો માંડ્યાં પણ રોકી શકી નહિં.

બિન્દુએ કાંઇક ઉદ્વિગ્નતાથી પૂછ્યું, "તું રડે છે કેમ? સનાતન તો સારો છે ને?"

"હા, એ તો તદ્દન સારી પેઠે છે, એમને શું થવાનું હતું?"

"ત્યારે તારો કીકો સારો છે ને?"

"હા બા, આપની મહેરબાનીયો કીકો એ સારો છે."

"ત્યારે બહેન સહવારના પહોરમાં આટલું બધું રડે છે શા માટે? થયું છે શું, તે તો કહે."

"બહેન હું તો ઘાસને ઘેર અત્યારે ગઈ હતી ત્યાં, ત્યાં મેં ભોગજોગે—"

"ત્યાં શું થયું? કોઇએ તને ગાળભેળ દીધી કે શું?"

"મને વળી ગાળ દેનાર કોણ? હું કાંઇ કોઈની ઓશીઆળી છું કે ગાળ ખમી રહું! ના બહેન મારો ધણી નસીબદાર નથી તોએ મજુરી કરીને પાંચ પૈસા લાવે છે તેથી અમારો નિર્વાહ ચાલે છે. અમે ગરીબ

તો ખરાં પણ અમને એટલું તો અભિમાન ખરૂં કે કોઈનો હલકો બોલ સાંભળી ના રહીએ.”

તેના ધણીનાં આમ વખાણ કર્યાં તે સાંભળીને બિન્દુને જરા હસવું આવ્યું. તેણે ફરીથી પૂછ્યું, “ત્યારે આ કલ્પાંત શેનું? સનાતને તને કાંઇ ગાળ દીધી?”

“એ વળી ગાળ દે! એમનામાં એટલું પાણી ક્યાં છે કે મને ગાળ દે. એમનું ઘરબાર કોણ ચલાવે છે? હું ના હોત તો કેદહાડાના સ્વર્ગમાં પહોંચી ગયા હોત! એ તે મને ગાળ શું દેતા હતા! જો એમને એમનો જીવ વહાલો હોય તો મને પજવે શું?”

બિન્દુએ ફરીથી હસવું રોકી રાખ્યું અને તે જરા ગુસ્સે થઇને બોલી, “ત્યારે છે શું કે સહવારના પહોરમાં રડવા બેઠી છે? આજે તને ભૂત શેનું ભરાયું છે?”

“કાંઈ નહિં બહેન કાંઇ નહિં.” તેણે નમ્રતાથી જવાબ દીધો. “એ તો આજે ઘોસને ત્યાં ગઇ હતી ત્યાં મેં અભાગણીએ સાંભળ્યું કે:—”

બિન્દુએ ગુસ્સામાંને ગુસ્સામાં કહ્યું “રજ્યા કર ત્યારે, હું તે ક્યાં સુધી ખોટી થાઉં? મેં હજી વાસણે માંજ્યાં નથી ને હજી તો દેવતા પાડીને દૂધ ઉન્હું કરવું છે. છોકરાંઓ તો ઉઠતાવાંત દૂધ માગશે.” એટલામાં સુધા ઉઠીને દોડતી દોડતી બહેનની પાસે આવીને ઉભી.

“આજ તો તું કાંઇ વહેલી ઉઠીને શું સુધા!” તેની બહેને કહ્યું. “આમ તો આવ. આપણી આ કૈબારત બહેન તારે માટે ભાતમાં ખાવાને દહીં લાવી છે. હવે હું દેવતા સળગાવવા જાઉં છું; કેમકે છોકરાં તો હમણાં ઉઠશે.”

બાલિકાએ પોતાના કાળા, ચળકતા વાળ ઉંચા કર્યા ને શીકા ઉપરથી દહીં લીધું. પછી તે તળાવ ઉપર બહેનને વાસણ વીછળાવવા ગઇ. બિન્દુ જ્યારે રસોડા આગળ આવી ત્યારે સનાતનની વહુએ પોતાની આંખ લૂછી નાખી હતી અને બરોબર ખુંખારીને તે પૂછવા લાગી, “કેમ બહેન ત્યારે મેં જે વાત સાંભળી તે ખરી છે કે?”

“શી વાત?”

“કેમ ઘોસને ઘેર સાંભળી તે.”

“શી વાત સાંભળી?”

" હં! ત્યારે તો એ ખરૂં જ હોવું જોઇએ. અરે રામ! મારા નસીબમાં આવું જ લખેલું હતું કે શું? એક દિવસ જો હું સુધાનું સોહામણું મોં જોતી નથી તો મને કાંઇનું કાંઇ થઇ જાય છે." બીજો એક પણ શબ્દ આ સ્ત્રીએ મોંમાંથી કહાડયો નહિં અને આવેશમાં આવી જઇને રોવા ને કકળવા લાગી. હેમ પોતાના ઓરડામાં ઊંઘતો હતો, ત્યાં એને કાને મોટો ધરતીકંપ જેવો અવાજ પડયો. અને જ્યારથી તે સ્ત્રીના રડવાનો અવાજ કાને પડયો ત્યાર પછી તેને ઊંઘ આવી નહિં.

તે એકદમ ઓરડામાંથી નીકળ્યો અને બિન્દુને જોઇને પૂછવા લાગ્યો, " આટલા બધા કલ્પાંતનું કારણ શું છે ?"

" અરે એ તો કાંઇ નહિં," બિન્દુએ કહ્યું, " એ તો આ સનાતનની વહુએ કાંઇ માઠી ખબર સાંભળી છે તેથી તે રડે છે."

હેમ તે સ્ત્રીને પૂછીને તપાસ કરવા મંડયો. સનાતનની વહુ રડતી બંધ રહી અને ઘુમટો કહાડીને હેમની આગળ માથું નીચું નમાવી ધીમા અવાજથી તે બોલવા લાગી, " ના સાહેબ, મારા ઘર ઉપર તો કાંઇ આફત આવી નથી. પણ મેં કાંઈ માઠા સમાચાર સાંભળ્યા તેની તપાસ કરવા અહીં આવી હતી."

" પણ એ માઠી ખબર શી છે તે અર્ધો કલાક થયાં એ મને કહેતી નથી. તમારાથી કાંઇ વાત કહડાય તો કહાડો, હું તો થાકી." બિન્દુએ કહ્યું.

" સ્ત્રીઓ એક બીજાનો સ્વભાવ બરોબર ઓળખે." હેમે હસતે હસતે કહ્યું, " અમે મરદ તો અર્ધી વાતે ના સમજીએ. હું તો શરતને ઘેર બધી ગોઠવણ કરવા જાઉં છું." એમ કહીને એ ઘરની બહાર નીકળી ગયો.

" હાં! જુવો જુવો," સનાતનની વહુએ ચીસ પાડીને કહ્યું, " ત્યારે તો મેં સાંભળ્યું છે તે નક્કી ખરૂં જ હોવું જોઇએ."

" અરે બાઇ તને આજે કાંઇ ભૂત ભરાયું છે કે શું?" બિન્દુએ ગુસ્સે થઇ જઇને કહ્યું, " તું આજ આમ કેમ કરે છે? તેં કાંઈ વાત સાંભળી હોય તો બોલી દેતાં થાય છે શું?"

" એ તો બહેન આજે હું ઘોસને ઘેર ગઈ હતી ત્યાં મેં સાંભળ્યું "—

" પણ શું સાંભળ્યું તે તો કહે."

"બહેન હું કહું છું. પણ મારા મુરખના બોલવાથી ખોટું ના લગાડશો. એમના ઘરના પેલા અભાગીઆ નોકરે મને કહ્યું કે—ઓ બાપ! એના બોલવાથી તો મને એટલો ધાસ્કો પડયો, કે હજી મારી છાતી ધડક ધડક થાય છે, જો બહેન હાથ લગાડી જુઓ."

"મને તારી છાતી તપાસવાની નવરાશ નથી, મારે તો હજી રાંધવું છે." એમ કહીને બિન્દુ રસોડા તરફ વળી.

"ના, ના, બહેન એમ ગુસ્સે ના થશો," બિન્દુના લૂગડાનો છેડો તાણીને તે કહેવા લાગી. "મને તમારી દાઝ છે તેથી હું ખબર કહાડવા આવી, બીજા કોઇનું હોય તો હું કાંઇ આમ કરૂં કે? હું સુખાને એક દિવસ જોતી નથી તો મારા જીવને કાંઇનું કાંઇ થાય છે." બિન્દુએ ચાલવા માંડયું. "અરે ના, ના, હું તો એમ કહેતી હતી કે તે ઘોસના ઘરના નોકરે મને કહ્યું કે—મોંમાંથી કદાચ નહિં એવા બોલ બોલ્યો—અરે એ તે કાંઇ બનવા જોગ વાત છે? તમારા મનમાં કાંઇ સહેજ તો લાગણી હશે!"

બિન્દુ રસોડામાં પેઠી. પેલી સ્ત્રી તેની પાછળ જ ગઇ અને બોલી, "ના, ના, બહેન, એ તો એ અભાગીઆએ કહ્યું-એ શું ખરી વાત છે કે તમે બધાં અમને છોડીને કલકત્તે જવાનાં છો? બહેન મેં તને ઉછેરીને મોટી કરી છે ને હવે તમારી સાથે પાછો મેળાપ જ નહિં થાય? બિચારી સુખા! મારા ઉપર એ કેટલી મમતા રાખે છે, મારૂં દહીં એને એટલું ભાવે છે! એને પણ લઈ જવાનાં કે?"

બિન્દુ આટલી વાર તો આ સ્ત્રી ઉપર ગુસ્સે થઇ હતી. પણ આ સાંભળીને તો એનાથી હસી જ જવાયું.

"અરે રે! મારી કૈબારત બહેન, આટલી વાત કહેતાં તેં આટલો વખત લગાડયો! પણ તું રડે છે શું કરવા? હજી તો કાંઇ નક્કી ઠર્યું નથી. શરતે કાલે રાત્રે અમને કલકત્તે જવાનું કહ્યું; પણ અમારાથી તે કાંઇ જવાય! કલકત્તાનું ખરચ તો અમને ગરીબને મારી નાંખે."

"અરે જવા દો ને બહેન," તે સ્ત્રીએ પાછું બોલવું શરૂ કર્યું, "સારાં માણસ તે કોઈ ત્યાં જાય! મેં તો સાંભળ્યું છે કે નાત જાત પણ ત્યાં સચવાતી નથી. ત્યાં તો હિંદુને વિશ્વાસી લોકમાં કાંઇ ભેદ ગણતા નથી. આ તમારૂં સોના જેવું ઘર શું કરવા છોડી દો છો? અહીં ખાસાં સુખચાં-

તેમાં રહોને! શરત ભાઇને તો શું? એમને નથી બૈરી કે નથી છોકરાં, એ તો કૉલેજમાં ભણે છે; અને વળી સાંભળ્યું છે કે ભણીને એ વિલાયત જવાના છે. અરે પરમેશ્વર! એવા માણસો તો કોઇ દિવસ આપણું માથું કાપે! એ વિલાયત તે ક્યાં આવ્યું? ગંગાસાગરનીએ પેલીપાર આવ્યું? લંકાથી એ દૂર?"

"હા બાઇ, વિલાયત જવાને તો ઘણા સાગરની પાર જવાનું છે. ગંગાસાગર અને લંકાથી બહુ છેટે જવાનું છે."

"અરે ભગવાન! ગંગાસાગરની પાર તે કોણ જઇ શકે? વળી લંકાથી તે કોઈ માણસ જીવતો આવ્યો સાંભળ્યો છે? એ તો ભૂત થઇને આપણા જેવાંને વળગે ત્યારે. હોય, શરત તો કૉલેજમાં ભણીને વિલાયત જાય. એને કાંઇ બૈરીછોકરાં છે કે કોઇની કાળજી હોય. તમે તો આ ઘરનાં લક્ષ્મી છો-દેવી છો, તેથી તમે તો અહીં જ સુખચેનમાં રહો તો સારૂં."

સનાતનની વહુ ઉઠી એટલે બિન્દુએ કહ્યું "આવજે બહેન હોં કે."

"બહેન તમે આવજો", વળી જતાં જતાં તે કહે, "મેં ગરીબે જે બોલ કહ્યા છે તે ધ્યાનમાં રાખજો."

"વારૂ બહેન હું તેમ કરીશ. અમારે હજી જવાનું કાંઈ નક્કી ઠર્યું નથી. અને જઇશું તો એ થોડા મહિના જ. કાપણીની વખતે તો અમે જરૂર અહીં પાછાં આવીશું. આ ગામથી દૂર રહેવું અમને તે કાંઇ ગમે વારૂ?"

કૈબારતની સ્ત્રીને જરા ધીરજ આવી, તેથી તે પોતાના ઘર તરફ ફરી.

તે જ દિવસે બપોરે પાસે રહેનારી હરિમતિ નામની રબારણ પોતાની વિધવા વહુને લઇને બિન્દુને મળવા આવી. હરિમતિનો છોકરો જીવતો હતો ત્યાં સુધી તો તેમની પાસે થોડીક જમીન હતી તેમ જ થોડાં ઢોર હતાં; તેમાંથી થોડા પૈસા મળતા હતા. પણ એનો છોકરો નાની ઉમરમાં મરી ગયો હતો, તેથી બિચારી હરિમતિથી જમીનની વ્યવસ્થા બરોબર થાય નહિં તેથી કોઇને ખેડવા જમીન આપી દીધી હતી. સાંથની રકમ તો બહુ જુજ હતી અને ઢોર તો બધાં વેચી દેવાં પડયાં હતાં. માત્ર એકાદ ગાય રહી હતી. બિન્દુનાં છોકરાં માદાં સાજાં હોય ત્યારે હરિમતિ તથા એની વહુ વારા ફરતી આવીને ઘરનું કામકાજ કરી જતાં. આના બદલામાં બિન્દુ બિચારી બહુ તો શું કરી શકે, પણ કાપણીની વખતે

એને સંભારીને કાંઇ આપતી. શિઆળામાં જૂનાં લૂગડાં હરિમતિને તે આપતી અને એની વહુ માંદી હોય ત્યારે સાબુચોખા, ખાંડ, કાંઇ દવા વિગેરે કાંઇ કાંઇ મોકલતી. આવું આવું કર્યાથી એ બિચારી ડોશી બિન્દુ ઉપર બહુ માયા રાખતી અને એનો ઉપકાર એને કદી વિસરતો નહિં. બિન્દુને કલકત્તે જવાનું ઠર્યાની વાત એને કાને પણ પડી તેથી એ ત્યાં આવીને રડી પડી. બિન્દુએ તેને સમજાવી અને વહુને એક ગવન આપ્યું ને ઘર મોકલી દીધાં.

હરિમતિ ગઇ ત્યાર પછી એ ગામડાના વણકરની વહુ આવી. એ જરા વરવી દેખાતી હતી અને એના વરને ગમતી નહોતી. શરીરે નબળી હતી તેથી એનાથી કાંઇ કામકાજ ઝાઝું કરાતું નહિં તેથી એની સાસુ વારંવાર વઢતી. ગયા શિઆળામાં એને વાંસે વા આવ્યો હતો એટલે એનાથી પાણી ભરવા જવાતું નહોતું, તેથી એની સાસુએ બહુ મારી હતી. એ વખતે એનું મન ખાલી કરવાને કાંઇ ઠેકાણું નહોતું તેથી તે બિન્દુ પાસે આવી હતી. બિન્દુની પાસે કાંઇ સારાં ઔષધ નહોતાં પણ એને થોડી વાર તડકામાં બેસાડીને કાંઇક તેલ થોડા દિવસ સુધી મસળ્યું, તેથી એને જરા ઠીક થયું. આ ઉપકાર એ સ્ત્રી કદી ભૂલી ના ગઇ. બિન્દુને જવાનું સાંભળીને એ પણ ત્યાં આવીને રડવા મંડી. એ ગઇ ને તરત હીરા નામની એક ભોઇઅણ આવી. એનો વર મજુરી કરીને પૈસા કમાતો હતો, પણ જેટલું કમાતો તેટલું દારૂમાં ઉરાડી દેતો. રોજ દારૂ પીને ઘેર આવીને વહુને મારતો. બિન્દુએ આ વાત સાંભળી હતી તે એણે હેમને કહી હતી. હેમે એ ભોઇને બોલાવીને ઠપકો આપ્યો હતો ને બહુ શીખામણ દીધી હતી. ત્યાર પછી તે તેની વહુને મારતો બંધ થયો તેથી હીરા બિચારી બિન્દુનો પાડ માનતી. એ પણ બિન્દુને જવાનું સાંભળીને પોતાના છોકરાને નવું ઝભલું પહેરાવીને લઇ આવી હતી.

“બા,” તેણે કહ્યું, “તમારી મહેરબાનીથી આ વખત તો મારા ધણીની કમાઇમાંથી થોડાક રૂપીઆ બચાવ્યા છે. ઘણે વર્ષે અમારી ઝુંપડી સમરાવાઈ, ને આ છોકરા માટે આ ઝભલું કરાવ્યું. બા! જાઓ તે પહેલાં અમને કાંઇ આશિષ આપતાં જજો.” બિન્દુએ તે છોકરાને અને માને આશીર્વાદ દીધો.

ત્યાર પછી શશી નામની એક બ્રાહ્મણની સ્ત્રી, વામા અને શ્યામા, મોહમાયા અને એવાં બીજાં પડોશનાં બૈરાં બિન્દુને મળવા આવ્યાં. બ-

ધાંએ દીલગીરી બતાવવા લાગ્યાં. એ બધાંને સમજાવીને મોકલી દેતાં બિન્દુને બહુ માથાકુટ પડી. ગામમાં બિન્દુ કરતાં પૈસાદાર લોક તો બહુ હતા પણ બિન્દુ જેવું સ્નેહશીલ તો કોઇ હતું જ નહિં.

પ્રકરણ ૭ મું.

બાળકપણની સખીઓ.

સાંજરે બિન્દુ એની કાકીને ઘેર ગઇ. ત્યાં જઇને ઉમાને અને કાલી-તારાને ભેટી પડી. આ ત્રણે સખીઓ બાળક ઉમરે સાથે રમતી જમતી. હવે ત્રણેને ઘર માથે પડયાં હતાં; પણ પરસ્પરનો સ્નેહ જરાએ ઘટયો નહોતો. બહુ વખતે ત્રણે પાછાં એકઠાં થયાં તેથી સાંજ સુધી નાનપણની તેમ જ પોતપોતાના ઘરબારની અને પોતપોતાના વ્યવહારમાં પડતાં સુખ દુઃખની તેમણે વાતો કર્યા કરી.

કાલી જરા શ્યામ વર્ણી હતી. તેનો ચહેરો સુંદર હતો, પરંતુ ચિંતા તથા અનેક વિટંબનોને લીધે તે ઉમર કરતાં મોટી લાગતી હતી. તેની આંખમાં ખાડા પડયા હતા. તેના સુકાયલા હાથે બે સોનાની બંગડીઓ હતી અને ગળામાં એક હીરાકંઠી હતી. એનું લૂગડું સાદું હતું. માથે વાળ બહુ આછા હતા. કાલી સ્વભાવે બહુ ભલી તથા બાળક છોકરાં જેવી સાદી હતી. સાંજ સહવાર ઘરનું કામકાજ બરોબર રીતે કરતી, ખાતીપીતી અને જે કાંઇ દુનીઆમાં આપદાઓ પડતી તે મુગે મોંએ સહન કરતી.

"કાલી આજે કેટલે વખતે તને મળી!" બિન્દુએ કહ્યું.

"હાસ્તો, બિન્દુ! આપણને વધારે મળવાનો પ્રસંગ જ ક્યાં આવ્યો છે? મારૂં લગ્ન થયું ત્યારથી હું બરદ્વાનમાં જ રહી છું અને મારે પીયરે ભાગ્યે જ આવવા પામું છું."

"કેમ નથી અવાતું?" ઉમાએ પ્રશ્ન કર્યો, "હું તો દર વર્ષે પૂજાના દિવસોમાં આવું છું."

"પણ ઉમા તારી વાત તો તદ્દન જુદી જ. તારા ઘરમાં ધનપુરમાં પુષ્કળ ચાકર નફરો રહ્યા ને તારે ઘરનું કામકાજ કાંઇ કરવાનું નહિં. તું તો ધારે ત્યારે પાલખીમાં બેસીને અહીં આવે. અમારે કાંઇ એવું છે?

અમારૂં તો કુટુંબ મોટું પડયું; જેઠ, દીયર બધાં એકઠાં રહીએ છીએ. તેથી અમારા ઘરમાં કામકાજ પણુ બહુ. હું જો અહીં આવતી રહું તો ઘરનું કામકાજ કોણુ કરે ? આ વખત તો મેં મારાં નણુંદને કહ્યું કે તમે જરા ઘરમાં જોજો. સારૂં થયું કે એમણે હા કહી. એ તો પણુ થોડા દિવસ કરે. કાંઇ રોજને રોજ એમને કહેવાય ?"

"પણુ બહેન કાલી મે તો સાંભળ્યું છે કે તારા સસરાની જમીનો ને જાગીરો મોટી મોટી છે અને આવક સારી છે; તારા વર તો ગાડી ઘોડે ફરે છે; ત્યારે ઘરનું કામકાજ કરવાને પુરતા નોકરો કેમ નથી રાખતાં ?" બિન્દુએ પૂછયું.

"બહેન બિન્દુ, એ તો ખરૂં. પણુ વધારે નોકર રાખવાનો અમારા કુટુંબમાં રિવાજ નથી. અમારે ઘેર તો બધાં એવાં વહેમી કે રસોડામાં ચાકરને મુદ્દલ અડકવા જ ના દે. બહાર દિવાનખાનામાં એમની ખીદમતમાં નોકરો ખરા, પણુ ઘરની અંદર તો સવારથી તે રાતના દસ વાગ્યા સુધી વહુઓને જ ઘરકામ કરવાનું. તેમ જ અમારી આવક કાંઇ એવી વધારે નથી. અમારૂં ખર્ચ તે પ્રમાણુમાં બહોળું રહ્યું. વળી મેં તો સાંભળ્યું છે કે હવે તો દેવું થવા માંડયું છે. પણુ હું તો મારે ઘરમાં ગુંચાએલી એટલે બહાર શું ચાલે છે તેની મને કાંઇ ખબર નથી."

"પણુ તારા વર બરદ્વાનમાં અંગ્રેજી અધિકારીઓને તો મોટાં મોટાં ખાણું આપે છે," બિન્દુ બોલી. "એવે, પ્રસંગે તો પુષ્કળ ખર્ચ કરે છે. જો તમારે દેવું થતું જતું હોય તો તમારે ખર્ચ ઘટાડવું જોઇએ કે નહિં ? તું એમને કાંઈ કહી શકે નહિં ?"

"બહેન એવી બાબતમાં હું તે શી રીતે શીખામણુ આપી શકું ? હું તો ઘરમાં એક વહુ તરીકે ગણુાઉં ને એ તો અમારા આખા કુટુંબના વડીલ. આવી બાબતમાં વાત કરતાં મારી હિંમત કેમ ચાલે ! મારાં ફોઇજીઓ ઘણીવાર એમને સમજાવે છે પણુ બધું વ્યર્થ."

"કેમ એ શું કહે છે ?"

"એ તો કહે છે કે આપણા ઘરની આબરૂ ઇજ્જત દરેક ઠેકાણે સાચવવી જોઇએ. બિન્દુ, તું જાણે છે કે ત્યાંના ઇંગ્રેજ અમલદારો એમના ઉપર બહુ મમતા રાખે છે તેથી બરદ્વાનની દરેક કમીટીના એ મેમ્બર હોય છે. દરરોજ સહવાર ને સાંજ અમલદારોને મળવાને એ જાય છે અને દરેક બાબતમાં એ લોક કહે છે તે જ પ્રમાણે મત આપે છે તેથી એ લોક

એમનાં બહુ વખાણુ કરે છે ને કહે છે કે અસલની આબરૂ તમને સાચવતાં સારી આવડે છે."

"પણુ ઘરની વ્યવસ્થા કોણુ કરે છે?" બિન્દુએ પૂછયું. તારા વર તો સવાર સાંજ ઇંગ્રેજ અમલદારોને મળવા જવામાં ને પોતાનાં વખાણુ એ લોકને મોંએ થતાં સાંભળવામાં ગાળે છે."

"કેમ વળી મારાં સાસુ. એમની ઉમર તો સીત્તેર વર્ષની છે છતાં હજી તાડ જેવાં ટટાર ને જાજરમાન છે અને ઘરની વ્યવસ્થા એક જુવાન સ્ત્રીની માફક કરે છે. બહેનો! એ તો અમારાં માનવંતાં વડીલ છે. એમની ઇચ્છા પ્રમાણે જ ઘરમાં સર્વ થાય. એમનો બોલ તે કાયદો. મારાં ફોઇજી વગેરે જો કે જબરાં છે તોપણુ બધાંને મારાં સાસુ આગળ નમવું પડે છે. અમારે વહુવારૂને તો એમની પૂજા કરવાની. આવડા મોટા ઘરમાં દરેક કાર્ય ઘડીઆળના સંચાની માફક નિયમસર થાય છે. શિઆળે, ઉન્હાળે આ વૃદ્ધ સ્ત્રી ગળરકામાં ઉઠે છે ને નાહી ધોઇને પીતાંબર પહેરીને પૂજા પાઠ કરે છે. ઘરની બધી સ્ત્રીઓ પોતાના કામકાજથી વાકેફ હોય છે અને સવાર થતાં કોઇ રસોડામાં તો કોઇ કોઠારમાં તો કોઈ કુવાપર કામે વળગેલી હોય છે. બે કલાક સુધી પૂજા પાઠ કર્યા પછી તે બહાર આવે છે ને છોકરાં જમતાં હોય તે ઉપર નજર રાખે છે. પછી છોકરીઓને ને વહુઓને જમાડે છે ને પછી છેલ્લાં બપોર થતાં પોતે નિરાંતે જમે છે. પછી થોડીવાર સુવે છે. સાંજ પડતાં તો તે પાછાં ઉઠે છે, કામે લાગે છે અને આખા દિવસનું ઘરનું કામકાજ થઇ રહે ને દરેક જણુ સુઇ જાય પછી પોતે મોડી રાત્રે સુવા જાય છે. આખું ઘર એમને વડીલ ને ઉપરી તરીકે ગણે છે. એ પણુ એમની આજ્ઞાને માન આપે છે અને એમની ઇચ્છા પ્રમાણે વર્તે છે. ઘરની હરેક કરક્રિયા સર્વનો બંદોબસ્ત એમને હાથે જ થાય છે."

"સીત્તેર વર્ષની ઉમરે આટલું બધું કરે એ તો ખરેખર આશ્ચર્યકારક છે," બિન્દુએ કહ્યું.

"હા બિન્દુ, તને એમ લાગે એમાં કાંઇ નવાઇ નથી. એમના જેવાં તો થોડાંક જ નીકળે. અસલના વખતમાં જ્યારે મોટાં મોટાં સંયુક્ત કુટુંબનો ચાલ હતો ત્યારે જે પ્રકારની ગૃહિણીઓ હતી તેવી જ ગૃહિણીનો મારાં સાસુ તે એક નમુનો છે. આજકાલ તો એક નાની સરખી નોકરી મળે કે દરેક જણુ પોતાનું કુટુંબ છોડીને જુદા જ રહેવાનું પસંદ કરે છે."

"પણ તારાં ફોઇજી, કાકીજી વગેરેને તારાં સાસુનો કાબુ ગમે છે કે નહિં ?" ઉમાએ પ્રશ્ન કર્યો.

"એ લોકોને સાસુના કાબુમાં રહેવું પડે છે; કેમકે જો એક ઉપરી ના હોય તો ઘર કેમ ચાલે ? મારાં મોટાં ફોઇજીનો સ્વભાવ તો બહુ સારો છે તેથી ઘરના કામકાજમાં ઝાઝું માથું નાંખતાં જ નથી. બીજાં એ છે તે કોઈ કોઇ વાર છંછેડાય છે પણ ઘરનો કાયદો પાળવો પડે છે. સૌથી નાનાં ફોઇજી છે તેનો સ્વભાવ બહુ આકળો છે અને અમને વહુઓને સાસુ કરતાં એમની બીક વધારે લાગે છે."

ઉમા કાંઇ બોલી નહિં પણ એના મનમાં તો એમ લાગ્યું કે કાલી જેવા સાસરામાં હું હોઉં તો તો ગુંગળાઇ જ મરૂં. એના ઘરમાં તો આજ કાલના રિવાજ પ્રમાણે વધારે સ્વતંત્રતા હતી તેથી કાલીના ઘરની સ્થિતિનું વિવેચન સાંભળીને તેને જરા દયા આવી. એણે જો જરાક ઉંડો વિચાર કર્યો હોત તો એને માલૂમ પડત કે સંયુક્ત કુટુંબ રાખવાના રિવાજમાં આપણા પૂર્વજોએ કાંઇક સારો હેતુ ધાર્યો છે. આખા કુટુંબમાં જો એકાદ જણની સ્થિતિ સારી હોય તો તે અનેક ગરીબ સગાં સંબંધીને આશરો આપી શકે તથા તેથી નિરાધાર રહેવા કરતાં કે અનાથાશ્રમ કરતાં ગરીબોને વધારે સુખ મળે.

થોડીવાર સુધી સર્વે શાંત રહ્યાં. કાલીએ પાછી વાત શરૂ કરી ને ઉમાને પૂછયું "તારો વર કલકત્તે ગયો છે ?"

ઉમાએ થોડીવાર રહીને જવાબ દીધો "હા, બાર મહિનાથી એ ત્યાં જ છે અને મારી સાસુને મને મોકલવા માટે પણ લખ્યું છે."

"અરે હા," કાલીએ કહ્યું, "મને મારો ભાઇ શરત કહેતો હતો કે તારા વરે તો કલકત્તામાં મોટું ઘર લીધું છે ને પુષ્કળ ખર્ચ કરીને શણગાર્યું છે. કાળા સુશોભિત ઘોડા અને રાજા લોકે ના વાપરે એવી ગાડીમાં બેસીને એ ફરે છે. વળી મેં સાંભળ્યું છે કે શહેર બહાર એક વાડી વેચાતી લેવાના છે ને ત્યાં સુંદર ફુવારા ને ઘરમાં આરસપહાણુ જડિત ચોક કરાવવાના છે. ઉમા, ખરેખર તારે કેટલું સુખ છે !"

ઉમાના મોં ઉપર મંદ સ્મિત પ્રકાશ્યું અને એ ગળગળી થઇ ગઇ. તે ધીમે અવાજે બોલી, "જો કાળા કે ધોળા ઘોડા, અથવા આરસની ભૂમિ ને વાડી બગીચાથી સુખી થઇ શકાતું હોય તો તો ખરેખર મારે બહુ

સુખ છે પણ આપણા નસીબમાં શું શું લખેલું હશે તે કોણ જાણે છે ?" એમ કહીને મોટો નિશ્વાસ નાખ્યો. બિન્દુની નજર તેના તરફ પડી.

"તારા નસીબમાં પૂર્ણ સુખ જ કેમ લખેલું નહિં હોય ઉમા ?" બિન્દુએ કહ્યું.

ઉમાએ જવાબ દીધો, "આપણે બાળક હતાં ત્યારે એક ભવિષ્ય જોનારો બ્રાહ્મણ આપણા ગામમાં આવ્યો હતો તે તને યાદ છે ? આપણા હાથ જોઇને તેણે આપણું ભવિષ્ય કહ્યું હતું તે તને સાંભરે છે ?"

"ના એ મને નથી સાંભરતું."

"બહેન કાલી તને સાંભરે છે ?"

"મને તો જરાએ યાદ નથી ?"

"કોણ જાણે ત્યારે એના શબ્દથી મારા મન ઉપર વધારે અસર થઈ હશે, કેમકે મને તો એના બોલે બોલ બધા યાદ છે," ઉમા બોલી. "બાર વર્ષ ઉપર આ જ ઘરમાં આ જ ઋતુમાં આપણે બધાં રમતાં હતાં. તે વખતે અંધારૂં થયું હતું, ચંદ્રનો પ્રકાશ ઝાંખો ઝાંખો આવતો હતો, એટલામાં પાસેના જંગલમાંથી એક લાંબા જાડા કાળા વાળવાળો ભવિષ્ય જોનાર આપણી પાસે આવ્યો. આપણે બધાં બીકને લીધે થરથર્યાં. પણ એ માણસ તો બેઠો ને કહે કે તમે ગભરાશો નહિં અને જો કાંઇ ત્રાંબાનાણું આપો તો તમારૂં ભવિષ્ય જોઉં. કાલીએ એક પઇસો આપીને પોતાનો હાથ બતાવ્યો, ત્યારે તેણે કહ્યું કે કાલી એક મોટા નામાંકિત ઘરમાં પરણશે."

બિન્દુએ પૂછ્યું, "મારા ભવિષ્ય માટે એણે શું કહ્યું હતું ?"

ઉમાએ કહ્યું, "હું એ જ કહેતી હતી. તારી મા તળાવ ઉપર ગઈ હતી ને કાકી બિચારી પાસે કાંઇ બહુ પૈસા તો હતા જ નહિં. તેથી બહેન બિન્દુ, તેં કાંઇ પણ આપ્યા વગર બ્રાહ્મણને હાથ બતાવ્યો. એણે તારી તરફ ફરીને કહ્યું કે બહેન તું એક સાધારણ ઘરમાં પરણીશ, તારા ઘરમાં તારે વાસીદાં વાળવાં પડશે અને ગરીબાઇમાં તારે ચોખા ખાવા પડશે. બાર વર્ષ ઉપર એ બ્રાહ્મણે એમ કહ્યું હતું."

"એ તો ઠીક," બિન્દુએ હસતે હસતે કહ્યું, "મારે માટે ભવિષ્ય બતાવ્યું તેટલાથી મને તો સંતોષ છે, પણ ઉમા તારે માટે શું કહ્યું હતું ?"

"બહેન એ પણ હું કહું છું. તે દિવસે મારી માએ મને ચાર પૈસા આપ્યા હતા. તે બધા મેં એ બ્રાહ્મણને આપી દીધા. તેણે બહુ વાર સુધી

મારા મોં સામું અને હાથ સામું બોલ્યા વગર જોયા કીધું. પછી મને જરા પાસે બોલાવીને તે ધીમેથી બોલ્યો 'તું એક પૈસાદાર ગૃહસ્થની સ્ત્રી થઇશ અને જો પૈસાથી જ માત્ર સુખી થવાતું હોય તો તું સુખી થઇશ. પણ તારો ગ્રહ ખરાબ છે તેના ઉપર લક્ષ રાખજે,' એટલું કહીને એ ચાલતો થયો. હું તો ભય અને ત્રાસથી ત્યાં જ ઉભી રહી." એટલું બોલતાં એને કંપારી છૂટી.

બિન્દુએ કાળજી અને માયાથી પૂછયું, "ઉમા બહેન, શું આટલા વખત ઉપર કાંઇ વ્યર્થ બોલ કોઇ બોલ્યું હોય તેના સ્મરણથી તને બીક લાગે છે? તું સારા નઠારા ગ્રહને માને છે? તારે દુઃખ અને પીડાની બીક શા માટે રાખવી જોઇએ? આવું સારૂં ઘર ને પૈસા છતાં જો તું દુઃખની બૂમ પાડે ત્યારે તો બહેન અમે શું કરીએ?"

ઉમાએ પોતાનાં આંસુ લુછી નાંખીને કહ્યું, "હું કાંઈ પણ દુઃખનું કહેતી નથી ને એવા ભમતા બ્રાહ્મણના કહેવાથી મારા ગ્રહની અવદશા પણ હું માનતી નથી. પણ કલકત્તે જવાની વાત થઈ ત્યારથી જ કાંઇ મને ડર લાગે છે. પણ બહેન બિન્દુ, તું એ કલકત્તે આવવાની છે ને? કાલી પણ બરદ્વાનમાં જ હશે એટલે માત્ર ત્રણેક ગાઉને છેટે. આપણે બાળકપણુમાં ત્રણ બહેનો જેવાં રહેલાં હતાં, તે હવે જીંદગી પર્યંત એમ જ રહીશું. આપણામાંથી એકાદ જણને કાંઈ દુઃખ પડશે તોએ આપણી અરસ્પરસની પ્રીતિથી આપણને આશ્વાસન મળશે."

ઉમાના અવાજમાં કાંઇ ગૂઢ દુઃખ અને ચિંતા રહેલાં હતાં. બિન્દુએ કે કાલીએ કાંઇ વધારે પૂછયું નહિં. તેમના લૂગડાના છેડાથી ઉમાનાં આંસુ લૂછી નાંખ્યાં અને તેમના દૃઢ સ્નેહની ખાત્રી આપીને તેને દિલાસો દીધો.

આ ત્રણે યુવતીઓ સમાન વયની હતી અને તાલપુખરમાં સાથે જ ઉછરી હતી. મોડી રાત્રે તેઓ છૂટાં પડયાં ત્યારે ત્રણેના મનમાં કાંઇ અગમ્ય દુઃખની છાયા પડેલી હતી.

પ્રકરણ ૮ મું.

મા અને પુત્ર.

કલકત્તેથી સાંજરે મુંબાઇ જતી મેલ ટ્રેન મોગલસરાઇને સ્ટેશને બપોરે આવી પહોંચી. બનારસ જતા લોકોનાં ટોળેટોળાં આ ટ્રેન બદલીને નદી સુધી જતી બીજી ટ્રેનમાં બેસવાને ઉતરી પડયાં. આ વાત બની ત્યારે ગંગા નદી ઉપરનો રેલવેનો પુલ બંધાએલો નહોતો; તેથી બનારસના પવિત્ર ધામે જવા માટે ટ્રેનમાંથી ઉતરીને હોડી કે આગબોટમાં બેસવું પડતું હતું. આ ઠેકાણે બહુ જ ચિત્રવિચિત્ર વર્ણોનો સમૂહ જોવામાં આવતો. એવો સમૂહ ફક્ત આ દેશમાં જ દીઠામાં આવે છે. બહાર પ્રાંતમાંથી આવેલા ઉંચા અને મજબૂત બાંધાના જાત્રાળુ લોકો, તેમનાં પોટલાં અને લાકડીઓ લઇને જતા. એ માણસો સખત મજુરી કરતા, સાદો ખોરાક લેતા અને માત્ર સુકવેલા ચોખા અને તળેલી દાળપર સહેલથી નિર્વાહ કરનાર હતા; રજપુતાનામાંથી આવતા આખા હિંદુસ્થાનમાં બાહોશ ફેરવા વેપારી તરીકે પંકાએલા મારવાડીઓ, લેંકેશાયરનાં કાપડના મોટા ગાંસડા, જેપેનીઝ રેશમી કાપડ, મુંબાઇનું કાપડ, મદ્રાસની છીંટ વગેરે બનારસના ગીચ રસ્તામાં વેચવા માટે લઇ જનાર; તેમ જ છોટા નાગપુર તરફથી આવેલા ઠીંગણા પણ મજબૂત લોકો આ પવિત્ર તીર્થ ધામે જતા; વળી બંગાળાનાં મોટાં શહેરો તેમ જ નાનાં ગામડાંમાંથી આવેલાં બૈરાંઓનાં ટોળાં ભીંડમાંથી શરમાઇને નીચું જોઇને રસ્તો કાપતાં તથા નદી તરફ શ્રદ્ધાપૂર્વક જોતાં જતાં હતાં.

આખા દિવસના ઉપવાસ પછી શરતને પોતાની માને માટે કોઇ હિંદુ વીશીમાંથી ખાવાનું લાવી આપતાં સંધ્યાકાળ થઇ ગઇ. શરત તેની મા તથા એક બૈરી નોકર બરદ્વાનથી પહેલી રાત્રે મેલટ્રેનમાં નીકળ્યાં હતાં અને મોગલસરાઇ આગળ ગાડી બદલીને નદી આગળ આવ્યાં હતાં. શરતની માનો નિયમ હતો કે આગગાડીમાં બેઠા પછી અન્નપાણીનો સ્પર્શ કરવો નહિં. તેથી તેને ચોવીસ કલાકનો ઉપવાસ હતો. એક નાની સરખી ઝુંપડીમાં હિંદુ વીશી હતી તેમ જ રહેવા જેવી એક ઓરડી હતી, ત્યાં તેને શરત લઈ ગયો. ત્યાં લઇ જઇને તેણે સામન ગોઠવ્યો અને ખાવા તથા સુવાનો બંદોબસ્ત કર્યો. આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું હતું અને કોઇ

કોઇ વાર વીજળી પણ થતી હતી તેથી શરતે એમ જ નિશ્ચય કર્યો કે નદીપાર તો બીજે જ દિવસે જવું સારૂં.

બીજે દિવસે સૂર્યનાં કિરણ ફૂટયાં નહોતાં ત્યાર પહેલાં આ શ્રદ્ધાળુ વૃદ્ધ સ્ત્રીએ ઉઠીને બે કલાક પાઠ પૂજામાં ગાળ્યા. ત્યાર પછી જ્યારે તેજસ્વી સૂર્યનાં ચળકતાં કિરણ પૂર્ણ પ્રતાપથી પવિત્ર ગંગા નદીના પાણી ઉપર તેમ જ હારબંધ દહેરાંની ટોચ ઉપર પ્રકાશવા લાગ્યાં ત્યારે તેઓ વીશીમાંથી નીકળીને નદીને કાંઠે ચાલતાં ચાલતાં આવ્યાં.

નદીને સામે કાંઠેથી બનારસનાં દહેરાંના દેખાવ જેવો ભવ્ય દેખાવ દુનીઆમાં જવલ્લે જ જોવામાં આવે છે. ઊંચે ગગન સુધી પહોંચતાં દહેરાંના ઘુમટની રમણીય હાર નીચે નદીના ઘાટનાં પગથીઆં ઉપર ચિત્રવિચિત્ર પહેરવેશના આખા હિંદુસ્થાનમાંથી એકઠા થએલા અસંખ્ય લોકો, તેમ જ આ પહોળા પટની વિશાળ નદીનું પાણી શહેરનાં મોટાં મોટાં મકાનોનો સ્પર્શ કરતું દેખાય છે. આ સર્વ એક ચિત્ર જેવો દેખાવ કદી ભૂલાય તેવો નથી. નદીને પેલે પારથી શંખ તથા ઘંટના નાદ અનેક મંદિરમાંથી પાણીમાં થઇને આવતા સંભળાતા હતા અને પ્રાતઃકાળના સૂર્યના પ્રકાશમાં અનેક ધ્વજાઓ તથા છત્રો ચળકતાં હતાં.

શરતની માએ તો આવો દેખાવ કદી સ્વપ્ને પણ જોએલો નહિં તેથી તે તો હર્ષ ઘેલી જ થઇ ગઇ હતી. વળી જેણે જગતની સર્વ લાલસાઓ છોડીને એક નિષ્ઠાથી પ્રભુ ભક્તિમાં જ આ પવિત્રસ્થાને એકાંતમાં પોતાની વૃદ્ધાવસ્થા ગાળવાનો નિશ્ચય કર્યો હોય તેના મનમાં તો આવા દેખાવથી દુનીઆના સામાન્ય દેખાવ કરતાં કાંઇ જ જુદા જ પ્રકારની લાગણી ઉદ્ભવે. આ ભલી સ્ત્રી નદી ઉપર ઉભી રહીને એકી નજરે આંખે હાથ લગાડીને જોવા લાગી અને પરમેશ્વરે આ સર્વ નિહાળવાનો તેમ:જ તેની:ભક્તિમાં એ સર્વનો ઉપયોગ કરવાનો પ્રસંગ આપ્યો તેથી પ્રભુ પ્રત્યેની ઉપકાર વૃત્તિને લીધે તેની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં.

શરત જો કે ઇંગ્રેજી કૉલેજનો વિદ્યાર્થી હતો તે છતાં તેને પણ બનારસ આ વખતે પહેલ વહેલું જોયાથી કાંઇ જુદા જ પ્રકારની અસર થઇ. ભરતખંડની પ્રાચીન કળા, વિદ્યા તથા ધર્મના સ્થાન તરફ દૃષ્ટિ કરતાં તેને લાગ્યું કે તેનાં દહેરાંના ઘુમટોની ટોચ ઉપર ત્રણ હજાર વર્ષની વિદ્યા કળા વગેરેની સુવર્ણની પાંખ પ્રકાશતી હતી.

ત્રીસ સૈકા અગાઉ જ્યારે ઉત્તર હિંદુસ્થાનમાં, ભરત અને પાંચાળ

લોકો કેળવાએલા કૌશલ લોકો તથા મહાભારતમાં પંકાએલા વિદેહ લોકોનું એ સ્થાન હતું ત્યારે પણ બનારસના કાશી લોક હિંદુસ્થાનની બધી પ્રજા કરતાં વધારે કેળવાએલા તેમ જ આચાર વિચારમાં પણ આગળ વધેલા હતા. ઉપનિષદોમાં પણ કાશીના પ્રાચીન રાજાઓનાં વર્ણન છે. બૌદ્ધ ધર્મનાં પુસ્તકોમાં પણ હરિણબાગ જ્યાં આગળ મહાત્મા બુદ્ધે પોતાના સંપ્રદાયનો પ્રથમ ઉપદેશ કર્યો હતો, તેનું વર્ણન છે. તેમ જ પુરાણની કથાઓમાં પણ આ સ્થાનની ખ્યાતિ વર્ણવેલી છે. મુસલમાન પાદશાહીના છ એક સૈકા સુધી આ શહેર અંધકારમાં રહ્યું હતું અને તેનાં દહેરાં તથા બુરજો તોડી નાંખવામાં આવ્યા હતા. પણ એ અંધકારની સ્થિતિ ઝાઝો વખત રહી નહિં. મુસલમાની સત્તા સમસ્ત પ્રજાની શ્રદ્ધા શિથિલ કરી શકી નહિં. બનારસ આજ કાલ તેની વિદ્યા તથા કળાની અસલ સ્થિતિએ ફરીથી આવી પહોચ્યું છે. અર્વાચીન કાળના રાજાઓએ તેમ જ રાણીઓએ ત્યાંનાં મકાનોમાં પૈસા આપીને સુધારા વધારા કર્યા છે. નેપાળના રાજાએ, દક્ષિણના સરદારોએ, ઇંદોરની રાણી અહલ્યાબાઇએ અને પંજાબના રણજીતસિંહે શહેર સુધારવામાં મદદ કરી છે. દુનીઆમાં દરેક દેશમાં પ્રાચીન રાજ્યો અને પ્રાચીન પ્રજાઓ નાશ પામ્યાં છે અને કાંઇક પ્રાચીન નિશાનીઓ ઇજીપ્ત અને બાબીલોનમાં માલૂમ પડી આવે છે. હિંદુસ્થાનમાં જ માત્ર પ્રાચીન અને અર્વાચીન કાળનો સંબંધ સચવાઇ રહ્યો છે—અર્વાચીન પ્રજાનાં જીવનમાં પ્રાચીન સમયની કીર્તિ અને મહત્તાના સંસ્કાર જાગ્રત રહ્યા છે.

એક નાહાના મછવામાં બેસીને શરત વગેરે નદીને સામે પાર ગયાં અને બનારસના ઘાટ ઉપર ઉતરી પડયાં. તે વખતે પ્રાતઃકાળનાં દર્શન તથા પૂજાને માટે વિશ્વેશ્વરના મંદિરના ઘંટનો નાદ સંભળાતો હતો. શરતનો વિચાર તેની માને તરત જ પોતે રાખેલા ઘરમાં લઈ જવાનો હતો, પણ તેની માનું ધ્યાન તો આ નવીન દેખાવો જોઇને ભક્તિમાં જ લાગી રહ્યું હતું. એ શું બોલ્યો તે પણ એણે સાંભળ્યું નહિં ને મંદિર સિવાય કાંઇ પણ વસ્તુ એની નજરે પણ પડી નહિં. ત્રણ વાર દ્વાર આગળ લાંબાં થઇને તેણે નમસ્કાર કર્યા અને પછી અંદર દાખલ થઇને ક્ષણવાર સર્વ જગતને વીસરી ગઇ.

અંદરની બાજુએ બહુ આંધરૂં હતું. થોડા તેલના દીવા બળતા હતા પણ તેનો પ્રકાશ કાંઈ બહુ નહોતો. એક પૂજારી સંસ્કૃતમાં કાંઇ અમુક પાઠ ભણતો હતો. ઉપરથી ઘંટનો અવાજ આવતો હતો અને પવિત્ર મૂર્તિની

આગળ અનેક જ્ઞાતિના લોકો દર્શન કરવાને એકઠા થયા હતા. ચંદન તથા ધૂપનો સુવાસ આખા મંદિરમાં પ્રસરી રહ્યો હતો. દરેક જણનાં ફુલ મૂર્તિ આગળ મૂકવામાં આવતાં હતાં અને ગંગાનું પવિત્ર પાણી તેના ઉપર છાંટવામાં આવતું હતું. છેવટ જ્યારે પાઠ ભણાઇ રહ્યો અને ઘંટનો અવાજ બંધ પડયો ત્યારે દરેક ભકતે મૌનપણે શ્રી વિશ્વેશ્વરની સ્તુતિ કરવા માંડી.

શરત ઇંગ્રેજી કૉલેજનો વિદ્યાર્થી હોવાથી મંદિરમાં ગયો નહોતો અને પથ્થરની બનાવેલી મૂર્તિની પૂજા પણ તેણે કરી નહિં. તે પોતાની માની રાહ જોતો બહાર જ ઉભો રહ્યો હતો. પણ જ્યારે પવિત્ર મંત્રના સંગીતનો અવાજ તેને કાને પડયો અને અસંખ્ય ભકતોને શાંતપણે ભક્તિ કરતા તેણે જોયા ત્યારે તેના મનમાં પણ ભક્તિનો અંકુર ફૂટયો.

અન્નપૂર્ણાનું મંદિર તથા બનારસનાં બીજાં પ્રખ્યાત દેવાલયોમાં દર્શન કર્યા વગર ઘેર જવાની તેની માની ઇચ્છા નહોતી. આજ્ઞાંકિત શરત તેની માની સાથે એક દેવાલયમાંથી બીજા દેવાલયમાં એમ આખો રસ્તો ફર્યો. રસ્તાની બન્ને બાજુએ મોટાં મકાનો હતાં. તે દરેકને મોટી મોટી અગાસીઓ હતી; શાક ભાજીની તથા દાણાની દુકાનો ઉઘડી હતી, અને દુકાનદારો બૂમો પાડતા હતા; જાત જાતના લોકો રસ્તામાં ચાલતા હતા; કછોટા વાળીને લાલ સાડીઓ પહેરેલી મરાઠણો, બંગાળી વેશમાં બંગાળી સ્ત્રીઓ, ઘેરવાળા ઘાઘરાવાળી મારવાડણો તથા ઉત્તરની બીજી સ્ત્રીઓનાં ટોળેટોળાં જતાં હતાં. જતે જતે દરેક મૂર્તિના મોં આગળ ફુલ તથા પૈસા મુકતાં હતાં. ભગવાં વસ્ત્ર પહેરેલા સંન્યાસીઓ તથા રાખ ચોપડેલા બાવાઓ કપાળ ઉપર ચંદનનાં ટીલાં કરીને રસ્તે ચાલતા લોકોની પાસે ભિક્ષા લેતા હતા. આવી ગરબડ છતાં શહેરનો વેપાર રોજગાર ધમધોકાર ચાલતો હતો. યુરોપ અને એશીઆમાં બનેલો દરેક પ્રકારનો સામન દુકાનોમાં હતો. નાણાવટીની મોટી પેઢીઓની દુકાનોમાં હુંડીઓ વગેરે લખાતી હતી. રેશમી તથા સુતરાઉ કાપડ, સોના રૂપાના દાગીના, હીરા, મોતી તથા માણેકના દાગીના, જયપુરનાં વાસણો, ઉત્તર હિંદુસ્થાનનું મીનાકારી કામ અને બનારસનાં વખણાયેલાં પીતળનાં વાસણ એ સર્વ આ આશ્ચર્યકારક શહેરમાં ઠેકાણે ઠેકાણે સાંકડી ગલીમાં અંધારી દુકાનોમાં માલૂમ પડતાં હતાં. આજ કાલના પ્રવાસીઓને થોડાં પ્રખ્યાત દેવાલયો જોઇને એમ લાગે છે કે બનારસ તો એક પુરાણું વહેમી શહેર છે. વિચારશીલ મનુષ્ય તેને આખા પ્રાચીન હિંદુસ્થાનના સમાજના સૂક્ષ્મરૂપે ચિત્ર તરીકે જુએ છે. અસલનો ધર્મ, વિદ્યા, વેપારની

રૂઢિ પણ અસલની જ; તે વડે પૂર્વના જમાનાનું હજુ રહેલું એ ચિત્ર જણાય છે. વેદના મંત્રોચ્ચાર અને વેદાન્તનું શિક્ષણ અપાતું સાંભળતાં પ્રાચીન ગ્રીક સમયના સરખા વિચાર આજના સુધરેલા જમાનામાં તેના મનમાં સ્ફુરે છે. નાના દરિદ્રી ઘરમાં રહેનારા માણસો હજી પણ જગત પ્રસિદ્ધ પ્રાચીન હિંદુ શાસ્ત્રોનું અધ્યયન કરતા અને તે જ્ઞાનનો વિસ્તાર કરતા માલૂમ પડે છે.

બધાં દેવાલયો જોઇ રહ્યા પછી બપોર થતાં શરત ને તેની મા સ્નાન કરવાને નદી તરફ ફર્યા. હજારો સ્ત્રીઓની ઠઠ ઘાટ ઉપર ગંગાસ્નાન કરવાને મળી હતી. જાત્રાળુઓની સાથે ગોર અને ગુરૂઓ પવિત્ર ઘાટ ઉપર એકઠા થયા હતા. નદીમાં ઉભા રહીને જનોઇ પકડીને બ્રાહ્મણો સંધ્યા કરતા હતા. મણિકર્ણિકા અને દશાશ્વમેધ ઘાટપર અસંખ્ય સ્ત્રીઓ સ્નાન ઉપવાસ અને ભક્તિથી જીવનનાં પાપથી મુક્ત થવા ચઢતી ઉતરતી હતી.

સાંજ પડતાં શરત ને તેની મા પોતાને ઉતારે આવ્યાં અને છેક સંધ્યાકાળ પડતાં જમ્યાં. પોતાના પતિના મરણ પછી આજ જ આ વિધવા સ્ત્રી ખરેખરી સુખી જણાઇ. કેટલે વર્ષે તેની મનકામના પૂર્ણ થઇ.

ત્રણ દિવસ ને ત્રણ રાત શરત તેની માની સાથે બનારસમાં રહ્યો. તેનો ઓળખીતો એક ગોર હતો તેણે નદીના કાંઠા ઉપર તેમને માટે એક ઓરડી ભાડે રાખી હતી. દરરોજ સહવારમાં તેની મા અંધારામાં ઉઠતી અને સૂર્ય ઉદય થાય ત્યાં સુધી પાઠ પૂજા કર્યા કરતી. તે ગોર પણ તેની સાથે મંદિરમાં જતો ને જે કાંઇ જરૂર પડતી તે તે પૂરી પાડતો. કાશી, પ્રયાગ, મથુરાં, વંદ્રાવન વગેરે તીર્થનાં સ્થળોમાં એવા ગોર જુજ દામમાં ઘણું કામ કરે છે.

શરતની માને માટે એક બૈરી રસોઇ કરવાને રાખેલી હતી. તેને કાંઇ ઝાઝું કામ નહોતું કારણ કે એ વૃદ્ધ સ્ત્રી એક જ વાર જમતી અને ઘણું ખરૂં હાથે રાંધી લેતી. તેથી ઘણો ભાગ એની સાથે વાત કર્યા કરતી.

ત્રીજે દિવસ અને ત્રીજી રાત વીતી ગઇ પછી ચોથે દિવસે શરતની માએ પ્રભાતમાં પૂજા કરી લીધી અને પછી છોકરાને વિદાય કરવાની તૈયારી કરી. વિશ્વેશ્વર મંદિર સુધી તેઓ ગયાં. સહવારનાં દર્શનનો વખત થયો હતો અને ઘંટ વાગતા હતા. તે વખતે તે ગભરાયલે મોંએ અને આંસુ ભરેલી આંખે ત્યાં ઉભી રહી અને બોલી, "રે પરમેશ્વર! જગતનાં બંધન છો-

ડવાં એ કેટલું કઠણુ કામ છે! મને એ મહાન નિગ્રહ કરવામાં હે ઇશ્વર! તું મદદ કર, મારૂં ચિત્ત તારી ભક્તિમાં ઠસાવ ને મારા પુત્ર ઉપર સુખમાં ને દુઃખમાં તારો વરદાયક હસ્ત રાખ."

શરતે માની આગળ માથું ધર્યું એટલે તેણે તેને આશીર્વાદ દીધો, "જા મારા દીકરા, તારા પૂજ્ય પિતાને પગલે પગલે ચાલજે, તારી ગરીબ બહેનની સંભાળ લેજે; હેમ, બિન્દુ તથા સુધા અને બીજાં સર્વ સ્નેહી સાથે સંપ અને સ્નેહથી વર્તજે. જા, ભાઈ, આજના વખતની વિદ્યા સંપાદન પૂર્ણ રીતે કરજે અને ઐહિક જીવનમાં સુખી થજે. મહાન ઇશ્વરનું સ્મરણુ રાખજે, એ જ તારા દરેક પ્રયત્ન સફળ કરશે. તારી માને આ પવિત્ર શહેરમાં રહેવા દે અને આપણાં શાસ્ત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે નિત્ય કર્મ અને પ્રાયશ્ચિત્ત કરવા દે. સદાને માટે મારી તરફથી તને આશીર્વાદ દઉં છું."

એનાથી વધારે બોલાયું નહિં. તેનો અવાજ ગદ્‌ગદિત થઇ ગયો. શરતથી પણ એક અક્ષર બોલાયો નહિં અને માના આગળ ડસકાં ખાઇને તે રડવા લાગ્યો.

ઘંટનો અવાજ પાછો સંભળાવા માંડયો. પૂજારીનો અવાજ પણ જોડે ભળ્યો. આથી મા દીકરાના અંતઃકરણમાં ભક્તિનું ઝરણુ વહેવા માંડયું. માએ આંસુ લુછી નાંખ્યાં અને બોલી, "દીકરા! હવે મને છોડ, પૂજાનો વખત વહી જાય છે અને મારે મંદિર જવું છે. કર્તવ્ય કરતે ડગીશ નહિં, માયાળુ થજે ને ભલાઇ રાખજે. તારા બાપદાદાનો ધર્મ સાચવજે અને સત્યને માર્ગે ચાલજે."

શરતે છેવટ કહ્યું, "મા! તારી ઇચ્છા પ્રમાણે જ હું ચાલીશ ને મરતાં પણ તારી ઇચ્છા વિરુદ્ધ નહિં વર્તું."

પછી છૂટા પડતી વખતે તે માને પગે પડયો અને નદીમાં તેને માટે હોડી ઉભી રહી હતી તેમાં બેસી ગયો. લંગર છોડીને હોડી પૂરજોરથી દોડવા મંડી અને નદીની સામી પાર તરફ ગઇ.

મંદિરના ઘંટ વાગ્યે ગયા અને પૂજાના અવાજ થયે ગયા પણ શરતની મા તો ત્યાં જ ઉભી રહી. ભક્તિ, પૂજા સર્વ ભૂલી ગઇ. ગંગાના પટ ઉપર હોડી ચાલતી હતી તેની જ તરફ તેની દૃષ્ટિ ચોંટી રહી અને તેના વિચાર પણ છોકરામાં જ ગુંથાયા. તેનું અંતઃકરણ શૂન્ય થઇ ગયું. છેવટે કેટલોક વખત વીત્યા બાદ તેણે વિશ્વેશ્વરની એક ચિત્તથી ભક્તિ કરી.

ખંડ બીજો.

કલકત્તા.

પ્રકરણ ૧ લું.

નિદ્રામાં શબ્દશ્રવણ.

"બહેન સુધા! જરા આમ આવી જા તો!"

"તું મને બોલાવે છે?"

"હા! મેં પેલું ગવન ધોયું છે, તે જરા છાપરા ઉપર સુકવી દે જોઇએ. હું આ કુવા ઉપર નહાવા જાઉં છું પછી તરત દેવતા સળગાવું છું કેમકે દૂધવાળીને આવવાનો વખત થયો છે. મને કુવા ઉપર નહાવું તો જરાએ ગમતું નથી. સુધા, આપણા ગામમાં તળાવ ઉપર નહાવાનું કેવું સારૂં હતું! નિરાંતે અંદર ઉતરીને નહવાતું હતું."

સુધાએ જરા હસીને જવાબ દીધો, "બહેન તને તો કલકત્તાનું કાંઇ ગમતું નથી. હું તો આ શહેરથી બહુ જ ખુશ થઇ છું. કેવડું મોટું ને સુંદર છે! મોટી મોટી દુકાનો છે, મોટું બજાર છે, મકાનો પણ કેટલાં મોટાં છે! અને જોવા લાયક જગ્યાનો તો પાર જ નથી. કેટલા લોકો ને કેટલા ગાડી ઘોડા! આવું બધું કાંઇ તાલપુખરમાં છે?"

"સુધા હવે મોટાં ઘર ને દુકાનો જવા દે ને. આપણને તો આપણા ગામડાનું ઘર સ્વર્ગ સમાન છે. જ્યાં જવું હોય ત્યાં ખુશીથી ફરાય હરાય અને વળી તાજી હવા ને તડકો મળે તે જુદાં. વળી વાડીમાં સુશોભિત વેલાઓ, કેરીઓ ને શાકભાજી કેટલાં બધાં છે! આ કલકત્તાના ઘરમાં

એ બધું ક્યાંથી લાવશો? ગાડીઓ ને ઘોડા તો જેની પાસે હોય તે વાપરે. આવું ઈંટનું બાંધેલું ઘર તે આપણે શા કામનું? ઓરડામાં કાંઇ હવા તો આવતી નથી અને આ ચોકમાંએ ભાગ્યે જ તડકો આવે છે. વળી બંધ પાલખી વગર કાંઇ બહાર સરખું ના જવાય. એ તો ખરેખર પાંજરામાં પૂરાયલા પક્ષી જેવું છે."

"પણ બહેન, બહાર જઇયે તો જોવાનું કેટલું બધું છે? તે દિવસે હેમની જોડે આપણે ગાડીમાં ગયાં હતાં ત્યારે છેક પેલા મેદાન સુધી ગયાં હતાં અને પછી અહીંનું મજાનું મ્યુઝીઅમ જોયું હતું. પછી ઝુઓલૉજીકલ ગાર્ડન્સ જોવા ગયાં હતાં. ત્યાં કેવાં વિચિત્ર જાનવરો અને પક્ષીઓ હતાં. જ્યારે કાંઇ ફરવા જઇએ ત્યારે કાંઇ ને કાંઇ નવું જોવાનું તો હોય છે જ."

"પણ સુધા, મને રોજ ને રોજ ગાડીમાં બેસીને ફરવા જવું ગમતું નથી. આપણા ગામમાં તો ગાડીમાં બેસવાની જરૂર જ પડતી નહિં. દરરોજ સહવારે તળાવ ઉપર નહાવાને ચાલતાં જતાં અને દરેક જણ સાથે ત્યાં તો ઓળખાણ હતું તેથી દરેકને મળાતું. આ મોટા જંગલ જેવડા શહેરમાં તે કોણ કોને ઓળખે."

"પણ બહેન, અહીં જો થોડો વખત આપણે રહીએ તો કોઇ જોડે ઓળખાણ થાય. તે દિવસે દેવી પ્રસન્નનો નોકર આવીને તેમની વહુને મળવા જવાનું કહી ગયો હતો અને ગઈ કાલે ચંદ્રનાથે કાંઇ ખાવાનું ને મીઠાઇ આપણે માટે મોકલી હતી."

"હા એ તો ખરૂંસ્તો કે જો આપણે લાંબો વખત રહીએ તો લોકો જોડે ઓળખાણ થાય. પણ અહીં તો બધા મોટા લોક રહ્યા અને આપણે ગરીબ રહ્યાં તેથી એ લોક સાથે આપણો વધારે સહવાસ શી રીતે થાય? એ લોકો આપણને બોલાવે અને આપણી જોડે સારૂં રાખે એટલી એમની સરસાઇ."

"પણ બહેન, શરત તો રોજ સાંજરે આપણે ઘેર આવે છે ને! અને આપણને બધા લોકોની કેટલી વાતો કહે છે. વળી પોતાની ચોપડીઓમાંથી આપણને વાંચી સંભળાવે છે તે જૂદું. મને એ સાંભળવું ખરે જ બહુ ગમે છે."

"શરત જેવા ભલાને માયાળુ છોકરા તો થોડા જ મળશે. આખો દિવસ એને પરીક્ષા માટે વાંચવાનું હોય છે છતાં સાંજરે આપણી પાસે આવે છે અને આપણને આ વિશાળ શહેરમાં એકલું લાગશે એ જ ખ્યાલથી આટલો વખત અહીં બેસે છે. જ્યારે આપણે એને ઘેર રહેતાં હતાં ત્યારે

આપણે માટે બધી સગવડ કરી આપવાની ખાતર એણે વાંચવાનું એક કોરે મુક્યું હતું. એને પૈસાનો કે વિદ્યાનો ગર્વ નથી, એનું મન બહુ કોમળ છે. આજકાલ એના જેવા જુવાનીઆઓ ભાગ્યે જ મળે."

"બહેન! દૂધવાળી આવી છે."

"આજ તો દૂધ સારૂં લાવી છે ને!" બિન્દુએ દૂધવાળીને પૂછ્યું, "કે કાલની માફક અર્ધાઅર્ધ પાણી ભેળવીને લાવી છે? કલકત્તામાં નળનાં પાણીની કાંઇ ખોટ નથી એટલે તારે દૂધની પણ ખોટ નથી. માત્ર રંગ દૂધનો હોય છે બાકી જળથળ હોય છે."

"નારે બા આ ઘરમાં તે એવું દૂધ અપાય! તમને તો સારા ખોટાની તરત ખબર પડે."

"અરે હારે જવા દે, હું બધું એ જાણું છું. અમારા ગામમાં અમારી ગાય રોજ ત્રણ શેર દૂધ દેતી અને તેટલું પીને છોકરાં ધરાતાં હતાં અહીં ચાર શેર લઉં છું તો એ છોકરાં ભૂખ્યાં ને ભૂખ્યાં; અને તપેલીમાં ઉકાળવા મુકુંછું ત્યારે પણ તદ્દન પાણી જેવું જ લાગે છે."

"બા ગામડા જેવું દૂધ તે અહીં શહેરમાં ક્યાંથી મળે? ત્યાં તો ગાયો ચરવા જાય ને સારો ખોરાક મળે તેથી સારૂં દૂધ દે. અહીં તો બધાં ઢોર ભેગી ગાયોને ખાવાનું એટલે સારૂં દૂધ ક્યાંથી દે!"

"મેં કાલે દહીંનું કહ્યું હતું તે ક્યાં છે, લાવી છે?"

"અરે હા, આ રહ્યું," એમ કહીને એક હાથેલી જેટલું કોડીઉં કહાડ્યું.

"આ ચાર પૈસાનું દહીં?"

"ત્યારે ચાર પૈસાનું તે કેટલુંક આવે? ગમે તો બજારમાં તમારા માણુસ જોડે ખબર કઢાવજો અને જો એ ચાર પૈસામાં એથી વધારે લાવે તો મને પૈસા ના આપશો. કેમ બેન, અમારે તો તમારો આશરો. તમારી જોડે દગલબાજી કરીયે તો પછી અમને મળે પણ શું?"

"સુધા આમ તો આવ, આ તમારા કલકત્તાનું ચાર પૈસાનું દહીં તો જો. માંહી થોડું પાણી ભેળી મુક નહિં તો તારો ભાત કોરો જ રહેશે. એ કોણ? એ આપણી નોકર છે કે?"

"હા, બા," તે બૈરીએ પોતાની શેઠાણી પાસે આવતાં કહ્યું.

"વારૂ, ત્યારે તું આજ શાકભાજી લેવા જરા વહેલી જજે કારણ

કે એમને આજે દસ વાગે બહાર જવું છે એટલે તે પહેલાં વખત થવી જોઇએ; શાક શું લાવીશ? સારી માછલી અહીં મળે છે કે?"

"બા, અહીં તો બધાં શાક મોંઘાં ડાટ મળે છે. ભાજી સરખીએ સોંઘી નથી. માછલીએ મોંઘી. અમારા જેવાંથી તો આ શહેરમાં રહેવાય જ નહિં. તમે અમને અન્નપાણી આપો છો તેથી અમારો આશરો છે. બાકી ગરીબ માણસની તો અહીં રહેવાની ગુંજાસ જ નહિં."

"હશે, જા, જે સારૂં મળે તે લાવજે. થોડો મશાલો એ લેતી આવજે. આપણે ત્યાં તો કોથમીર આપણી વાડીમાં આપણે જોઇએ તે કરતાં એ વધારે થતી હતી. બટાટા તો બહુ મોંઘા હશે માટે બહુ ના લાવીશ પણ થોડાં સારાં જોઇને વેંગણ લાવજે. થોડી માછલી પણ લાવજે."

બિન્દુએ દૂધવાળી પાસેથી દૂધ ને દહીં લીધું અને નોકરને શાક વગેરે લાવવાના પૈસા આપ્યા. પછી દૂધ ઉન્હું કરીને ઉપર લઇ ગઇ. તેનાં બન્ને છોકરાં ઉઠયાં હતાં તેમને દૂધ પાયું. પછી પથારીઓ ઉપાડી ને વાશીદું વાળ્યું. થોડી વારમાં બૈરી બજારમાંથી શાક વગેરે લઇને આવી તેની પાસે છોકરાં સોંપીને બિન્દુ રસોડામાં ગઇ. સુધાને માથે કોઠારની દેખરેખ હતી. તેથી બધું સીધુંસામન તે કહાડી આપતી હતી, ચોખા ધોતી, શાક સમારતી અને ચટણીઓ કરતી. બિન્દુએ રાંધવાનું શરૂ કરી દીધું હતું.

વાંચનાર સમજી ગયાં હશે કે છેવટ હેમ પોતાને ગામથી કલકત્તામાં આવીને રહ્યો હતો અને થોડા દિવસ શરતના ભેગા રહીને તેણે બે માળનું એક નાનું સરખું ઘર ભાડે રાખ્યું હતું તેમાં રહેવા ગયો હતો. આ નકામું ખર્ચ ના કરવાને શરતે બહુએ કહ્યું અને હેમને તથા તેના કુટુંબને તેના ઘરમાં રહેવાને બહુએ આજીજી કરી પણ એમને એમ બીક લાગી કે શરતના અભ્યાસમાં એથી ખલલ પડે તેથી હા કહી નહિં. તેથી મહિને પાંચ રૂપીઆ ભાડું ઠરાવીને ભવાનીપુરમાં એક ઘર તેમને માટે શોધી કહાડયું હતું.

શરત આસપાસના ઘણા પાડોશીઓને ઓળખતો હતો, તેથી હેમને પણ બધાની સાથે ઓળખાણ થયું હતું. કેટલાએક કલકત્તાની હાઇકોર્ટના વકીલો હતા, કેટલાએક સરકારી કચેરીના કે મોટી મોટી યુરોપીયન પેઢીઓના કલાર્ક હતા. કેટલાએકને પોતાની મીલ્કત હતી, કોઇને ચીનાઇ બજારમાં અને બડા બજારમાં દુકાનો હતી અને કેટલાએક બિચારા આ વિશાળ શહેરમાં નિર્વાહ કરવા જેટલું કમાઇ ખાવાની વ્યર્થ આશામાં રહેનારા લોકો હતા.

ભવાનીપુરના પૈસાદાર લોકોએ ગામડામાંથી આવેલા આ સભ્ય અને નમ્ર ગૃહસ્થને સારો આવકાર દીધો. પોતાનાં મોટાં દિવાનખાનાઓમાં આવવાની તેમણે તેને છૂટ આપી અને તેની સાથે હેતથી વાત કરવા માંડી. કેટલાએક તો તેને જમવા પણ બોલાવ્યો હતો. એમ કરતાં કરતાં એને થોડુંક ઓળખાણ થયું હતું.

હેમ પણ તેની સ્ત્રીની માફક પોતાનું ગામડું રોજ સંભારતો હતો. કલકત્તાની ગીચ વસ્તી એને પસંદ પડી નહિં અને ગામડાના મિત્ર તથા ધંધો રોજગાર તેને રોજ યાદ આવતાં. તેના નવા મિત્રો તેના ઉપર માયા રાખતા તે તે સમજતો પણ આ 'મહેલોના શહેર'ના મોટા લોકથી તો તે વેગળો જ રહેતો. હિંદુસ્થાનના આ મુખ્ય શહેરમાં માન મરતબા માટે, ઇલકાબો મેળવવા માટે ને ચાંદ મેળવવા માટે જે લોક હરનિશ પ્રયત્ન કર્યા જ કરે છે તેની તે હમેશ મશ્કરી કરતો. મોટા મોટા લોકોને અપાતાં ખાણાં ને મીજબાનીઓ, નાચ, મોટા સત્તાવાળા લોકોને પસંદ પડતાં માનપત્રો અને ફંડોમાં કેટલો ઉધમ અને કેટલો પ્રયાસ થતો! પુષ્કળ પ્રયત્ન પછી માન ઇલ્કાબ મળતા જ. બિચારો હેમ તો આ મહાભારત કાર્યથી મોટા અનુભવી મનુષ્યની માફક દૂર જ રહેતો.

જૂન માસ અર્ધો વીત્યો ત્યાર પછી વરસાદ શરૂ થયો. કલકત્તામાં વર્ષા ઋતુ બહુ દુઃખદાયી હોય છે. હેમનું કામ પણ મંદ ઋતુ માફક મંદ થઇ ગયું. એને બીક હતી તે જ પ્રમાણે એની ખાત્રી થવા લાગી કે આ શહેરમાં એનું કાંઇ વળશે નહિં અને હજારો લોકોની ભીડમાં એને એકલાં એકલાં લાગવા માંડયું.

રોજ દિવસને વખતે એ કાંઇ ધંધાની ખબર મેળવવા જતો તે સાંજે પાછો આવતો. તે વખતે સુશીલ બિન્દુ તેને માટે કાંઇ કાંઇ ખાવાનું તૈયાર રાખતી. કોઇ વખત શેરડીના કકડા, કોઇ વખત લીલાં શીંગોડાં, જમરૂખ, દાળીઆ, લીંબુનો શરબત એમ કાંઇ ને કાંઇ કરતી. હેમને એવું કાચું કોરૂં બહુ ગમતું હતું. ખાઇને બિન્દુ જોડે વિવિધ વિષય ઉપર ચર્ચા કરતાં તે તેનો થાક ને નિરાશા ભૂલી જતો. સંધ્યાકાળ થતી ત્યારે અગાસી ઉપર એની સાથે ઠંડકમાં બેસતો; છોકરાં પાસે બેસીને રમતાં; બિન્દુ પોતાના ગામની વાતો કહેતી અને ત્યાંના એકાંત શાંત રસ્તાનાં, કલકત્તાની ગીરદી અને ધમાલ સાથે સરખાવતાં વખાણ કરતી. ગામડેથી આવી તેના કરતાં એ જરા સુકાઇ ગઇ હતી અને તેના

મોં ઉપર જે ગુલાબી હતી તે કલકત્તામાં ઘરમાં પુરાઇ રહેવાથી ફીકી થઈ ગઈ હતી.

ભલો શરત બિચારો રોજ સાંજરે તેમને મળવા આવતો. તે વખતે બિન્દુ એના ઘરનું બધું કામ પડતું મુકીને દીવો સળગાવતી અને સાદડી ઉપર બધાં બેસતાં અને બે ઘડી ગમત કરતાં. શરત બહુ જ ઉત્સાહી હતો. કૅાલેજની તથા એના ઇંગ્રેજી અભ્યાસની વાતો કરતાં કદી તે થાકતો નહિં. કલકત્તાની શોભા, તેની વિવિધ સંસ્થાઓ તેની દોલત તેમ જ દરિદ્રતા વગેરેની વાતો એ ઘણી હોંસથી કરતો. ત્યાંના પ્રતિષ્ઠિત લોકોના પ્રયાસ અને સિદ્ધિની વાત કરતાં એ ગળગળો થઇ જતો. મહાશય વિદ્યાસાગર અને અક્ષયકુમાર જેમણે પોતાનાં જીવન સંસારસુધારામાં અને સાહિત્યમાં અર્પણ કર્યાં હતાં; દયાનંદ સરસ્વતી જેણે રામમોહનરાયની માફક ઉત્તર હિંદુસ્થાનમાં સનાતન એકેશ્વર હિંદુ ધર્મનો ઉપદેશ કર્યો હતો; વળી મધુસૂદન અને બંકિમચંદ્ર જેમણે દેશના સાહિત્યની ઉન્નતિ કરવાને પ્રયાસ કર્યો હતા; તેમ જ રામગોપાળ અને હરિશ્ચંદ્ર જેમણે હિંદુસ્થાનને માટે સ્વતંત્ર હક્ક મેળવવા પ્રયત્ન કર્યા હતા; આ તથા બીજા અનેક મહાન પુરુષોની તે વાતો કરતો. તે સમયના લોકપ્રિય વાઇસરોય લૅાર્ડ રિપન જેણે રાજ્યકાર્યમાં લોકની સહાયતા સ્વીકારી હતી તેના તરફ ઉપકાર વૃત્તિ દર્શાવતો.

એની વાતો હેમ એક મોટા ભાઇની માફક આનંદ અને ઉત્સાહથી સાંભળતો અને બિન્દુને તો એના બોલવાથી કાંઇ બહુ જ ખુશી થતી. એને તો શરત નાનો બાળક—કેરીઓ ચોરતો અને ઝાડ ઉપર ચઢતો જ સાંભરતો. આ કિંચિત પ્રકાશવાળી ઓરડીમાં એક બીજું જણ પણ લક્ષ દઇને એ સર્વ વાત સાંભળતું હતું. બાળક સુધા ખાવાનું ને ઉંઘવાનું ભૂલી જતી અને એક ચિત્તે તે ઉમંગી વક્તાના મોં સામું અંધારામાં બેસીને જોયા જ કરતી. તેનો ઉત્સાહ અને દેશભક્તિના તેના વિચારોથી એ સાનંદોલ્લાસથી દિઙ્મૂઢ જ થઇ જતી.

શરત એની વાતો કરીને ઘેર જવાને નીકળતો ત્યારે ઘણીવાર મધ્યરાત્રિ થતી અને દીવાની જ્યોત પણ પુરી થઇ જતી. ત્યાર પછી હેમ અને બિન્દુ વાળુ કરતાં અને સુધા તો ખુશ થઇને આનંદમાં જ તલ્લીન થઇને ઉંઘી જતી. હમેશ રાત્રિના શાંત સમયે તે પોતાના કાનમાં શરતના અવાજનું સંગીત સ્પષ્ટ શ્રવણ કરતી.

પ્રકરણ ૨ જું.

રોશનીવાળી વાડી.

જેમ જેમ દિવસ જતા ગયા તેમ શરત એક નવા જ પ્રકારનું જીવન ગાળવા લાગ્યો. કૉલેજમાં ઘણો ઘણો વખત સુધી એકાંતમાં રહ્યો હતો અને માત્ર અભ્યાસમાં જ ચિત્ત રાખ્યાથી એનું મન બહુ દૃઢ અને કાર્ય-પરાયણ થયું હતું પણ તેથી તે શરમાળ અને ગમગીન સ્વભાવનો થઇ ગયો હતો. આ દેશમાં કૉલેજના વિદ્યાર્થીઓ અને ગુરુઓ વચ્ચે ઇંગ્લાંડની પેઠે સંસર્ગ હોતો નથી તેમ જ આપણા યુવકો રમતગમત અને કલબોમાં પણ ત્યાંના જેટલા ઉત્સાહપૂર્વક ભાગ લેતા નથી. રાત દિવસ પુસ્તકોનું અધ્યયન તેઓ કરે છે અને તંદુરસ્તી બગાડે છે. શરતના જેટલી સખત મહેનત કોઇ જ કરતું નહિં. તેમ એના જેવું એકાંત નિરુદ્યમી જીવન પણ કોઇ ગાળતું નહિં. તેને ગમગીની જ અનુકૂલ થઇ પડી હતી. સાંજરે ઘડીવાર તે એકલો એકલો પોતાની ઓરડીમાં ને ઓરડીમાં ફરતો અને મહાન ઇંગ્રેજી કવિઓની કવિતાઓ બોલતો. આ પ્રમાણે તે એક જુદા જ પ્રકારની દુનીઆમાં પોતાની અભિલાષાઓ ખીલવતો અને અને અભ્યાસમાં દિવસ કહાડતો હતો.

હેમ, બિન્દુ અને સુધાના સમાગમમાં આવતાં તેના જીવનમાં એક નવા જ પ્રકારનો ફેર શરૂ થયો. ઘણો કાળ એણે એકાંત જીંદગી ભોગવી હતી તેથી સ્ત્રીની સુંદરતા અને મનોહરતાની અસર એના મન ઉપર હવે અત્યંત થવા માંડી. એના મનમાં કાંઇ જુદા જ પ્રકારનો આનંદ ઉદ્ભવ્યો. બિન્દુની સુશીલતા, મધુરતા, તેમ જ પોતાના વિચારોમાં એક મતતાને લીધે તે તેના તરફ વધારે આકર્ષાતો. તેની નમ્રતાથી તેના અંતઃકરણમાં નવો પ્રકાશ પડવા લાગ્યો, એના આનંદી ઘરમાં જવાનું એને વધારે મન થવા લાગ્યું. ઘણા દિવસ સુધી ~~આ પ્રકારનું સુખ અને આનંદ શરતે~~ ભોગવ્યો, અને સ્ત્રીના ઉન્નત સ્વભાવની છાપ એના મન ઉપર પડી. હેમને કલકત્તામાં કોઇ સાથી ના હોવાથી એને પોતાનો ભાઇ જેવો ગણતો. બાળક સુધા પણ આ ઉત્સાહી યુવાનને પોતાની સ્વાભાવિક સરલતાથી આવકાર દેતી.

ધીમે ધીમે એક જૂદી જ ઉંડી અને ઋજુ વૃત્તિએ તેના મનમાં વાસ કર્યો. સુધા તરફ તેની એક જુદા જ પ્રકારની લાગણી થઇ. તેની મનોહર મૂર્તિ નિરંતર તેની આંખ આગળ રમવા લાગી અને અભ્યાસની ચોપડીનાં પાનાં આગળ પણ દેખાવા લાગી. પ્રાચીન ઇતિહાસ કે અર્વાચીન તત્ત્વજ્ઞાનનાં નીરસ પુસ્તકનાં પાનાં ફેરવતાં તેના અંતઃકરણમાં જુદી જ તરેહનો ક્ષોભ થવા લાગ્યો. તેને હરતાં ફરતાં સુધાના મધુર સ્વરનું શ્રવણ થતું અને દરરોજ સાંજરે તેના મિત્રને માત્ર મળવાની ખાતર જવાને બદલે જુદી જ આશાથી તે ત્યાં દોરાતો. હેમનું ઘર તેને આશા અને સ્નેહનું સ્થાન બન્યું.

મનુષ્યને એક વાતની ખબર હોય છે તો પણ તે પૂર્ણ રીતે તેનું મન કબુલ કરી શકતું નથી મનુષ્ય સ્વાર્થથી દોરાઇ કામ કરતો હોય તથાપિ કર્ત્તવ્ય કરે છે એમ મનથી પોતાને મનવે છે. શરત જો કે નક્કી જાણતો હતો કે તે દરરોજ અભ્યાસમાંથી વખત કહાડીને હેમને ઘેર માત્ર કાંઇ એ સર્વને મળવાની ઇચ્છાથી જતો નહોતો તે છતાં એ પોતાના મનને છેતરવાનો પ્રયત્ન કરતો.

એક રાત્રે આકાશમાં અસંખ્ય તારા ઝળક ઝળક થતા હતા. રસ્તા ઉપરનાં ઝાડ અને પાંદડાં ધીમે ધીમે હાલતાં હતાં; પવન મંદ મંદ વાતો હતો. દિવસના પ્રમાણમાં રાત ઘણી ખુશકારક હતી. હેમ હજી સુધી ઘેર આવ્યો નહોતો. બિન્દુ રસોડામાં ગઇ હતી, સુધા શરતની પાસે અગાશીમાં એકલી જ હતી. રાત્રિની સ્વસ્થતા સાથે સુધા પણ મૌનશીલ બની ગઇ:હતી અને ચળકતા અસંખ્ય તારા સામું જોઇ રહી હતી. તે શરતની એટલી પાસે હતી કે તેના માથાના વાળ તેના મોંને લગભગ સ્પર્શ કરતા હતા. આટ-લાથી શરતનું મન રસમત્ત બની ગયું. ઘણીએ વાર તારાના પ્રકાશ વિષે તે-ઓએ વાત કરેલી હતી અને તેના શિખવવાથી દરેક ગ્રહ તથા નક્ષત્રનાં નામ સુધાને આવડયાં હતાં. તારાસમૂહ, સૂર્યનાં રાશિચક્રો, આકાશમાંની મહાન મંદાકિની ઇત્યાદિ સર્વ તે ઓળખતી હતી. આ દેશના શોધકોએ ત્રણ હજાર વર્ષપર એ સર્વનાં નામ પાડયાં હતાં અને પ્રાચીન સમયની અસંખ્ય કથાઓ એ ઉપરથી રચાઇ છે. આ સર્વ ગ્રહમંડળ જગનિયંતાની મહાન સત્તાના ગૂઢ નિયમ પ્રમાણે ક્રમણ કરે છે તે પણ તે જાણતી હતી.

આ પ્રકારની વાતચીતથી શરતના મનમાં કાંઇ નવા જ તુરંગો ઉત્પન્ન થયા હતા. સુધા એક નવા જ જ્ઞાનનું પાન કરતી હતી. અને તેનું મન આ મહા વિદ્વાન તથા સુકોમળ મિત્ર તરફ વધારે આકર્ષાયું હતું.

"પણ શરત, આજે તમે તારા વિષે વાત કરતા કેમ નથી? મને તો એવી વાતો બહુ ગમે છે."

શરત સ્વપ્નમાંથી જાગ્યો.

તેણે અચકાતે અચકાતે કહ્યું, "આજે હું તારા વિષે વિચાર કરતો નહોતો." તેની દૃષ્ટિ સુધાની ચળકતી આંખ તરફ જ હતી.

સુધાએ સરળતાથી અને કોમળતાથી પૂછ્યું. "ત્યારે તમે શેનો વિચાર કરતા હતા?"

"હું આ સંસાર વિષે—સાંસારિક ઘર વિષે વિચાર કરતો હતો."

"શરત! તાલપુખરમાં તમારૂં જે ઘર છે તે કરતાં બીજું કેવું સુખી ઘર તમારે જોઇએ છે? કાલીતારા અને તમારી મા જ્યાં છે તે કેવું સુખી ઘર છે?"

"સુધા એ જગા મને પ્રિય છે ખરી, પણ એ હજી મારૂં ઘર કહેવાય નહિં. બાળપણનાં સ્નેહી ઉપરાંત પુરુષ અન્ય સુખની ઇચ્છા રાખે છે."

થોડીવાર બન્ને ચુપ રહ્યાં.

નિર્દોષ સુધાએ અજાણપણાથી કહ્યું, "હા! તમે શું કહેવા માગો છો તે હવે હું સમજી. પણ તમે અધીરા શું કરવા થાઓ છો? હજુ તો તમે બહુએ સુખી થશો કેમકે ભાઇ તમે થોડા વખતમાં પરણશો, અને અમે બધાં અમારી ભાભીને મળવા આવીશું."

શરતનામાં જવાબ દેવાનું ધૈર્ય ના હોવાથી તેણે મોં ફેરવી નાંખ્યું, પણ હાથ સુધાના હાથ ઉપર મુક્યો.

"શરત તમારા હાથ આટલા ઠંડા કેમ છે? અને તમે બોલતા કેમ નથી? મારા ઉપર કાંઇ ગુસ્સે થયા છો કે શું? કે તમે મારાથી તમારા મનની કાંઇ ચિંતા ગુપ્ત રાખો છો?"

તે જગા, તે સમય અને મનોભાવ સર્વ આ માણસને પ્રતિકૂલ થયાં હતાં. આટલા વખત સુધી અંતઃકરણમાં ગુપ્ત રાખેલા ભાવે બળ કરવા માંડયું. હજી સુધી એ વિષય ઉપર એક શબ્દ એ બોલ્યો નહોતો તે બોલવાને ઉત્સુક થયો. બોલવા જતો હતો તેટલામાં તે અચકયો અને દાદરપર કોઇનાં પગલાં સંભળાયાં, તેના તરફ તેણે લક્ષ લગાડયું.

હેમ આજે મોડો ઘેર આવ્યો હતો, તે બિન્દુની સાથે અગાશીમાં

આવ્યો. બિન્દુએ પોતાના પતિ તરફ જોઇને હસતાં હસતાં કહ્યું "આ બે જણાં તો તારા જોવામાંને જોવામાં જમવાનું એ ભૂલી ગયાં છે."

અપરાધીની પેઠે શરત અગાશીને બીજે ખૂણે જઇને ઉભો અને તારા તરફ જોવા લાગ્યો. તેના અંગમાં લોહી પૂર જોરથી વહેતું હતું, હૃદય ધડકતું હતું અને બધાં અવયવ ધ્રૂજતાં હતાં, પણ હોઠ ઉપર આવેલો શબ્દ બોલતે તે અચકાયો હતો તેથી તેણે ઇશ્વરનો ઉપકાર માન્યો. ઘણા જ ઊંચા શિખર ઉપરથી પડતાં પડતાં તે બચ્યો હતો. વિશ્વાસઘાત કરતાં કરતાં તેને ઇશ્વરે બચાવ્યો હતો. પ્રયાસ કરીને પોતાનું બધું બળ એકઠું કરીને તેણે મોં ફેરવ્યું અને સ્વસ્થતાથી તે બિન્દુની સાથે વાત કરવા લાગ્યો.

"હા, બિન્દુ બહેન, તારા તપાસવામાં અને એવી તુચ્છ બાબતોમાં મેં બહુ વખત ગાળ્યો, હવે મારે સુધરવું જોઇએ. મારી પરીક્ષા પાસે આવે છે અને પાસ થવું હોય તો મારે વધારે મહેનત કરવી જોઇએ. હવે તમને આ ઘરમાં તો બધી સગવડ છે ખરૂં કની? તેમ કરતાં એ તમારે કાંઇ જરૂર પડે તો મને કહેવડાવતાં અચકાશો નહિં, કેમકે હવે મારાથી રોજ સાંજરે આવી શકાશે નહિં. અઠવાડીઆમાં એકાદ દિવસ આવી જઇશ."

"શરત, બરોબર છે." હેમે કહ્યું, "મને ઘણીવાર એમ લાગતું હતું કે અમે તારો ઘણો વખત રોકીએ છીએ, તું નિશ્ચિંત રહેજે. અમે રોજ તારે ઘેર માણસ મોકલીશું અને જરા જરૂર પડશે તો તને કહેવડાવીશું માટે તું નિરાંતે તારા અભ્યાસ ઉપર એક ચિત્તે લક્ષ રાખજે. તારૂં ભાગ્ય મોટું છે માટે એકનિષ્ઠાથી પ્રયત્ન કરજે."

એકદમ તેણે જવા માંડયું પણ જતાં જતાં એકવાર સુધા તરફ દૃષ્ટિ કરી લીધી. સુધાએ જરા મુંઝવાઇને કહ્યું "શરતને કાંઇ આપણા ઉપર ખોટું લાગ્યું જણાય છે."

"ના, રે, ના, બહેન, એ તો એની પરીક્ષાને લીધે ગુંચાવાએલો છે."

એક કલાક વીતી ગયો. હેમે જમી લીધું હતું અને ચાંદની ખીલવા માંડી હતી તેથી તે નિત્યનિયમ પ્રમાણે રસ્તા ઉપર ફરવા નીકળ્યો. સુધા અને બિન્દુ ઊંઘી ગયાં હતાં. વિચારમાં ને વિચારમાં એકાદ કલાક સુધી હેમે ચાલ્યા કર્યું.

ભવાનીપુરથી બહુ દૂર સુધી તે જતો રહ્યો. બાલીગંજ તરફ ફરતાં એને કાને મોટી ગાડી તથા ઘોડાનો અવાજ પડયો. પાછળ ફરીને જોયું

તો એક મોટી બે ઘોડાની બગી આવતી જોઇ. હેમ બાજુ ઉપર ઉભો રહ્યો. બગી એની પાસે થઇને એક મોટી વાડીના દરવાજામાં પેઠી. એક ક્ષણુ પછી એક બીજી બગી આવી. આ ગાડીના ઘોડા મોટા અને કાળા હતા. તે જ વાડીના દરવાજામાં આ ગાડી પણુ ગઈ. આ ગાડીમાં કોઇ નાજુક સ્ત્રીઓ હસતી હોય એવું હેમને લાગ્યું.

કોની ગાડી હશે અને અંદર કોણુ હશે તે જાણુવાની જીજ્ઞાસાથી તે દરવાજાની પાસે ગયો તો એક મોટો દરવાન દરવાજો સાચવવા આમ તેમ પેરો ભરતો હતો. બગીચો બહુ મોટો હતો અને તેમાં ચારે તરફ પહોળા રસ્તા હતા. વચ્ચે વચ્ચે સંગેમરમરનાં મોટાં પુતળાં હતાં અને રંગબેરંગી ફુવારા હતા. મકાનમાં અનેક દીવા પ્રકાશતા હતા.

ધીમે રહીને તેણે દરવાનને પૂછ્યું, "દરવાનજી, આ વાડી કોની છે ?"

દરવાને દહાડીએ અને મુછે હાથ ફેરવતાં ફેરવતાં જવાબ દીધો, "અરે ભાઇ, આ વાડી કોની છે તે તને ખબર નથી ? શહેરના દરેક ગૃહસ્થ આ ઘર જાણે છે. હું ધારૂં છું કે તું કોઇ અજાણ્યો પરદેશી છે."

"હા, દરવાનજી, આ શહેરમાં હું થોડા જ દિવસથી આવ્યો છું અને આ બાજુએ તો પહેલવહેલો જ આવું છું."

"તેસ્તો, કારણુ કે અહીં વસનારા તો બધા લોકને આ વાડીની ખબર છે. શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, જમીનદારો, વકીલો અને વેપારીઓ સર્વ આ ઘરમાં આવ જા કરે છે."

"હા, તે હશે પણુ હું તો ગરીબ માણુસ છું તેથી આ વાડી કે વાડીના માલીક વિષે કાંઇ જાણુતો નથી."

"ભાઇ, તારા જેવાને અહીં બોલાવે કોણુ ? આજ રાત્રે તો અહીં મોટો ભપકાબંધ નાચ છે. ઘણા લોકોને નોત્રેલા છે; નાટક કંપનીની ગુ-ણુકા નાચ કરવાની છે તેનું મોં જોવાની તક કોણુ ખોવાનું છે ?"

"પણુ તારા શેઠનું નામ શું છે તે તો કહે ?"

"અરે રે ! એટલું એ નથી જાણુતો ? કેમ મારા શેઠ તો ધનપુરવા-ળા ધનંજય."

હેમના માથા ઉપર મોટો પથ્થર પડ્યો હોય એવું એને લાગ્યું. રસ્તાની એક બાજુએ એક બેઠક હતી તે ઉપર તે બેસી ગયો. તેને એક ક્ષણુ એક વરસ જેટલી લાંબી લાગવા માંડી. તેનાથી ધીમે રહીને બોલાઇ જ-

વાયું. "અરેરે ઉમા! જો ગાડી ઘોડા ને વાડી વજીફાથી મનને સુખ મળતું હોત તો તારો ચહેરો આવો દુઃખી ના હોત."

અર્ધોએક કલાક સુધી હેમ દિલગીરીમાં ગરકાવ થઇને પડી રહ્યો. પછી છેવટ મનમાં કાંઇ દૃઢ સંકલ્પ કર્યો. તે ધનંજયને બાળકપણથી ઓળખતો હતો. લગ્ન પછી ધનંજય ઘણીવાર હેમને ઘેર આવતો જતો અને હેમ સાથે સારી રીતે વર્તતો. તેણે તેને દુરાચારથી બચાવવાને કાંઇ પ્રયત્ન ર્વાનો નિશ્ચય કર્યો. તેજ રાત્રે ભરી મીજલસમાં જઇને હેમે તેને મળવાનો વિચાર કર્યો. દરવાન પાસે તે ફરીથી આવ્યો, ત્યારે તેણે પૂછયું, "કેમ વળી શું છે? કોણ જાણે શા માટે તું આજ ક્યારનો અહીં ભમ્યા કરે છે?"

"ભાઇ, મારે તારા શેઠને મળવું છે, મને અંદર જવા દઇશ?"

"પણ તને કાંઇ આજની મીજલસનું આમંત્રણ છે? આવી વખતે તારા જેવા માણસને કોઇ બોલાવે તો નહિં. મારા શેઠ પણ કાંઇ તને જોવાને બહુ આતુર નહિં હોય."

"એમને જઇને કહે કે તાલપુખરથી હેમ નામે કોઇ માણસ આવ્યો છે. મારૂં નામ સાંભળીને જરૂર મને અંદર બોલાવશે."

"તાલપુખરથી ઘણાએ ગામડીઆ શેઠને મળવા આવે છે પણ મારા શેઠને કાંઇ બધાને મળવાની ફુરસદ હોતી નથી."

"દરવાનજી! તારા શેઠ તાલપુખર પરણેલા છે તેથી તેમના બાળપણના ઓળખીતાને મળવાની ના નહિં કહે."

દરવાન જરા ખસીઆણો પડી ગયો. પહેલ વહેલો તો તેણે આ ભટકતા માણસને કહાડી મૂકવાનો વિચાર કર્યો, પણ પછી વળી તેને એમ લાગ્યું કે વખતે શેઠના સાસરા તરફનો કોઇ માણસ હોય તેનું એવું અપમાન કરે તો શેઠ કદાપિ ગુસ્સે થઇ બેસે તેથી હેમને બેસાડીને અંદર વરદી આપવા ગયો. અડધા કલાક પછી દરવાન પાછો આવ્યો અને હેમને ઘણા આવકારથી અંદર જવાનું કહ્યું. મોટા દાદર ઉપર થઇને તે એક વિશાળ દિવાનખાનામાં ગયો.

ધનંજય તેના જેવા મોજીલા મિત્રો સાથે બેઠેલો હતો. હેમને આવતો જોઇને તે ઉઠયો અને તેને મળ્યો. મુખમલથી મઢેલા એક કોચ ઉપર બેસાડયો. હેમને આથી સંતોષ થયો. દિવાનખાનાનો ભપકો જોઇને

એ તો દિઙ્મૂઢ જ થઇ ગયો હતો. તેણે ઘણા યુરોપીઅનના ઘરનો ભપકો બહારથી જોયો હતો. વાઇસિરોયના મહેલના વિશાળ દરવાજા જોયા હતા પણ અંદર કદી ગયો નહોતો. મોટી વિલાયતી દુકાનોમાં કોઇ કોઇ વાર ડોકીયાં કર્યાં હતાં પણ આ દિવાનખાના જેવા ભપકાબંધ ઓરડામાં તેણે જન્મારામાં કદી પગ મુક્યો નહોતો.

ધનંજયના કેટલાક ટીખળી અને ચતુર મિત્રો તો ક્યારનાએ આવીને બેઠા હતા.

ધનંજયની જમણી બાજુએ સુમતિ નામનો એક યુવક ઝીણી કાળી કોરનું ધોતીઉં પહેરીને કાળી કોરનો દુપટો હોડી બેઠો હતો. એ કાંઇ ખાસ મોટો શેઠીઓ નહોતો. તોએ કલકત્તાના ઘણા શેઠીઆની સાથે જ્યારે ત્યારે જોવામાં આવતો. ઘણા શેઠીઆ પાસે તે પૈસા પડાવતો; તે પૈસાની લેણદેણમાં એક બાહોશ નાણાવટી ગણાતો. ખત અને હાથ દસ્કતની ચીઠીઓ ઉપર થોડા ઘણાને તે નાણાં ધીરતો તેમ જ મોટી મીલ્કત મળવાની વકી રાખનારા સગીર શેઠીઆઓને એની સલાહ ઉપયોગી થતી. આ સર્વ ગુપ્ત રહેતું પરંતુ એનાં ટીખળ અને મશ્કરી ઠઠ્ઠા જગજાહેર હતાં.

તેની પાસે જદુનાથ નામનો એક ગૃહસ્થ હતો એ બહુ જ વાતોડીઓ હતો. એ વકીલાત કરતો હતો અને વિલાયતી રીતભાત રાખતો હતો. તેથી કાંઇ ખાણું કે ઇવનીંગ પાર્ટી આપવી હોય તો સર્વ તેની સલાહ પૂછતા. વિલાયતી દારૂ વગેરેનો પરીક્ષક જોઇતો હોય તો તે હતો. એની બોલવાની છટા પણ બહુ હતી. સ્વદેશભક્તિ અને સ્વદેશી રીતભાત પાળવા ઉપર તેણે કલકત્તાના ટાઉન હૉલમાં અનેક ભાષણો આપ્યાં હતાં અને દરેક વખત શ્રોતાજનો તેના ભાષણનાં તાળીઓ પાડી વખાણ કરતા હતા. યુવાન, વૃદ્ધ, લગ્નના સંબંધ જોડી આપનાર સર્વને તે અનેક કાર્યમાં મદદ કરતો.

તેની પછવાડી હરિશંકર નામનો અસલી દેખાવનો માણસ દેશી કપડાં પહેરીને બેઠો હતો. ટુંકી બાંયનો સફેદ ડગલો તેણે પહેર્યો હતો અને ગજવામાં સોનાની સાંકળી વાળી ઘડીઆળ હતી. હરિશંકર અસલ વારાનો માણસ હતો અને તે પ્રમાણે ચલવાનો ડોળ બહુ જ કરતો. તેનું ઇંગ્રેજી જ્ઞાન કાંઇ ઘણું નહોતું પણ તે બહુ હોંશીઆર હતો. એની વ્યવહારકુશળતાની ફત્તેહ આગળ ભલભલા જુવાનીઆઓનું કાંઇ ચાલતું નહિં. તે ઓફીસમાં જતો ત્યારે એક મોટો લાંબો સફેદ ફેંટો માથે વીંટાળતો

અને અસલી હિંદુ લોકની ઢબ પ્રમાણે ઇંગ્રેજી ઉચ્ચાર કરતો. તે પોતાના દેશના રીતરિવાજોને ચુસ્તપણે વળગી રહેતો તેથી યુરોપીઅન ઉપરી અધિકારીઓનો બહુ માનીતો હતો. જુવાન મંડળને એની વર્તણુક યુરોપીઅન અધિકારીઓ આદર્શરૂપે દેખાડતા. હરિશંકર પાકો હતો અને જાણુતો હતો કે આ ઢોંગ કર્યાથી ફાયદો થશે અને થયું પણ તેમ જ. એના કરતાં વધારે ભણેલા અને હોંશીઆર માણસો કરતાં એને વધારે ઉંચી પાયરીએ ચઢાવ્યો હતો. અસલની રૂઢિનો આ સ્તંભ ઘેર આવી ભાઇબંધો સાથે બેસી દારૂના ગ્લાસ ગુપ્ત રીતે ઉઠાવતો અને પોતાની બડાઇની વાતો કરતો.

હરિશંકરની પાસે કર્મકર નામનો માણુસ બેઠો હતો એ બધી રીતે વિલાયતી રીતભાતનો હીમાયતી હતો. તે યુરોપ જઇ આવેલો હતો અને ઘણો જ ટચાક થઇ આવ્યો હતો. અસ્રીબંધ અક્કડ શર્ટ, નવી જ ફેશનનો કોટ અને નેકટાઇ અને આઇગ્લાસ વગર તો ડગલું ભરતો નહિં અને દારૂ પીવામાં તો કાંઇ બાકી જ નહોતો રાખતો. ઇંગ્રેજી ભાષાના ઉચ્ચાર તેના બહુ જ શુદ્ધ હતા અને સર્વે રીતભાત તદ્દન ઇંગ્લીશ હતી. તેના કરતાં ઓછા કેળવાએલા લોકો તેને જોઇને બહુ જ આશ્ચર્ય પામતા અને તેનાં વખાણ કરતા. ઉછરતા જુવાનીઆ તેને પગલે પગલે ચાલવાનો પ્રયત્ન કરતા અને એમ જાણુતા કે અમે બહુ કેળવાઇ ગયા છીએ.

હરિશંકરની બીજી બાજુએ દિગંબર અને વિશ્વંભર નામના મોટા વેપારીઓ બેઠા હતા. આ સર્વેની પછવાડી બીજા કેટલાએક લોક સફેદ વસ્ત્ર પહેરીને બેઠા હતા. ખુશબોદાર રસમય ફુલની આસપાસ જેમ મધમાખીઓ એકઠી થાય તેમ ધનંજયનો પૈસો ચુસી લેવાને તેની આસપાસ કેટલા લોકો એકઠા થતા. જગતમાં આવા દેખાવની ખોટ નથી.

આવી સભામાં હેમ ધનંજયને શું કહી શકે ? પહેલ વહેલાં તો એણે આ નવી વાડીનાં વખાણ કર્યાં. સર્વ સભાજન અલબત્ત તેમાં સામિલ થયા. ધનંજયે તેને નાચ થાય ત્યાં સુધી બેસવાનું કહ્યું. હેમે તાલપુખર અને ઉમાના બાપ વિષે કાંઇ વાત કરવાનો પ્રયત્ન કર્યો પણ ધનંજયને એ વાત કાંઇ પસંદ પડી નહિં. એને એમ લાગ્યું કે એ સર્વ ગરીબ સંબંધીની વાતથી હું મારા મિત્રો આગળ હલકો ગણાઇશ. વખત વીતી જતો હતો અને સર્વ અધીરા થવા લાગ્યા હતા. બીજા ઓરડામાંથી નાચનારી છોકરીઓના શણુગારનો અવાજ આવતો હતો. એક જણે વાજીંત્ર હાથમાં લીધું, બીજાએ દારૂની બાટલી તરફ દૃષ્ટિ કરી અને વળી

ત્રીજાએ ઘડીઆળ સામું જોવા માંડ્યું. હેમ સમજી ગયો તેથી તેણે ધનંજયની પાસે ઘેર જવાની રજા માગી.

મધરાત થઇ ગયા પછી તે ઘેર આવ્યો અને બિન્દુની સાથે બોલ્યા ચાલ્યા વગર સુઇ ગયો. એને બહુ જ દિલગીરી લાગી હતી. તે એટલી ઉંડી હતી કે તે તે વિશે કાંઇ બોલી શક્યો નહિં.

પ્રકરણ ૩ જું.

શૂન્ય ઘર.

બીજે દીવસે પ્રાતઃકાળમાં હેમચંદ્રને લાગ્યું કે કાલની મુલાકાતનુ કાંઇ પ્રયોજન થયું નહિં. તેણે વિચાર્યું કે મને લાગે છે કે દુઃખને સમયે સ્ત્રીઓ જ સ્ત્રીઓને સહાય થઇ શકે. હું સર્વ હકીકત બિન્દુને કહીશ પછી તેને યોગ્ય લાગશે તેમ કરશે.

બિન્દુએ તો જ્યારથી પતિને તે દિવસે જોયો ત્યારથી સમજી ગઇ હતી કે તે કાંઇ ઊંડી ચિંતામાં ગ્રસ્ત છે, તેથી તેણે પૂછી જોયું કે કાંઈ માઠા સમાચાર તો નથી આવ્યા? હેમે ગંભીર ચહેરે સર્વ હકીકત કહી અને છેવટ બોલ્યો, "ધનંજય હજી બાળક છે અને મૂર્ખ છે. બીજાનો દોરાએલો આડે માર્ગે ગયો છે. કલકત્તાના લુચ્ચામાં લુચ્ચા લોકો તેને ચુસી લેવાને તેની આસપાસ ભમે છે. મને તો લાગે છે કે એનો પૈસો કાંઇ ઝાઝી વાર પહોંચશે નહિં અને એની વહુ બહુ દુઃખી અને શૂન્ય જીંદગીને લીધે હીજરાઈ હીજરાઇને મરી જશે."

આ સર્વ હકીકત સાંભળીને બિન્દુની આંખમાં આંસુ સમાયાં રહેતાં નહોતાં, પણ એકદમ આંખ લુછી નાંખીને તે બોલી, "મને તો કે દિવસનું લાગ્યું હતું અને ઉમા એ તે સર્વ સમજી ગઇ છે."

"કલકત્તે આવી ત્યાર પહેલાં એને શી રીતે ખબર પડે?" હેમે પ્રશ્ન કર્યો.

"તે તો કોણ જાણે પણ ગમે તે રીતે એના વરની વર્તણુક વિષે એ ચેતી ગઇ હતી ખરી; પણ એ જરા શરમાળ અને થોડા બોલી છે

તેથી મનના દુઃખનો એક શબ્દ બહાર પાડતી નથી. એટલું જ કે તાલ-પુખરથી નીકળતી વખતે તે બહુ જ રડી હતી. તે વખતે અમને એમ લાગ્યું કે એને કાંઇ મનની વ્યથા બહુ જ હોવી જોઇએ."

"પણ આપણે તે કરીએ શું? મેં જોયું તેટલા ઉપરથી મને તો એમ જ લાગ્યું કે એ એક વર્ષમાં ધનંજયની દોલત બધી પુરી થશે. તેમ એનું શરીર પણ કાંઇ ઝાઝો વખત ટકી શકશે નહિં. તેથી ઉમાના નસીબમાં તો, સૌન્દર્ય અને જુવાની છતાં ભીખ જ માગવાનું રહેશે."

"તમે તો એ વર્ષ પછીની વાત કહો છો પણ હાલ તરતના દુઃખનો શો ઇલાજ? ઉમા જેવી સ્ત્રી એના ધણી તરફથી આવું અપમાન અને બેદરકારી શી રીતે સહન કરી શકે? એ તો ધનપુરમાં મોટા કુટુંબમાં સગાં સંબંધી સાથે રહેલી છે તેને અહીં કલકત્તામાં એકાંત અને નીરસ જીંદગી શી રીતે પસંદ પડે? એને છોકરાં એ નથી કે તેમાં મન પરોવાય. નથી કોઇ સગાં વહાલાં કે નથી કોઇ મિત્ર એની પાસે કે મનનો ઉભરો ખાલી કરે. તમે એને શહેરના ઘરમાં જઇને કેમ મળ્યા નહિં?"

"વાડીમાં આ પ્રકારનો રંગ જોયો ત્યાર પછી એને મળવા જવાની મારી છાતી ચાલી નહિં. તું એને જઇને મળ અને તારાથી જે થાય તે કરીને એને મદદ કર. ઇશ્વર એના સામું જુવે તો સારૂં."

તેજ દિવસે બપોરે જમ્યા પછી સુધાને છોકરાં સોંપીને બિન્દુ પડદાવાળી પાલખીમાં બેસીને ઉમાને મળવા ગઈ. સુધાને પણ એની સાથે જવાનું બહુ મન હતું. પણ બિન્દુએ કહ્યું, "આજ નહિં, વળી ફરી જઇશ ત્યારે લઈ જઇશ."

દરવાજામાં થઇને ઠેઠ ઘરની અંદર પાલખી ગઇ. ઉત્તર હિંદુસ્તાનમાં મુસલમાની રાજ્યનું જોર વિશેષ હતું તેથી ઉંચાં કુટુંબની હિંદુ સ્ત્રીઓમાં પણ પડદાનો ચાલ ઘણો દાખલ થએલો છે. પાલખીમાંથી ઉતરીને બિન્દુ દાદર ઉપર ચઢીને વિશાળ શયનખંડમાં દાખલ થઇ. ઉમા એકલી બેઠી બેઠી વાળ હોળતી હતી. તેને જોઇને બિન્દુને કંપારી છૂટી. જે સ્ત્રી પોતાની સુંદરતા માટે પ્રખ્યાત હતી તેના આ હાલ!

એની ચામડીનો રંગ પીળો ને ફીક્કો પડી ગયો હતો, આંખની આસપાસ કાળી રેખાઓ પડી ગઈ હતી; તેનાં હાડકાં બહાર નીકળ્યાં હતાં અને આખું શરીર હાડપિંજર જેવું થઇ ગયું હતું. ચાર મહિના ઉપર

તે ભર જુવાન અને ખુબસુરત દેખાતી હતી. આજે તે ચાળીસ વર્ષની માંદી સ્ત્રી જેવી દેખાતી હતી. ગળાની સોનાની કંઠી એને મોટી પડતી હતી અને પાતળાં કાંડાં ઉપર બંગડીઓ પણ ઢીલી પડતી હતી.

પગથીઆં ઉપર કોઇનો અવાજ આવ્યો તે સાંભળીને ઉમાએ ઉંચું જોયું. બિન્દુને જોઇને એના મોં ઉપર આનંદની રેખા જણાઇ અને તે તેને ધીરે રહીને ભેટી.

"આખરે બિન્દુ તું આવી ખરી! હું કેટલી વાર તને હમણાંની સંભારૂં છું. તું સારી તો છે ને? તારાં એ છોકરાં સારાં છે ને?"

ઉમાના ચહેરા ઉપરથી અને એની બોલવાની રીત ઉપરથી જ બિન્દુ સર્વ સમજી ગઇ. પોતાની દિલગીરી દાબી રાખીને તેણે જવાબ દીધો, "હા, બહેન, બધાં સારાં છે. ઉમા! તું સારી છે ને? તું આવી સુકાઇ કેમ ગઇ છે?"

"એ તો કાંઇ નહિં. અહીં પહેલ વહેલી આવી ત્યારે મારી તબીયત ઠીક નહોતી રહેતી પણ હવે તો ઠીક છે. હજી મને ઉધરસની જરા પીડા છે. મને લાગે છે કે અહીંની હવા મને માફક નથી આવતી. ધનપુરની ખુલ્લી હવા મને ઠીક પડતી હતી."

"તને ધનપુર જવાનું કે આપણે ગામ જવાનું મન નથી થતું? અમે નવરાત્રની પૂજા વખતે જવાનાં છીએ. તું નહિં આવે?"

"બહેન! હું કેમ કહી શકું? એ જો મને આવવા દે તો હું આવું."

"ત્યારે બહેન ઉમા! અહીં કોણ તારી સંભાળ લેશે? અમે તો બહુ દૂર રહીએ છીએ અને છોકરાં અને ઘર મૂકીને વારે વારે આવવું ફાવે નહિં; તને ઉધરસ સખત થઇ છે અને આવી ફીક્કી પડી ગઇ છે તે કોણ તને સંભાળે છે?"

"મને તપાસવાને રોજ એક દાક્તરને આવવાનો એમણે બંદોબસ્ત કર્યો છે, તે દરરોજ આવીને મને તપાસે છે ને તે કહે છે એમ હું દવા પીઉં છું."

"એ હશે; પણ તારી આ સ્થિતિમાં તો કોઇ અંગનું માણસ તારી પાસે રહેવું જોઇએ. તું કાકીને કેમ લખતી નથી? એમને લખે તો એ થોડા દિવસ અહીં આવીને રહેશે. પછી તને જરા શક્તિ આવે એટલે તને તાલપુખર એ લઇ જાય તો ત્યાં તને હવાફેરથી તરત ફાયદો થશે."

"પણ વળી માને નકામી ક્યાં હેરાન કરૂં ? દાક્તર મને તપાસે છે અને દવા આપે છે. નોકર ચાકર બધાં તહેનાતમાં હોય છે એટલે મને કાંઇ અગવડ પડતી નથી. તો પછી એને તેડાવીને શું કરવા એને ચિંતા કરાવું ?"

"બહેન ! નોકર ચાકર ને દાક્તર વગેરે સગવડ છે એ તો ખરૂં, પણ મંદવાડમાં તો મા હાથ ફેરવે તેથી અર્ધું દરદ મટી જાય. બહેન તારે ખરેખરી જરૂર છે. તારા વર કાંઇ નજર નથી રાખતા ?"

ઉમાએ ધીમે રહીને જવાબ દીધો, "હા બહેન, મારે જે જોઇએ છે તે એ આપે છે."

ઉમાના મનમાં જે ગભરામણ થતી હતી તે બિન્દુ ચેતી ગઇ. બિન્દુથી તે પોતાના દુઃખની વાત છુપાવવા માગતી હતી. શી રીતે વાત ઉપાડવી તેની બિન્દુને પણ કાંઇ સુઝ પડી નહિં. છેવટ તેનાથી ના રહેવાયું તેથી બોલી.

"ઉમા, જો મારૂં સાંભળ, કાકી થોડા દિવસ આવીને અહીં રહે તો ખરેખર તને ઠીક પડશે. સહુને દુઃખ ને દિલગીરીની વખતે અંગના સંબંધીને લીધે ઘણું આશ્વાસન મળે છે. ઉમા! તારૂં શરીર છેક ઘસાઇ ગયું છે. આમ વારે વારે ઉધરસ આવે છે તે કાંઇ ઠીક નહિં. તારે બરોબર સંભાળ લેવી જોઇએ. કાકીને આજેને આજે લખ, અથવા તું કહેતી હોય તો હું ઘેર જઇને લખું. વહાલી બહેન ! થોડા મહિનામાં તારા ચહેરામાં કેટલો ફેરફાર થયો છે !" એમ કહીને તેને માથે હાથ ફેરવ્યો અને તેને છાતી સરસી દાબી.

શરમ કેવી રીતે તોડવી તે સ્ત્રીઓ જ બરોબર સમજી શકે. ઉમાને આ સ્નેહની અસર થઈ. સ્નેહનો એક પણ શબ્દ તેણે ઘણે વખતે સાંભળ્યો. તેથી તેનું અંતઃકરણ ભરાઇ ગયું અને આંખમાં આંસુ આવી ગયાં.

"બહેન ! તું તો અસલથી જ મારા ઉપર બહુ સ્નેહ રાખે છે તે હું બરોબર જાણું છું," આટલું જ તે બોલી શકી. એટલું બોલીને તેણે લૂગડાના છેડાથી આંસુ લુછી નાંખ્યાં.

"ઉમા ! શું તારો સ્નેહ મારા ઉપર નહોતો ? અને હજી શું તું કાંઇ બદલાઈ ગઇ છે ?"

"બહેન, એમ તે કહેવાય ? જીવતા સુધી હું તને ભૂલવાની નથી."

"બહેન, ત્યારે તું તારા મનનું દુઃખ મારી આગળ શું કરવા સંતાડે છે? હું કાંઇ બધું સમજતી નથી એમ છે? હું શું નથી જાણતી કે તારી સર્વ આશા ઉમેદોનો ભંગ થઇ ગયો છે અને નિરાશા સિવાય હવે તારે કાંઇ રહ્યું નથી. તને યાદ છે કે જ્યારે તારા વરનો સંપૂર્ણ પ્રેમ તારા ઉપર હતો ત્યારે તું મને એના વિષે સર્વ વાત કહેતી હતી. એ સર્વમાંનું હવે કાંઇ રહ્યું નથી, એ શું હું સમજતી નથી કે? છતાં સર્વ હકીકત ગુપ્ત રાખવાનો તું પ્રયત્ન કરે છે? આપણી વચ્ચે એવી જુદાઇ શું કરવા તું રાખે છે?"

ઉમાથી વધારે વખત સહન થઇ શક્યું નહિં. આવા સ્નેહના શબ્દ આગળ તેની શરમ જતી રહી. તે બિન્દુની છાતી ઉપર માથું દાબી દઇને રડવા લાગી.

પછી તેણે ઊંચું જોઇને કહ્યું, "બહેન બિન્દુ, મેં એક પણ વાત તારાથી ગુપ્ત રાખી નથી, તેમ રાખીશ પણ નહિં. પણ આજ મને જવા દે. હું કોઇ બીજે વખતે કહીશ."

"ના ઉમા બહેન, આજ જ બધું કહી દે. જો આપણું દુઃખ આપણા મનમાં શમાવવા જઇએ તો આપણું શરીર ક્ષીણ થઇ જાય. મનનો ઉભરો સ્નેહી આગળ કહાડયાથી અર્ધું દુઃખ ઓછું થઇ જાય છે."

"બહેન બિન્દુ! હું કાંઇ ગુપ્ત રાખતી જ નથી અને રાખવાનું કાંઇ છે પણ નહિં."

"હું તો ઉમા તને એટલું જ પૂછું છું કે તારી આ નબળી સ્થિતિમાં જેટલી ખાતરદારી કરવી જોઇએ તેટલી તારા વર કરે છે કે નહિં?"

"મને જેની જરૂર પડે છે તે સર્વ તે પૂરી પાડે છે. મારી બરોબર સારવાર કરવાને દાક્તરને રોજ બોલાવે છે."

"બહેન મને તે કાંઇ તું મરદ સમજે છે તે આવો જવાબ દઇને મારૂં મોં બંધ કરવા માગે છે? લુગડાં લત્તાં ને ખાવાપીવાનું ને દાક્તરી સારવાર એટલાની જ શું આપણા વર પાસે આપણે આશા રાખીએ છીએ? ઉમા, મેં કાંઇ તને એ પૂછ્યું નહોતું. હું તો એટલું જ પૂછું છું કે તારો વર પહેલાં જેટલો ભાવ રાખે છે કે નહિં? આથી વધારે સ્પષ્ટ કહેવાની જરૂર છે? પતિનો પ્રેમ જે સૌથી કીંમતી ધન છે, ગરીબ માણસનું જે આશ્રયસ્થાન છે, સ્ત્રીના જીવનનો મોટો આનંદ છે, એવો પતિનો પ્રેમ તારે છે?"

ઉમાથી જવાબ દેવાયો નહિં. તેણે મૂગે મોંએ માથું હલાવ્યું અને બિન્દુની છાતીમાં મોં ઢાંકી દીધું.

બિન્દુનો ચહેરો ગંભીર થઈ ગયો. તેણે ધીમેથી કહ્યું, "પણ ઉમા! એવું તે કાંઇ ચાલે? તારા વરને તારો પોતાનો કરી રાખવાને તારાથી બને તેટલું તેં કર્યું હતું?"

"બહેન! ઈશ્વર મારો સાક્ષી છે. હજી પણ મારો પ્રેમ જેવોને તેવો જ છે. એ મારા તરફ એકવાર પ્રેમની દૃષ્ટિ કરે તે માટે હું કેટલી આતુર રહું છું! પણ મને લાગે છે કે એ મારાથી કંટાળ્યા છે." એ છેલ્લા બોલમાં અત્યંત કડવાશ હતી.

"ઉમા! તારો પ્રેમ તો કાયમ હશેસ્તો. તે તો હું બરોબર જાણું છું. હું તારો સ્વભાવ નાનપણથી સારી રીતે ઓળખું છું અને મારી ખાત્રી છે કે જીવન પર્યંત એ બદલાવાનો નથી. પણ એકલો પ્રેમ બસ નથી. સ્ત્રી પાસેથી પ્રેમ ઉપરાંત માણસ વધારેની આશા રાખે છે. મારા મનમાં જે વાત છે તે હું તને મારી સગી બહેન જાણીને કહી દઉં છું. પતિને ખુશ કરવા માટે સ્ત્રીનાં અનેક કર્તવ્ય અને કળા કૌશલ્ય જોઇએ છે."

"બિન્દુ, મને કહે હું સાંભળીશ."

"તું બધું એ જાણે છે. મારે કાંઇ નવું કહેવાનું નથી. સ્ત્રી જાતિને એ માટે સ્વાભાવિક બુદ્ધિ જ હોય છે. આપણો પતિ આપણો જીવન્મિત્ર છે, તેથી તેને ખુશ કરવાને ઘરમાં હમેશ આનંદ અને ઉત્સાહ રાખવો. ક્રોધની વખતે સહનશીલતા રાખવી જોઇએ. આકળપણુ વખતે ક્ષમાબુદ્ધિ આવશ્યક છે. રોજના વ્યવહારમાં એને કાંઇ પણ તરેહનું માઠું ના આવે માટે સુશીલ થવું જોઇએ. જો એટલા સદ્ગુણ શીખીશું તો આપણી જીંદગી ખુશી આનંદમાં જશે. નહિં તો જીંદગી અકારી થઇ જશે. બહેન, મને ગરીબાઇમાં જેટલો અનુભવ મળ્યો છે તેટલો તને આ સ્થિતિમાં નહિં મળ્યો હોય. મેં જોયું છે કે ઘણા સદ્વર્તનશાળી પુરુષો અને મહા પવિત્ર સ્ત્રીઓ પરસ્પર અત્યંત સ્નેહ રાખવા છતાં પોતાનાં જીવન દુઃખદાયક કરે છે અને તેથી તેમના લગ્નનું પ્રયોજન નિષ્ફળ જાય છે. તેમનાં ઘર સ્મશાન ભૂમિ જેવાં શૂન્ય થઇ જાય છે. બંને પક્ષ તરફ જો ક્ષમાબુદ્ધિ હોય તો અનેક માઠાં પરિણામ અટકે. જો વેળાસર ચેતે તો કાંઇકે ઉપાય થાય, બાકી વાત ઘણી વધી ગયા પછી તો દુઃખના જ દિવસ કહાડવાના."

"બિન્દુ ! તું કહે છે તે ખરે જ સત્ય છે. સંસારમાં ઘણાના ગૃહસ્થાશ્રમ નીરસ, શૂન્ય સ્મશાનવત્ હોય છે. આપણે બાળકપણમાં રામ, સીતા, સાવિત્રી અને સત્યવાનના પ્રેમની વાતો વાંચીએ છીએ ને સાંભળીએ છીએ; તે વખતે તો આપણને એમ જ લાગે છે કે સંસારમાં સ્રીપુરૂષ, સુખ અને દુ:ખ સર્વ પ્રસંગે સંયુક્ત રહીને જ ભોગવે છે. જેમ મોટાં થતાં જઇએ છીએ તેમ સત્ય રહસ્ય આપણને માલૂમ પડે છે ત્યારે આપણા સર્વ સ્વપ્નવત્ ખ્યાલનો નાશ થાય છે અને આપણી આંખ ઉઘડે છે. જ્યાં આપણે આનંદ અને શાંતિની જ માત્ર આશા રાખીએ ત્યાં અખંડ પ્રયાસ કરવાનો માલૂમ પડ્યાથી આપણને કંપારી છુટે છે. પુરુષ અને સ્રી ક્ષણિક સુખ, વૈભવ અને માંહોમાંહે સ્વતંત્રતા માટે નિરંતર પ્રયાસ કર્યા કરે છે તે જોઇને આપણે કંટાળી જઇએ છીએ. સ્નેહના બદલામાં કઠોરતા મળે છે, સ્વાર્થ નિ:સ્વાર્થને હણે છે અને જેમ વખત જાય છે તેમ આ પ્રયાસ વધતો જાય છે અને છેવટ બેમાંથી એક જણ મૃત્યુને વશ થાય છે ત્યારે જ તે બંધ પડે છે. પછી મરનારની પછવાડી કલ્પાંત કરવાનું શરૂ થાય છે અને તેના વખાણનાં ગીતો ગવાય છે. જો જીવતાં એના સોમા હીસ્સાની પણ લાગણી બતાવી હોય તો બિચારાંનાં ભાગ્ય. સંસારનું ખરૂં ચિત્ર તો આ જ છે. જો કે આપણા અસલના ભાટચારણો અને હાલના કથાકારો આવું ચિત્ર કદી વર્ણવતા નથી. બેશક ખરૂં ચિત્ર રમણીય તો હોતું નથી જ."

"વ્હાલી ઉમા ! તારા શબ્દોથી મને આશ્ચર્ય લાગે છે. મેં કહ્યું તેનો તું ઊંધો અર્થ લે છે. સંસારમાં ઘણાં ઘરમાં ક્લેશ કજીઆ અને સંતાપ હોય છે એ ખરૂં, પણ એ કાંઇ સાધારણ નિયમ નથી. એ અપવાદ રૂપ છે. સ્રીપુરૂષ કોઇ સંપૂર્ણ તો હોતાં જ નથી, છતાં તેઓને પરસ્પર સહાયભૂત થવાનું છે અને ઘણી અપૂર્ણતા છતાં તેઓ ક્ષમા અને સહનશીલતા પ્રમાણે વર્તી પોતાનું કાર્ય કરે છે. તને બહુ સંતાપ વીતેલો છે તેથી તેં સંસારમાં તિમિરની જ બાજુ જોઇ છે. તું આ પ્રમાણે બોલે છે તેથી મારો જીવ જતો રહે છે. તું શું બોલે છે તેની કાંઇ મને બરોબર સમજણ નથી પડતી."

"બહેન બિન્દુ ! તને એવી વાત સમજવાનો વખત પરમેશ્વર ના આપે. પવિત્ર ઉદાર હૃદયના પતિની તારા જેવી પતિભક્ત સ્રી સંસારના તિમિરની વાત સમજી શકે એ અસંભવિત છે. તાલપુખરનું તારૂં નાનું સરખું ઘર સ્નેહકુટીર છે તે સદા એવી જ રહો. મારા નસીબમાં એવું નથી. મારામાં જન્મથી ભક્તિ કે એકનિષ્ઠા નહોતી. તેમ જ મારો પતિ કાંઈ સાધુ પુરુષ

નથી. બહેન બિન્દુ ! અમારા જીવનમાં બહુ ઊંડી દૃષ્ટિ કરીને જોઇશ નહિં. અમે આ સંસારનો દાવ શરૂ કર્યો હતો અને તેમાં હાર્યાં છીએ."

"પણ બહેન ઉમા, તું હજી નથી હારી." બિન્દુએ અત્યંત સ્નેહના ઉમળકાથી કહ્યું, "વીસ વર્ષની જુવાન છોકરી પૈસે ટકે ઘરબારે આવી સુખી છતાં માત્ર પોતાના પતિએ ભૂલ કરી માટે સર્વ આશા છોડી દઇને ગભરાઇ જાય એ મને તો જરા ગમતું નથી. કોઇ પણ સ્ત્રી પતિભક્તિ અને અખંડ સ્નેહથી નિઃસંશય પોતાના ઘરને સુખી કરી શકે."

"એમ આપણા ધણી કહે છે, એમ ધારીને કે એમ બોલ્યાથી કદાપિ આપણી પ્રેમવૃત્તિ દેખી તેમને ઇચ્છા થાય તો આપણને લાડ લડાવી શકે અને મરજીમાં આવે ત્યારે કૂતરા પેઠે લાત મારી કહાડે."

ઉમાના અંતઃકરણમાં ઊંડો ઘા હતો તેથી દરેક શબ્દ તે કડવો ઝેર જેવો બોલતી. તેના મનની વાત કહાવી તેથી બિન્દુ બિચારી ઉલટી દિલગીર થઇ. કારણ કે ઉમા જરા મીંઢી હતી એટલે પોતાની મેળે કદી પણ પોતાના મનની વાત બહાર કહાડત નહિં. ક્ષણવાર બિન્દુ ચુપ રહી પણ એને દૃઢ શ્રદ્ધા હતી અને એનો પ્રેમ પણ તેવો જ દૃઢ હતો. અને તેથી જ તે પોતાની આ સખી અને બહેનને આમ નિરાશામાં મુકીને જતી રહી નહિં. તે ઉમાની વધારે પાસે આવી, તેને છાતી સરસી દાબી અને માથે હાથ ફેરવીને ધીમેથી બોલી. ઉમાને આની અસર થઇ. તેની છાતી ઉપર માથું ઢાળી દઇને, ઉમા રોવા કકળવાથી થાકી ગઇ હતી તે શાંત થઇ.

બિન્દુ બોલી, "મારી વ્હાલી ઉમા ! તું આમ ના બોલ. કારણ કે તું એમ બોલે છે તે મારાથી સહન થઈ શકતું નથી. સંતાપ, દુઃખ તો સર્વને માથે પડે. આપણે તેની સામે થઇને ગમે તેવી સ્થિતિમાં તેમના ઉપર જય મેળવવાનો પ્રયત્ન કરવો એ જ આપણું કર્ત્તવ્ય છે. અસલના વખતમાં આપણે સર્વ સંયુક્ત કુટુંબમાં રહેતાં હતાં. છોકરાઓ પોતાની સર્વ કમાણી લાવીને બાપને આપતા. વહુવારૂ સાસુનું કહેલું સર્વ ઘરનું કામકાજ કરતી, અને માબાપની આજ્ઞામાં દરેક જણ રહેતાં. હવે સર્વ સ્વતંત્ર ઘર પસંદ કરે છે. લગ્ન પછી તરત પુરુષ અને સ્ત્રી જૂદું ઘર માંડવાનો પ્રયત્ન કરે છે. ભાઇઓ ભાઇ પણ જૂદા રહે છે. કદાપિ તેઓ સારા હેતુથી એમ કરતાં હશે. પરંતુ જૂદાં ઘર માંડવામાં પુરુષ અને સ્ત્રી બન્નેને માથે બહુ જ જવાબદારી રહે છે. સ્ત્રીને નવી વાતો શીખવાની હોય છે, તેનો આપણે અભ્યાસ કરતાં નથી. અને તેથી જ જ્યાં સ્નેહ જોઇએ ત્યાં ક્લેશ

હોય છે, શાન્તિ જોઇએ ત્યાં અસ્વસ્થતા માલૂમ પડે છે. ખરૂં પૂછાવો તો સર્વ દુઃખનું મૂળ આપણી પોતાની અણસમજ હોય છે."

"બહેન બિન્દુ, મને ઘણીવાર વિચાર કરતાં લાગે છે કે આપણી અસલની સંયુક્ત કુટુંબની રીત બહુ સારી હતી. એથી જુવાન છોકરાઓ કાબુમાં રહી શકતા હતા અને નાની વહુઓને કામકાજ આવડતું હતું."

"બહેન આપણે સ્ત્રી જાત કહેવાઇએ તે એવી એવી વાતોમાં શું સમજીએ? એ કહે છે કે આખી દુનીઆમાં અસલની રહેણી કરણીમાં ફેરફાર થયો છે અને થાય છે. અર્વાચીન પદ્ધતિથી સ્ત્રીપુરૂષ બન્નેને જોખમદારીનું ભાન આવે છે અને તેથી વ્યવહારમાં તેઓ વધારે કુશળ થાય છે. આપણા દેશમાં ઘણા લોકો કુટુંબનાં સર્વ બંધન તોડી નાંખીને કાંઇ લોકોપયોગી કાર્યમાં પ્રવૃત્ત થાય છે, અથવા તો ઇશ્વિરભક્તિમાં કાળ નિર્ગમન:કરે છે."

"જે પરમાત્માની સેવામાં કાળ નિર્ગમન કરે છે તે ખરેખર સુખી હોવાં જોઇએ. આપણા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે એવા લોકો સદા આનંદમાં રહે છે. તેઓ સર્વ વ્યવહારિક બંધનમાંથી મુક્ત થઇને સર્વ લોકોનું કલ્યાણ કરીને અંતકાળે પૂર્ણ શાંતિથી પોતાનો પવિત્ર આત્મા ઇશ્વિરને સ્વાધીન કરે છે. ઘણીવાર એવા સંન્યાસીઓ અને સંન્યાસિનીઓ ભગવાં વસ્ત્ર પહેરીને ધનપુરમાં અમારે ઘેર આવતાં હતાં. તેમને ઘણીએ વાર મેં અન્નપાણી આપીને તેમની પૂજા કરી છે; તેમની બધી જાત્રાઓનાં વર્ણન સાંભળ્યાં છે. જેને અંતઃકરણનો સંતાપ હોય તેમને જ માટે આપણા વડીલોએ એ રસ્તો કહાડ્યો હશે. મને એવા પ્રકારની શાંતિ મળે તો કહો તેટલું પુણ્યદાન કરૂં."

"એમનું જીવન ઘણું ઉન્નત છે એ વાત ખરી ઉમા, પણ સર્વથી એવી રીતે કાંઇ રહેવાય નહિં. આપણે પણ આપણે લાયક કર્ત્તવ્ય બજાવવાનાં છે. એ કર્ત્તવ્ય બજાવીને જ આપણે ઇશ્વિરને પ્રસન્ન કરવાનો છે. ભગવાન મોટાં નાનાં સર્વનાં કાર્ય જુવે છે. એમ છેવટ જ્યારે આપણું આયુષ્ય પુરૂં થાય છે ત્યારે આપણી શક્તિ પ્રમાણે જે સત્કર્મ કર્યાં હોય છે તેનો સંતોષ થાય છે. એ જ આપણા જીવનનું સાર્થક્યછે."

ઉમાએ ઉપકારવૃત્તિથી ઉંચું જોઇને કહ્યું, "બહેન બિન્દુ, તારા શબ્દ અમૃત જેવા મને લાગે છે. હું બાળક હતી ત્યારે પણ હું તારા બો-

લથી ખુશ થતી હતી. અને હવે મોટી થઇ ત્યારે પણ તારા શબ્દોથી મને આશ્વાસન મળે છે. બહેન બિન્દુ, હું તો મૂર્ખ તામસી બાળક છું, મને મારાં કર્ત્તવ્ય સમજાવ, અને તારા સ્નેહને પાત્ર થવાને મને યોગ્ય કર."

"બહેન! તું જો એમ કહેતી હોય તો તું તને પોતાને ઓળખતી જ નથી. તારા જેટલો પૈસો અને સત્તા હોય તે તો ભાગ્યે જ પોતાનાં ગરીબ સગાંસંબંધી સાથે તારા જેટલો સ્નેહ રાખે. તારા જેવું સત્યપૂર્ણ અને સ્નેહી હૃદય તો જરૂર સર્વ પરિતાપ સામે વિજયી થાય. હાલના તારા દુઃખ સામે બાથ ભીડવાનો પ્રયાસ કર, અને શ્રદ્ધાળુ અને ક્ષમાશીલ થઇને ધીરજ રાખીશ તો હજી તું બહુ સુખ જોઇશ."

ઉમાના ફીક્કા હોઠ ઉપર મંદ સ્મિત પ્રકાશ્યું. પણ તે કાંઇ બોલી નહિં. બહારના દરવાજા આગળ કાંઇ ગાડીનો અને ચાકર નફરનો ખખડાટ થયો. એનું કારણ, ઉમા દુઃખદાયક અનુભવથી સમજી ગઇ. તેણે બિન્દુના મોં સામું જોઇને ધીમા ધ્રુજતા અવાજથી કહ્યું, "બહેન, આ જાળીમાંથી તું જોઇશ તો અમારા સુખી સંસારનો કાંઇક ખ્યાલ તને આવશે."

બિન્દુએ જે દેખાવ આંખે જોયો તે તેનું મન કબુલ કરી શકતું નહોતું. ધનંજય વાડીએથી ઘેર આવ્યો હતો. તેના લૂગડાં અસ્તવ્યસ્ત થઇ ગએલાં હતાં, અને તે નિશો કર્યાથી બેશુદ્ધ થયો હતો, તેથી તેના નોકરોએ તેને ઊંચકીને ઉપર લઇ જઇને પથારીમાં સુવાડી દીધો.

અશ્રુપૂર્ણ આંખે બિન્દુ ઉમા આગળ પાછી આવી, અને તેને છાતી સરસી ચાંપીને કહ્યું, "ઉમા! સ્ત્રીથી સહન થાય તે કરતાં હદપાર પીડા અને સંતાપ તેં ભોગવ્યાં છે. આટલા મહિનામાં તારો ચહેરો બદલાઇ ગયો છે, તું ફીક્કી પડી ગઇ છે ને તારૂં શરીર તદ્દન સુકાઇ ગયું છે. છતાં બહેન! તું અકળાઇશ નહિં અને ગુસ્સે ના થઇશ. મુગે મોંએ સર્વ આપદા તું સહેજે, હજી તેને ખુશ કરવાને અને તેને ખરે રસ્તે દોરવાને પ્રયત્ન જારી રાખજે. એનાથી વધારે દુર્વ્યસની માણસોએ પોતાના દુરાચાર છોડી દીધા સાંભળ્યા છે, અને સ્નેહ અને સત્યને રસ્તે પાછા ચઢયા છે. તારાં સર્વ દુઃખ દૂર કરવાને હું પણ કૃપાળુ પરમેશ્વરની પ્રાર્થના કરીશ. એની સહાયતા હશે તો જ કાંઇ આશા પડશે."

"અથવા મૃત્યુથી કાંઇ વળશે." એટલા શબ્દ ઉમા ધીમે રહીને પોતાના મનમાં બોલી, અને બિન્દુ અશ્રુપૂર્ણ આંખે તેને દુઃખના સાગરમાં મૂકીને ગઇ.

પ્રકરણ ૪ થું.

શરદુત્સવ.

શરદુત્સવ પાસે આવ્યો છે. સર્વ ઠેકાણે આનંદોત્સવ થતો જોવામાં આવે છે. સ્ત્રી, પુરૂષ, બાળકો સર્વને માટે નવાં નવાં કપડાં શીવડાવાય છે. નિશાળો અને કચેરીઓમાં રજા પડી છે. જે ઘરમાં પૂજા મંડાય છે, ત્યાં જાત્રાનાં નાટક કરવામાં આવે છે. હોંશીઆર કુંભારો અને કારીગરો યુદ્ધની દેવી દુર્ગા માતાની રંગબેરંગી અસંખ્ય મૂર્તિઓ બનાવે છે.

દરેક ઘરમાં વૃદ્ધ તેમજ જુવાન સ્ત્રીઓ પુષ્કળ કામમાં ગુંથાએલી હોય છે. જમાઇઓને આપવા માટે લૂગડાં, અને મીઠાઇ તૈયાર કરવા માંડે છે. જુવાન સ્ત્રીઓ પરદેશ રહેતા પતિની રજામાં આવવાની ચાતકની માફક રાહ જુવે છે. 'એમને આ ફેરી રજા મળશે કે નહિં?' 'એમના યુરોપીયન અધિકારીઓ આવવા દેશે કે નહિં?' 'મારા જેવી વિયોગિનીનો મનમાં વિચાર પણ લાવશે કે નહિં?'—એવા એવા અનેક તર્કવિતર્ક સ્ત્રીઓ કરે છે.

પૈસાદાર વર્ગ આ ઉત્સવ વખતે પુષ્કળ મોજશોખ ભોગવે છે. હોડીમાં બેસીને નદી ઉપર ફરવા અસંખ્ય શોખીલા લોકો નીકળી પડે છે. નાટક, નાચ અને સંગીત વગેરેના મેળાવડા થાય છે.

શહેર કરતાં ગામડામાં વધારે આનંદ જોવામાં આવે છે. ખેડુતો પોતપોતાનાં ખેતરોમાંથી ડાંગર વગેરે જે ધાન પાક્યું હોય છે તેની કાપણી કરી લે છે. સરકારી મહેસુલ તથા શાહુકારનું દેવું ભરી દે છે અને ઘરમાં અનાજ ભરે છે. ખેડુતોનાં બૈરાં થોડાક દાણા છાનામાના જૂદા કહાડીને પોતાના હાથને માટે બંગડીઓ, ફાડીઆં, કોરણીવાળાં લૂગડાં વગેરે વેચાતાં લે છે. પોતપોતાની ગુંજાસ પ્રમાણે સર્વ કોઈ આનંદ પ્રદર્શિત કરે છે. આ દેશના ગરીબ વર્ગ જેવી કસરવાળી અને સંતોષી પ્રજા દુનીઆમાં બીજે કોઇ ઠેકાણે નથી.

વર્ષા ઋતુ પૂરી થઇ છે. પવિત્ર સ્નાન કર્યું હોય તેવી પૃથ્વી લીલી અને તાજી દેખાય છે. શરદનો ચંદ્ર પૂર્ણ પ્રભાથી પ્રકાશવા માંડ્યો છે. તાપ પડવો બંધ થઇ રમણીય શીતળ હવા થઇ છે. ઉત્સવ અને આનંદ યોગ્ય સર્વ ભાસે છે. ખેતીનું કામ સમાપ્ત થયું છે. શરદુત્સવ તે માત્ર પાક ઉતારવાનો સમય મહત્ત્વનો ગણાઈ થએલો છે. સિંહ રાશિ

પાછળ કન્યા રાશિ આ વખતમાં આવે છે, તે પરથી સિંહાસનવાળી દેવીની કલ્પનાની ઉત્પત્તિ થઇ છે અને તેની પૂજા થાય છે.

આ ઉત્સવના દિવસોમાં એ ઉમાના મનમાં જરા પણ ખુશી નહોતી. પતિની બેદરકારી અને તેની ક્રૂર વર્તણુકથી તેની સર્વ આશાનો ભંગ થયો હતો, અને અંતઃકરણમાં નિરાશા જડમૂળ ઘાલીને પેઠી હતી. ધનંજય પણ જ્યારે તેની તરફ દૃષ્ટિ કરતો ત્યારે તેની આંખમાં શરમ માલૂમ પડતી, અને તેનાથી આંખ ઉંચી કરી શકાતી નહોતી. એટલું તો કહેવું જોઇએ કે એણે ઘણી વાર પોતાનાં દુર્વ્યસન છોડી દેવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેનું મન દૃઢ નહોતું, તેમ તે બહુ ભોળો હતો. ઘણાં વર્ષથી કુટેવ પડી ગઇ હતી, અને વારે ઘડીએ મિત્રો આવી આવીને તેને ફસાવતા હતા. દિવસે દિવસે તે વધારે દુર્વ્યસની થતો ગયો. પરંતુ તેને પોતાની સ્ત્રીની લાગણી દુભાવવાની સહેજ કાળજી હતી તેથી તેણે અંદરના ઓરડામાં આવવાનું તદ્દન બંધ કરી દીધું હતું.

ઉમા પોતાના દુઃખની વાત કોઇને કહેતી નહિં, તેમ જ કોઇનો વાંક પણ કહાડતી નહિં. જે વખતે બિન્દુ તેના દુઃખને લીધે દિલગીર થઇને રડતી હતી ત્યારે પણ ઉમાના મોં ઉપર એક વિચિત્ર પ્રકારનું મંદ સ્મિત હતું અને તે સામી બિન્દુને ધીરજ આપતી હતી. નિત્યનિયમ પ્રમાણે તે ઘરનું કામકાજ કરતી હતી, અને બિન્દુની સાથે ખુશીથી વાતો કરતી હતી. તે ઉપરાંત ઘણીવાર તે પોતાને હાથે નવી નવી તરેહનાં ખાવાનાં કરીને જો કે પતિનો પ્રેમ તદ્દન નાશ પામ્યો હતો છતાં, તેને માટે બહારના દિવાનખાનામાં મોકલતી.

શરતે બિન્દુને ઘેર આવવાનું બંધ કર્યું હતું. બિન્દુ તો એને ઘણીવાર તેડવા મોકલતી. રોજ સાંજરે બિન્દુનો માણસ તેને ઘેર કાંઇ કાંઇ ખાવાનું લઇ જતો. કોઇ દિવસ કાંઇ શરબત, નહિં તો કાંઇ નવી તરેહની દાળ, કે શેરડી કે પપૈયા, કે અનનાસ, કે શીંગોડાં ઇત્યાદિ જતું. નોકરો મારફત એને તરત માલૂમ પડયું કે આ વસ્તુઓ સુધા પોતાના નાજુક હાથે કરીને મોકલતી હતી. તેણે નોકરને કહ્યું કે, ‘હવે ફરીથી તું કાંઇ લાવીશ નહિં, મારા જેવા માટે કોઇએ શા માટે તસ્દી લેવી જોઇએ ?” આમ બોલતો ખરો પણ જે ખાવાનું આવતું તે એ સ્વાદથી ખાતો હતો અને તે નોકર તેનો વિચાર પારખી ગયો હતો તેથી તે ખાવાનું લાવ્યા કરતો હતો.

આ પ્રમાણે થોડા દિવસ વીતી ગયા. છેવટ પૂજાના દિવસ આવી પહોંચ્યા. ભવાનીપુરમાં દેવીપ્રસન્નના ઘરમાં મોટો ઉત્સવ થઇ રહ્યો હતો. દુર્ગા માતાની એક મોટી મૂર્તિ કરવામાં આવી હતી. રાતદિવસ ગાયન ચાલતું હતું, અને જાત્રાનાં નાટક જોવાને હજારો લોકો એકઠા થતા હતા. દેવીપ્રસન્નની વહુએ જાત્રા નિમિત્તે ત્રણ રાતનું જાગરણ કર્યું હતું. તે એક પડદાની પાછળ ઓટલા ઉપર બેસી રહેતી હતી. એની આસપાસ પાડોશની ઘણી સ્ત્રીઓ ગાયન સાંભળવા અને નાટક જોવા બેસતી હતી. રાધા, કૃષ્ણની રસિક વાતનાં નાટક થતાં હતાં અને ગાયનોની ચુંટણી પણ બહુ સારી હતી. સ્ત્રીઓની સાથે બાળકો તો હોય જ. સર્વે આખી રાત બેસીને પાનનાં બીડાં ચાવત હતાં અને પૂર્ણ રસથી કથા સાંભળતાં. પ્રેમવ્યથિત રાધા પ્રેમમૂર્તિ કપટી કૃષ્ણના વિરહ સમયે ગાતી તે દેખાવ આવતો ત્યારે સ્ત્રીઓ આંસુ પાડતી.

બિન્દુ દેવીપ્રસન્નની વહુના આમંત્રણનો ઇનકાર કરી શકી નહિં. એક રાત્રે તે પોતાનાં બે છોકરાંને સુધાને સોંપીને રાધા કૃષ્ણની જાત્રા (નાટક) જોવાને ગઇ. સહવાર પડતાં તે ઘેર આવીને હેમને કહેવા લાગી, "આજનો ખેલ ખરેખર બહુ સારો હતો. તેમાં જ્યાં કૃષ્ણ રાધાનો ગુસ્સો શમાવે છે તે દેખાવ તો બહુ જ રસિક હતો. તમે કોઇ દિવસ જોવા કેમ નથી જતા ?"

હેમે કહ્યું, "નારે, મને મારી રાધાને સાંત્વન આપતાં જુવાનીમાં બહુ વીત્યું છે, ફરીથી અનુભવ લેવાની ઇચ્છા નથી."

પતિનું મોં ઢાંકી દઇને બિન્દુ બોલી. "ખોટું બોલશો નહિં. મારા ઉપર જૂઠો આરોપ મુકીને પાપમાં ના પડશો."

છેવટ વિજયા દશમી આવી પહોંચી, સર્વેને ઘેર મોટો ઉત્સવ કરવામાં આવ્યો. ઘરમાં, શેરીએ નદીના ઘાટ ઉપર, બજારમાં સર્વ ઠેકાણે ગાયન થતાં હતાં. રસ્તામાં લોકોની પુષ્કળ ઠઠ હતી. ગરીબમાં ગરીબ માણસે પણ નવાં વસ્ત્ર પહેર્યાં હતાં. પૈસાદાર લોકોના ભપકાની તો કાંઇ વાત જ ના થાય. માતાની મૂર્તિને મોટી સ્વારી ચઢાવીને લઇ જતા હતા. સંધ્યાકાળ થવા આવી ત્યારે તો સ્વારીમાં મોટી મોટી મશાલો અને રંગરંગીન દીવાઓ સળગાવવામાં આવ્યા. મૂર્તિને નદીમાં ડુબાડયા પછી સર્વ સગાંસબંધી એક એકને મળવા જતાં હતાં. કુટુંબનાં સર્વ માણસો સ્નેહથી એકએકને ભેટતાં. બાળક વહુઓ પણ લાજ કહાડીને સાસુ સસરા

સર્વને મળતાં અને નમસ્કાર કરતાં. વડીલ વર્ગ બાળક વર્ગને અનેક પ્રકારના આશીર્વાદ દેતાં. આ આનંદજનક ચાલ પૂર્વના દેશોમાં જ પ્રચલિત છે. આ પ્રસંગે કુટુંબમાં જે કાંઇ અદેખાઇ કે દ્વેષભાવ હોય તે ભૂલી જવાતો. વર્ષોનાં વર્ષો સુધી કોઇ વાર કાંઇ કુટુંબમાં તકરારો ચાલતી તેનું આવે પ્રસંગે નિરાકરણ થઇ જતું, અને સર્વ કોઇ થોડો વખત તો એકત્ર થઇ જતાં.

તે રાત્રે જમી પરવારતાં બિન્દુને અગીઆર વાગી ગયા. છોકરાં ઉંઘી ગયાં હતાં. સુધા અને હેમ પણ જમીને ઉંઘી ગયાં હતાં. બિન્દુ પાછળથી જમવા બેઠી તેથી જરા મોડું થઈ ગયું. ઘરની ચાકરડી કામ કરીને પોતાને ઘેર ગઇ હતી. બિન્દુ રસોડાનાં બારણાંને સાંકળ દઇને ઉપર જતી હતી એટલામાં કોઇ બારણું ઠોકતું હોય એમ લાગ્યું. આટલી રાત્રે તે કોણ આવ્યું હશે એમ વિચાર કરતી બિન્દુ જરા અચકી. ફરીથી બારણું ઠોકાયું. "કોણ છે? એ બારણું કોણે ઠોકયું?"

કાંઇ જવાબ આવ્યો નહિં.

હેમને કોઇ મળવા આવ્યું હશે એમ જાણી તેને જગાડવાનું ધાર્યું, પણ તે થાકયો પાકયો સૂઇ ગયો હતો તેથી કોણ આવ્યું છે તેની ખાત્રી કર્યા વગર તેને ઉઠાડવાનું બિન્દુને દુરસ્ત લાગ્યું નહિં. ગભરાતી ગભરાતી તે બારણા આગળ ગઇ અને ઉલાળો ઉઘાડયો. એક પુરૂષ અંદર દાખલ થયો.

અંધારામાં બિન્દુએ તેને ઓળખ્યો નહિં. પણ એક ક્ષણમાં તેને માલુમ પડયું કે એ તો શરત હતો. પણ તેનો ચહેરો ઘણો જ ફેરવાઇ ગએલો હતો. તેના વાળ ઘણા લાંબા વધેલા હતા અને તે પણ વીખરાએલા તથા કપાળ સુધી આવેલા હતા. તેની આંખો ઘણી જ ચળકતી હતી. તેનો ચહેરો ફીક્કો હતો, અને એનું આખું શરીર પાતળું અને ક્ષીણ થઇ ગએલું હતું. તેણે ખભા ઉપર એક મેલો ખેસ ઓઢયો હતો.

"બહેન બિન્દુ! આટલા બધા દિવસ સુધી તમને મળવા ના આવ્યો માટે મને માફ કરજો. આજે વિજયા દશમી છે તેથી બહેન, હું પ્રણામ કરવા આવ્યો છું."

"શરત! દીર્ઘાયુષી થજે ને પરણીને સુખી થજે, અને મારી હયાતીમાં તારો વિસ્તાર વધજો. આથી વધારે બહેન ભાઇને બીજો શો આશીર્વાદ દે!"

શરતે કાંઇ જવાબ દીધો નહિં. બિન્દુને પગે પડીને તેણે નમસ્કાર કર્યા. ફરીથી તેને આશીર્વાદ દઇને તેણે ઉઠાડયો.

"શરત! તું આટલો વખત નહોતો આવ્યો તેથી અમને કાંઇ ખોટું નથી લાગ્યું, કેમકે અમને રોજ તારી તરફથી સમાચાર મળતા હતા; અમને કાંઇ અગવડ પડી હોત તો તું આવ્યા વગર રહેત નહિં, એની અમને ખાત્રી હતી. પણ સખત અભ્યાસ કરીને શરીર આવું કેમ કરી નાંખ્યું છે? તંદુરસ્તી કરતાં ચોપડીઓને તું વધારે કીંમતી ગણે છે? તારી આંખમાં તો ખાડા પડયા છે; અને તારો ચહેરો ફીકકો પડી ગયો છે. અભ્યાસને લીધે તું ઉજાગરો કરતો હોઇશ. શરત, તું તો સમજુ છે. ત્યારે મારે તને આ કહેવાની કાંઇ જરૂર છે? પણ ભાઈ, આટલી બહેનની શીખામણ લક્ષમાં રાખજે અને રાત્રે બરોબર ઉંઘજે. ખોરાક અને કસરત નિયમસર લેજે. તારા જેવા હોંશીઆર માણસને પરીક્ષાની બીક કેવી?"

શરતે જરા હસીને કહ્યું, "બહેન બિન્દુ! પરીક્ષા પાસ કરવી એ જ શું માણસને મોટામાં મોટું સુખ છે? હેમે કાંઈ બહુ પરીક્ષા પાસ કરી નથી, પણ એના જેટલું સુખ અને સંતોષ કોને છે?"

"તું આટલું સમજે છે ત્યારે પરીક્ષાની ચિંતાએ તેં શરીર શું કરવા બગાડી નાંખ્યું છે?"

"બહેન! મને પરીક્ષાની કાંઇ ચિંતા નથી."

"ત્યારે તને શેની ચિંતા છે? તને દુઃખ શું છે? તારૂં મોં આમ બદલાઇ કેમ ગયું છે?"

શરતે કાંઇ જવાબ દીધો નહિં. એટલી ઉપર બિન્દુને બેસવાનું કહીને પોતે પણ પાસે બેસી ગયો, અને તેના બે હાથ પોતાના હાથમાં લઇને નીચું જોવા લાગ્યો.

"શરત! આ શું? તારી આંખમાંથી તો આંસુ પડે છે; તારા મનનું કાંઇ દુઃખ તું મારાથી છુપાવે છે! આપણે બન્ને ભાઇબહેનની માફક ઉછર્યાં છીએ. નાનપણથી મેં કોઇ દિવસ કાંઇ વાત તારી આગળ ગુપ્ત રાખી નથી, તેમ જ તેં તારો એક પણ વિચાર છાનો રાખ્યો નથી, ત્યારે આ વખતે તું આપણી મિત્રાચારી, આપણો સંબંધ, આપણો સ્નેહ સર્વ ભૂલી જઇને મને પારકી ગણવા ઇચ્છે છે?"

"બહેન! હું જો તને પારકી ગણું તો દુનીઆમાં મારૂં પોતાનું કોઇ રહેશે જ નહિ. હું મારા મનનો ખુલાસો કરવા તો અત્યારે આવ્યો છું. કાંઇ

પણ વાત ગુપ્ત રાખવા નથી આવ્યો. પણ ખરેખર હું બહુ દુઃખી છું તેમ જ અપરાધી છું."

શરતનું શરીર ધ્રુજતું હતું, અને તેની આંખ વિચિત્ર પ્રકાશથી ચળકતી હતી. બિન્દુએ ગભરાઇને ધીમે રહીને કહ્યું, "શરત, તું ગભરાયા વગર નિખાલસ દિલથી મને સર્વ હકીકત કહે."

"હું શી રીતે કહી શકું? મારૂં અંતઃકરણ દુષ્ટ વિકારથી ઘેરાઇ ગયું છે. મિત્રના ઘરમાં મેં વિશ્વાસઘાત કર્યો છે અને બહેનના સ્નેહના બદલામાં મેં તેનો ગુન્હો કર્યો છે. હું મારા દુષ્ટ અંતઃકરણની વાત તારી આગળ પણ શી રીતે કરી શકું?"

શરતે બિન્દુનો હાથ એટલા જોરથી દાબ્યો હતો કે તેનાં આંગળાં લાલ લાલ થઇ ગયાં. તેનું શરીર હજી ધ્રુજતું હતું અને તેની આંખ બળતા અંગાર જેવી રાતી હતી.

બિન્દુએ શરતને આવી સ્થિતિમાં કદી જોયો નહોતો. જે માણસ હમેશ તેની સાથે ભાઈ જેવો સ્નેહ રાખતો હતો તેના મનમાં શું છેવટ દુષ્ટ વિચાર ઉત્પન્ન થયા? આવી વાત તો તેનું મન કબુલ જ કરી શક્યું નહિં. પણ શરતની આંખ અને મોં સામું જોઇને આ અબળાને બહુ બીક લાગી. મનનો વહેમ તેણે દાબી રાખવાનો પ્રયત્ન કર્યો. તથાપિ તેણે અચકાતાં અચકાતાં કહ્યું.

"શરત! નાનપણથી મેં તને મારા ભાઈ જેવો ગણ્યો છે અને તેં મને તારી મોટી બહેન જેવી ગણી છે તો પછી ભાઈ પોતાની બહેનને જેવી નિખાલસપણે વાત કહે તેમ તું મને કહે."

"અરે બહેન! મને જે વિચાર આવ્યો છે તે હું શી રીતે મોં બહાર કહાડી શકું?"

"ત્યારે ના કહીશ." બિન્દુએ જરા ગુસ્સે થઇને કહ્યું, "હવે પછી મારા હાથ આમ પકડીશ નહિં. હું સ્ત્રી જાત કહેવાઉં, અને બહેનનું માન રાખતાં જરા શીખ."

શરતે તેના હાથ છોડી દીધા અને ફરીથી માથું નીચે ઢાળી દીધું. બિન્દુ ગુંચવાડામાં પડી. આવા ઉદાર, સત્યનિષ્ઠ, નમ્ર યુવકના મનના વિચાર દુષ્ટ શી રીતે હોઇ શકે! સર્વ દુષ્ટ શંકાઓ દૂર કરીને તેણે હિંમતથી કહ્યું.

"મારે સાંભળવા અયોગ્ય એવું કાંઇ તારા મનમાં નહિં હોય. માટે તારા વિચાર ખુલ્લી રીતે કહે. હું સાંભળીશ."

"બહેન, ઇશ્વર તને સદા સુખી રાખે, એટલું જ હું માગું છું. પણ હું તને સર્વ વાત કહું તે પહેલાં મને એટલું વચન આપ કે મારી ઇચ્છા, મારી માગણી નિષ્ફળ જાય તો કદી પણ એ વાત તું કોઇને પણ કહીશ નહિં. હું તો નિરાશામાં અને દુઃખમાં મારૂં બાકીનું જીવન કહાડીશ પણ જેનું મન ઘણું ઉત્કૃષ્ટ અને પવિત્ર છે તેને માટે કોઇ કાંઇ શંકા કરે તે મારાથી નહિં સહન થાય."

"શરત! હું તને વચન આપું છું કે હું કદી પણ એ વાત બહાર નહિં કહાડું."

પછી શરતે હૃદયનો ક્ષોભ જાણે દબાવવાને છાતીએ હાથ મુક્યો અને બિન્દુના હાથમાં પોતાનું મોં ઢાંકી દઇને ઘણે જ ધીરે અવાજે તે બોલ્યો, "પવિત્ર હૃદયની તારી બહેન સુધા ખરેખર એક દેવી છે. એની સાથે લગ્ન કરવાની તું મને પરવાનગી આપ."

બિન્દુને શરતના મનની સ્થિતિની હવે બરોબર સમજણ પડી. ગયા છ મહિનાની એની વર્તણુકની પણ હવે સમજણ પડી. વિધવાનું પુનર્લગ્ન એ તો પાપ, કલ્પાય નહિં તેવી ગાંડાઇ અને અનાચાર કહેવાય.

પરંતુ શરત તો જુસ્સામાં ને જુસ્સામાં બોલવા લાગ્યો, "બહેન બિન્દુ, હું વિશ્વાસઘાતી અને પાપી છું છતાં મહેરબાની કરીને મારી હકીકત સાંભળ. છ મહિના ઉપર મેં તાલપુખરમાં સુધાને જોઇ. જોતાં વાંત જ મારા જીવનમાં એક નવો અંકુર ફૂટયો. ત્યાર પહેલાં તો હું માત્ર વિદ્યાર્થી હતો. ચોપડીઓ સિવાય મારે કોઈ સાથી નહોતો. વિદ્યાભ્યાસ સિવાય મારે કાંઇ ઉદ્યોગ નહોતો. પ્રેમની કથાઓ મેં ચોપડીઓમાં વાંચી હતી. પ્રેમીને હું માત્ર રંગભૂમિ ઉપરના નાટકકારના જેવા ગણુતો હતો. પરંતુ જ્યારે મેં આ ભર યૌવનમાં આવેલી, નિર્દોષ, સુકુમાર અંતઃકરણની, સ્વર્ગીય રૂપવાળી, વૈધવ્ય પામેલી, પોતાની દુઃખી સ્થિતિથી અજ્ઞાન બાળાને જોઇ ત્યારથી મારા અંતઃકરણમાં એક અવર્ણનીય ભાવ ઉત્પન્ન થયો. તે છતાં તે વખતે મને એમ લાગ્યું કે વખત જતાં એ લાગણી જતી રહેશે. મારા અભ્યાસ અને અન્ય ઉદ્યમમાં એ લાગણીનો અવકાશ નહિં રહે. પણ જ્યારે કલકત્તામાં આવીને હું દરરોજ તેને જોવા લાગ્યો ત્યાર પછી તો એ જવાળા વધારે પ્રસરી. બહેન બિન્દુ, તું તો

મને રોજ ભાઇ જેવો ગણીને બોલાવતી અને હેમ પણ મને પોતાના નાના ભાઇ જેવો ગણતા આવ્યા છે. પણ હું તો આ વિષજવાળા અને અસત્ય બન્નેથી દૂષિત થઇને આ સદ્દવર્તનશાળી કુટુંબમાં આવતો જતો હતો. હરરોજ એ નિષિદ્ધ સ્નેહનું પાન કરતો હતો; મારે મનથી એ દિવ્ય સુંદરી હતી. ઘણી વખત રાત્રે તારા જોતો જોતો હું સુધા પાસે બેસતો હતો અને તે વખતે આ ભાવ મારામાં પુનરુજ્જીવન પામતો. ઓ બહેન ! મારૂં ચિત્ત ઠેકાણે નથી. તું મારા ઉપર દયા લાવીને આ ભાવ માટે મને ક્ષમા કરજે."

શરત થોડીવાર થોભ્યો. તેની આંસુ વગરની આંખો ઘણી જ ચમકતી હતી. તેણે ફરીથી સ્થિર ચિત્તથી કહેવાનું શરૂ કર્યું, "એક દિવસ હું આ સ્વપ્નમાંથી જાગ્યો. જે ઘોરતર કૂપમાં હું લગભગ પડવાની તૈયારીમાં હતો તેનું મને ભાન થયું. સુધાના ચિત્તને મેં વખતે ઉદ્વિગ્ન કર્યું હશે એ ખ્યાલથી હું ગભરાઇ ગયો, ગાંડા જેવો થઇ ગયો. પણ મને એટલો વિશ્વાસ હતો કે મારી મૂર્ખાઇ અને મારા પાપમાંથી ઇશ્વિર તેને બચાવશે. ત્યાર પછી મેં સંકલ્પ કર્યો કે જે ભાવથી મને આટલી વેદના થઇ હતી તે એને મુદ્દલ જણાવવી નહિં. તે દિવસથી મેં આ ઘર છોડયું અને ફરી મેં આ ઉમરા ઉપર પગ મૂકયો નહિં. આ સર્વેની મને વિસ્મૃતિ થાય એ આશા રાખવી તો વ્યર્થ જ હતી. મનની કેટલીએક લાગણીઓનો જીંદગીના અંત સાથે જ અંત આવે છે. બાળકની માફક મેં એક વહેતા ઝરણુના વહેણની દિશા બદલવાને પ્રયત્ન કર્યો. નાટકશાળાઓમાં જઇને જૂદા વિચારોમાં મન લગાડવાનો યત્ન કર્યો. મારી કોલેજના વિદ્યાર્થીઓ સાથે રમતગમતમાં ભાગ લેવા માંડયો. સંગીતસભાઓમાં જવા માંડયું. પણ એક ક્ષણ પણ આ વાત મારાથી ભૂલાતી નથી.

"આ બે મહિનાની બીનાઓ કહીને હું તને થકવીશ નહિં. રસ્તામાં રઝળતા ભીખારીને પણ આટલું દુઃખ નહિં પડતું હોય.

"મારા મનની વાત કહેવાનું, બહેન, તેં મને કહ્યું તેથી મેં સર્વે હકીકત કહી દીધી છે. મને વિશ્વાસઘાતી ગણીને તારો સ્નેહ લઇ ના લઇશ, અને મને કહાડી ના મૂકીશ. મેં ઘોરતર પાપ કર્યું છે—ઇશ્વિર જાણે છે કે મેં તમને દગો દીધો છે, પણ જો તમે મારો તિરસ્કાર કરશો તો આ વિશાળ જગતમાં મારો બેલી કોણ રહેશે ?

"હું મારા મનથી એમ જાણુતો હતો કે મારૂં અંતઃકરણ બહુ કઠણ છે, પણ હવે માલૂમ પડે છે કે એક બાળક કરતાં એ મારૂં દિલ

પોચ્યું છે. બહેન બિન્દુ, મને સહાય થજે અને મારો તિરસ્કાર ના કરીશ."

બિચારી બિન્દુ આનો જવાબ શી રીતે દઈ શકે ? વિધવાના પુનર્લગ્નનો વિચાર કરવો એ જ મૂર્ખાઇ કહેવાય. સાધારણ ગુન્હા કરતાં એ પગલું તો ઘણી મોટી શિક્ષાને પાત્ર થાય. પરંતુ આ સર્વ આ વખતે તે શરતને સમજાવે પણ શી રીતે ? નિરાશાને લીધે એ માણસ તો કાંઇનું કાંઇ કરી નાખે. તેમ નહિં તો નિરાશાને લીધે તેના મનપર અસર થાય અને મૃત્યુ સરખી યાતના તેને ચિરકાલ થાય !

પરંતુ સ્ત્રીને યોગ્ય સમયસૂચકતા રાખીને શાંતિ ધારણ કરવાનો દેખાવ રાખી, તેણે દયાની લાગણી બતાવીને જવાબ દીધો.

" શરત તું મુઝવાઇશ નહિં. અને પાપ કે ગુન્હાનું આળ તારા પોતાના ઉપર મુકીશ નહિં. હું તને નાનપણથી ભાઇ જેવો ગણું છું તે તારો તિરસ્કાર કરૂં એ કદી સંભવિત છે ? મારે સગો ભાઈ તો છે જ નહિં, તો તારા ઉપરનો એટલો સ્નેહ ભૂલી જઇને તને હવે ધિક્કારૂં ? મારાથી તો એવું કદી થાય નહિં અને તેં એવો ધિક્કારને પાત્ર કાંઈ અપરાધ પણ કર્યો નથી. આપણી રૂઢિ પ્રમાણે વિધવાનું પુનર્લગ્ન નિષિદ્ધ ગણાય છે. પરંતુ સુધારકોએ તે બાબતની થોડા વખતથી છૂટ આપવા માંડી છે. તારી માગણી ઘણી ગંભીર છે. મારે આ બાબતમાં એમની સલાહ લઇને નિશ્ચય કરવો યોગ્ય છે; મારા કરતાં એ વધારે સમજે; પણ તેટલો વખત શરત ! તું મુઝવાઇશ નહિં. એ ગમે તો હા કહેશે કે ના તોપણ તારા ઉપર અમારો સ્નેહ નિરંતર અમે કાયમ રાખીશું, તેની તું ખાત્રી રાખજે."

" ઇશ્વર તને સો વર્ષની કરે. હું આજનો દિવસ કદી ભૂલીશ નહિં. અંધારી રાત્રે હું મારૂં પાપ સ્વીકારવા આવ્યો તે વખતે તેં મારો તિરસ્કાર કર્યાને બદલે સ્નેહનાં વચન કહ્યાં એ તારા ઉપકારનો બદલો હું કેવી રીતે વાળું ?"

"શરત, તું અમારા ઉપર આટલો ભાવ રાખે છે અને આટલી માયા રાખે છે તેના બદલામાં હું જો ગુસ્સે થાઉં અને તારો તિરસ્કાર કરૂં ત્યારે તો મારા જીવનનો અંત ના આવે ! હવે એ સર્વ વાત જવા દે ને કાંઇ બીજી વાત કર. તું જમ્યો નહિં હોય, હું કાંઇ લાવી આપું ? મેં એમને માટે નાનખટાઇ કરી હતી તેમાંની ઘણું કરીને થોડી વધી છે તે લાવું ? હાથ મો ધોઇ નાંખીને ઘેર જતા પહેલાં થોડું ખાઇ લે."

"બહેન મને માફ કર. મને કાંઇ પણ ખાવાની વૃત્તિ નથી. મારી તબીયત બગડશે. હું હવે ઘેર જઇને સુઇ જઇશ એટલે મને આરામ મળશે."

"ત્યારે કાલે સહવારે આવીને એમની જોડે વાત કરી જોજે. તારી સર્વ હકીકત એમને કહીને એમની પાસે નિર્ણય કરાવજે."

"બહેન! મારી તરફથી તું જ કહેજે અને મારી વકીલાત કરજે. કેમકે આ વાતનો ગમે તે પ્રકારે નિર્ણય થયા વગર હેમને મળવાની મારી હિંમત નહિં ચાલે."

"વખતે આ નહિં ધારેલી માગણીનો જવાબ દેતાં એમને વાર લાગશે. માટે એટલો વખત પહેલાંની માફક આવતો રહેજે."

"બહેન, એ પણ માફ કર. આ બાબતનો નિશ્ચય કર્યા વગર હેમ કે સુધા બેમાંથી એકેને મારાથી નહિં મળાય. પણ એમાંનો એક પણ શબ્દ એ બિચારીને કાને પડવાના દઇશ. મારા નસીબમાં વખતે દુઃખ કે નિરાશા હોય માટે એને શું કરવા દુઃખમાં નાખવી?"

"ઠીક ત્યારે, તું જો ખરેખર ના જ આવવાનો હોય તો એ જે જવાબ દેશે તે તને હું લખી જણાવીશ."

"ના, લખીશ તો નહિં. હું મારૂં ભાગ્ય જાણવાને જાતે જ આવીશ. માટે હું કયે દિવસે આવું તે મને કહે."

"શરત, એ તે કેમ કહેવાય! એ કાંઇ એક બે દિવસમાં નિર્ણય કરવા જેવી વાત નથી. એને માટે તો સંપૂર્ણ વિચાર કરવો જોઇએ, અને એમને જરૂર વખત વધારે લાગશે. બે ત્રણ અઠવાડીઆ પછી તું આવીશ?"

"સારૂં, તે દિવસે અમાસ હશે એટલે દીવાળીનો દિવસ આવશે."

પ્રકરણ ૫ મું.

ચૈશાંની ચર્ચા.

જેવો શરત ઘર બહાર નીકળ્યો કે દેવીપ્રસન્નને ઘેરથી ચાકરડી કાંઇ પૂજાનો પ્રસાદ બિન્દુને આપવા આવી.

તેણે કહ્યું, "મારાં શેઠાણીએ આટલો પ્રસાદ તમારે બધાંને માટે

મોકલ્યો છે. મારે બીજે ઘણે ઠેકાણે જવાનું હતું, તેથી બા, જરા અહીં આવતાં વાર લાગી."

"થાળી અત્યારે રહેવા દે, હું કાલે પાછી મોકલી દઇશ."

થાળી ત્યાં રહેવા દઇને તેણે ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં તેણે લૂગડાનો છેડો આઘો ઓઢ્યો અને મોં ફેરવીને કાંઇ મસે હસી.

બિન્દુએ પૂછ્યું, "કેમ વારૂ? તને હસવું કેમ આવે છે? કાંઇ વળી નવું નાટક કે ફારસ તમારે ઘેર થયું હતું કે શું?"

"ના, ના, મારાં શેઠાણીના ઘરમાં તો કાંઈ થયું નથી." પછી તે ધીમે રહીને, બિન્દુને સંભળાવવા બોલી, "નાટક તો ખરૂં, મોટા લોક આવું કામ કરે ત્યારે ગમ્મત કહેવાય. જો અમારા જેવાં ગરીબ માણસે એવું કર્યું હોય તો તો લોકો ટીકા કરે."

"એ તું શું બોલે છે? શેની ગમ્મત?"

"નારે, એ તો કાંઇ નહિં. અમે પગારદાર નોકર, મોટા લોકોની વાત કરીને અમે ક્યાં રહીએ?"

"પણ છે શું? કાંઇ સમજણ તો પડે!"

તે ચાકરડીએ ફરીથી આઘું ઓઢ્યું અને મોં મરડીને હસી. "અરે કાંઇ નહિં રે બા. પણ હમણાં આ તમારા ઘરમાંથી કોણ બહાર નીકળ્યું આટલી રાતે તમને કોઇ મળવા આવ્યું હતું કે શું?"

બિન્દુ જરા ગભરાઇ. બહારનો દરવાજો આટલો વખત ઉઘાડો હતો. રખેને આ બૈરીએ શરત સાથેની વાતચીત સાંભળી હોય! તેણે જરા ગભરાઇને જવાબ દીધો, "તું આંધળી બાંધળી થઈ છે કે શું? શરતને તેં શું ઓળખ્યો નહિં? વગર કારણની અજાણી શું કરવા થાય છે?"

"નારે બા હું કાંઇ હજી આંધળી નથી થઇ. મેં ધાર્યું જ કે એ શરતચંદ્ર હશે. પણ મોટા ઘરના છોકરા એ આમ વર્ત્તે એ મને નવાઇ લાગી. હું તમારા ગામડાની રીતભાત તો જાણુતી નથી. પણ આ કલકત્તામાં તો હું ઓગણત્રીસ વર્ષથી નોકરી કરૂં છું, પણ આવું તો કદી જોયું નથી. પણ મારે મોટા લોકની ટીકા શું કરવાને કરવી પડે! અમને અમારો રોટલો ને મજુરી મળે એટલે બસ. આગળ પાછળ શું થાય છે તેની અમારે શી પીડા!"

દેવીપ્રસન્નના નોકરો બહુ જ બેઅદબ હતા તે બિન્દુ જાણુતી હતી. પણુ આ તો હદ થઇ ગઇ. તેમ છતાં તેને લાગ્યું કે જો વધારે ગુસ્સો બતાવીશ તો વાત બગડશે. તેથી હસતે ચહેરે જ બોલી; "શરત તો વાઇયાત છે, એની રીત તું નથી જાણુતી? હજી એ કુંવારો છે અને ભણુવામાં ને ભણુવામાં એનું મગજ ખસી ગયું છે. એ જે બોલે કે કરે તે આપણે ગણુકારવું જ નહિં."

"એ વખતે વાઇયાત હશે પણુ તે માટે આવી રીતે શા માટે વર્તે છે? લગન કરવાને માટે ઘેલો થયો હોય તો જઇને પરણે. પણુ અહીં આવીને આવું આવું શું કરવા બોલે છે? તમારી સાથે તો એને કાંઇ પરણુવું નથી?"

"બળ્યું તારૂં મોં, તને આવું બોલતાં લાજ સરખી નથી આવતી! એ તો શરતે કોઇ ફુટડી છોકરી જોઇ એટલે તેને પરણુવાનું તેને મન થયું. એની મા તો બનારસ છે એટલે એને શી રીતે કહે તેથી એ મારી પાસે આવ્યો."

"એ ફુટડી છોકરી તે કોણુ વારૂ?"

"એ તો ધીરે ધીરે માલુમ પડશે. વિવાહ થશે ત્યારે તને ખબર પડશે."

"બા, છાનું શું કરવા રાખો છો? અમારે એ શું આંખ કાન નથી? હજી કાંઇ અમે એવાં ઘરડાં થયાં નથી. સુધાનું નામ દઇને એ રડતો હતો તે શું અમે નહિં સાંભળ્યું હોય? પણુ તમે સંતાડો તેમાં નવાઇ એ શી! કોઇ પોતાનું કલંક કદી ઉઘાડું કરે કે? બાપરે! વિધવાનું લગન એ તે વાત શી? કોઈ ગરીબના ઘરમાં એવી જરા વાત સરખી થઈ હોય તો એ તેને ન્યાત બહાર મૂકે. હલકી વરણુમાં એ એવાં લગન તો નથી થતાં."

આ વખતે તો બિન્દુ ખરેખરી ગભરાઇ. શરતની વર્તણુક માટે જ્યાં સુધી એ બોલતી હતી ત્યાં સુધી તો એણે કાંઇ ગણુકાર્યું નહિં. બિન્દુનું સદ્દવર્તન અને સુશીલ સ્વભાવ કોઇને અજાણ્યો નહોતો. એટલે એક બેઅદબ ચાકરડીના બોલવાથી કાંઈ ફેર પડે નહિં. પણુ સુધા બાળવિધવા હતી. તેથી જો એને જરા કલંક લાગે તો જન્મારા સુધી એનું નામ બદનામ થાય. શરતની માગણી મૂર્ખાઇ ભરેલી હતી તે બિન્દુ જાણુતી હતી, અને સુધાનું ફરી લગન કદી થવાનું હતું નહિં. પણુ કદાપિ એ બન્ને જણુને માટે વાત થઇ તો પછી એ નિર્દોષ છોકરીની આબરૂને ડાઘ લાગી તેનો આખો ભવ બગડે.

એક ક્ષણ બિન્દુ ઘણી જ ગુંચવાઈ. છેવટ સમયસૂચકતા વાપરીને તેણે પોતાની પૈસાની પેટી ઉઘાડીને એક રૂપીઓ તે ચાકરડીના હાથમાં મૂક્યો અને તેને કહ્યું, "તું દેવીપ્રસન્નના ઘરની જૂની નોકર છે. તો આજે પૂજાને દહાડે આ રૂપીઆનું એક નવું લૂગડું લેજે અને શરતની વાત કોઇને જઇને કહીશ નહિં. સમજુ માણસ ઘેલાં માણસનું બોલવું જરા લક્ષમાં ના લે. એ વાત કદી બનવાની નથી. વિધવાનું લગ્ન તે કદી કોઇએ સાંભળ્યું છે? અમારી એ ન્યાતજાતમાં જે થોડી ઘણી આબરૂ છે તે સાચવવાની છે. મિત્રોમાં તેમજ પાડપાડોશીમાં એ એમની આબરૂ સારી છે. શરતની મા બનારસમાં ભક્તિમાં જીવન ગાળે છે તેથી તેનું પણ લોકો બહુ માન રાખે છે. શરતની બહેન પણ અસલના કુળવાન કુટુંબમાં પરણી છે. આ સર્વ માન મરતબો છોડીને અમે શું એવું કાર્ય કદી એ કરીએ? ડાહ્યાં મનુષ્યે ગાંડાંના બોલવા તરફ લક્ષ જ ના આપવું. માટે તું કોઇને મોંએ એ વાત કરીશ નહિં."

ચળકતા રૂપીઆ તરફ જોઇને તે ચાકરડી જરા ઠંડી પડી અને માન સહિત બોલી, "બા! તમે ખરૂં કહો છો. ઘેલા માણસનું બોલવું તે કોણ સાંભળે? શરતભાઇએ આજે રાત્રે જરા ભાંગ બાંગ લીધી હશે. આજ તો ભાંગ પીવાનો રિવાજ એટલે લે જ. અમારા ઘરના છોકરાઓ એ શું બીજું કરે છે? રાતને પહોર છાનામાના વિલાયતી દારૂની બાટલી લાવે છે ને પછી એમની રીતભાતની તો વાત જ શી કહું? જુવાન છોકરા માબાપનું કહ્યું માનતા નથી અને સગાં સંબંધી કે પોતાનાં વડીલની તો તેમને લાજ જ હોતી નથી. આજકાલનો વખત જ ખરાબ છે. છોકરાંઓ તેમનો ધર્મ ભૂલી જાય છે ને આડે રસ્તે જાય છે. શરતભાઇનો હું શું કરવા વાંક કહાડું, ને મારે એમની ચાડી શું કરવા કરવી પડે? બા! એ બાબત નિશ્ચિંત રહેજો.

ઘરમાંથી નીકળતી વખતે તો આમ સંતોષ પામીને તે ગઇ, પણ એના પેટમાં વાત ટકાવી રાખવી બહુ અઘરી લાગી. બિન્દુએ પહેલેથી જાણ્યું હોત તો નકામો રૂપીઓ ફેંકી ના દેત, કેમકે ચાકરડીને વાત છાની રાખવાનું કહ્યું એટલે તો જરૂર એ બહાર પડવાની. વીજળીના તાર જેટલી ઝડપથી જાય છે તેના કરતાં એ વધારે ઝડપથી નોકર વર્ગમાંથી ઘરની વાત બહાર ફેલાય છે.

દેવીપ્રસન્નની વહુ બીજે દિવસે સહવારે જાજમ ઉપર બેસીને એક એ વિધવા સાથે આ જ કુથલી પીંજવા બેઠી હતી.

"બહેન! મને તો પહેલેથી જ લાગતું હતું. હું તો પહેલેથી જ જાણતી હતી કે આ પરિણામ આવવાનું છે. કેમકે આજ કાલ ઉંચાં નીચાં કુટુંબમાં ભેદ ક્યાં રહ્યો છે? ગામડામાંથી ગમે તેવો માણસ કાયસ્થનું નામ ધારણ કરીને આવે છે ને આપણા જેવા કુટુંબમાં ભળે છે. એ લોકો કાંઇ આબરૂદાર કાયસ્થ હોય છે? આબરૂદાર કુટુંબ સાથે એ લોકોએ આજ વીસ વર્ષ થયાં એક પણ સંબંધ જોડયો છે? બળ્યું! એવા લોક જોડે સંસર્ગ રાખવો મને તો ના ગમે. આજ સાંજરે કચેરીમાંથી એમને તો આવવા દો પછી સર્વ હકીકત હું કહી દઇશ. એ શું એમનો માન મરતબો નથી સમજતા, તે આવાં માણસો સાથે સંબંધ રાખે? નક્કી મેં જાણ્યું જ હતું કે આમાંથી કાંઇ ભોપાળું નીકળવાનું છે. ભવાનીપુરમાં આવીને એમને અમારે ઘેર મળવા આવવાનો એ વખત નહોતો મળ્યો, ત્યારથી જ અમે તો એમનો સ્વભાવ જાણી લીધો; ને તમે કાંઇ જાણો છો? એ વિધવા છોકરી છે ને તે તો ખાસી કોરણ દીવેલી સાડીઓ પહેરે છે અને સર્વ સૌભાગ્યવતી સ્ત્રી જેવો જ વેશ રાખે છે. અરે હારે, એ તો એ લોકોની જન્મથી જ એવી રીતભાત પડી રહેલી તે કેમ ફરે? મુસલમાન લોકોમાં અને વિશ્વાસી લોકોમાં વિધવાઓ ફરીથી પરણે છે ને! ત્યારે આમનામાં ને વિશ્વાસી લોકમાં ફેર પણ શો છે?"

શ્યામીની માએ જવાબ દીધો, "ખરૂં કહો છો બહેન, ખરૂં કહો છો. જોને એ છોકરી વિધવા છે તો એ આપણી રીત પ્રમાણે અગીઆરસ કે બીજાં કાંઇ વ્રત ઉપવાસ કરતી નથી! સૌભાગ્યવતીની પેઠે માછલી પણ ખાય છે. લ્યો આજે અગીઆરસ છે તે સવારનો અન્નનો એક દાણો સરખોએ અમારા મોંમાં કાંઇ ગયો છે?"

વળી વામીની મા બોલી, "અરે એ તે શું! પણ એ તો ગાડીમાં બેસીને ફરવા પણ જાય છે, મ્યુઝીઅમ ને પક્ષીવાળો બાગ જોવા એ એ ગઇ હતી. ખરેખર એ તો બહુ ખોટું કહેવાય."

આવી પોતાને મળતા વિચારની વાતથી દેવીપ્રસન્નની વહુને વધારે જુસ્સો આવ્યો. "ધિક્કાર છે એ છોકરીને ને એની જનેતાને. હેમની સાથે એ માથાની ફરેલી છોકરી ઉઘાડે માથે કરારે વાત કરે છે, અને શરતને માટે કાંઇ કાંઇ ખાવાનાં ને શરબત કરી કરીને મોકલે છે. બહેન! શરતનો તે આપણે શો વાંક કહાડીએ! એ તો મરદ છે ને હજી કુંવારો છે; આ એ બહેનો આવી રીતે એને ફસાવવાના પ્રપંચ રચે તેમાં એ બિચારો ફ-

સાય તેમાં નવાઇ શી ! મારા ઘરમાં તો ફરી એ છોકરીઓને પગ નહિં મૂકવા દઉં."

કુવા ઉપર કેટલાંક બૈરાં પાણી ભરવા આવ્યાં હતાં, તેમને કાને પણ આ વાત પડી. ઘરની વહુ દીકરીઓના મનમાં ઉછળી રહેલી પરનિંદા કરવાનું કુવો એ એક સ્થાન છે. તેમાંની એક બોલી, "પણ બહેન ! થયું છે શું આ બધું તોફાન શેનું છે ?"

"કેમ તેં નથી સાંભળ્યું કે ? હાય ! હાય ! ત્યારે તને ખબર શેની છે?"

"બહેન, મને કહે તો ખરી ! કોની વાત છે ?"

"ઉભી રહે, ઉભી રહે, હું કહું છું. ભવાનીપુરમાં પેલો હેમચંદ્ર કરીને કોઈ માણુસ કાંઇ ગામડેથી રહેવા આવ્યો છે તે તું જાણે છે? એની વહુ ને એની સાળી એની સાથે છે એ તો તું જાણતી હોઇશ. ઠીક, ત્યારે એની એ સાળી છે તે વિધવા છે. તેનું હવે શરતચંદ્ર સાથે પુનર્લગ્ન થવાનું છે."

"જા જા બહેન! આવું ખોટું શું કરવા બોલે છે? એવી ગપ તે હું કદી માનું કે? વિધવાનું તે વળી ફરી લગ્ન થતું હશે !"

"ના કેમ થાય બહેન ! વિદ્વાન પંડિત વિદ્યાસાગરનું નામ તેં નથી સાંભળ્યું ? તે દિવસે તું એની ચોપડી 'સીતાવનવાસ' વાંચતી હતી ને ? વારૂ ત્યારે એ વિદ્યાસાગરે એવો નિર્ણય કર્યો છે કે વિધવાઓનું પુનર્લગ્ન શાસ્ત્ર પ્રમાણે કરી શકાય. એમણે પોતે કેટલાંક પુનર્લગ્નના વિધિસંસ્કાર કર્યાં છે. એમના પોતાના છોકરાએ વિધવા સાથે લગ્ન કર્યું છે."

"નાની વિધવાને માટે ફરીથી વર મેળવી આપે એવા પંડિત તો ખરેખર બહુ જ્ઞાની ને બુદ્ધિમાન હોવા જોઇએ. ત્યારે તો ઘરડી ઘરડી વિધવાઓ એ ફરીથી લગ્ન કરી શકે."

"નહિં કેમ ? એવી ઘરડી વિધવાઓનો જેને મોહ હોય તે ઘરડીને પરણે."

ત્યારે તો શ્યામીની ને વામીની માનાં નસીબ ઉઘડશે ખરાં. એ બન્નેને બિચારીને વિધવા થવાથી અનેક સંકટ વેઠવાં પડે છે, અને કોઇ કોઇ વાર તો માછલી અને બીજું નિષિદ્ધ ખાવાનું છાનું ખાવું પડે છે. પંડિત વિદ્યાસાગર એમની વહારે ધાય તો સારૂં."

"એવું તેવું કાંઇ બોલીશ નહિં. એ લોક જો સાંભળશે ને તો તને જીવતી નહિં રહેવા દે. પણ શરત તો બહુ હોંશીઆર ને સારો છોકરો ગણાય છે. એ શું કરવાને એવું કલંક લગાડે ?"

"બહેન! કહેવત જ છે કે સ્ત્રીની મોહિનીમાં માણસ ફસાયો એટલે એનું બધું ડહાપણ જતું રહેવાનું. શરત બિચારો આ નવયૌવના વિધવાના પાશમાં ફસાયો છે એટલે એનું આવી બન્યું છે."

"એ છોકરીની ઉમર કેટલીક છે?"

"સોળ વર્ષની તો કહે છે. વળી કહે છે કે બહુ ફુટડી છે ને શરત સાથે તો કેવી હસી હસીને વાત કરે છે. એને માટે શરબતો મોકલે છે. અને બીજી કોણ જાણે કેવી ઓષધિઓ મોકલતી હશે! શરત બિચારો શું કરે? એ તો નહિં નહિં તો એ મરદ કહેવાય. એ છોકરીઓ તો અષ્ટાવિધાની છે, તે કાંઈ કાંઇ રીતે શરતને ફસાવ્યો હશે. એટલે એ એના ઉપર મોહિત થઇને ઘેલા જેવો થઇ ગયો છે."

"એ લોકોને ઓળખાણ પહેલાંનું હશે, નહિં વારૂ?"

"હાસ્તો, એમના ગામમાં એ બધાં પાસે પાસે જ રહેતાં હતાં. ત્યાં કોણ જાણે શુંનું શું ચાલતું હશે? મારે શું કરવા જાણે અજાણે કોઇનું વાંકું બોલવું પડે! પણ કલકત્તે આવ્યા પછીથી તો જે થયું છે તે તો જગજાણીતું છે. શરતે એ વિધવા છોકરીને અને એનાં બહેન બનેવીને કેટલા દિવસ તો પોતાના ઘરમાં રાખ્યાં હતાં. હેમચંદ્રને કાંઇ વહેમ પડયો હશે કે શું એટલે એણે જૂદું ઘર ભાડે રાખ્યું અને ત્યાં પોતાની વહુને ને સાળીને લઇને રહેવા ગયો. અરે બહેન, હું તે તમને શું કહું? કૃષ્ણ જ્યારે રાધા પાસેથી જતો રહેતો ત્યારે રાધાને વિરહનું દુઃખ કેટલું લાગતું હતું તે કાંઇ તું નથી જાણતી? એમ જ શરત ના હોય ત્યારે આ છોકરી માંદી પડતી, એટલે શરત એકદમ આવીને તેની પાસે બેસીને રાત દિવસ તેની સારવાર કરતો. અરે હજી તો એની કથા બહુ લાંબી છે! બધું તે હું તમને શી રીતે કહી શકું? વિદ્યા અને સુંદરની પ્રેમકથાની ખબર નથી? એ બે જૂદાં રહી શકતાં જ નહોતાં. ભોંયતળીએથી એક એકના ઓરડામાંથી જવાનો રસ્તો કરેલો હતો. એ જ ધોરણે આમની પણ વાત છે. બધા જુવાનીઆઓ આજકાલ સુંદરની માફક જ વર્ત્તે એવા છે. બધાં એ સંભાળજો."

કુવા ઉપરથી નોકર વર્ગમાં વાત ફેલાઇ એટલે તો પછી પૂછવું જ શું? દરેક જણને મોંએથી બીજી કાંઇ વાત જ નહોતી નીકળતી. એક બોલી "બહેન, આ વાત શું ખરેખર ખરી હશે? એ વિધવા ખરેખર પરણવાની હશે?"

"હજી તારી ખાત્રી નથી થતી? વિવાહ તો થઈ પણ ચૂક્યો છે ને બધી ગોઠવણ થઇ ગઇ છે. હેમે સાળીને માટે ઘરેણાં એ ઘડવા આપ્યાં છે છતાં તું હજી પૂછે છે કે આ વાત ખરી છે."

"પૈસાદાર લોકોમાં વિધવાનાં લગ્ન થશે ત્યારે તો ગરીબ લોકોમાં એ થશેસ્તો?"

"હાસ્તો વળી. નહિં કેમ? તારૂં એ નસીબ ખુલશે ખરૂં. પેલો કૈબારતનો છોકરો છે. બજારમાં તું ઘણીવાર એની સાથે જાય છે ને વાતો કરે છે. એ જો તારા જેવી જબરજસ્ત વિધવા જોડે લગ્ન કરવાની આનાકાની ના કરે તો એ તારે માટે ચાલે, નહિં?"

"અરે જારે, હૈયા ફુટી! ફરી એવું મારે માટે જો બોલી છે ને તો જોજે. હું જાણે તારી વાત નહિં જાણતી હોઉં! પેલો વાણીઓ તારી ન્યાતનો જે કરીઆણાંનો વેપાર કરે છે તેની વહુ હમણાં જ મરી ગઇ છે, અને એ બિચારાનું ઘરબાર સંભાળનાર કોઇ કરતાં કોઇ જ નથી. તું એની દુકાનમાં ઘણીવાર મશાલો લેવાને બહાને જઇને અર્ધો અર્ધો કલાક બેસીને શું વાત નથી કરતી? એ પોતાનું ઘર સંભાળવાને વખતે તારા જેવી ખબરદાર બૈરીની માગણી ના કરે શું?"

"તું મસાણમાં જાય! એ તું શું બકે છે?"

તાલપુખરમાં ઉમાની માને કાને આ વાત પડી. એ બિચારીને તો સાંભળીને બહુ જ દુઃખ લાગ્યું અને કેટલાક કલાક મુગે મોંએ તેણે આંસુ પાડયાં કર્યાં. એણે તો બિન્દુને કાગળ લખીને આવું શરમ ભરેલું કામ ના કરવાની તથા મલિકના કુળની આબરૂ ના ખોવાની કેટલી કેટલી શીખામણો લખી; "તારા બાપ જો જીવતા હોત તો પોતાની વિધવા છોકરીનું ફરી લગ્ન કદી કરત! જો તારાં મા જીવતાં હોત તો આવું શરમ ભરેલું પગલું ભરત કે? સુધા તો બિચારી બાળક છે. એને મા કે બાપ જેમાં ગણો તેમાં તું છે. એને માથે વગર કારણનું વધારે દુઃખ ના વહોરીશ. વિધવાપણાના દુઃખ ઉપર વળી એના નામને કલંક લગાડીને એનો જન્મારો રદ ના કરીશ."

બરદ્વાનમાં કાલીતારાનો વર ભર મંદવાડમાં ખાટલાવશ પડયો હતો, ત્યાં પણ આ વાત ગઇ. કાલીએ એટલા સંતાપમાં બિન્દુ ઉપર કાગળ લખ્યો.

"હમણાં તો એ ખાટલાવશ છે. મંદવાડ સખત છે, રાતદિવસ મારે ખડાંને ખડાં રહેવું પડે છે. વૈદ દાકતરો શિયાળા માટે શણીગંજ હવા-

ફેર કરવાને લઇ જવાનું કહે છે. ત્યાં અમે એક ઘર રાખ્યું છે. તેથી અમે એકાદ અઠવાડીઆમાં ત્યાં જઇશું. સુધાને મારી તરફથી અનેક પ્રેમાશીર્વાદ કહેજે, તેમ જ તું પણ સ્વીકારજે.

"આ સુધાને માટે મેં જે વાત સાંભળી છે તે ખરી છે કે શું? શરતભાઇ અમારા આવા પવિત્ર કુળને કલંક લગાડશે કે શું?

"બહેન બિન્દુ! તું ડાહીને સમજુ છે. જો મારો ભાઇ ગાંડો થઇ ગયો હોય તો એને ઘરમાં પેસવા ના દઇશ. લાજ જાય તેવું પગલું ભરવાની તું હા ના કહીશ. જો તું હા કહીશ તો મારા સાસરામાં મારૂં મોં ફરી કોઈ જોશે નહિં અને તમે કોઇએ કાલીતારાને ફરી જોવા નહિં પામો."

બિન્દુએ આ બધા કાગળ પોતાના પતિને બતાવ્યા હતા અને એકાંતમાં તેને માટે તે અશ્રુપાત પણ કરતી હતી. જે વાત તે છૂપાવવા માગતી હતી તેની ગપ તો પવનવેગે બધે ફેલાઈ ગઇ અને સુધાનું નામ વગોવાયું.

આ બાબતનો જ્યાં સુધી આમ કે આમ કાંઇ પણ નિર્ણય થાય ત્યાં સુધી સુધાને કાને તો આ વાત પડવા દીધી નહોતી.

કદાપિ તેનું લગ્ન ના જ થાય તો એ બિચારીના દુઃખમાં નકામો વધારો થાય, અને લોકનિંદાએ તેનું નામ બત્રીશીએ ચઢાવ્યું હતું તે જાણી તેને અત્યંત કલેશ થાય.

થોડો વખત તો ધાર્યા પ્રમાણે ચાલ્યું. પણ ઘરમાં આ બાબતપર વાત થાય તે છાની કેટલો વખત રહી શકે? પોતાની બહેનનો વિચારવંત ચહેરો અને ગંભીર વર્તણુક જોઇને સુધા તરત ચેતી ગઈ કે કાંઇ છૂપી વાત છે. પણ તે વાત શી છે તે તે જાણતી એ નહોતી, તેમ તેની પૂછવાની પણ હિંમત ચાલી નહિં. હેમચંદ્રને ઘણા લોકો મળવા આવતા અને સવારમાં તે પુષ્કળ કાગળ, ચીઠીઓ લખતો. રાત્રે પણ મોડે સુધી બેસી બિન્દુ સાથે વાત કરતો, તે બધું તે જોતી હતી ખરી. એક વાર તેમની દૂધવાળીને પણ કોઇ ચાકરને મોંએ કાંઇ પોતાનું અને શરતનું નામ સાથે બોલતાં સાંભળી હતી. સુધાને માટે ઘરની ઘાંયજી આવી તે પણ કાંઇ જાણે જાણતી હોય તેમ સુધાને જોઇને હસવા લાગી. ધોબણ આવી તે પણ કહેવા લાગી કે, 'બહેન, તમારાં બન્નેનાં કપડાં અમને જ ધોવા આપજો, હોં કે!' સુધાને કાંઇ ગમ પડતી નહોતી. આ બધાં બૈરાં તે એની કાંઇ મશ્કરી કરતાં હતાં કે શું? એણે તો કોઇ દિવસ કોઇને ઊંચો શબ્દ કહ્યો

નથી ને એ સર્વ આજ સુધી તો તેનો મોભો જાળવતાં હતાં; ત્યારે હ-મણાં આવી વાતો કેમ બધાંએ કરવા માંડી હશે ! પણ કોઇએ તેને પાધરો જવાબ દીધો નહિં.

ખરી વાત સુધા સમજી હતી કે નહિં તેનું અનુમાન કરવું બહુ અઘરૂં છે; પણ સરલમાં સરલ છોકરી એ આવી વાતોમાં આપણને લાગે છે તેના કરતાં હમેશ વધારે સમજે છે. વાતનો થોડો ઘણો મુદ્દો તો સ્ત્રીની જાત તે સમજ્યા વગર રહે જ નહિં. હવે પહેલાં કરતાં તેણે આ સર્વ વાતો ઉપર જરા વધારે લક્ષ આપવા માંડ્યું. તેના પોતાના ભાગ્ય અને ભવિષ્યનો આ ભેદ ખોલવા તેણે કાંઇક પ્રયાસ કરવા માંડ્યો. તે કોઇને કાંઈ પૂછતી નહિં અને કાંઇ જાણવા માટે બહુ ઈંતેજારી એ બતાતી નહિં; પણ તેના ફીક્કા ચહેરા ઉપરથી લાગતું કે એના મનમાં એ કાંઇ વહેમ પડ્યો છે ખરો.

એક દિવસ સર્વ ભેદ ફૂટી ગયો. એક દિવસ તે પથારીમાં સુવા જતી હતી, ત્યારે જમીન ઉપર એક ચોળાઇ ગએલો કાગળનો કકડો તેણે જોયો. તે તેણે ઉચકીને જોયો તો તેની કાકીના અક્ષર માલૂમ પડ્યા. કાકીએ બિન્દુને શો કાગળ લખ્યો હશે તે જાણવાની જીજ્ઞાસાએ દીવા આગળ જઇને તેણે તે વાંચવા માંડ્યો. બિન્દુ ઉપર થોડા દિવસ ઉપર તેની કાકીએ તેના લગ્ન સંબંધી જે કાગળ લખ્યો હતો તે જ આ કાગળ હતો. બિન્દુથી ભૂલમાં પડી ગયો હતો. વાંચતાં વાંચતાં સુધાની છાતી ધડકવા લાગી અને હાથ ધ્રુજવા લાગ્યા. કાગળ હાથમાંથી પડી ગયો; તેને ચક્કર આવી ગયા તેથી ગભરાઇને તે પથારીમાં જઇને પડી.

પ્રથમ તો સ્વાભાવિક રીતે એને બહુ દુઃખ લાગ્યું અને શરમ ઉત્પન્ન થઇ. શરત જેવા ડાહ્યા, સમજુ અને ભણેલા માણસે આવી બેઅદબ માગણી કેમ કરી હશે? પોતાના ઉપર નકામું કલંક શા માટે લગાડ્યું હશે? તેની કાકીને ખબર પડી હતી અને કાલીતારાને ખબર પડી હતી. આખું જગત્ એ વાત જાણતું હતું. હવે એ સગાંવહાલાં કે સ્નેહીઓ આગળ પોતાનું મોં કેવી રીતે બતાવી શકે? એને એ લજ્જાસ્પદ, અપવિત્ર લાગ્યું. તકીઆ ઉપર માથું નાંખી દઇને છાને માને તેણે પુષ્કળ આંસુ પાડ્યાં.

આખી રાત એને જરા ઊંઘ આવી નહિં, અને કાંઇ ચેન પડ્યું નહિં. પોતે ઘણી વાર રામાયણ વાંચેલું હતું. તેમાંની સીતાની પેઠે ધરતી

માર્ગ આપે તો તેમાં સમાઇ જવાની ઇચ્છા થઇ. એમ કરતાં કરતાં વહાણું વાયું, પણ એને કાંઇ ચેન પડયું નહિં. સવારના પહોરમાં એ ઉઠીને પોતાનાં બહેન બનેવીને પણ શી રીતે મોં દેખાડે ?

સવારનું ઝઝકળું થયું એટલે એ ઉઠીને બોલ્યા ચાલ્યા વગર બિન્દુ ના જુવે તેમ નીચે ચાલી ગઇ, અને રોજનું ઘરનું કામકાજ કરવા મંડી ગઈ. વાસણ માંજયાં અને વીછળ્યાં, ચોક આગણું વાળ્યું, કુવેથી પાણી ભરી આવી ને સર્વ વાત ભૂલી જવાને માટે કામમાં ગુંથાઇ. બારણું ઉઘાડીને ચાકરડી અંદર આવી ત્યારે તે ધ્રુજવા લાગી. દૂધવાળી આવી ત્યારે દેવતા સળગાવવાને બહાને તે રસોડામાં જતી રહી.

આવી રીતે છાના દુઃખમાં ને દુઃખમાં એક પછી એક દિવસ જતા રહ્યા. શરમની છાપ એના મન ઉપર પડી રહી અને તેના સુકુમાર હૃદયમાં અત્યંત ઉદ્વેગ થવા લાગ્યો. આટલી આટલી મુંઝવણમાં પણ તેને એક પ્રકારની ગૂઢ આશા હતી. શરતે આખા જગતના અભિપ્રાયની દરકાર છોડી દઇને પોતાની સાથે લગ્ન કરવાની માગણી કરવાની હિંમત કરી હતી તે વિચારથી તેનું મન પ્રફુલ્લિત થતું હતું. તેને લાગતું હતું કે એ આનંદ અપવિત્ર કહેવાય. પરંતુ એના સરખા ખીલતા હૃદયના ગાઢ તિમિરમાં એક કિરણ પણ રહેવા ન દેવું એ કાંતો અમાનુષી શક્તિનું અથવા ગૌણ સ્ત્રીનું કાર્ય હતું.

એક દિવસ બપોરે બિન્દુ સુવાના ઓરડામાં આવીને જુવે છે તો સુધાને બારી આગળ બેસીને એક ચોપડી વાંચતાં જોઈ. તેને જોવી આવતાં જોઇ કે સુધાએ ચોપડી બંધ કરી દીધી.

બિન્દુએ પૂછ્યું, "બહેન એ તું કઇ ચોપડી વાંચતી હતી વારૂ ?"

સુધાએ લજવાઇને નીચું જોઇને કહ્યું, "એ તો બંકીમચંદ્રની ચોપડી."

"પણ એ ચોપડીનું નામ શું ?"

"એનું નામ વિષવૃક્ષ છે."

બિન્દુએ ગંભીર મોં રાખીને જરા ઠપકાથી કહ્યું, "મને એ ચોપડી આપી દે, તારે એવી ચોપડી વાંચવી નહિં."

સુધાએ ચોપડી આપી દીધી અને ધીમેથી પૂછ્યું. "કેમ બહેન, એ ખરાબ ચોપડી છે ?"

"ના સુધા. બંગાળીમાં એ સૌથી સરસમાં સરસ નવલ કથા છે,

પણ તું હજી બાળક છે તેથી તારે એવી ચોપડીઓ વાંચવાને વાર છે."

"ત્યારે બ્હેન એની વાત તો જરા કહે એનું પરિણામ શું આવે છે તે જાણવાનું મને બહુ મન છે."

"વાત તો ટુંકી છે. એક બાળ વિધવા વાર્ત્તાના નાયક સાથે પરણે છે. પણ છેવટ દુઃખી થાય છે તેથી ઝેર પીને મરી જાય છે."

ઓરડામાંથી ઉઠતી વખતે સુધાના મોં ઉપરથી તમામ લોહી ઉડી ગયું હતું.

પ્રકરણ ૬ ઠું.

દીવાળીનો ઉત્સવ.

દીવાળીની રાત આવી પહોંચી. કલકત્તાની રોશની અને આતશબાજીનું તો કાંઈ પૂછવું જ નહિં. મોટાં વિશાળ મકાનો, ગૅસના દીવા અને વીજળીના પ્રકાશથી ઝગઝગી રહ્યાં હતાં. નહાનામાં નહાનાં ઘરોમાં પણ દીવા મૂકેલા હતા. છોકરાંઓ પુષ્કળ દારૂખાનું છોડતાં હતાં. હવાઇઓ ઊંચે ઊંચે જઇને નીચે પડતી હતી. ફટાકા અને ટેટાના અવાજથી આખું ગામ ગાજી રહ્યું હતું. નાનાં છોકરાં રંગરંગીત દીવાસળીઓ અને ફુલકરણીઓ છોડીને ખુશ થતાં હતાં ને કૂદતાં હતાં. કેટલાંક સુકી ભીંડીની સાંઠીઓ સળગાવી ભડકા કરતાં હતાં.

આ સર્વ રોશનીનો ભપકો, આતશબાજી તથા તે દહાડે ઘેર ઘેર પૂજાતી ભયાનક કાલીની મૂર્તિઓ જોયા વગર શરત નીચી નજર રાખીને ધડકતી છાતીએ ભવાનીપુરની સાંકડી ગલીમાં ચાલતો ચાલતો હેમચંદ્રને ઘેર આવી પહોંચ્યો. કબુલાત પ્રમાણે બિન્દુ તેને મળશે એમ તેણે ધાર્યું હતું. પણ તેને બદલે હેમ પોતે જ બારણામાં ઉભો હતો. શરતનો હાથ પકડીને આગલા ઓરડામાં તે તેને લઇ ગયો. શરત બિચારો માથું નીચું ઘાલીને આશા અને ભયની વચ્ચે ઝોકાં ખાતો ચાલતો હતો.

હેમે દીવો સંકોરતાં સંકોરતાં કહ્યું, "શરત તારી માગણી વિષે બિન્દુએ મને વાત કરી છે."

શરતે ગભરાતાં ગભરાતાં કહ્યું, "જો મારી ઘણી બેઅદબી થઇ હોય ને તમારી માયાનો મેં ગેરઉપયોગ કર્યો હોય તો તમારા સ્નેહની ખાતર મને માફ કરજો."

"શરત, તેં કાંઇ ખોટું કર્યું નથી એટલે માફ કરવાનું એ કાંઇ નથી. આખી દુનીઆ ભલે તારો વાંક કહાડે પણ મને તો તારે માટે ઘણો ઉંચો અભિપ્રાય છે અને તે હમેશ કાયમ રહેશે."

શરતને કાંઇ જવાબ સૂઝયો નહિં. પણ એની આંખ ઉપરથી જ એના મનની ઉપકારવૃત્તિ જણાઇ આવતી હતી.

હેમે તે જોયું અને તેણે બોલવાનું જારી રાખ્યું.

"બિન્દુ પણ તારા ઉપર નાનપણથી ભાઈ જેવો સ્નેહ રાખે છે. તે કદી તેનો સ્નેહ શિથિલ નહિં કરે. તેં જે હિંમત અને ઉદાત્ત બુદ્ધિથી આ માગણી કરી છે તેથી તો ઉલટો તારે માટે અમારો વધારે સારો મત થયો છે."

"તમારી અને બિન્દુ બ્હેનની માયા હું જીવતા સુધી વીસરીશ નહિં," શરતે કહ્યું. પણ હેમની બોલવાની ઢબ ઉપરથી એને લાગ્યું કે છેવટે એમાં કાંઇ વળવાનું નથી.

હેમે પૂછ્યું, "આ માગણી કરતાં પહેલાં તેં ચારે તરફનો વિચાર કરી જોયો છે? એક પળના જુસ્સાના આવેશમાં તો તેં કાંઇ નિશ્ચય નથી કરી દીધો ને?"

"હેમ! હું ખરૂં કહું છું કે મેં ઘણા વખત સુધી એ વિષય ઉપર તર્કવિતર્ક કરીને જ તમારી આગળ વાત કરી છે. મને લાગે છે કે મે જે કર્યું છે તે સારાને જ માટે છે."

"શરત, મારા કરતાં તું વધારે કેળવાએલો છે. પણ ઉમરમાં તું મારા કરતાં નાનો છે. તેથી વખતે તને એકાદ બે વાત લક્ષમાં ના આવી હોય માટે મને બે બોલ કહેવા દે. તું જાણે છે કે જુના વિચારના લોકો વિધવાના પુનર્લગ્નને બહુ નીચ કામ ગણે છે."

"હેમ! જે લોકો માત્ર દુરાગ્રહની ખાતર ગાડરીઆ પ્રવાહ પ્રમાણે ચાલે છે તે લોકોના મતની હું બહુ દરકાર કરતો નથી. જરા પણ આચકા વગર એવી નિંદા તો મેં ઘણીવાર સહન કરી છે અને જીવનના સુખની ખાતર હજી પણ સહન કરી શકું."

"શરત! તું જાણે છે કે તને આ કાર્યને માટે ન્યાત બહાર મુકશે ?"

"જો એ લોકોને ફાવે તો ભલે મને ન્યાત બહાર મુકે."

"તું જાણે છે કે તારા કુળવાન ખાનદાનને એથી કલંક લાગ્યું લેખાશે ?"

"જો એ પાપનું કાર્ય ના હોય તો અમને કાંઇ કલંક લાગી શકે નહિં. જો તમને પોતાને આ પગલું પાપ અને અપવિત્રતા ભરેલું લાગતું હોય તો મને ખુશીથી કહી દો કે હું ત્યાં જ અટકું."

"વિધવાનું ફરી લગ્ન કરવામાં કાંઇ પાપ તો છે જ નહિં. આપણાં અસલનાં શાસ્ત્રો અને પ્રાચીન રૂઢિ પ્રમાણે તો એને માટે કાંઇ પ્રતિબંધન છે જ નહિં. એ તો માત્ર અર્વાચીન સમયમાં જ એની વિરુદ્ધ લોકલાગણી થઇ છે."

"જો એમ જ હોય, ને તેમાં કાંઈ પાપ ના હોય અને ઉલટું સારૂં પરિણામ થતું હોય તો માત્ર દુરાગ્રહની ખાતર વાંધો કહાડવાની કાંઇ જરૂર છે ? પચાસ વર્ષ ઉપર સમુદ્રપ્રયાણ કરવાની સામે કેટલો વિરુદ્ધ લોકમત હતો, પણ હવે દર અઠવાડીએ સેંકડો માણસો ઓરિસ્સા, બ્રહ્મદેશ, મદ્રાસ ને સીલોન દરીઆને રસ્તે જાય છે. એનું નામ તે ઉત્કર્ષ. કાંઈ પણ ફેરફાર કર્યા વગર એકની એક સ્થિતિમાં પડી રહેવાથી તો પ્રજાત્વનો નાશ થવાનો સંભવ છે."

"સાંભળ શરત, તું ડાહ્યો ને સમજુ છે તેથી હું તને ખરેખરૂં કહી દઇશ. આપણા મનના આવેશ અને ઉત્સાહ જીવન પર્યંત પહોંચતા નથી. હું જાણું છું કે હાલ તો સુધાને માટે તને અત્યંત ઉદાર પ્રેમ છે, પણ કદાપિ વખત જતાં એ પ્રેમ જેવો ને તેવો ટકે નહિં—મને બોલતાં રોકીશ નહિં. હું કહું તે લક્ષપૂર્વક સાંભળ. તારા હમણાંના ઉત્કટ પ્રેમને માટે મને કાંઇ શંકા નથી. પણ એ ભાવ ધીમે ધીમે ઘસાઇ જાય એવો પણ સંભવ છે, અને ઉતાવળું પગલું ભર્યાને લીધે જીવન પર્યંત પસ્તાવો રહી જાય. તને ન્યાત બહાર મુકે ને તારા કુટુંબ સાથે આપણા લોકો કાંઇ સંસર્ગ રાખે નહિં તો તારી પ્રજાનાં લગ્નપ્રસંગે કેટલો વાંધો ઉઠે ? તારી છોકરીઓને કોઇ પરણશે નહિં. ન્યાતજાતનાં મંડળોમાં તારા છોકરાઓને કોઇ બોલાવશે નહિં; તે વખતે કદાપિ તને લાગે કે જુવાનીમાં આવું ઉદ્ધત પગલું ના ભર્યું હોત, મિત્ર, સગાંસંબંધી સર્વના મતની વિરુદ્ધ ના ચાલ્યો હોત તો ઘડપણમાં આવું દુઃખ ના પડત, ને સુખશાંતિમાં દિવસ ગાળત, અને છોકરાંઓને સહુ કોઇ આદર કરીને બોલાવત, અને કોઇ તુચ્છકારી ના

કઢાડત; હજી તારૂં મન ફેરવવાને વખત છે. સુધાના કરતાં ઘણીએ દેખાવડી કન્યાઓ આપણી ન્યાતમાં છે. તારા જેવા છોકરાને કન્યા આપવાને કોઇ પણ માબાપ નાખુશ નહિં હોય. તે માટે તું છેવટનો નિશ્ચય કરે તે પહેલાં બરોબર વિચાર કરી જો. હજી તો આગળ તારે ઘણાં વર્ષ કઢાડવાનાં છે, તેથી જુવાનીમાં વિચારીને પગલું ભરજે કે ઘડપણમાં પસ્તાવો ના થાય.”

શરતે સર્વ વાત ધ્યાનપૂર્વક સાંભળીને પછી નમ્રતાથી જવાબ દીધોઃ— “હેમ, મારા ઉપર વિશ્વાસ રાખજો. હું સત્ય કહું છું કે મેં ઉદ્ધતપણામાં કે મોહાંધ થઇને આ કાર્ય નથી આરંભ્યું. જીવનમાં સુખ મેળવવાની હું આશા રાખું છું, સુખનો નાશ કરવાની મારી ઇચ્છા નથી. ઘડપણમાં મને દુઃખ પડશે ને પસ્તાવો થશે એમ તમે કહો છો; પરંતુ આપણા અગ્રગામી સુધારકો તરફ દૃષ્ટિ કરો! તેમણે જુવાનીમાં હિંમત અને પ્રતિષ્ઠાનાં કાર્મ કર્યાં હતાં તેથી શું તેમને હવે પસ્તાવો થાય છે? આપણા દેશમાં તો સત્ય ધર્મનો પંથ દર્શાવનારા અનેક લોકોને ન્યાત બહાર મુકવામાં આવ્યા છે. તેમજ વિદ્યા, કળા, પદવી, માન વગેરે મેળવવાને યુરોપ જવાને લીધે અનેક સદ્‌ગૃહસ્થોને ન્યાત બહાર મૂકયા છે. ઘણાએકને સંસારસુધારો ગ્રહણ કરીને પોતાના કુટુંબમાં તે દાખલ કરવાને માટે ન્યાત બહાર મુકે છે! સાંસારિક સ્થિતિ સુધારનાર આમાંના કોઇને પોતાની હિંમત ભરેલી વર્તણુક માટે પસ્તાવો થતો હોય એવું તમને ભાસે છે? ન્યાત બહાર મુકશે! એમાં તે હવે આગળ જેવો ત્રાસ કયાં રહ્યો છે? ન્યાત બહાર રહેવામાં જે બહાદુરી ગણાતી હતી તે પણ હવે નથી રહ્યું. અને જુના વિચારવાળાના ન્યાત બહાર મુકવાના હથીઆરનું આજ કાંઇ બળ રહ્યું નથી. હવે કલકત્તામાં દરેક પ્રતિષ્ઠિત કુટુંબમાંથી છોકરાઓ અભ્યાસને અર્થે યુરોપ જાય છે. તેમને ન્યાત બહાર કોણ મુકે છે? અને જો બધાને ન્યાત બહાર મુકે તો પ્રતિષ્ઠિત વર્ગમાંથી ન્યાતમાં રહેશે પણ કોણ? મહાન સુધારકો જે આપણને સદ્‌બોધ આપે છે અને સત્ય માર્ગે દોરે છે; જેઓ સાંસારિક અને રાજકીય ઉન્નતિ માટે પ્રયાસ કરે છે તેમને શું આપણા હિંદુ સમાજમાંથી નિવારી મુકે છે? ઉલટું એ લોકોના મહાન પ્રયાસને લીધે તો આપણા દેશની પ્રજાકીય ઉન્નતિ થાય છે. એમનાં દૃષ્ટાંત આપણને આધારરૂપ છે અને તે આપણને ઉત્કર્ષના માર્ગમાં ઉત્તેજી પ્રેરે છે. માનનીય વિદ્યાસાગર, વિદ્વાન મધુસૂદન, ઉત્સાહી કેશવચંદ્રસેન, દેશભક્ત સુરેંદ્રનાથ

આ સર્વેને જો કે નામની ખાતર ન્યાત બહાર મુકેલા; પણ એ લોકો વગર આપણો જનસમાજ ચાલે તેમ ક્યાં છે? આપણી જ ન્યાતના લોકો આ સર્વ મહા પુરુષોને માટે અભિમાન ધરાવે છે. મારા મૂર્ખાઇ ભરેલા બોલવા માટે મને માફ કરજો. તેમ જ આ સંબંધે આ સર્વ યશસ્વી ગૃહસ્થોનાં નામ દઉં છું તે માટે પણ માફ કરજો. હું કાંઇ મોટો સુધારક નથી તેમ જ કાંઇ અગ્રેસર નથી. હું તો એક ક્ષુદ્ર વિદ્યાર્થી છું, અને મારા પોતાના સ્વાર્થ અને સુખની આકાંક્ષા રાખું છું. હું માત્ર એટલું જ કહું છું કે ન્યાત બહાર મુકવાની તો હવે માત્ર બીવડામણી રહી છે. સત્ય ને ન્યાયનો માર્ગ ગ્રહણ કરવાથી કોઇને દુઃખ પડવાનું નથી."

શરત, તેં ઘણી સારી રીતે અને હોંશીઆરીથી તારો પક્ષ રજુ કર્યો છે. ઉદ્ધતાઇ કે મોહાંધપણાને આ માગણી કરી નથી એ તારાં વચનોથી મને પૂર્ણ સંતોષ થયો છે. એટલું માનજે કે આપણી મૂર્ખાઇ અને ઉદ્ધતાઇથી આપણા ઉપર જેટલાં દુઃખ પડે છે તેટલાં બીજા કશાથી પડતાં નથી."

"હેમ, એ હું જાણું છું; મેં જેટલો વિચાર કર્યો છે તેટલા ઉપરથી મને તો એમ જ લાગે છે કે હું કાંઈ દુઃખ વહોરતો નથી, પણ ઉલટું જીવનપર્યંતનું મને સુખ મળશે એવી આશા રાખું છું. દિવસોના દિવસો સુધી મેં એની પરીક્ષા કરી લીધી છે. એ પોતાનો પ્રેમ અર્પી મને કૃતાર્થ કરશે તો મારા જેટલો સુખી દુનીઆમાં બીજો કોઇ રહેશે નહિં. એનું નિર્દોષપણું, તેમ જ એની શ્રદ્ધા, સુકોમળતા, દૃઢતા, સત્યનિષ્ઠતા અને પવિત્રતા એ સર્વ જ મારા પ્રેમનું કારણ છે. જે સદ્‌ભાગી પુરુષનું હૃદય એનો પ્રેમ પામશે તેને ખરેખરૂં સ્વર્ગનું સુખ મળશે. આ બે મહિના એનાથી દૂર રહેવાને લીધે મારા હૃદયમાં કેવી વ્યથા થઇ છે તથા હું ઘેલા જેવો થઇ ગયો છું, તે સર્વ હું કહેવા માગતો નથી. હું માત્ર એટલું જ કહું છું કે જો મારી આ આશાભંગ થઇ તો પછી આ જગતના મારા સર્વ પ્રયાસ, સર્વ ઉમેદોનો પણ અંત જ આવ્યો જાણજો. ત્યાર પછીના નીરસ, આનંદરહિત જીવનમાં પ્રયાણ કરવા યોગ્ય કાંઇ રહેશે નહિં."

"શરત! જરા લાજ. પોતે ધારેલી એક કન્યાનો કર ના ગ્રહણ કરી શકવાથી તારા જેવા જુવાન મરદે અન્ય સર્વ વ્યવહારિક પ્રયાસ, ઉમેદ છોડી દેવાની વાત સરખી પણ કરવી ના જોઇએ. સુધાને તું તારી પોતાની ના કરી શકે તેથી તું શું તારી આટલી અક્કલ, ડહાપણ ને આવડત છતાં જીવનનાં બીજાં મહાન કર્તવ્ય છોડી દઇશ?"

"હેમ, તમારો જવાબ એ જ છે ને? જીવનનાં કર્તવ્ય સફળ કરવાને માટે અન્ય ઉમેદ અને આશાની સર્વ કોઇને જરૂર પડે છે. આશાને લીધે તો મનુષ્ય જીવી શકે છે અને ગુલામની પેઠે વેઠ નથી કરતો. પણ તમે જો આ જ નિશ્ચય કર્યો હોય તો પછી મારી દલીલ કાંઇ ઉપયોગની નથી; અને મારૂં ધાર્યું નથી થવાનું તો તમારો ને બિન્દુ બહેનનો ગુન્હો કર્યો છે તેને માટે મને કૃપા કરીને માફ કરજો. તેમ જ અજાણપણે મારી મૂર્ખાઇથી જે નુકસાન થયું હોય તેને માટે પણ માફ કરજો. અને નાનપણથી મારા ઉપર જે બંધુભાવ રાખો છો તે કાયમ રાખશો એવી હું આશા રાખું છું."

શરતની આંખમાં પાણી આવી ગયાં હતાં તે છુપાવવાને તેણે મોં ફેરવી દીધું અને તે ઉભો થયો. હેમે ધીમે રહીને તેના ઉપર હાથ મુક્યો અને કહ્યું, "શરત, મારા બોલવાથી તને દુઃખ લાગ્યું હોય તો મને માફ કરજે. તેં ઉછાંછળાપણામાં કે એક પળના આવેશમાં આ માગણી નથી કરી એ મારે જાણી લેવું હતું. ઉંડો વિચાર કરતાં હજી જો તને આ ડહાપણ ભરેલું પગલું લાગતું હોય તો મારી સંપૂર્ણ ખુશીથી હું તને હા કહું છું; તેમ જ તારી હિંમત અને ઉદાર બુદ્ધિ માટે હું તને શાબાશી આપું છું. બિન્દુ એને પોતાને મોંએથી હા કહેવાને તત્પર થએલી છે. અને તે ઉપર તારી જ રાહ જુવે છે. જો દયાળુ ઇશ્વરની મરજી સુધાને સુખી કરવાની હોય તો પછી અમારે શું કરવા આડે આવવું જોઇએ? એ મહાકૃપાળુ પ્રભુ તમને અખંડ સુખ આપો અને નિરંતર તમારૂં રક્ષણ કરો."

શરતથી જવાબ દઇ શકાયો નહિં. પરંતુ અત્યાર સુધી એણે જે મહા પ્રયાસે આંસુ ખાળી રાખ્યાં હતાં તે હેમના હાથ ઉપર પડ્યાં. પછી તે ઉપર ગયો.

બિન્દુ એક દીવેલનો દીવો સળગાવીને સાદડી ઉપર બેઠી હતી. એટલામાં શરત ત્યાં આવ્યો. તેનો ચહેરો ઉશ્કેરાયલો હતો. તે ઉપકાર અને માનની વૃત્તિથી બિન્દુને પગે પડ્યો.

"મારા શૂન્ય જીવનને આટલું સુખી કર્યું તેનો બદલો બહેન, હું શી રીતે વાળી શકીશ?"

બિન્દુ શરતને હવે બનેવી જ ગણતી હતી, તેથી તેણે સાળીના હકથી તેની ગશ્કરી કરવા માંડી. "જા ભાઇ, મને અહીં એકલી બેસી રહેવા દે અને મારા પગને સ્પર્શ કરીશ નહિં. હવે તો તમે બીજા કોઇને પગે પડો તે યોગ્ય ગણાય. મને પગે લાગવામાં કાંઇ ફાયદો નથી."

શરતે ફરીથી કહ્યું, "બહેન, તેં તારા પતિ આગળ મારી માગણી રજુ કરી મારી વતી વકીલાત કરીને તેની સમ્મતિ મેળવી; જીવન પર્યંતનું સુખ મને તમારે લીધે મળ્યું તે ઉપકારનો બદલો હું શી રીતે વાળી શકું?"

"અરે જવા દેને ભાઇ, અમારી સમ્મતિની જરૂર જ શી હતી? વરકન્યાએ એકએકને પોતાનાં હૃદય અર્પણ કરી દીધાં હતાં ત્યાં અમારી સમ્મતિની જરૂર શી રહે?"

"વહાલી બહેન બિન્દુ! એક ક્ષણુ તો મારી મશ્કરી કરવાનું બંધ રાખો, અને તમારી પૂર્ણ સમ્મતિ આપીને અમને આશીર્વાદ દો. સુધા હજી ઘણી બાળક છે. તે તમારી ઇચ્છા વગર શી રીતે સમ્મતિ આપી શકે?"

"એ હવે તો કાંઇ બાળક નથી. અમારા બધાં કરતાં આ બાબતમાં એ વધારે સમજે છે. વાર્તાઓ ને નવલકથાઓ વાંચી વાંચીને પ્રેમના બધા માર્ગ એ જાણે છે."

"બહેન! એક ક્ષણુ મશ્કરી રહેવા દઇને ગંભીરપણે બે બોલ કહેવાની હું નમ્રતાપૂર્વક વિનંતી કરૂં છું."

"ભાઇ! મને આટલી નમ્રતાથી વિનવે છે તે સુધાને કદાચ અદેખાઇ આવશે! મારી બહેનનું મન દુભાવવાની કે એનો હક્ક છીનવી લેવાની બેશક મારી જરા ઇચ્છા નથી."

"હું તો હવે ખરેખરો મહાત થયો! મેં ધાર્યું હતું કે આ પ્રસંગનો લાભ લઇને હું તારી સલાહ લઇશ અને બધો બંદોબસ્ત કરી દઇશ. પણ તને તો જરા દયા નથી. મારી બધી આજીજીને જરા ગણતી નથી."

"હવે બંદોબસ્ત કરવાનો બાકી શો છે? મેં તો જાણ્યું કે વરકન્યાએ બધું ચોક્કસ કરી દીધું છે. માત્ર લગ્નવિધિ કરવાને ગોરને બોલાવવાનો બાકી છે—કે વખતે કૉલેજના છોકરાઓને તો ગોરની એ જરૂર નહિં પડતી હોય. પોતાની મેળે જ સર્વ વિધિ કરતા હશે. અને રીતભાતે બધી સુધા મેળે જ કરી લેશેને! એને બોલાવું?"

શરત થાકીને ઉઠયો, કેમકે બિન્દુની મશ્કરીનો અંત આણવો મુશ્કેલ હતો. તેના હાથ પોતાના હાથમાં લઇને ફરીથી એકવાર તેણે વિનંતી કરી. "બહેન! તું મારૂં જરા સાંભળતી નથી, તેથી હું તો હવે જાઉં છું. પણ હું જાઉં તે પહેલાં એકવાર અમને આશીર્વાદના બે બોલ કહે, તારો આશીર્વાદ મેળવવાને હું બહુ જ ઉત્સુક છું. જગતની સર્વ વસ્તુ કરતાં મારે મન તેનું વધારે મૂલ્ય છે."

હવે બિન્દુથી રહેવાયું નહિં, તેથી તે બોલી, "શરત, મારી બહેનને સુખી કરવાની ઇશ્વરની જ જ્યારે મરજી થઇ છે તો હું શું કરવા વાંધો લઉં? એ પતિતપાવન દીનદયાળુ પ્રભુ મારી બહેનને નિરંતર સુખમાં રાખે ને તને તારા સરખા સુદૃઢ મનના અને ઉદાર વૃત્તિવાળાને યોગ્ય સમૃદ્ધિ અને યશ આપે. અને સુધા તારી આજ્ઞા પાળી તારા ઉપર સદા પવિત્ર પ્રેમ રાખે એટલું જ હું ઇચ્છું છું."

મોડી રાત્રે જ્યારે શરત ઘેર જવા નીકળ્યો ત્યારે તે પોતાને અત્યંત સુખી થએલો ગણવા લાગ્યો. ધીરેથી તે આંગણા નીચે ગયો. તેણે કાંઇ અવાજ સાંભળ્યો તેથી તે સ્તબ્ધ થઇને ઉભો રહ્યો. સુધા કોઠારનાં બારણાં બંધ કરીને દીવો લઇને ઉપર જતી હતી. લગભગ બે મહિના થયા એણે એના મોં સામું જોયું નહોતું. તે આ વખતે એ પવિત્ર મધુર અને પ્રેમમય મૂર્તિના ચહેરા તરફ એક દૃષ્ટિથી જોઇ રહ્યો. અવર્ણ્ય ગહન વિચારોથી તેનું અંતઃકરણ ઉન્મત્ત થઈ ગયું હતું. તેથી બોલ્યા ચાલ્યા વગર તે ત્યાં જ ઉભો રહ્યો.

બારણાંની સાંકળ દઇ તાળું વાશીને સુધા બીજી તરફ ફરી.

શરતને પોતાની તરપ દૃષ્ટિ કરતો બોલ્યા ચાલ્યા વગર ઉભેલો જોયો તેથી તેનું મોં લજ્જાયમાન થઇ ગયું. લજ્જાને લીધે તેણે નીચું જોવા માંડ્યું. શરત તેના સામું ન જુવે માટે તેણે જરા આઘું ઓઢ્યું. ઉભે ઉભે તેનું શરીર કંપવા લાગ્યું, અને તેના મોં ઉપર, ધસી આવેલા લોહીને લીધે રતાશ પ્રસરી રહી. તેણે દીવો હોલવી નાંખ્યો અને લજ્જા છુપાવવાને તે ઉપર દોડી ગઇ.

પ્રકરણ ૭ મું.

માની આજ્ઞા.

મધ્ય રાત્રિ વીતી ગઇ હતી, અને દીવાળીની રાતના બધા દીવા હોલવાઇ ગયા હતા. લોકોની ઠઠ પણ વીખરાઇ ગઇ હતી. શાંત અને એકાંત રસ્તામાં થઇને શરત પોતાને ઘેર જતો હતો. સંધ્યાકાળના બનાવના વિચારોથી એનું હૃદય ધડકતું હતું. એના નસીબમાં સર્વ સુખની આશા

ફળીભૂત થવાનું હશે કે પ્રગટીને હોલવાઈ ગએલા દીવાળીના દીવાની પેઠે નિરાશારૂપી ઘોર અંધારામાં જ રહેવાનું હશે!

અવાજ કર્યા વગર તે ઘરમાં દાખલ થયો, એટલે નોકરે આવીને તેના હાથમાં એક પત્ર મુક્યો; તે વખતે તેનું આખું શરીર ધ્રુજ્યું. દાદરમાં દીવો નહોતો. ઉપર જતાં જતાં કાંઇ વિચિત્ર ભયને લીધે એને બીક લાગી. છેલ્લાં બેચાર અઠવાડીઆંના મનના થાકની હવે અસર જણાવા લાગી. ઉપર આવીને દીવા આગળ પત્ર વાંચતાં વાંચતાં એના હાથ કંપવા લાગ્યા. પત્ર ઉપર બનારસની છાપ જોઇને એને ગભરામણ છુટી. એની મા તરફથી એ પત્ર આવ્યો હતો અને તે નીચે પ્રમાણે હતોઃ—

"ચિરંજીવી શરત—

"તારી માના અનેક પ્રેમાશીર્વાદ વાંચજે. ભુવનેશ્વર તને હમેશ સુખ શાંતિમાં રાખે, ને તારી સર્વ મનોવાંચ્છના સફળ કરે એટલી જ એ મહા પ્રભુ પાસે મારી નમ્ર પ્રાર્થના છે.

"દીકરા, કાંઇક માઠી હકીકત મેં સાંભળી છે, તેથી મારા જીવને બહુ વ્યથા થાય છે. પણ તું શાણો છોકરો છે અને મારા ઉપર અત્યંત સ્નેહ રાખે છે તેથી હું તારે વિષેની ઉડતી ગપ માનતી નથી, હું જાણું છું કે તું તારી દુઃખી વિધવા માતાને કદી દુભવે જ નહિં.

"પુત્ર! મેં સાંભળ્યું છે કે વિધવા સુધાની સાથે લગ્ન કરવાની તારી ઇચ્છા છે. આ કાર્ય તો બહુ પાપ ગણાય છે. તે જો તું કરીશ તો તારા બાપનું નામ બોળાશે, ને તારી માતાનું મન દુભાશે. તારા જેવો આજ્ઞાંકિત છોકરો મને દુઃખ નહિં જ દે એ મારી ખાત્રી છે.

"મારા વહાલા પુત્ર! મેં આ સંસારમાં બહુ દુઃખ વેઠ્યાં છે. તારા બાપ મને અપાર દુઃખમાં નાંખીને ચાલી ગયા. મેં તારી બહેનને માટે કેટલું દુઃખ વેઠ્યું છે તે તું જાણે છે. તું માત્ર મારૂં હૃદય-રત્ન અને જીવનનો આધાર છે. મારી સર્વ આશા તારા ઉપર છે. ત્યારે મારા ઘડપણના પાછલા વખતમાં તું મને દુઃખ નહિં દે એવી આશા છે.

"રે મારા શરત! તારૂં આયુષ્ય સો વર્ષનું થજો, અને દયાનિધાન ભગવાન તારા જીવનમાં સુખ વર્ષાવે અને તને નીતિ તથા સદાચારનો રસ્તો સુઝાડે. મારા જેવી ગરીબ મા બીજો શો આશીર્વાદ દે? મારા વહાલા દીકરા, હું તને મળવા કલકત્તે જલદીથી આવવાની છું."

શરતે પત્ર એક વાર પૂરો વાંચ્યો, વળી પાછો વાંચ્યો એમ બે ત્રણ વાર આખો પત્ર વાંચી જોયો. પછી તેના હાથમાંથી કાગળ સરી પડયો, તેનું શરીર કંપવા લાગ્યું, તેની આંખે અંધારાં આવ્યાં અને બેશુદ્ધ થઇને તે જમીન ઉપર પડી ગયો. તે શુદ્ધિમાં કેટલી વારે આવ્યો તેનું તેને કાંઇ સ્મરણ નહોતું. ઉઠીને તેણે બારી ઉઘાડી અને બહાર અંધારા તરફ જોતો બેઠો. પછી પોતાના અપાર દુઃખનો વિચાર તેના મગજમાં આવ્યો. જાણે મૃત્યુની છાયા તેના ઉપર પડી હોય તેમ તે સ્થિર આંખ રાખીને મૌન ધારણ કરીને બેસી રહ્યો.

તેની પોતાની નિરાશાનું દુઃખ તો તેને કાંઇ જ ગણતરીમાં નહોતું. તે તો અવશેષ રહેલો કાળ, જીવનના સર્વ સુખની આશા તજી આનંદ અને ઉમેદરહિત નીરસતાથી ગાળે; પણ બિન્દુ, હેમ અને નિર્દોષ સુધાનો વિચાર આવતાં તેનું અંતઃકરણ કહ્યું કરતું નહોતું. એના લગ્નની વાત ચારે દિશાએ ફેલાઇ હતી, તે તે જાણતો હતો. તેથી જો હવે પોતે આપેલું વચન તોડે તો પણ લોકો તો સુધાના નિષ્કલંક કુટુંબનો તિરસ્કાર અને અવગણના કર્યા વગર રહે નહિં એમ તેને લાગ્યું. જે કુટુંબમાં તે સ્નેહ અને મમતાથી રહી મોટો થયો તથા જેમણે તેના શૂન્ય જીવનને સુખમય કર્યું તે કુટુંબની તે પોતાની વર્તણુકથી અપકીર્તિ કરશે? બિન્દુ તેને સગા ભાઇ કરતાં પણ વધારે ગણતી હતી, તેમ જ હેમ પણ પોતાના નહાના ભાઇ સમાન તેને ગણતો હતો, તે સર્વનો આવો બદલો દેશે? ઘરમાં રહી ઝેરી નાગની માફક ડંખ દઇને તેમના ગૃહસુખનો નાશ કરીને જતો રહેશે? “ઓ મા! એક વાર તારી આજ્ઞા પ્રમાણે ના ચાલું તો મને માફ નહિં કરે? મારાથી તેમનો વિશ્વાસઘાત નહિં કરાય.” શરતથી ઘાંટો પાડીને બોલાઇ જવાયું.

પછી તેને નિર્દોષ, શુદ્ધ, વિશ્વાસુ સુધાનો વિચાર આવ્યો. છ મહિના અગાઉ તો એ સરળ બાળા એક બાલિકા જેવી હતી. અજાણપણે જ તેણે તેના મનમાં નવા વિચાર–નવું જીવન ઉત્પન્ન કર્યું હતું. તેના હૃદયમાં એક નવા જ પ્રકારનો આનંદ તેણે પ્રેર્યો હતો. હવે શું તેને તજી દેવી પડશે અને તેનું જીવિત દુઃખિત તેમ જ તિરસ્કારપાત્ર કરશે? કારણ કે દરેક જણ એના સામી આંગળી કરશે. સદ્‌ગુણી સ્ત્રીઓ એનું નામ દેતાં પણ શરમાશે અને તે અનાથ બાળા મનના દુઃખને લીધે ક્ષીણ થતી જશે તથા છેવટ અકાળે મૃત્યુવશ થશે. તેનું મગજ ફરવા લાગ્યું, રાતની શીતળ

ઝાકળને લીધે મગજ કાંઇ શાંત થાય એ આશાથી માથું બારીની બહાર કહાડીને તે બેસી રહ્યો. સર્વ જગત્ નિદ્રાવશ હતું. અંધકારનું રાજ્ય પ્રસરી રહ્યું હતું અને શાંત ભૂમિ તરફ અગણિત તારા દૃષ્ટિ કરી રહ્યા હતા.

એમ કરતાં કરતાં પૂર્વમાં ઉષાનો આભાસ થવા માંડયો. પોતાની પ્રિય માતા જેણે અનેક સંકટ વેઠીને તેને મોટો કર્યો હતો તેને હવે આ જીવનમાં ઘણો લાંબો કાળ કહાડવાનો નહોતો રહ્યો. "મને વૃદ્ધાવસ્થાનું સુખસ્થાન ગણે છે તે માતાની આજ્ઞા વિરુદ્ધ શું હું પગલું ભરીશ? હું શું તારા મનને દુભવીને તારા અવશેષ રહેલા કાળમાં દુઃખ દેખાડીશ? તારી વૃદ્ધ વયમાં આવા નવા પ્રકારનો સંતાપ કરીને તારૂં આયુષ્ય ટુંકું કરીશ? હું મારી માતાની આજ્ઞાનો ભંગ કરૂં તેના કરતા તો મરી જાઉં તો સારૂં." આવો વિચાર શરતને થયો.

અજાણપણે તેણે બારીના કઠેરા ઉપર માથું ટેકવ્યું હતું, અને પ્રાતઃકાળની શીતળતાને લીધે તે જરાવાર નિદ્રાવશ થયો. તે જ્યારે જાગ્યો ત્યારે ઓરડામાં સૂર્યનાં કિરણ પૂર્ણ જોસથી પ્રકાશતાં હતાં. એક ફીકા ચહેરાવાળી સ્ત્રી તેના ઉપર સ્નેહભરી દૃષ્ટિ કરીને પાસે ઉભી રહી હતી.

તેની મા પરોઢીઆમાં આવી પહોંચી હતી. તેણે કહ્યું, "દીકરા શરત, તારો ચહેરો ફીક્કો પડી ગયો છે, અને તારૂં શરીર છેક લેવાઇ ગયું છે. લોહીનું તો નામનિશાન પણ તારા મોં ઉપર નથી. તું આખી રાત આમ બેસી કેમ રહ્યો હતો? પથારીમાં જઇને થોડીવાર આરામ લે."

માતાના અવાજથી શરતના હૃદય ઉપર અમૃતનું સિંચન થયું હોય એવી અસર થઇ. ખુરશી ઉપરથી તે ઉઠયો અને તેને પગે પડીને ગળગળા અવાજથી તે બોલ્યો.

"મા! મેં જો તારા મનને કષ્ટ આપ્યું હોય તો મને મૂર્ખને ક્ષમા કરજે. હું જીવતા સુધી તારી આજ્ઞા કદી ઉથાપવાનો નથી."

માતા ઉપરના અત્યંત પ્રેમને લીધે જ શરત પોતાનો વિચાર ફેરવી શકયો હતો. આપણા દેશના લોકમાં બીજી સર્વ લાગણીઓ કરતાં વાત્સલ્ય વધારે હોય છે.

આંસુ ભરી આંખે તે બોલી, "બેટા! હું જાણુતી જ હતી કે તારી વૃદ્ધ માતાને તું નાહક દુઃખ નહિં દે. મારી આજ્ઞા તેં હજી સુધી કદી ઉથાપી નથી. ઈશ્વર તને હજી ઘણું સુખ દેખાડશે."

આ વાતને એક અઠવાડીઉં વીતી ગયું ત્યાર પછી એક દિવસ એક યુવક એકલો હુગલીના પુલ ઉપર થઇને હાઉરાના રેલવે સ્ટેશન ઉપર જતો હતો. મુસાફરોનાં ટોળાં જતાં હતાં, અસંખ્ય ગાડીઓની હાર-ની હાર જતી હતી અને રસ્તા ઉપર પુષ્કળ ગડબડાટ થઇ રહ્યો હતો. પરંતુ આ યુવક તો સીધો ચાલ્યો જ જતો હતો. પુલ ઉપરના દીવા પ્રકાશતા હતા અને નદીના પાણીમાં તેમના પ્રકાશનાં પ્રતિબિંબ ઝળકતાં હતાં. ધંધાર્થુ લોકોની ધમાલ આ મોટા શહેરમાં પુષ્કળ મચી રહી હતી. પણ શરત દિલગીરીમાં ગરક થઇ ગયો હતો, તેથી કશાની દરકાર કર્યા વગર ધીમે ધીમે ચાલતો હતો.

દીવાળી પછીનું અઠવાડીઉં તેણે કલકત્તામાં અત્યંત સંતાપમાં કહાડયું. સગાં, મિત્ર કોઇને મળવા સરખો તે નહોતો ગયો. ઘરની બહાર જ નીકળ્યો નહોતો. એક ચોપડી પણ ઉઘાડી નહોતી. કાંઇ પણ ઉદ્યોગમાં એનું ચિત્ત લાગતું નહિં. જીંદગી એના મનથી તદ્દન નીરસ તથા શૂન્ય થઇ ગઇ હતી. માની આજ્ઞા પાળવાને માટે તેણે પોતાની સર્વ આશાનો ત્યાગ કર્યો હતો અને સર્વ સુખના મૂળનો તથા જીવનના હેતુનો ઉચ્છેદ કરી નાંખ્યો હતો.

કાલી તરફથી પત્ર આવ્યો હતો કે તેના પતિની તબીયત સારી ના હોવાથી તેઓ સર્વ રાણીગંજ જઇને રહ્યાં છે. આ પત્ર વાંચીને શરતને એક નવો જ વિચાર સુઝયો. રાણીગંજ બનેવીની સારવાર કરવાને જાય તો તેની પ્રેમપાત્ર સુધાથી દૂર રહી શકે અને પોતાની મેળે જ દેશવટો ભોગવી શકે. "દેશના ગમે તે અજાણ્યા ભાગમાં વસું તો મારા મિત્ર, સગાં સર્વ મને વિસરી શકશે. કલકત્તામાં સંતાપમાં દિવસ ગાળવા કરતાં એવા એકાંત સ્થાનથી મારૂં મન સ્વસ્થ થશે. એ સિવાય મારે જગતમાં સુખ રહ્યું નથી," આમ તેણે ધાર્યું.

શરતે તેની માતાને કહ્યું, "બિચારી કાલીતારા ગભરાતી હશે. તેના પતિની બરોબર માવજત કરવાને એના કુટુંબમાં કોઇ એવું આવડી-આત છે નહિં, માટે મને ત્યાં જવાની રજા આપો."

"પણ મને અહીં કલકત્તામાં એકલાં તારા વગર શી રીતે ગમે!"

"પણ મા, તમે એકલાં નહિં પડો કેમકે હેમ મારા કરતાં પણ તમને વધારે સારી રીતે સંભાળશે અને બિન્દુ બહેન પણ તમને મા જેવાં ગણશે."

"પણ તારી પરીક્ષા આટલી પાસે છતાં તારાથી અભ્યાસ છોડીને કેવી રીતે જવાશે?"

"મારાથી જો આ વર્ષે પરીક્ષામાં નહિં જવાય તો હું આવતી સાલ જઇશ. પણ જો કાલીતારાના પતિની બરોબર સંભાળ ના લેવાય તો વખતે આપણને જન્મ પર્યંત પસ્તાવો રહી જાય."

આના જવાબમાં કાંઈ કહેવાનું રહ્યું નહિં, તેથી શરતની માએ તેને જવાની આજ્ઞા આપી અને રાણીગંજથી સારા સમાચાર આવે ત્યાં સુધી પોતે તો કલકત્તામાં જ રહેવાનો નિશ્ચય કર્યો, અને પછીથી પાછાં બનારસ જવાનું ધાર્યું.

એટલા માટે શરત તે દિવસ સાંજરે હાઉરાના સ્ટેશન તરફ જતો હતો. જતા પહેલાં હેમ અને બિન્દુને એકવાર પણ તે મળ્યો નહોતો. પણ તેને ખાત્રી હતી તેમ કરવાનું કારણ તેઓ બરોબર સમજશે. ખોટું લગાડવાને બદલે તેની નિરાશા તેમ જ સંતાપને માટે તેના ઉપર તેઓ દયા લાવશે.

સ્ટેશન ઉપર કોઇ જાણીતું માણસ નજરે ના પડે એવી તેની ઇચ્છા હતી. રખેને હેમ તેને મળે તો એને પોતાને બહુ દુઃખ લાગશે એ ચિંતા તો તેને ઘણી જ હતી. પણ કમનસીબે સ્ટેશન ઉપર પહેલવહેલો જ તેણે હેમને દીઠો.

શરતનો હાથ પકડીને હેમે કહ્યું, "તું કેમ આમ સંતાતો હતો? અમને મળવા સરખોએ આવ્યો નહિં? અમારે એટલા બધા મિત્રો નથી કે આપણો આટલો ગાઢો સંબંધ સહેલથી છોડી શકીએ."

"હેમ! તમે બધું સમજો છો. મને વિનાકારણ પૂછીને મારા નીચ સ્વભાવનું અને મારી ભીરુતાનું ફરી સ્મરણ ના કરાવશો."

"શરત! જગતને તારો દોષ કહાડવો હોય તો ભલે કહાડે. તું તારી મેળે નાહક તારા પોતાના ઉપર દોષ મુકીશ નહિં. તું અસલ તો બહુ જ દૃઢ મનનો હતો અને હજી પણ તું જો એમ જ માનવાનો પ્રયત્ન કરીશ કે તેં કાંઇ ખોટું નથી કર્યું તો તારી સહનશક્તિ સજીવન થશે. તારી વૃદ્ધ માતાની આજ્ઞા વિરુદ્ધ સુધાને પરણવું એ શું તારૂં કર્તવ્ય કહેવાય કે? એમના અંતઃકરણને આટલો પરિતાપ થવાથી કદાપિ દેહનો અંત આવે એવું જો જાણ્યું હોત તો અમે કદીએ સમ્મતિ આપત કે? જો તેં તારી ફરજ બજાવી જ છે તો જગતમાં કોઇનો પણ ડર રાખીશ નહિં, અને

યાદ રાખજે કે તારો એક મિત્ર તો તને હમેશ બંધુ પ્રમાણે જ ગણુશે ને તારે માટે કદી હલકો વિચાર લાવશે નહિં."

ગાડી ઉપડવાનો ઘંટ થયો. જવાબ દેવાનો શરતને વખત પણ નહોતો તેમ જ તેનામાં હિંમત પણ નહોતી. "ઓ મારા ભાઇ! અરે ભાઇ કરતાં પણ અધિક! જ્યાં હોઇશ ત્યાં તમારો સ્નેહ અને ક્ષમાબુદ્ધિ હું કદી ભૂલવાનો નથી. મારી માતાને પ્રણામ કહેજો. બિન્દુ બહેનને બોલાવજો ને"—તીણી સીસોટી વાગી ને ટ્રેન ઉપડી ગઇ અને છેલ્લો બોલ બોલ્યા વગરનો જ રહ્યો.

પ્રકરણ ૮ મું.

પતિનું રૂદન.

હેમનું ઘર હવે શૂન્ય અને શોકગ્રસ્ત લાગતું હતું, અને એ પોતે તાલપુખર જવાને ઘણો જ આતુર થઇ રહ્યો હતો. શરતના જવાથી આખા ઘરમાં શૂન્યકાર થઇ રહ્યો હતો. સર્વને તે લાગતું પણ ખુલ્લી રીતે કોઈ તે વિષે એક શબ્દ પણ કહાડતું નહિં. હેમને બંધુ સમાન મિત્રની ખોટ પડવા લાગી. શિયાળાની લાંબી રાતની વખતે બિન્દુને પણ તે ઉદાર યુવક જેની મહાકાંક્ષાઓથી તે ગર્વ માનતી અને જેની ઉત્સાહપૂર્ણ વાતો પોતે આનંદથી સાંભળતી તે વારંવાર સાંભરતો. મૃત્યુ સમાન સર્વત્ર શૂન્યકાર લાગવા માંડયો અને મિત્રનો વિરહ મોટી આપત્તિ જેવો લાગ્યો.

સુધાએ કદી મોંમાંથી એક શબ્દ કહાડયો નહોતો. સાંજ સહવાર તે બહેનનાં છોકરાં સંભાળતી અને આખો દિવસ ગૃહકાર્યમાં ગુંથાએલી રહેતી. ભૂત કાળનો કદી મનમાં વિચાર આવતો તો એ તે કાંઇ પણ બોલતી નહિં. તેની આંખનો ચળકાટ કાંઇક ઝાંખો થયો હતો. હરિણી જેવી રમતી કુદતી બાળા મટીને તે ગંભીર બની ગઇ હતી અને તેના સુંદર મુખ ઉપર ગૂઢ ચિંતાની છાપ પડી રહી હતી.

કલકત્તે આવ્યાનું આવું સંતાપજનક પરિણામ થયું, તેથી એકાંત તાલપુખર પાછા જવાની તૈયારીઓ કરવા માંડી હતી. એક દિવસ સાંજને પહોર બિન્દુ થાકીને મોં ઉપર હાથ ટેકવીને બેઠી હતી એટલામાં એના નામની ચિઠ્ઠી આવી. શીરનામા ઉપર અક્ષર ઉમાનાં જેવા લાગતા હતા.

શિયાળાની રમણીય ઋતુને લીધે ઉમાની તબીયત સુધરી હતી અને તેને સારૂં થવા માંડયું હતું તેની ખબર બિન્દુને મળી હતી. પણ ચિઠ્ઠી ઉધાડતાં તેની આંખમાં ચિંતાનાં ચિહ્ન જણાયાં અને અજાણ્યા ભયને લીધે તેનું હૃદય ધડકવા લાગ્યું. ચિઠ્ઠી ટુંકી જ હતી અને આ પ્રમાણે હતી:—

"બહેન બિન્દુ,

"આજ સાંજરે તને મળવાનું બહુ જ મન છે, તેથી તું જરા આવી જઇશ?

"કેટલાંક અઠવાડીયાં થયાં મારા મગજમાં કાંઇક નવા જ તુરંગો ભરાયા છે અને કાંઇ વિચિત્ર નિર્ણય મેં કર્યો છે. તને એ સર્વ કોઇ દિવસ ખબર પડશે—હમણાં નહિં. અસલથી તારા ઉપર બહેન જેવો સ્નેહ રાખ્યો છે તે સ્નેહની ખાતર આજે સાંજરે તને આલિંગન કરવાનું મને ઘણું જ મન થયું છે.

"હાલની મારી સ્થિતિનો હું વિચાર કરૂં છું તો મને લાગે છે કે હું વખતે ગાંડી થઇ જઇશ. તાલપુખરમાં કહાડેલા સુખના દિવસ યાદ કરૂં છું તો મારૂં મન સ્વસ્થ થાય છે. જે સૃજનારે આપણને ઉત્પન્ન કર્યાં છે તે આપણને સુખ અથવા શાંતિ પણ આપશે જ. તું એમ નથી ધારતી બિન્દુ?

"તારા સ્નેહને લીધે મને આ જીવનમાં બહુ સાંત્વન મળ્યું છે. મારી ખુદ માતાના પ્રેમ કરતાં તારો સ્નેહ વિશેષ છે. તેથી જ બહેન આજે તને મળવાનું આટલું મન થયું છે. તું આવીશ ખરીને?"

આ ચિઠ્ઠી વાંચતાં વાંચતાં બિન્દુને કાંઇક વિચિત્ર ભયના વિચાર આવવા લાગ્યા. એના ઢંગધડા વગરના લખાણથી એને ધાસ્તી લાગવા માંડી. ઉમા જેવી થોડાબોલી અને શરમાળ છોકરીએ આવી ચિઠ્ઠી કેમ લખી હશે? તેના મનમાં કેવા તુરંગો આવ્યા હશે? શો વિચિત્ર નિર્ણય તેણે કર્યો હશે? જગત્કર્તા પાસે કેવા પ્રકારની શાંતિની એ આશા રાખતી હતી?

બિન્દુને કાંઈક ભયસૂચક અગમચેતી થવાથી ઘણી જ ધાસ્તી લાગવા માંડી.

તે એકદમ ઉઠી અને બહેનને બોલાવીને તેણે કહ્યું, "બહેન સુધા આજનો દિવસ જરા છોકરાંને તું સંભાળજે ને રાત્રે દૂધ પાઇને બરોબર સુવાડી દેજે. બિચારી ઉમા કાંઇ મનના દુઃખને લીધે બહુ જ ગભરાઇ ગઇ છે. તેથી મારે એને મળવા જવું પડશે. એ આવે તો કહેજે કે મારી વાટ

ના જુવે ને જો મને પાછાં આવતાં મોડું થાય તો ચિંતા ના કરે. મને લાગે છે કે ઉમાને કાંઇ અથાગ દુઃખ પડયું હશે. ”

ચિઠ્ઠીની સાથે ઉમાએ પાલખી પણ મોકલી હતી. તેમાં બેસીને બિન્દુ તરત તેને મળવા ગઇ.

ઘરમાં પેસતાં એનું હ્રદય ઘણા જ જોરથી ધડકવા લાગ્યું, પણ ઉમાને જ્યારે નજરો નજર જોઇ ત્યારે એને જરા નિરાંત વળી. ઉમા લૂગડાં ગોઠવતી હતી. બિન્દુને જોઇ કે તરત તે તેને ભેટી પડી. તેના મોં ઉપર દુઃખ સંતાપ કે ગાંડપણનું કાંઇ ચિહ્ન નહોતું. માંદગી ગઇ હતી તેને લીધે તેનું મોં જરા ફીકકું પડેલું હતું અને તેની આંખમાં કાંઇક નવા જ પ્રકારનું તેજ હતું. બિન્દુ પણ તેને ઘણા જ સ્નેહથી ભેટી અને પછી બોલવાનું શરૂ કર્યું.

“ બહેન, તારી ચીઠી વાંચીને તો મને જરા બીક લાગી પણ એ તો મારી જ ભૂલ હતી. મારે તને વધારે વખત મળવા આવવું જોઇતું હતું–અને તને એકલી રહેવા દીધી તે યોગ્ય ના કર્યું. પણ અમારા ઉપર અનેક વિટંબનાઓ આવી હતી અને અનેક સંકટ પડયાં હતાં. તેથી બહેન! મારાથી ના અવાયું, માટે મને ક્ષમા કરજે. મારો સ્નેહ તો જેવો ને તેવો જ છે. ”

“ બહેન ! હું તારો સ્નેહ પણ જાણું છું અને તમારા ઉપર જે આફત આવી હતી તે પણ હું જાણું છું. પણ તને મળવાનું મને ઘણું જ મન થયું હતું તેથી મેં આજે તને લખ્યું. હું જાણતી જ હતી કે તું આવ્યા વગર રહીશ નહિં. તું તો હમેશ મારા ઉપર ઘણી જ માયા રાખે છે. સુધા બિચારી કેમ છે ? શરત તમને બધાંને મુકીને કલકત્તામાંથી જતો રહ્યો કે ? ”

“ એમ ના કહીશ બહેન. તેથી તો અમારો શોક ઉલટો વધારે તાજો થાય છે. સુધાની દુઃખમય જીંદગીના વિચારથી તો મારૂં હ્રદય ચીરાઇ જાય છે. શરત પણ બિચારો રઝળી ગયો. ”

“ શરતની મા આ સર્વ નથી જાણતી ? એક જૂની અર્થહીન રૂઢિની ખાતર પોતાના પુત્રની જીંદગીના સુખનો સર્વથા નાશ કરશે ? ”

“ પણ ઉમા ! એમાં શરતની માનો શી રીતે વાંક કહડાય ? એના જેવી પવિત્ર અને ભક્તિમાન સ્ત્રી મેં કોઇ જોઇ નથી. પણ એને એમ લાગે છે કે આ લગ્ન તદ્દન ધર્મવિરુદ્ધ છે અને એનો પોતાનો જ પુત્ર

ધર્મવિરુદ્ધ કાર્ય કરે તો એનો જીવ જતો રહે. વાંક બધો અમારો જ છે. અમે જ વગર વિચારે સમ્મતિ આપીને દુઃખ વહોરી લીધું."

"ના, ના બિન્દુ! તમે તો સારા માટે હા કહી. પણ દુનીઆમાં ઘણાં દુઃખ એવાં છે કે કોઇના ડહાપણથી તે ટાળી શકાતાં નથી. આ જગતમાં એટલાં સંકટ છે કે આપણુ નિર્બળ મનુષ્ય જાતથી સહન પણ ના થાય."

"એ તો બધું ઠીક છે, ઉમા! પણ તારા દુઃખની કાંઇ તો વાત કહે. તને અસહ્ય દુઃખ પડયું છે અને તેં ઘણી જ ધીરજથી તે સહન કર્યું છે."

"બહેન! મારૂં દુઃખ તો કાંઇ વિસાતમાં નથી. એ તો જેમ દિવસ જશે તેમ મારામાં સહનશક્તિ આવતી જશે."

"હવે તારી તબીયત તો બરોબર ઠીક થઇ છે ને? પહેલાં કરતાં કાંઈ શક્તિ આવી હોય એમ લાગે છે?"

"અરે હારે! શક્તિ તો રાક્ષસ જેટલી આવી છે. હવે વધારે તે કેટલી જોઇએ છે. અને દુષ્ટતા પણ તેવી જ. હું તો ધારૂં તે કરી શકું."

"એવું ના બોલીશ. તારા શબ્દોથી તો મને તો બીક લાગે છે. ગમે તેવા વિચાર કરીશ નહિં. દુનીઆમાં જે સંકટ પડે તે ધીરજથી સહન કરવાં એ જ આપણું કર્ત્તવ્ય છે."

"પણ બહેન! મેં વાંચ્યું છે કે ઘણાં ધીરજવાન માણસ પણ દુઃખનો બોજો સહન કરી શકતાં નથી તેથી સર્વ તજી દે છે."

"બહેન ઉમા! તું આમ ગમે તેમ બોલ નહિં. આજ તો કાંઈ તું જુદી જ રીતે વાત કરે છે. પણ તારા જેવી પ્રેમમય તેમ જ સહનશીલ છોકરીનો વાંક હું શી રીતે કહાડી શકું? પરંતુ બહેન, તારૂં પોતાનું જ અંતઃકરણ કબુલ કરશે કે સુખમાં ને દુઃખમાં આપણું કર્ત્તવ્ય બજાવવું જોઇએ. આપણે હિંમત પણ હારવી ના જોઇએ તેમ ત્યાગી પણ ના થવું જોઇએ. અસહ્ય કષ્ટ પડે તોપણ કર્તવ્યના માર્ગમાં ચૂકવું નહિં. કર્ત્તવ્ય કરતાં વિનાશ થાય તો તે પણ કર્તવ્ય બજાવ્યાનો સંતોષ માની સહેવું જોઇએ. આપણી સ્ત્રીઓને તો આ શીખામણ માતાના દૂધ સાથે જ મળે છે. તેથી ઉમા! હું આશા રાખું છું કે તું એ સર્વ લક્ષમાં રાખીશ."

થોડીવાર ચૂપ રહ્યા પછી ઉમા બોલી, "બહેન બિન્દુ! તું હમેશ જે ખરૂં હોય છે તે જ કહે છે અને સુશીલ છે. બાળકપણમાં પણ તું

આ જ શીખામણ આપતી અને તે જ પ્રમાણે તું તારા જીવનમાં વાસ્તવિક રીતે કરી બતાવે છે. પણ આજ કાંઇ મારૂં મગજ ભમી ગયું છે. તેથી તારી શીખામણ બરાબર મનમાં ઉતરતી નથી. કાંઇ બીજા વિષય ઉપર વાત કર. મારૂં હૃદય શૂન્ય થઇ ગયું છે અને મારા મનને ચેન પડતું નથી."

"ઉમા! તારી ચિઠ્ઠી ઉપરથી જ મને એવું લાગ્યું હતું. પણ તું આ એકાંત જગાએથી બીજે કાંઇ કેમ જતી નથી?"

"બહેન, હું ક્યાં જઇને રહું?"

"કેમ વળી, તારે પીયર. કાકીને અહીં બોલાવવાનું મેં તને કહ્યું પણ તેં તારી હઠ છોડી નહિં. હવે તારી તબીયત જરા સુધરી છે તો તું જ તાલપુખરમાં જઇને થોડા દિવસ રહે. આ શિયાળાની ઋતુમાં ગામડાની હવા સ્વચ્છ અને તાજી હશે."

"પણ બહેન તું જાણે જ છે તો કે પરણ્યાં એટલે પીયર કાંઇ હમેશ પડી રહેવાય? ત્યાં હું વધારે દિવસ રહું તો જરૂર લોકો ચર્ચા કરે."

"ત્યારે ધનપુરમાં તારા સસરાને ઘેર જા. ત્યાં તારા સાસરાનાં બધાં સગાંવહાલાં હશે એટલે તું એકલી નહિં પડે ને અહીંની માફક અણગમતું નહિં આવે."

"બહેન! ત્યાં તો ઉલટું વધારે અણગમતું લાગે. ધનપુરના ઘરના મોટા મોટા ખંડ ને દિવાનખાનાંમાં તો અમારા નષ્ટ થએલા સ્નેહનો વધારે સાક્ષાત્કાર થાય અને તે વધારે સાંભરે. એ તો બહેન વાત જ જવાદે. મારાથી તો કદી એ ઘરમાં એકલાં પગ નહિં મુકાય."

"અરે મારી દુઃખીયારી બહેન! હું તારે માટે શું કરૂં? અમે તાલપુખર જઇએ ત્યાં સુધી અમારે ઘેર થોડા દિવસ આવીને રહીશ? અમે તો તારાં કેટલાં નિકટનાં સગાં ને સંબંધી કહેવાઇએ એટલે મને નથી લાગતું કે અમારે ઘેર આવવાની તારા પતિ ના કહે."

"બહેન બિન્દુ! તારા દુઃખમાં હું વળી ક્યાં ઉમેરો કરવા આવું? તું જ્યાં વસે છે ત્યાં હમેશ શાંતિ જ હોય છે. તો હું વિના કારણે આવીને તારા કુટુંબમાં દુઃખ ને દિલગીરી શું કરવા દાખલ કરૂં? મારૂં મગજ ભમી ગયું ત્યાં સુધી મેં આ બાબત વિચાર કર્યા કર્યો છે ને મને એક પણ ઉપાય સૂઝતો નથી. પણ હજી મને લાગે છે કે હું મારાં સંકટને જીતી શકીશ. કોઇ પણ અનાથ સ્ત્રી જો શોધે તો તેને માટે આશ્રયસ્થાન છે."

ઉમાના મોં ઉપર મંદ હાસ્ય હતું અને આંખમાં કાંઇક જુદા જ પ્રકારનું તેજ માલૂમ પડતું હતું.

"પણ તું શું કરવાનું ધારે છે તે ઉમા હજી તેં મને નથી કહ્યું. તારા ઉપર મારો ભાવ હજી સુધી અસલ જેવો જ છે ત્યારે તારી આ બાલસખી પર તને ભરૂસો નથી ?"

"બહેન ! મેં હજી બરોબર નિશ્ચય કાંઇ નથી કર્યો. તરેહવાર વિચાર મારા મગજમાં તો ભમે છે ને મારૂં તો માથું ફરી જાય છે. તારા સ્નેહથી મને સાંત્વન આપ. મને આજે બહુ જ મુંઝવણ થાય છે. પ્રસંગ આવ્યે, મારા મનમાં શું ધાર્યું છે તે તથા મારા સર્વ વિચારની તને ખબર પડશે."

"ઠીક ત્યારે, હું પાછી બે ચાર દિવસ પછી તને મળવા આવીશ તે વખતે તારા મનની વાત જાણ્યા વગર હું જવાની નથી. આજ તો હવે મધરાત થઇ ગઇ છે તેથી હું જાઉં છું. ઇશ્વિર તારૂં રક્ષણ કરો."

"અરે ઈશ્વિર તો સર્વને આશરો આપનાર છે." ઉમાના આ છેલ્લા બોલ હતા.

બિન્દુને માટે પાલખી તથા ભોઇ નીચે ઉભા હતા. ઉમા તેને મુકવાને નીચે સુધી ગઇ. પગથીયાં આગળ બંને જણાં એક એકને ફરી ભેટયાં અને બિન્દુની છાતી ઉપર ઉમાએ મોં સંતાડી દીધું. દુઃખનો ડુમો ભરાઇ રહ્યો હતો. તે રોકી શકાયો નહિં તેથી તે ડસકાં ખાઇ ખાઇને રોવા લાગી. થોડી વાર સુધી તો એક પણ શબ્દ કહાડયા વગર તેણે રડયા જ કર્યું અને હૃદય ચીરાઇ જાય એટલા નિશ્વાસ નાંખ્યા. સ્નેહશીલ બિન્દુને એકવાર ફરીથી દૃઢ આલિંગન દઇને તે એકદમ ઉપર જતી રહી.

"ગરીબ બિચારી છોકરી ! તારે આંસુ પાડયા સિવાય બીજો આશરો નથી. કમનસીબે તને એટલું દુઃખ છે કે તું રૂવે તેમાં જરા નવાઇ નથી."

એકાદ કલાક પછી ઉમા એનાં લૂગડાં ઘરેણાં સંભાળીને ગોઠવતી હતી. ગળા ઉપરથી મોતીની માળા ઉતારી; સુશોભિત હસ્ત ઉપરથી સોનાની બંગડીઓ ઉતારી લીધી. અને પગમાંથી નૂપુર કહાડી નાંખ્યાં. કોરવાળો સાળુ કહાડી નાંખીને વિધવા પહેરે એવું સાદુ લૂગડું તેણે પહેર્યું. તેણે ઓરડામાંનો દીવો હોલવી નાંખ્યો ને ધીરે રહીને બહાર નીકળી ગઇ. તે વિશાળ મકાનમાં તદ્દન અંધકાર વ્યાપી રહ્યો હતો; અને સર્વ શાંત હતું.

નોકરો સર્વે ઊંઘી ગયા હતા. એક પછી એક ચોકમાં થઇને ઉમા બહારના દરવાજા આગળ આવી. તેણે અવાજ કર્યા વગર ફિલાળો ઉઘાડયો. બારણું ઉઘાડયું એટલે શિયાળાનો ઠંડો પવન અંદર આવવા લાગ્યો, અને અંધારામાંથી બહાર આવી એટલે રસ્તાપરના દીવા પ્રકાશતા તેની નજરે પડયા. ક્ષણવાર તે હિંમત હારી ગઇ. ઉંબરા ઉપર ઉભી રહીને તેણે પાછળ જોયું પણ એ ક્ષણ વીતી ગયા પછી આ વીસ વર્ષની નવયૌવના સ્ત્રી, મોટા લક્ષાધિપતિની પત્ની, અત્યંત શીતળ મધ્ય રાત્રિના શૂન્ય અંધકારમાં એકલી રસ્તામાં ચાલવા લાગી.

અર્ધાએક કલાક ચાલીને તે થાકી ગઈ. રસ્તાની બાજુ ઉપર એક ઝાડને ટેકવીને તે ઉભી રહી, અને ટાઢને લીધે ધ્રુજવા લાગી. વળી તે હિંમત હારી ગઇ. હજી પાછાં ફરવાનો વખત હતો. ઘર તરફ જવાનો રસ્તો કાંઇ અજાણ્યો નહોતો. અને ઘરનો દરવાજો પણ ઉઘાડો જ હતો. ફરીથી પહેલાંની માફક તે રહી શકે, કેમકે જગતને કાંઇ એના ક્ષણિક સાહસની ખબર પડવાની નહોતી. બિન્દુની શીખામણ એના મનમાંથી ખસી નહોતી ગઇ. અને સ્ત્રીના કર્ત્તવ્ય વિશે તેનું અંતઃકરણ પણ સાક્ષી પૂરતું હતું. ઉમા થોડી વાર અચકાઇને ઉભી રહી. એનું ઘર તો પોતાનું જ હતું. પણ ઘર બહાર આ વિશાળ જગત્‌માં એનો બેલી કોણ?

એટલામાં એક મોટી ભપકાબંધ, કાળા ઘોડાની જોડીવાળી, ઝળકતા દીવાવાળી બગી એના મોં આગળથી એકદમ ચાલી ગઇ. અંદરથી સ્ત્રીઓના હસવાનો અવાજ આવ્યો. વળી એક બીજી બગી ખાખી ઘોડાવાળી વધારે પાસે થઇને ગઇ. એનાં ફાનસમાંથી પૂર્ણ પ્રકાશ એના મોં ઉપર પડયો. તે એકદમ ચમકી અને ઝાડ પછવાડી સંતાઇ ગઇ.

ફાનસના પ્રકાશથી અંદર બેઠેલા મનુષ્યની દૃષ્ટિ તેના ઉપર પડી, તેથી તે પણ ચમકયો. તેની પાસે બેઠેલા મિત્રે તે જોયું, અને ઝાડ પછવાડી સંતાએલી સ્ત્રી તરફ તેણે પણ જોયું અને તે બોલ્યો.

" કોઇ ઘણી સુંદર સ્ત્રી જણાય છે. એના જેવી સુંદર આંખ તો મેં જોઇ જ નથી."

" હું એની સુંદરતા વિષે વિચાર જ નહોતો કરતો, પણ એનો ફીક્કો ચહેરો જોઇને મારા ઓળખાણની એક સ્ત્રી જેને મે કેટલો વખત થયાં જોઈ નથી તેનું મને સ્મરણ થયું. હું ધારૂં છું કે અકસ્માત જ એવો વિચાર આવ્યો હશે."

બંને ગાડીઓ ચાલી ગઇ. ઝાડ પછવાડીથી ઉમા આગળ આવી. દૂર આઘા જતા દીવા તરફ દૃષ્ટિ કરતાં તેની આંખમાં વળી પેલું નવા પ્રકારનું તેજ દેખાયું.

"હે મારા પતિ! તમારો ઉપકાર માનું છું. હું હિંમત હારી ગઈ હતી તે તમારી આ વર્તણુક જોઇને મને પાછું બળ આવ્યું છે, ને હવે મારે કયો રસ્તો ગ્રહણ કરવો તેનો નિશ્ચય હું સહેલથી કરી શકીશ."

બીજે દિવસે સહવારમાં ધનંજયના ઘરમાં ગભરાટ અને શોક વ્યાપી રહ્યો હતો. ઘરની દાસી ઉપર જઇને જુવે છે તો તેની શેઠાણીની પથારી ખાલી હતી. આંગણામાં કે કુવા આગળ એકે ઠેકાણે શેઠાણીનો પત્તો મળ્યો નહિં. બહારના ચોકમાં તેની એક જુની શાલ પડેલી કોઇ ઉચકી લાવ્યું; દરવાને જોયું તો દરવાજો ખુલ્લો હતો. દરેક ઠેકાણે શોધાશોધ થઇ, પણ સર્વ વ્યર્થ. આ મોટા મકાનની શેઠાણી અદૃશ્ય થઈ ગઇ હતી.

આખા શહેરમાં શોધ કરવાને માણસો મોકલ્યાં, તેમજ દરેક સગાંસંબંધીને ઘેર તપાસ કરાવી. સર્વ પાછાં ફર્યા અને કાંઇ પત્તો મળ્યો નહિં. બિન્દુને ઘેર માણસ મોકલ્યો હતો તે ખબર લાવ્યો કે મધરાત સુધી તો ઉમા ઘરમાં જ હતી.

બરદ્વાન, ધનપુર, અને તાલપુખરમાં માણસો મોકલ્યાં; સાંઝ પડે સર્વ શેઠાણીનો પત્તો મેળવ્યા વગર એમને એમ પાછાં આવ્યાં.

કલકત્તાની પોલીસને પણ ખબર કરી. જેટલા પૈસા વેરાયા એટલા પોલીસમાં વેર્યા પણ સર્વ તપાસ નિષ્ફળ ગઇ, કાંઇ પત્તો લાગ્યો નહિં.

સર્વને અમંગલ શંકાઓ થવા લાગી. કુવા, તળાવ સર્વમાં તપાસી જોયું, પણ વ્યર્થ.

ધનંજયના ઘરમાં નિરાશા ફેલાઇ રહી હતી. રોવા કકળવાનો અવાજ કાંઇ આવતો નહોતો; પણ મૃત્યુવત્ સર્વત્ર શૂન્યતા વ્યાપી ગઇ હતી. શિયાળાનો ટુંકો દિવસ પુરો થયો અને સંધ્યાકાળ પડી. સર્વ તપાસ નિષ્ફળ થઇ હતી, ને શોધ કરીને સર્વ માણસ પાછાં ફર્યા હતાં. કાંઈ પણ ખબર મળી શકી નહોતી અને કોઇએ ઉમાને નજરે જોઇ નહોતી.

સંધ્યાકાળે ધોબણ કપડાં લાવી. તેની આસપાસ ઘરનાં બધાં માણસો એકઠાં થયાં, કેમકે એને કાંઇ થોડી ઘણી ખબર હતી. પરંતુ એની વાત ટુંકી પણ દુ:ખમય હતી. તે દિવસે પ્રાતઃકાળે અંધારામાં નદીના ઘાટ ઉપર

તે ધોબણે ઉમાને જોઇ હતી. એણે ધાર્યું કે શહેરના લોક જાગે તે પહેલાં ઘેર પહોંચી જવાય તે માટે એટલી વહેલી નદીએ સ્નાન કરવા એ આવી હશે. તેની જોડે તે ધોબણ જરા વાર વાત કરીને જતી રહી હતી. પછી ફરી તેણે તેને જોઇ નહોતી.

આ વાત જે વખતે થતી હતી તે વખતે સર્વ ગંભીર મૌન ધારણ કરીને ઉભાં રહ્યાં હતાં. કલકત્તામાં તેમની શેઠાણીના મનની સ્થિતિ કેવી હતી તે કોઇને અજાણ્યું નહોતું, તેથી સહુ એના મનના વિચાર કળી ગયાં હતાં. છેવટ જ્યારે એમ લાગ્યું કે તેમની શેઠાણી સ્નાન કરવા નહિં ગઇ હોય પરંતુ સર્વ દુઃખનો અંત આણવાની ખાતર પવિત્ર નદીના જળની અંદર તેણે આશ્રય લીધો હશે ત્યારે સર્વેએ કલ્પાંત કરવા માંડયું.

પહેલી રાત્રે ધનંજય એના મોજીલા મિત્રો સાથે શહેર બહાર ગયો હતો, અને ઘણો મોડો ઘેર આવ્યો હતો. ગાડીમાંથી ઉતર્યો ત્યારે દારૂનું ઘેન એને ઉતર્યું નહોતું, એના પગ લથડતા હતા. નોકરો એને ઉચકીને ઉપર એના સુવાના ઓરડામાં લઇ ગયા, અને થોડો વખત રહીને ઉમાની હકીકત કહી. એ સાંભળીને એ તો દિઙ્‌મૂઢ જ બની ગયો. ઘેનમાં ને ઘેનમાં એ તો પડી જ ગયો.

તે રાત્રે ધનંજય એની સ્ત્રીના ઓરડામાં ગયો અને અંદરથી બારણાં બંધ કરી દીધાં. મધરાતથી તે છેક પ્રાતઃકાળ સુધી તેણે આમ તેમ ફર્યા કર્યું. એના મૂળથી ઉદાર અંતઃકરણમાંથી સર્વ લાગણીનો વિનાશ નહોતો થયો. અને દુઃખના ઘાથી એનો નિશો ઉતરી ગયો.

ઉમા પરણીને પ્રથમ એની પાસે આવી ત્યારે કેવી સુંદર, નાજુક આનંદી અને એકનિષ્ઠાવાળી કન્યા હતી. જગત્‌માં પતિ સિવાય તે બીજા કોઇના પ્રેમની ઇચ્છા નહોતી રાખતી. દર રાત્રે તે તેની પાસે બેસતી, અને તેની છાતી ઉપર વિશ્રામ લેતી, અને પોતાની સર્વ ઉમેદ આશાની વાતો કરતી. એની નજર આગળ તે નાની બાળા ઉછરીને રૂપવતી સુંદરી થઇ હતી. એક લતા વૃક્ષને વળગીને રહે તેમ તે પતિના પ્રેમને અવલંબીને રહી હતી. છેવટ સુધી તે બિચારી પતિ તરફ નમ્ર દૃષ્ટિએ જોતી તથા કાંઇપણ તેનો દોષ કહાડતી નહોતી. તે શૂન્ય ઓરડો જોઇને તેમજ પોતાની વિશ્વાસુ અને પ્રેમાળ સ્ત્રીના વિચાર એક પછી એક આવવાથી તેની આંખમાંથી એક પછી એક આંસુ પડવા લાગ્યાં—“ છેવટ શું એ બિચારીની આ દશા મારે લીધે થવા પામી ! ”

ગાડીમાં બેસીને આવતાં રસ્તા ઉપર જે ફીકકો ચહેરો જોયો હતો તે પાછો તેની આંખ આગળ ખડો થયો. માંદગીની નિશાનીઓ એના ચહેરા ઉપર તો હતી જ, પણ તે ઉપરાંત મનની વ્યથાની નિશાનીઓ વધારે દેખાતી હતી. એક ક્ષણ તેણે તેની તરફ આશાભરી દૃષ્ટિ કરી હતી. પણ પતિની તરફથી કાંઇ પ્રત્યુત્તર મળ્યો નહોતો તેથી તે સદાને માટે બંધ થઇ ગઇ.

ધનંજય પોતાની સ્ત્રીનાં વસ્ત્ર એક પછી એક ગોઠવવા લાગ્યો. આઠ વર્ષ થયાં એ જે આભૂષણ પહેરતી હતી તે સર્વે બહાર કહાડીને નિહાળીને જોવા લાગ્યો. તેના મનોહર કપાળ ઉપરની હીરાની નખલી, નાજુક લાંબા કંઠને દીપાવતી મોતીની માળા, લગ્નની રાત્રે તેણે પોતાને જ હાથે આપેલી હીરાની બંગડીઓ, સુશોભિત કાળા ચળકતા વાળમાં તેણે પ્રેમથી પહેરાવેલું હીરાનું ફુલ,–સર્વ તેણે એક પછી એક બહાર કહાડયાં, અને પોતાની નજર આગળ ગોઠવ્યાં. દરેકને જોઇને એને ભૂતકાળના પ્રેમનું સ્મરણ થયું. કેટલા મહિના અને વર્ષો થયાં જે વિચાર એના મગજમાં નહોતા આવ્યા તે એકદમ હવે આવવા લાગ્યા. પ્રથમના જે જે દેખાવ અને વાતચીતથી તેનું જીવન સુખમય અને આનંદમય થયું હતું તે સર્વેનું સ્મરણ એના શૂન્ય હૃદયમાં થયું.

તે સ્વેચ્છાચારી થઇ ગયો હતો. તેણે પોતાના પિતાની આબરૂને લાંછન લગાડયું હતું. તેમ જ માતાની આજ્ઞાની અવગણના કરી હતી. પિતાની સર્વ દોલત ગુમાવી દીધી હતી. છેક અધમમાં અધમ કીટ સરખાં સ્ત્રીપુરૂષોનો સંગ કર્યો હતો, અને જે પતિવ્રતા સ્ત્રી એના ઉપર અખંડ પ્રેમ રાખતી આવી હતી તેનો અનાદર કર્યો હતો. તેણે પ્રેમના હકની અવગણના કરી હતી; માનુષી લાગણીનો તિરસ્કાર કર્યો હતો, અને સર્વ ઉચ્ચભાવનાનો નાશ કર્યો હતો. અને પોતાની પ્રેમમય સ્ત્રીને અગાધ દુઃખસાગરમાં રઝળતી મુકી મરણને શરણ થવા દીધી હતી. પોતાની કુચાલથી જે વિનાશ કર્યો હતો તેનો વિચાર આવવાથી તે વ્યસની અને દુરાચારી મનુષ્યને પણ લાજ આવી. પોતાની સ્ત્રીનાં વસ્ત્રઆભૂષણ તથા ખાલી પડેલા ઓરડા તરફ દૃષ્ટિ કરતાં નિરાશા અને દુઃખથી તેણે અત્યંત કલ્પાંત કર્યું.

પ્રાતઃકાળના સૂર્યનાં કિરણ એ ઓરડામાં બેઠેલા માણસના ઉતરી ગયેલા ચહેરા ઉપર પડવા માંડયાં. એટલામાં પોતાની પત્નીની સાડીની ખેવડમાં એક સફેત વસ્તુ ઉપર તેની દૃષ્ટિ પડી. ધનંજયે પોતાના વિખરાઇ

ગયેલા વાળ સમા કરીને તે વસ્તુ હાથમાં લીધી અને જુવે છે તો અનેક આંસુના ડાઘાવાળો અને ધ્રુજતે હાથે લખેલો એક પત્ર માલૂમ પડ્યો.

"મારા પતિઃ—

"હું જતી રહું તે પહેલાં એક વાર મને આ મધુર નામે તમને બોલાવવાની પરવાનગી આપશો એવી આશા છે–જો કે તમારા મનથી તો હું તમારી પત્ની છું જ નહિં.

"મેં તમારા ઘરમાં આઠ વર્ષ રહીને તમારૂં અન્ન ખાધું છે, અને તમારા પ્રેમમાં પણ ભાગ લીધો છે. આજ હવે છેલ્લી ઘડીએ હું તમને એક પણ ક્રોધનો બોલ કહેવાની નથી. તેમ મનમાં પણ કાંઇ લાવીશ નહિં. હું તો છેવટ સુધી તમને સ્નેહથી જ સંભારીશ. એકવાર તમે જે સ્ત્રી ઉપર અત્યંત સ્નેહની દૃષ્ટિ રાખતા હતા તેના ઉપર હવે દયાની દૃષ્ટિ રાખી સ્મરણ કરશો.

"પ્રથમના પ્રેમમાં ગાળેલા સુખના દિવસના સ્મરણ સહિત મૃત્યુ પામવાની મારી ઇચ્છા છે: કારણ કે તે વખતે તમે મારાથી કંટાળેલા નહોતા. લાંબી રાત્રે હું તમારા ચરણને સ્પર્શ કરીને તમારી સ્નેહભરી આંખ તરફ દૃષ્ટિ કરતી હતી, અને તમારા મુખમાંના પ્રેમમય શબ્દનું પાન કરતી હતી, તે સર્વનું સ્મરણ હાલ સુખકર લાગે છે. તમે મને પ્રેમઊર્મિથી વધાવતા તે વખતે મને એમ જ લાગતું કે સર્વ સુખનું સ્થાન તમારો પ્રેમ જ છે, તથા તમારી પ્રેમમૂર્તિના આલિંગનમાં જે સુખ રહેલું છે તેવું સ્વર્ગમાં પણ નહિં હોય.

"મને એમ આશા હતી કે એ સર્વ આનંદ ચિરસ્થાયી હશે. પણ નસીબની ગતિ ન્યારી છે; અને તેથી જ હું કોઇનો દોષ કહાડતી નથી. મેં મનની વ્યથા પુષ્કળ વેઠેલી છે, મારૂં મગજ ભમી ગયું છે, અને મારી શૂન્ય સ્થિતિમાં મેં મહાન ઇશ્વરનો આશરો લીધો છે, કારણ કે જગતમાં તો મને સર્વ અંધકાર અને નીરસતા લાગે છે.

"આટલી આટલી વિપત્તિમાં પણ મેં મારૂં કર્તવ્ય બજાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ તેમાં જો કાંઇ ચુક થઇ હોય તો, પતિ! મને ક્ષમા કરજો. અંતઃકરણની વ્યથા અને ઉદ્વેગને લીધે જો મેં ક્રોધના બોલ કહ્યા હોય, અને દુઃખની વખતે વિમુખ થઇ હોઉં તો મને ક્ષમા કરજો. આ જીવનમાં મારી આ છેલ્લી જ વિનંતી છે અને તે અશ્રુપૂર્ણ આંખે તમારી આગળ કરૂં છું. હવે બીજી વિનંતી કરતા સુધી હું જીવવાની નથી.

"મારા ગયા પછી તમે સુખી થજો. તમે મોટા કુળમાં જન્મ લીધો છે, અને આખા દેશમાં તમારૂં નામ પ્રખ્યાત છે. જો બને તો ભૂતકાળના જીવનના દોષ છોડી દેજો, અને તમારી અસલની પવિત્રતા ગ્રહણ કરજો. તમારૂં અંતઃકરણ તો ઉદાર જ છે; તે પ્રમાણે વર્તણુક રાખજો.

"વળી નિરાધારના આધાર પરમાત્માનું સ્મરણ કરજો. ખરદ્દાનમાં એક પવિત્ર સ્થાન છે, ત્યાં એકસો ને આઠ દેવનાં એકસો આઠ દેવાલયો છે. તે જગ્યાએ કોઇ કોઇ પ્રસંગે આવજો. અને જે અમૂર્ત ઇશ્વરનું આપણે મૂર્તિમાં આવાહન કરવાનો વ્યર્થ પ્રયત્ન કરીએ છીએ તે પ્રભુનું ધ્યાન ધરજો. સત્પથે ચાલવાનો અને ઉન્નત સ્થિતિએ પહોંચવાનો પ્રયત્ન કરજો. જીવનમાં સુખી થજો, અને કોઇ કોઇ વખત જે મંદભાગ્ય સ્ત્રી તમારા ઉપર મૃત્યુ પર્યંત પ્રેમ રાખતી હતી તેનો વિચાર લાવજો".

તેના ધ્રુજતા હાથમાંથી પત્ર પડી ગયો, અને તે દુઃખી મનુષ્ય થોડાં પગલાં ચાલીને તમ્મર ખાઇને પડી ગયો. તેના હાથ પગ તણાઇ ગયા અને બેશુદ્ધ થઇને તે જમીન ઉપર પડી ગયો.

ખંડ ત્રીજો.

દેવસ્થાન.

પ્રકરણ ૧ લું.

સ્વપ્ન.

કર્તવ્યપરાયણ કાલી રાણીગંજમાં પોતાના સ્વામી જગત્કીશોરરાયની ચાકરી કરતી હતી. રાણીગંજ કલકત્તાથી રેલવેને રસ્તે એકસોવીસ માઇલ છેટે છે અને ત્યાંની કોલસાની ખાણોને લીધે છેલ્લાં પચાસ વર્ષમાં તે ઘણું આગળ વધ્યું છે. અંગ્રેજ વેપારીઓ ઘણા મજુરો રાખી દેશના વધતા જતા ખપ મુજબ પુષ્કળ કોલસો કઢાવે છે. કેટલાક દેશી શ્રીમંતોએ પણ સ્વતંત્ર ખાણો ખોદવા માંડી છે અને ઘણીએક નાની ખાણો તેમનાં નાણાંથી ચાલે છે. હિંદુસ્તાનમાં ચાલતી તમામ રેલવેઓ તથા આગબોટોમાં એ ખાણોમાંથી કોલસો પૂરો પડે છે અને તે ઉપરાંત કલકત્તા તથા બીજાં મોટાં શહેરોમાં ઘરમાં વપરાતાં લાકડાંની જગાએ પણ ત્યાંના જ કોલસા વપરાય છે.

ખાણના બધા પ્રદેશોની પેઠે રાણીગંજ પણ ગંદું શહેર છે, અને ત્યાંની હવા કોલસાની રજથી ભરપૂર છે. તે છતાં એ પ્રદેશ ઢોળાવવાળો અને ઉંચાણમાં હોવાને લીધે ત્યાંની હવા બલવર્ધક છે. ખાણોથી દૂર સુંદર મકાનો છે ત્યાં શિયાળામાં આનંદદાયક લાગે છે. કલકત્તેથી તથા બરદ્વાનથી ઘણા લોક પોતાની તબીયત સુધારવા ત્યાં આવે છે. જગત્કીશોરને માટે પણ એક સુંદર મકાન ભાડે રાખવામાં આવ્યું હતું.

દરદીને દુર્ભાગ્યે તેની સાથે તેનું આખું કુટુંબ—તેની વૃદ્ધ માતા, ત્રણ સ્ત્રીઓ અને છોકરાંનું લશ્કર—તેની સાથે આવેલું હતું. તે સર્વ કોમળ લાગણીથી આવ્યાં હતાં, અને સ્ત્રીમંડળ જગતકીશોરને જોઇતી સર્વ સામગ્રી તૈયાર કરવામાં તેની સ્ત્રી સાથે કામ કરવા લાગતું હતું. જગતકીશોર તે બધાંની કદર જાણતો, પણ મોટા ઘરખટલાના ગડબડાટથી કોઇ કોઇ વાર પોતાની મંદવાડની પથારીમાં કંટાળતો. અને થએલા છેલ્લા ઉથલાથી વિશેષ કાળજી થઇ હતી અને જરા ભય પણ લાગતો હતો.

ત્યાંનો અંગ્રેજ દાક્તર ઘણી કાળજીથી દવા કરતો હતો. પરંતુ ઘરની સ્ત્રીઓ તે સિવાય વૈદરાજો તથા સંન્યાસીઓની સલાહ લેતી. વળી કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ આવીને જગતકીશોરની માને પવિત્ર દેવમંદિરોમાં રોગીઓને મટયાના દાખલા કહી સંભળાવતી.

તેમાંની એકે કહ્યું, "માજી, રાણીગંજનો અંગ્રેજ દાક્તર વઢાડ કાપના કામમાં હોશીઆર છે અને તેની દવાથી એકાએક આવેલા રોગમાં ફાયદો થાય છે, પણ આપણા દેશના અને આપણા લોકના લાંબો વખત રહેલા વ્યાધિઓ વિશે અંગ્રેજ દાક્તર શું જાણે? ખરૂં માનજો કે આપણા જૂના વૈદ્યો ધીમી અને ઉગ્ર નહિં એવી દવાઓ કરે છે, તેઓ એ રોગ વિશે વધારે સમજે છે અને તેનાથી ગમે તો મોડું પણ મટે છે ખરૂં. મારો છોકરો બરદ્વાનના 'મેલેરીઅલ' તાવથી થોડા મહીના હેરાન હતો તેને કીનીન અને સોમલ જ અંગ્રેજ દાક્તરોએ આપ્યા કર્યું. કીનીનથી તાવ થોડો વખત અટક્યો પણ મૂળમાંથી ખસ્યો નહિં. અંતે મેં મારા છોકરાને સનાતન વાટીના દેશી વૈદ્યને ત્યાં મોકલ્યો. એ અદ્‌ભુત રીતે રોગ મટાડે છે અને એમનું નામ આખા દેશમાં પ્રસિદ્ધ છે. તેણે છોકરાને છ અઠવાડીઆં પોતાને ત્યાં રાખ્યો, તેના ખોરાક સંબંધી માવજત કરી અને ઔષધ પણ આપ્યું. છોકરો પાછો આવ્યો ત્યારે આરોગ્ય અને મજબુત હતો. અરે એવો તો જન્મારામાં કોઈ વખત પણ નહોતો. કોઇ વૃદ્ધ વૈદ્યની સલાહ લો. તેઓ આપણા લંબાણ રોગની બરોબર પરીક્ષા કરશે અને તમારા પુત્રને આરામ થશે. સર્વનિયંતા એનું આયુષ્ય લંબાવે અને સમૃદ્ધિ વધારે."

જોવા આવનારમાંથી બીજી વૃદ્ધ સ્ત્રી બોલી, "નારે ના! વૈદ્ય દાક્તરો શું કરી શકે? જીવાડવું ને મારવું એ તો પ્રભુના હાથમાં છે. દુઃખ નાંખે એ અને મટાડનાર પણ તે જ છે. મને જ પેટનું દરદ વરસો સુધી નહોતું પડ્યું? અને બધી દવા કરી તે ફોગટ. અંતે એક સંન્યાસીએ તર્કેશ્વરની

જાત્રાએ જવાનું કહ્યું. તેપરથી હું ચાલીને ત્યાં ગઇ, દેહકષ્ટ કર્યું તથા કેશ અર્પણ કર્યા. ત્રીજી રાતે તર્કેશ્વરે મને સ્વપ્નું દીધું અને કોઇ અદૃશ્ય હાથે કાંઇ ખાવાનું આપ્યું જે બધાં ઔષધો કરતાં ચઢીઆતું હતું. તર્કેશ્વરમાં હું એક અઠવાડીઉં રહી અને પાછી ફરી ત્યારે જાણે બદલાએલી જ. ત્યાર પછી મને કોઇ દહાડો દરદ થયું નથી. પ્રભુને દયા આવે ત્યારે એ જ આપણને સારૂં કરી શકે છે. તમારા સુપુત્રને પરમેશ્વર મટાડી દે. એ તો કેટલાંનો પાળક છે."

ત્રીજી એક સ્ત્રી જે પોતાનાં બે છોકરાંને લઇને મળવા આવી હતી તેણે કહ્યું, "અરે બાઈ એ તો આપનાર પણ ભગવાન્ છે અને પાછું લેનાર પણ એ જ છે એ વાત સાચી છે. આ મારાં બે બાળક જગન્નાથજીની કૃપાથી જ ઉછર્યાં છે. કેટલાં છોકરાં એમના પહેલાનાં વરસ બે વરસનાં થઇ મરી ગયાં. અમારૂં ઘર અમને વેરાન જેવું લાગવા માંડયું અને જીવતર નિરાશાભરેલું લાગ્યું. એટલામાં જગન્નાથનો એક બ્રાહ્મણ અમારે ત્યાં આવેલો તેણે અમારા દુર્દૈવની વાત જાણી મને આશીર્વાદ દીધો અને કહ્યું કે જગન્નાથજી જ માત્ર એ દુઃખ ટાળશે. તેણે જગન્નાથપુરીની જાત્રા કરવાનું કહ્યું. કેટલે બધે દૂર જવાનું હતું. આગગાડીમાં અમે કલકત્તે જઇ ત્યાંથી આગબોટમાં દરીઆના કાળા પાણીપર મુસાફરી કરવા માંડી. દરીઆમાં તો મોજાં આગબોટમાં ધસી આવે અને તોફાન મચેલું. ચારે તરફ પાણી ઉછળે ને મેં તો ફરી જમીન જોવાની આશા મૂકી. તોપણ જગન્નાથ ઉપર મારી સર્વ આશાઓ રાખી. હું આખી રાત તેમનું પવિત્ર નામ જપતી બેઠી. સવારના પહોરમાં તો અમે બંદરે સહીસલામત ઉતર્યાં. સાત દહાડા અને સાત રાત ત્યાંનાં પવિત્ર સરોવરમાં મેં સ્નાન કર્યું અને રથજાત્રા પણ જોઇ. સાતમે દહાડે જગન્નાથજીએ મને સમણું દીધું. ત્યાંથી હું મારે ગામ પાછી ફરી અને આ બે છોકરાં ઉછર્યાં એવી ભાગ્યશાળી હું થઇ. એકને સાત વરસ થયાં છે અને બીજાને પાંચ થયાં છે. માજી તમે એમને આશીર્વાદ દો. તમે પુણ્યશાળી જીવ છો. તમારો આશીર્વાદ ઇશ્વર સફળ કરશે અને મારા છોકરાઓને એમના બાપના આનંદરૂપ અને કુટુંબના આધારરૂપ રાખશે."

જોવા આવનારાં સહુ વેરાયાં ત્યારે મોડું થઇ ગયું હતું. મંદવાડની પથારી આગળ દિવાસોના દિવસો બેસી રહેવાથી તથા રાતના ઉજાગરાથી આ પૂજ્ય સ્ત્રી (જગતકીશોરની મા) ઉપર કાંઇ અસર થએલી નહોતી.

બીજાંને સુખ દેવું એ આપણી ઘણીખરી વિધવાઓને મન ખરૂં જીવન લાગે છે. રાત ગઇ હતી તોપણ તે દરદીના ઓરડામાં ગઇ. ત્યાં તે ઉંઘેલો હતો, અને તેના પગ આગળ તેની સ્ત્રી ઉંઘતી હતી. ત્યાંથી તે પોતાના ખંડમાં ગઈ અને છેક પાછલી રાત્રે નિદ્રામાં પડી.

પરોઢમાં તેને એક સ્વપ્નું આવ્યું. એ સ્વપ્નું તેના ચિંતાતુર મનને ટાઢક આપનાર હતું. તેને એવું સ્વપ્ન આવ્યું કે જાણે તે અંધારી ભયાનક રાત્રે જંગલમાં છે. તે વનમાં તે પોતાના છોકરાની પાછળ ભટકે છે. ચળકતી આંખોવાળાં જંગલી પ્રાણીઓ ઝાડીમાં દેખાય છે અને દૂરથી શીઆળવાં બૂમો પાડે છે. તેઓ બંને આગળ ચાલ્યાં જાય છે, થાકી જાય છે અને તેમના પગ દુ:ખી જાય છે પરંતુ તેમને રસ્તો જડતો નથી. દુ:ખથી ગભરાઇ તેણે પોતે રૂદન કર્યું અને જગન્નાથની સહાયતા માગી, અને જોયું તો પૂર્વમાં તેજની એક રેખા દેખાઇ અને દૂરથી એક હાથ તેને દિશા બતાવતો જોયો. આથી તેને હિંમત આવી અને તેઓ ચાલવા મંડયાં અને જંગલ વટાવી સહવારમાં ખેતરો અને ગામ પાસે આવી પહોંચ્યાં. તેનો છોકરો સાજો થઇ ઘેર પાછો ગયો પણ તે પોતે તો પેલા દિવ્ય હાથની પૂજા કરતી ત્યાં જ બેસી રહી. એટલામાં કોઇ અદૃશ્ય અવાજે તેને કહ્યું. "હું સમુદ્ર પાસે વસનાર દેવ છું. ઓ વૃદ્ધ સ્ત્રી! હું જ તારૂં સ્થાન છું." જ્યારે તે જાગી અને તેણે આંખ ઉઘાડી ત્યારે બારીમાંથી તડકો આવતો હતો અને પેલો અવાજ તેના કાનમાં રમી રહ્યો હતો.

તે દહાડે ઘરમાં ઘણો ગડબડાટ થઇ રહ્યો. ઘણાં આતુર પૂછનારાં આગળ એ સ્વપ્નું તેણે વારંવાર કહી સંભળાવ્યું અને કેટલીક વૃદ્ધ સ્ત્રીઓએ હર્ષનાં આંસુ આણી કહ્યું કે જગતકિશોર હવે જલદીથી આરોગ્ય થશે. ગોર તથા પંડ્યાઓની સલાહ પૂછવામાં આવી તેમણે પણ એમ જ કહ્યું કે જગતકિશોર પુરીની જાત્રા કરે તો જગન્નાથજી તેને આરામ કરે. જગતની માને મન તો સ્વપ્નનો અર્થ એથી પણ વધારે ગૂઢ હતો પણ તે વિશે કોઇને કાંઇ તેણે કહ્યું નહિં.

બીજે દહાડે કલકત્તેથી શરત આવી પહોંચ્યો. તેની બહેન કાલીએ જ્યારે સર્વ હકીકત તેને કહી ત્યારે તે ગભરાયો. "ભાઇ, એ તો એક સૂચક ચિહ્ન છે. જગન્નાથની આજ્ઞા થઇ છે; એ ઇચ્છા પારપાડવામાં તમે અમને મદદ કરો."

"પણ બહેન તારા વરની આવી અશક્ત સ્થિતિ છતાં તેમને જાત્રા-

એ લઇ જવા એ ગાંડાઇ છે. મુસાફરી ઘણી લાંબી છે અને તેમાં તે કદી ટકી શકશે નહિં."

"ના ના, જગન્નાથની ઇચ્છા હશે તો તે સહાયતા કરશે. સાસુની મરજી છે, કાકીઓની મરજી છે, તારા બનેવીએ પણ વિચાર કર્યો છે. માટે હવે તું પણ મદદ કર, અમારામાં ફક્ત તું જ બળવાન પુરુષ છે. આ પુણ્યકારી યાત્રા અમને કરાવ."

શરત દિઙ્મૂઢ થઈ ગયો. દરદીને યોગ્ય સારવાર કરી પોતાનાથી બનતું કરી તેને બચાવવાની ઉમેદમાં તે આવ્યો હતા અને અહીં તો એક વૃદ્ધ સ્ત્રીના વૃથા સ્વપ્નને આધારે તેની જીંદગી ધૂળ મેળવવાની તૈયારી ચાલી રહી હતી.

એ યાત્રા અટકાવવાને તે અશક્ત હતો એ પોતે જાણતો હતો. તથાપિ એ યોજનાની સામા બને તેટલું થવું અને તેનો બનેવી જાત્રાની મુસાફરી ખમવા યોગ્ય થાય ત્યાં સુધી મુલતવી રાખવાનો પ્રયત્ન કરવો એ તેની ફરજ છે એમ તેને લાગ્યું.

પાછલે પહોરે તે ત્યાંના અંગ્રેજ દાક્તરને મળવા ગયો. દરદીની તે ઘણી સંભાળ લેતો તથા તેનામાં ઘણું ધ્યાન આપતો એ તેને ખબર હોવાથી દાક્તરનો અંતઃકરણપૂર્વક તેણે પાડ માન્યો.

દાક્તર પોતાની શાંત રીતે બોલ્યો, "ઉપકાર માનવાની કાંઇ જરૂર નથી. તમારા બનેવીની ઉમર ઘણી નથી તેથી તેમને સાજા થવાની આશા રાખી શકાય છે."

"તમારી કુશળતા અને સંભાળથી એમને ફેર પડશે એમ મારી તો ખાત્રી છે પણ, પણ"—શરત આગળ બોલી શક્યો નહિં.

દાક્તરની આંખમાં કાંઇક ગભરાટનાં ચિહ્ન દેખાયાં અને તેણે પૂછ્યું, "મેં સવારે જોયા ત્યાર પછી શું એમને ઉથલો થયો છે?"

"દાક્તર! તેનાથી પણ ખરાબ. દાક્તરની કુશળતાથી તો મંદવાડ મટે પણ જાણી જોઇને કરેલી મૂર્ખાઇથી કરેલું નુકસાન ન મટે."

"દરદીએ બેદરકારી કરીને પોતાની તબીઅત બગાડી છે?"

"દરદીના મનમાં એમ આવ્યું છે કે તેમની વૃદ્ધ માતાને સ્વપ્ન આવ્યું છે તેથી પુરીની જાત્રાથી તેમનો રોગ જશે."

"પુરીની જાત્રા? જગત્કિશોર અશક્ત છે અને પુરી ઘણું દૂર છે. તે મુસાફરી શી રીતે કરવા ધારે છે?"

"રેલવે અને આગબોટને રસ્તે ન જતાં રાણીગંજથી પુરીને પગ રસ્તે જવાનો વિચાર છે. સાધારણ સાજા માણસને પણ એ મુસાફરી લાંબી અને કંટાળાભરેલી લાગે તેવી છે. મારા બનેવીના કાળરૂપ એ થશે." એમ કહી માથું નીચું કરી શરતે આંખમાંથી આંસુ લુછ્યું.

દાક્તર બેઠકપરથી ઉઠયો અને ઓરડામાં આમ તેમ ફરવા લાગ્યો. તે ઓરડામાં બંગાળા ઇલાકાનો નકશો લટકાવેલો હતો. રાણીગંજથી પુરી જવાના મોટા રસ્તાપર તેણે પોતાની આંગળી ફેરવી. તેણે કેટલાંક વૈદકનાં પુસ્તક મેજપરથી ઉત્રાડીને જોયાં અને શાંતતાથી આવીને પોતાની જગાપર બેઠો.

શરતે કહ્યું, "દાક્તર, આ અક્કલ વગરની યોજના અટકાવવામાં તમે મને મદદ કરો. તમારી મદદથી હજી પણ કદાપિ એ અટકાવાશે. શરીરની આ સ્થિતિમાં આવી મુસાફરી કરવાથી એમની જીંદગીનો નાશ થશે."

દાકતરે ધીમેથી કહ્યું, "મને હમણાં એવો વિચાર આવે છે કે એથી એની જીંદગી ઉગરશે."

આથી વિસ્મય પામી શરતે કહ્યું, "શ્રદ્ધામાં રોગ મટાડવાની શક્તિ હોય છે એ વિચાર તમારા મનમાં છે ?"

"ના ના, એવો વિચાર નથી. શ્રદ્ધાથી રોગ મટી શકે પણ અમે દાકતરો તેને ગણતરીમાં રાખતા નથી. તમારા બનેવીની દવા હું એક મહીનાથી કરૂં છું અને મારા સમજવા પ્રમાણે એમના રોગની ચિકિત્સા પણ મેં બરાબર કરી છે. તેમની ઉમર ભાગ્યે ચાળીસની હશે પણ બરદ્વાનની મલેરીઆવાળી હવામાં ઘણાં વર્ષ રહેવાથી તેમની શક્તિ ઘટી ગઇ છે અને તેથી જ એમને મટવાની મુશ્કેલી લાગે છે. અશક્તિને લીધે ધીરે ધીરે તે ઘસાય છે. રસ્તે મુકામ કરતા જતાં, બંગાળાના નિરોગી ભાગમાં, નવા નવા પ્રદેશ નિહાળતાં, વરસના સૌથી સરસ હવાવાળા સમયે પગરસ્તાની મુસાફરી કરવાથી તેમની તબીયત તદ્દન સુધરી જશે અને તે ઉપરાંત ઘણાં વર્ષ સુધી તેમની આરોગ્યતા સારી રહેશે."

શરત આશ્ચર્યથી ચકિત થયો. તેણે કહ્યું, "આ મુસાફરીમાં તેમને શરદીની અસર નહિં થાય એમ તમે ધારો છો દાકતર?"

"તે માટે મારે તમારા પર આધાર રાખવો પડશે. જગતના કુટુંબમાંના કોઇપર હું પૂર્ણ વિશ્વાસ રાખી શકું તેવું નથી. તમે તેમની સાથે જો જાઓ તો જ આ યાત્રા કરવાની હું પરવાનગી આપું."

"મારી સંપૂર્ણ ખુશી છે."

"બહુ સારૂં. એ તો હવે નક્કી થયું. તેમને રાત્રે ગરમાવાવાળા ઓરડામાં રાખજો. તેમનાપર પવન આવે નહિં તેની સંભાળ રાખજો અને પુષ્કળ ગરમ ઓઢવાનાં રાખજો. રાત્રે કે સાંજ પછી પણ મુસાફરી કરશો નહિં. સૂર્યોદય પછી કલાકેક પછી ચાલવાનું રાખજો અને ટુંકા ટુંકામાં મુકામ કરજો. તેમને તો પાલખીમાં જ લઇ જવા જોઇએ."

"હું તે સર્વ બાબતની તજવીજ કરીશ."

"તેમની સાથે જેમ બને તેમ થોડાં માણુસ લઈ જાઓ તો વધારે સારૂં. તેમની વૃદ્ધ મા તો આખા ઘરમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળી છે. એના હુકમથી ઘર હંકાય છે. માટે તે તો આવે જ. તમારી બહેન એક નમુનારૂપ પત્ની છે. પતિની રાત દિવસ સેવા કરવામાં એનાથી વધારે અનુરક્ત, ઉદ્યમી અને તત્પર સ્ત્રી આ દેશમાં કે બીજે કોઇ ઠેકાણે મેં જોઇ નથી. તેના વિના ચાલી શકે તેમ નથી. ત્રીજા તમે. એ ઉપરાંત થોડા નોકરો. એ સિવાય બીજા કોઇને લઇ જવાની હું રજા આપતો નથી."

"જગતની કાકીઓ? તે બધાંને જાત્રા કરવાની ઘણી જ ઇચ્છા છે."

"એ કાકીઓ અને એમનાં છોકરાંનું લશ્કર મળી જગતના શરીરને નુકસાન કરે છે. એ ઘરમાં રહે છે એટલાં માણુસ સાથે રહેનારને હવાફેર કરવાનો ફાયદો કદી પણ થઈ શકે? ખોટું લગાડશો નહિં. તમારી અવિભક્ત કુટુંબની રૂઢિના બીજા ફાયદા કદાપિ હશે અને ઘણાંક સ્ત્રીપુરુષોને તે દરિદ્રતામાંથી બચાવે છે. તેની વિરુદ્ધ મારે કાંઇ કહેવું નથી. પણ કોઇ દરદી અમારી આગળ આવે ત્યારે અમારો કહેવાનો હક છે. મારા અભિપ્રાય પ્રમાણે એટલા મોટા ઘરખટલાની જંજાળમાં આવી સ્થિતિમાં જગતને રાખવા તે એમને મારવા બરોબર છે. હું જોવા આવું છું ત્યારે ઓરડામાં શુદ્ધ હવા આવવા દેવામાં પણ મને અડચણ પડે છે. એ સર્વ મમતાવાળી સ્ત્રીઓ, મૂર્ખ નોકરો અને છોકરાંના કકળાણુમાં એક ક્ષણુની પણ શાંતિ રહેતી નથી. એમ ચાલવું ન જોઇએ. થોડાં સમજુ માણુસો સાથે લઇ મુસાફરી કરવામાં એ બધાંથી છૂટાશે, એ કારણુથી પણ એ યાત્રા કરવાની સલાહ હું આપું છું."

"તમારૂં કહેવું હું સમજ્યો છું અને તમારી સલાહ પ્રમાણે વર્તીશ. પણ જગતની મા પોતાની સાથે એક વૈદ લેવાનું ધારે છે."

"ના ના, એ થવા દેશો નહિં. તમારા વૈદોમાં કેટલાક અનુભવી અને

કુશળ હોય છે અને ઘણી વનસ્પતિઓની દવાઓ એવી જાણે છે કે અમે તે વિશે કાંઇ જાણતા નથી. તેમાંની બીલાં, કરીઆતું વગેરે કેટલીક તો અંગ્રેજી દવાઓમાં પણ દાખલ થઇ છે. કેટલાક જુના રોગોમાં તેઓની દવા રામબાણ થાય છે. મારા એક અંગ્રેજ મિત્રને એવા એક વૈદથી જ મટયું હતું. પણ કેટલાક વૈદો તો અણઘડ ઉંટવૈદ સરખા હોય છે. તમારા બનેવીને આખો મહીનો દવા ખુબ આપી છે હવે તો ખુલ્લી હવા જંગળમાંથી છૂટાપણું અને કુદરત પોતાની મેળે એમને આરામ કરશે."

"થેંક્યુ દાક્તર! હું તમારો બહુ આભારી છું. તમારી સલાહ મુજબ ગોઠવણ કરી જગતની કાકીઓને બરદ્વાન મોકલીશું અને અમે જાત્રાએ જઇશું."

"હા એ જ. ઠીક છે. જગતના બાપદાદાના ઘરમાં બરદ્વાનમાં એ સહુને પૂર્ણ સંતોષ થશે. તેમને વિશે ખોટું કહેવાનો મારો ઇરાદો નથી. ઉલટું મને તેમને સારૂ ઘણું માન છે. દરદીને જોઇને પાછા ફરતાં ઘણીવાર તેઓએ મને રોકીને પડદામાંથી પૂછેલું છે કે એને સારા થતાં કેટલો વખત લાગશે, અથવા સરસ્વતીપૂજન કરવા બેસવાની શક્તિ તેનામાં આવશે કે નહિં, અથવા તેને વારસ પુત્ર થશે કે નહિં. પણ અમારૂં પરિમિત જ્ઞાન એ સર્વ પ્રશ્નોના જવાબ ખાતરીપૂર્વક દઇ શકે તેમ નથી. તેઓ પોતાના બગીચામાંથી કોલી ફ્લાવર તથા વટાણા મારે ત્યાં મોકલે છે તે મને તેમ જ મારી સ્ત્રીને ઘણા પસંદ પડે છે. એ સર્વ છતાં માંદા માણસની પથારી આગળ તેઓ નકામાં છે. જગત્ તેની સ્ત્રી તથા મા અને તમે એટલાં પુરી જજો. બીજાં કોઇ સગાં, સ્નેહીઓ, વૈદ્ય કે ઔષધ કંઇ પણ હરગીજ લેશો નહિં."

શરતે ફરી દાક્તરનો આભાર માન્યો અને દાક્તરે કહ્યું કે પુરીની જાત્રા કરી આવી જગતકીશોરની તબીઅત સારી થએલી જોવાની મને આશા છે.

પ્રકરણ ૨ જું.

યાત્રા.

રાણીગંજથી પુરીના ધામ સુધીનો ઉત્તરથી દક્ષિણ જતો ત્રણુસેં માઇલનો જે રસ્તો છે તેવો સુંદર માર્ગ હિંદુસ્તાનમાં બીજો એકે નથી. એ રસ્તાની પૂર્વે બંગાળાનાં રસાળ ક્ષેત્રો અને અસંખ્ય ડાંગરના ક્યારા તથા ભારે વસ્તીવાળાં મોટાં શહેરો આવી રહેલાં છે. પશ્ચિમ તરફ ઉંચાણના પ્રદેશ અને સાલનાં જંગલવાળી ટેકરીઓ, આછા વાવેતરનાં કોઇકિ કોઇક ખેતરો અને પહાડી ગામડાંનાં નાનાં ઝુંપડાં છે. વળી પૂર્વે તરફ આર્યોના ઉદ્યોગ અને કારીગરીઓમાં પ્રવીણ એવી સુધરેલી હિંદુ અને મુસલમાન જાતો વસે છે; અને પશ્ચિમ તરફ સોંથલ જેવી અનાર્ય પ્રજાઓ રહે છે, જેઓ શિકાર કરી નિર્વાહ કરે છે અને પોતાની જુદી જ ભાષા બોલે છે. પૂર્વે તરફ હુન્નરકળા અને સાહિત્યવડે સુધારોના ઘણા સૈકાઓ સુધી ઇતિહાસમાં પ્રસિદ્ધ થએલાં બરદ્વાન, નદીઆ, જેસોર અને ઢાકા નગરો આવેલાં છે; પશ્ચિમ તરફ અડધા જંગલી જેવા રીતરીવાજવાળા પ્રાચીન લોકોની વસ્તીવાળાં છોટા નાગપુર અને ઓરિસાનાં સંસ્થાન આવેલાં છે. હિંદુસ્તાનમાં બીજી જગાઓની પેઠે બંગાળામાં પણ આર્ય સુધારાનું વલણ ફળદ્રુપ સપાટ પ્રદેશો તરફ વળેલું છે, અને જંગલી રહેણીવાળા અનાર્ય લોકો વેરાન પહાડી પ્રદેશોમાં રહ્યા છે. રાણીગંજથી પુરી જનાર જાત્રાળુઓ, સપાટ અને ઉંચાણ પ્રદેશ, સુધરેલા હિંદુ, મુસલમાન, અને કેળવણી રહિત પ્રાચીન પ્રજાઓ વચ્ચેની રેખાનું નિરીક્ષણ કરતા જાય છે.

ડીસેમ્બરની એક સહવારમાં જગતકીશોર અને તેની સાથે જનારાં સર્વ રાણીગંજથી ઉપર કહેલે રસ્તે નીકળ્યાં. માંદા માણસને પૂર્ણ આરામ મળે એવી ગોઠવણથી તૈયાર કરેલી પાલખીમાં જગતકીશોર પોતે હતો. બીજી પાલખીમાં તેની મા તથા સ્ત્રી બેઠેલાં હતાં. શરતે પોતે ઘોડે બેસવાનું પસંદ કર્યું હતું. એ ઘોડો બહુ પાણીદાર નહોતો, પણ ગામડાનાં ટટ્ટુ જે ધીમે ધીમે દહાડાના ત્રીસ માઇલ ચાલી શકે તેમાંનો હતો. બે બળદનાં ગાડાંમાં નોકરો અને રસોઇનાં વાસણ હતાં. એ ગાડાં રાત્રે આગળ ચાલતાં તેથી નવા મુકામે અગાઉથી તૈયારી કરી શકાતી. રેલવે નહોતી ત્યારે આ પ્રમાણે શ્રીમંતો મુસાફરી કરતા, અને હજી જ્યાં પગરસ્તો

છે ત્યાં એ જ રીત છે. ગરીબ મુસાફરો ચાલતા જાય છે અને રસ્તે કોઇ દુકાનોમાં મુકામ કરે છે. ત્યાં તેમને બેત્રણ આનામાં રહેવા, ખાવાપીવાનું સર્વ મળે છે.

ચાલવા માંડ્યા પછી બે માઇલે આ મંડળ દામોદર નદી આગળ આવી પહોંચ્યું. એ મોટી નદી પશ્ચિમ તરફના ઉંચાણના પ્રદેશમાંથી નીકળી પૂર્વ તરફ બંગાળાના ઉપસાગર પાસે હુગલી નદીને મળે છે.

ચોમાસામાં દામોદર નદીનો વિસ્તાર ઘણો હોય છે અને ઝાડ તથા ગામડાંની આસપાસ એવું પાણી ફરી વળવાથી જાણે નાના સમુદ્રની વચ્ચે બેટ થયા હોય તેવું દેખાય છે. ઉત્તર તરફનો કિનારો ઉંચો હોવાથી બરદ્વાન જેવાં શહેરોનું રક્ષણ થાય છે. પરંતુ દક્ષિણ તરફ એવાં રક્ષણનાં સાધનો અનેકવાર કર્યા છતાં પાણીનું વહેણ તે તોડી પાડે છે. તેથી એ પ્રયત્ન પડતો મૂક્યો છે. આથી જુલાઇ, આગસ્ટ તથા સપ્ટેમ્બર માસમાં વર્ષાદને લીધે પાણી દક્ષિણ તરફનાં ગામડાં વટાવી ફેલાઇ જાય છે અને ડાંગરનાં ખેતરોમાં રસાળ માટી ઘસડી જાય છે. આ માટીના થરને લીધે દક્ષિણ તરફનો મુલક ધીમે ધીમે ઊંચો થતો જાય છે અને ઉત્તરનો પ્રદેશ જ્યાં મોટાં શહેરો આવેલાં છે તે મેલેરીઆની હવા વાળા નીચાણમાં રહી ગયો છે. હાલના ઇજનેરો તથા રાજ્યકર્તાને અહીંની નદીઓના તુરંગી વહેણ બાબત ઉપાય લેવાનો પ્રશ્ન બહુ ગુંચવાડા ભરેલો લાગે છે. એ નદીઓ ચોમાસામાં વીસ્તીર્ણ અને વેગવાળી હોય છે અને શિયાળામાં વિશાળ રેતીના પટપર પાણીની રેખા સરખી થઇ જાય છે.

શિયાળો હોવાથી જગતકીશોર અને તેના સાથીઓને દામોદર નદી ઉતરવાની મુસ્કેલી પડી નહિં. પાલખીઓ તથા ઘોડો એ સર્વ જ્યાં ઉંડું પાણી હતું ત્યાં એક હોડીમાં લઇ ગયા. બીજી જગાએ તો પારદર્શક રૂપેરી જલસ્રોત એક બે હાથ ઉંડો હતો. નદી ઉતર્યા પછી પાછું શિયાળાના તડકામાં પ્રયાણ શરૂ થયું.

દરદી પોતાના ઓરડામાંથી ઘણે વખતે બહાર આવેલો હોવાથી તાજી હવા અને સૂર્યનાં ઉષ્ણ કિરણો તેને રૂચિકર લાગ્યાં. તેથી તથા સૃષ્ટિશોભાના ફેરફારને લીધે તેનામાં એટલામાં જ શક્તિ આવેલી જણાતી હતી. કાલી અને તેની સાસુને પણ આ મુસાફરી આનંદ અને આશાથી ભરેલી હતી. દૃષ્ટિએ પડતી દરેક ચીજ નવી હતી. મોટા પટવાળી નદી, જંગલો, તથા ઉંચાણ નીચાણવાળો પ્રદેશ આંખને તાજગી આપતાં અને શાહુ કરતાં વ

ધારે પુરીના પુણ્ય મંદિરના દર્શનની આશાથી તેમના આત્મા ઉન્નત થતા અને તેમનાં હૃદય હર્ષ પામતાં.

જગતકીશોરની પાલખી પાછળ શરતનો ઘોડો ચાલતો હતો. જગતકીશોર કરતાં પણ એને આ મુસાફરીથી વધારે ચિત્તસ્વસ્થતા મળી હોય એમ જણાતું હતું. ઉત્કટ લાગણીવાળા માણસો સુદૃઢ પ્રયત્ન કરી શકે છે પરંતુ તેમના મનપર ઉંડી છાપ પડે છે. શરતને જે નિરાશા પ્રાપ્ત થઇ હતી તે ઝટ ભુસાય તેમ નહોતું. કલકત્તામાં જે સર્વ સ્થાન તેના જીવનને દુઃખી કરનારાં હતાં ત્યાંથી તે દૂર હતો; પોતાના દુઃખ ઉપર તે એકાંતમાં વિચાર કર્યા કરતો હતો અને નિરાશા શાંતિથી સહન કરતો હતો. ભૂતકાળના શ્રમવાળા પ્રયાસો અને હાલની સ્થિતિ વચ્ચે મોટો તફાવત પડયો હતો; તેને જીવન શૂન્ય લાગતું હતું અને ભવિષ્ય હેતુવિનાનું થયું હતું. ઘડી ઘડી એક મધુર મુખાકૃતિ તેની સ્મરણશક્તિ આગળ ખડી થતી; પરંતુ એ મુખ હવે તેને મન પવિત્ર મૂર્તિ અને નિરંતર જાગ્રત રહેતી મનોવૃત્તિ માત્ર હતું. ધર્મનિષ્ઠ શ્રદ્ધાશીલ મનુષ્યની પેઠે એ મનોવૃત્તિને સતત હૃદયમાં પોષી ગુપ્ત રાખી હવે પછી દુનીઆમાં ફર્યા કરવું એવો તેનો વિચાર હતો.

રાણીગંજથી પંદર માઇલ છેટે ગંગાજલઘાટી નામનું ગામ છે ત્યાં એક દહાડા વાસ્તે મુકામ કર્યો. શરત ઘોડાપરથી ઉતર્યો, જગતકીશોરને પાલખીમાંથી ઉતાર્યો અને કાલીએ તેને માટે પથારી કરી અને આખી સાંજ તેની સાથે રહી.

સંધ્યાકાળે જગતકીશોર સુઇ ગયો હતો અને તેની મા રસોડામાં રોકાએલી હતી એટલે કાલી અને તેનો ભાઇ એકલાં પડ્યાં.

તેણે પૂછ્યું, "સુધા સાથે લગ્ન કરવાનું તેં માગું કર્યું હતું એ શું ખરી વાત છે ભાઇ ? એ તો બીચારી વિધવા છે તેની સાથે તું શી રીતે પરણી શકે ? એથી તો આપણા પિતાના કુળમાં કલંક લાગે."

શરત શાંત રીતે બોલ્યો, "માએ એ પ્રમાણે કહ્યું એટલે એ વિવાહ તોડી નાંખ્યો છે. કાલી તારા ભાઇના સ્વચ્છંદી સ્વભાવ અને મૂર્ખાઇને લીધે તું તારો સ્નેહ તેનાપરથી ઓછો નહિં કરી નાખેને ?"

"ભાઇ તારાપરનો સ્નેહ હું શી રીતે ઓછો કરી શકું ? આપણે એક માબાપનાં છોકરાં નથી ? બહેનને ભાઇ વહાલો ન હોય એમ બને જ શી રીતે ?"

આ દુઃખકર બાબત વિશે આ ભાઇ બહેન વચ્ચે આટલી જ વાત થઇ, કાલીએ ફરી કદી એ વાત છેડી નહિં.

બીજું સહવાર પણ પહેલાના જેવું જ તાજગી લાવનાર અને આશા ભર્યું લાગ્યું ઘાસપર અને ઝાડપર ઝાકળ પડેલી હતી. સહવારનું ધુમ્મસ વેરાઇ ગયું અને સૂર્ય તપવા માંડયો ત્યારે જગતકીશોર અને સર્વ મંડળ ગંગાજલ ઘાટીથી ઉપડયું. રસ્તામાં ઉંચા નીચા પ્રદેશ હતા અને આંખને પ્રસન્ન કરે તેવા વિધવિધ દેખાવ નજરે પડતા હતા. નીચાણના ભાગ ખંતથી ખેડેલા હતા અને તેમાં પીળી ડાંગર ઝાકળથી નમેલી હતી અને કાપણી વાસ્તે તૈયાર થએલી હતી. બીજી જગાએ પ્રદેશ ટેકરીઓવાળો હતો અને માઇલના માઇલ સુધી જંગલ નજરે પડતાં. તેમાં ભેંસો તથા ગાયો ચરતી હતી; તેમના લાકડાના ઘંટના અવાજ ઝાડીની પાછળથી સંભળાતા હતા. ઝુંપડાં અને નાનાં ગામડાં વચ્ચે વચ્ચે આવતાં અને કેટલીક ખેડેલી જમીન પણ નજરે પડતી. જાત્રાળુઓ અને મુસાફરોને જોઇતી સાધારણ ચીજોની દુકાનો વચમાં આવતી હતી. પશ્ચિમમાં સુસુનીઆ ડુંગરની સુંદર ટોચ પંદર માઇલ દૂરથી દૃષ્ટિએ પડતી હતી; અને તેથી આગળ પચેત અને માનભૂમ પર્વતની ઉંચી હારો અને શિખરો દૃષ્ટિમર્યાદાને બાંધી લેતાં હતાં.

ત્રણ કલાકની મુસાફરી પછી તેઓ દ્વરકેશ્વર નદી આગળ આવી પહોંચ્યાં. આ નદી પણ પશ્ચિમ તરફની ટેકરીઓમાંથી નીકળી પૂર્વ અને દક્ષિણ તરફ વહી હુગલીને મળનારા ફાંટાઓમાંની એક છે. દામોદર કરતાં એ સાંકડી હોવાથી તે ઝટ ઓળંગી આ મંડળ બાંકુરા જીલ્લાના મુખ્ય ગામ બાંકુરામાં આવી પહોંચ્યું. જગતકીશોર અને એના કુટુંબીઓ માટે એક સગવડવાળું ઇંટોનું ઘર ભાડે રાખ્યું હતું. ત્યાં એ સર્વ એક દહાડો રહ્યાં.

પ્રકરણ ૩ જું.

પહાડી છોકરી.

બરદ્વાનના જમીનદાર જગતકીશોરનું નામ બાંકુરામાં જાણીતું હતું. સાંજ પડી એટલે ઘરના કામકાજથી પરવારી દીવા વખત ઘણી સ્ત્રીઓ

જગત્કીશોરની માને મળવા આવી. તેમાંની એકે કહ્યું, "માજી, તમારા પુત્રને પુરી લઈ જાઓ છો તે બહુ સારૂં કરો છો. માણુસના ઉપાય નકામા જાય છે ત્યાં જગન્નાથ મહારાજ સારૂં કરી દે છે; ઘણાક દુઃખે પીડાતા મનુષ્યોપર જગન્નાથજીએ મહેર કરી છે."

જગત્‌ની માએ કહ્યું, "તમે એવો આશીર્વાદ દ્યો કે જગન્નાથ દયા કરી મારા દીકરાને સાજો કરી દે. અમારા કુટુંબનો આધાર એ જ માત્ર છે. એ ઘણા વખતથી હેરાન છે અને ઘણાક દાક્તરોની દવા કરી પણ કલ્યાણકારી જગન્નાથની આજ્ઞા થઇ ત્યાં સુધી કાંઇ ફાયદો થયો નહિં."

"હા બાઇ હા, અમે તમારા સ્વપ્નાની વાત સાંભળી છે. આવી કૃપા તમારાપર થઇ એટલાં તમે ભાગ્યશાળી છો અને એ આજ્ઞા પ્રમાણે વર્તી શકવા સમર્થ છો એટલાં વિશેષ ભાગ્યવાન છો. પુરીના મંદિરમાં જવાનું ભાગ્ય કાંઇ બધાંનું હોતું નથી; અમે ઘણીવાર જવાની ઇચ્છા કરી છે પણ અમે ગરીબ માણુસ છીએ અને જાત્રા લાંબી છે અને ખર્ચ ઘણું થાયછે."

"હા મુસાફરી લાંબી છે અને તેથી મને ફીકર બહુ હતી. ભગવાનની કૃપાથી આરંભ કીધો છે અને તેથી મારા છોકરાને સારૂં છે. ગયો મહીનો આખો મારી વહુ બાપડી રાત્રે ઉંઘી નથી અને દહાડે જંપી નથી. એ મારા છોકરા પાછળ જીવ કહાડી નાંખે છે અને મારી આજ્ઞા લોપતી નથી. આજના વખતમાં એવી વહુઓ મળવી મુશ્કેલ છે. લાંબા વખતના ઉજાગરાથી એ આવી ફીકી અને નબળી પડી ગઇ છે."

"તમારા જેવાં સાસુને એના જેવી વહુ હોય તેમાં શી નવાઇ છે? એ છે પણ સારા ઘરની મેં સાંભળ્યું છે કે તમારી આ અડચણ વખતે સાથે આવવાને એના ભાઇએ અભ્યાસ મુકી દીધો છે."

"હા, શરત કહ્યાગરો અને ડાહ્યો છોકરો છે. એના જેવા થોડા જ હોય છે. પણ હવેનો વખત ખરાબ છે અને આપણા છોકરાઓ કોલેજોમાં શું શું શીખી આવે છે તે કહી શકાતું નથી." કેટલીક અફવાઓ સાંભરી આવતાં જગત્‌ની માના મ્હોંપર છાયા પસરી રહી. પણ તરત જ તે છાયા જતી રહી અને તે બોલી, શરત ઉદાર હૃદયનો છોકરો છે તેણે શહેરી જીવનનાં બધાં પ્રલોભનનો ત્યાગ કર્યો છે. મારા છોકરાની ચાકરી એક સગા ભાઇ કરતાં વધારે એ કરે છે. એના સરખા પુત્રની જનેતા ખરે સુખી છે. મારા દુઃખે પીડાતા છોકરા તરફની એની સ્નેહમય કાળજી જોઇને મારી આંખમાં આંસુ આવે છે."

"એ કાળજી નિરર્થક નહિં જાય માજી. જગન્નાથની કૃપાથી તમારો દીકરો દહાડે દહાડે શરીરે સુધરતો જઇ પુરીથી પાછો ફરશે ત્યારે નિરોગી અને બળવાન થઇને આવશે. અને એના છોકરા જોવાને તમે તો હજી જીવશો."

"એવી માયા ભરેલી વાંછાઓ અમારે માટે રાખો છો તે સારૂ પ્રભુ તમારૂં કલ્યાણ કરો. પણ હું હવે ઘરડી થઇ છું તેથી મારો પુત્ર સાજો થાય ત્યારે તેની વહુ ઘરનું સંભાળે, અને હું જગન્નાથનાં ચરણ સમીપ બાકીનું આયુષ્ય પૂરૂં કરૂં એવી મારી ઇચ્છા છે."

"બાંકુરામાં તમે ક્યાં સુધી રહેશો? અમે કાલે ફરી મળવા આવીશું ત્યારે મળશો કેની?"

"ના, અમારાથી રહેવાય તેમ નથી. પુરી સુધીની મુસાફરી લાંબી છે અને મારા છોકરાની નરમ તબીઅતને લીધે અમારે ટુંકા ટુંકામાં મુકામ કરવા પડે છે. ત્યાં પહોંચતાં કહે છે કે પંદર દિવસ થશે, તો આવી જાત્રાએ જવામાં અમે રસ્તામાં શી રીતે ખોટી થઇ શકીએ?"

મોડે સુધી આવી વાતોનો છેડો આવ્યો જ નહિં, અને રાત પડી ત્યારે મળવા આવનારાં એકે એકે ઉઠવા માંડ્યાં અને જગતની મા રસોડામાં ગઈ. ફક્ત એક જણ રહ્યું. તે એક ચૌદ પંદર વર્ષની બૌરી જાતની છોકરી હતી. ને નીચ જાતની હોવાથી ઓરડાની અંદર આવી નહોતી પણ બારણાના પગથીઆ આગળ ઓટલાપર બેઠી હતી. તેણે પણ સાંભળ્યું હતું કે બરદ્વાનનું એક શ્રીમંત કુટુંબ એ ગામમાં થઇ જાત્રાએ જાય છે એ ઉપરથી તે તેમને સલામ કરવા આવી હતી.

જગતકીશોર ઉંઘી ગએલો હતો એટલે કાલી એ છોકરીને બારણા આગળ બેઠેલી જોઇ પથારી આગળથી ત્યાં આવી પોતાના માયાળુ સ્વભાવ પ્રમાણે તેની સાથે વાત કરવા લાગી.

કાલીના સવાલના જવાબમાં તે છોકરીએ કહ્યું, "હું ગરીબ બૌરી બૈરી છું. તમે બરદ્વાનથી આવો છો અને આ ગામમાં થઇ પુરીની જાત્રાએ જાઓ છો સાંભળી મને થયું કે જઇને તમને મળું. મારો ધણી બરદ્વાનમાં કામ કરે છે. હું ગરીબ ને એકલી છું અને તેની પાસે જવાની મારી મરજી છે."

"છોકરી, તારી હકીકત મને કહે. જીવતરમાં આપણા સર્વપર દુઃખ પડે છે. મારાથી બનશે તો હું તને સહાય થઇશ."

"મારા જેવી ગરીબ બૈરી બાઇડીની સાથે તમે આવી રીતે વાત કરો છો એવાં સારાં તમે છો માજી. આગળ અમે સારી દશામાં હતાં. મારો બાપ પશ્ચિમ તરફ આઘે રહેતો હતો. આ ગામમાંથી સુસુનીઆના ડુંગર દેખાય છે. ત્યાં એક નાના ગામડામાં અમે રહેતાં હતાં. મારા બાપ પોતાની જમીન ખેડતા અને હું નાની હતી ત્યારે મારી મા મને સાથે લઇ ખેતરમાં કામ કરવા જતી તે મને સાંભરે છે."

"તારી માથી ખેતરમાં શી રીતે કામ કરાતું? બાઇડીથી શી રીતે કામ કરાય?"

"અરે માજી, તમે નથી જાણતાં. અમારાં બૈરીનાં બૈરાં તો ખેતરમાં કામ કરે છે. અમે હિંદુ બાઇડીઓ જેવાં નથી. અમે ખેતરમાં કામ કરવા લાગીએ છીએ. અમારા ભાયડાઓ ખેડવાનું અને એવું સખત મહેનતનું કામ કરે છે. જ્યારે વરસાદ આવે છે ત્યારે ડાંગરના ધરૂ ક્યારામાં રોપવાના હોય છે; બૈરીનાં બૈરાં પેઠે વરસાદમાં અને તડકામાં આખો દિવસ ખડે પગે ઢીંચણ સુધી પાણીમાં ઉભાં રહી ધરૂ રોપવાનું કામ થોડા જ મરદો કરી શકે છે."

"હા મેં એ સાંભળ્યું છે ખરૂં. બાંકુરામાં તમારી જાતના લોક બહુ છે?"

"હાસ્તો, આ જીલ્લો જ અમારૂં વતન છે. અહીં બીજી વર્ણ કરતાં અમારી વસ્તી વધારે છે. એ બધામાં સારી સ્થિતિમાં કેટલાક હતા. તેમાં મારા બાપ પણ હતા. અમારા ગામના મુખી પટેલ તે હતા. તેમની પોતાની જમીન હતી તે ખેડતા અને સાંથ ભરતા. પણ એ બધું એ જતું રહ્યું, માજી બધું ગયું."

"શી રીતે ગયું?"

"દસ વરસ ઉપર વરસાદ આવ્યો નહિં અને દેશમાં દુકાળ પડ્યો. મારા બાપને બહુ આફત આવી. તે પોતાનું ગામ છોડી બીજે કાંઇ આશરો મેળવવા કામ મળે તો કરવા ગયા. એમને ગયે અઠવાડીઉં થયું, મહીનો થયો પણ એમના સમાચાર મળ્યા નહિં. અમે ઘેર ભૂખે મરવા લાગ્યાં. એક ઘરડા માણસે અમને ખબર કહી કે ઉત્તર તરફ દુકાળીઆંનાં કામ ચાલતાં હતાં ત્યાં તે મરણ પામ્યા હતા."

"ત્યારે તું નાનપણમાં જ બાપ વગરની થઇ?"

"હા, હું એ વખત પાંચ વરસની હતી. મારી માને ઘેર ઘેર ભીખ માગતી ફરતી. અમારી જમીન અમે ગીરવી મુકી અને તેનાં નાણાંપર

થોડો વખત ગુજરાન ચાલ્યું. જંગલમાં જઇ ત્યાં મૂળીઆં અને શાકભાજી પર અમારે દહાડા કાઢવા પડતા. એમ કરતાં ખરાબ વખત પૂરો થયો અને ભાદુએ આખરે સારો પાક આપ્યો."

"તમે જેની પૂજા કરો છો એ ભાદુ કોણ છે?"

"કેમ બાઇ, એ તો દેવ છે. તે અમારા ખેતરનો પાક આપે છે, આપણને પાળેપોષે છે, વસ્ત્ર આપે છે અને પોતાનાં છોકરાં પેઠે સંભાળ રાખે છે. અમારાં બૈરાં પાક ઉતારવાના દિવસમાં એનાં ગીત ગાય છે. અમારે ઘણી એની ક્રિયાઓ કરવાની હોય છે."

"જે દેવ તમને પાક આપે છે, પાળે છે અને વસ્ત્ર આપે છે તેને ગમે તે નામે બોલાવો તો સાંભળે તો ખરોને?"

"હા મા, સાંભળે, કેમકે એ દયાવાળો છે, આપણે એનાં પ્રાણીઓ પાપી છીએ અને આપણાં દુઃખ પેદા કરીએ છીએ. પાક ઉતારવાને વખતે અમારા આદમીઓ દારૂ પીએ છે અને ખેતરની ઉપજ અને બીજું સર્વ કેફમાં ઉડાવી દે છે. જ્યાં સુધી અમારા ભાયડાઓ દારૂ પીવો મૂકશે નહિં ત્યાં સુધી અમે હિંદુ લોકો જેવાં સારાં થવાનાં નથી."

"શું તેઓ મદિરા પીએ છે?"

"હા માજી, એ જ તેમને નુકસાનમાં નાંખે છે અને મારી નાંખે છે. મારા બાપ કહેતા હતા કે આગળના વખતમાં બોરી લોક પોતાના ગામડાના ચોખામાંથી પચવી નામનો દારૂ કહાડતા, એ ઘણો ખરાબ નહોતો. તેથી તેમને નિશાનો સહેજ ઉલ્લાસ થતો, પણ પચવી ખોરાક હોવાથી એમાંથી કાંઈક પોષણ પણ મળતું. પણ હવે તો પાંચ દસ માઇલને છેટે જ્યાં જુઓ ત્યાં દારૂનાં પીઠાં થયાં છે અને અમારા આદમીઓને જલદ દારૂ પીવાનો શોખ થયો છે. એ જલદ દારૂ ખોરાક નથી એ તો ઝેર છે અને અમને મારી નાંખે છે."

"તું કહે છે તે ખરૂં છે. તમારા લોક એ દારૂ પીવાનું જેમ વહેલું છોડશે તેમ તેમને ફાયદો છે. હિંદુ અને મુસલમાન ખેડુત લોકો જુઓ, તે લોકો કેફ કરતા નથી તેથી કાંઇક પૈસો સંઘરી શકે છે. તમે જંગલી અનાર્ય લોકોએ પણ તેઓ પેઠે ચાલવું જરૂરનું છે."

"મારી મા એ જીવતી હતી ત્યારે એમ જ કહેતી. મને પરણાવતા સુધી એ જીવી, પણ મારા લગ્ન પછી તરત જ મારો ધણી ગામ છોડીને

જતો રહ્યો, તે પછી મેં એને દીઠો જ નથી. મારી મા પણ બાપડી મરી ગઈ અને હું ધરતીપર એકલી રહી છું." એમ કહી તે ગરીબ છોકરી પોતાના સાલ્લામાં મોં ઢાંકી રોવા લાગી.

"પણ તું શું કામ રડે છે? તારો ધણી જીવતો છે તો તું તેને મળીશ જ."

"એ જીવે છે અને બરદ્વાનમાં છે એમ ત્યાંથી આવેલા લોક કહે છે, પણ એ તો ત્યાં ઘર કરીને રહ્યો છે અને વખતે મને ભૂલી પણ ગયો હશે. માજી તમે પાછાં બરદ્વાન જવાનાં છો અને મારા સરખી ગરીબ બાઇનું દુઃખ તમને સાંભરે તો તમે મને મદદ કરી શકો."

"મારાથી બનશે તો હું કરીશ. જો તારો ધણી તને બરદ્વાન તેડાવે તો તું ત્યાં આવીશને?"

"હા, બાઇ મારૂં મારા ગામમાં કોઇ નથી. ત્યાંથી અહીં બાંકુરા સુધી ચાલીને હું આવી છું. પણ હવે આગળ જવાય તેમ નથી કેમકે હું ગરીબ છું અને મને ખાતરી નથી કે મારો ધણી મને ઓળખશે કે નહિં. તમે બરદ્વાન પાછાં જાઓ ત્યારે મને યાદ કરશો તો હું સદા તમારૂં સુખ વધે એવું માગીશ."

"તારી માયાવાળી લાગણી માટે ઇશ્વર તારૂં કલ્યાણ કરો. સર્વ શક્તિમાન પ્રભુના દરબારમાં મંદિરમાંનાં ભજન કરતાં ગરીબોની પ્રાર્થના વહેલી સંભળાય છે. લે આ રૂપીઓ અને અમે પુરીથી પાછાં આવીએ ત્યાં સુધી એટલા ઉપર ગુજારો કરજે. મારી બૈરી ઓળખાણુ વાળીને હું નહિં ભૂલી જાઉં."

પ્રકરણ ૪ થું.

જંગલમાંનો કિલ્લો.

પાંચ કલાકની મુસાફરી પછી ત્રીજે દહાડે બધાં વિષ્ણુપુર પહોંચ્યાં. વિષ્ણુપુર અગાઉ એક નાના રાજ્યની રાજધાની હતું પણ હાલ તો નાનું સરખું સુંદર ગામડું છે અને તેનો કિલ્લો જંગલમાં લગભગ દટાઇ ગયો છે. તેની આસપાસની ખાઇ વેલા તથા વનસ્પતિથી પુરાઇ ગઇ છે. અ-

સભાનાં દહેરાં અને મહેલોનાં ખંડેર થયાં છે. આ નાશની વચ્ચે તેનો ઉંચો કોટ અને દરવાજા નિઃશબ્દ પ્રભાવસહિત રહેલા નજરે પડે છે. જૂના રાજ્યની દેશવ્યવસ્થાનાં આવાં ચિહ્નો આ દેશમાં ઠામ ઠામ છે, અને તે, રાજાઓમાં અંદરઅંદરનાં યુદ્ધના સૈકાઓ સ્મરણમાં તાજા કરે છે. તેમાંના વિષ્ણુપુરના ખંડેર જેવાં અદ્ભુત અને ભવ્ય થોડાં જ છે.

આ શાંત ગામડામાં એક સબ માજીસ્ટ્રેટની કચેરી હતી. તે બરદ્વાનમાં અગાઉ જગતકીશોરને ઓળખતો હતો. જ્યારે તેને ખબર પડી કે જગતકીશોર પોતાના કુટુંબ સાથે પુરી જાત્રા કરવા જાય છે ત્યારે તે તેમને પોતાને ઘેર તેડી લાવ્યો અને તેમને સર્વ વાતે સગવડ કરી આપવા માટે તેણે ઘણી તજવીજ કરી. સ્ત્રીમંડળ સારૂ એક અલાહેદો ખંડ કાઢી આપ્યો, એક ઓરડો જગતકીશોરને સારૂ જુદો રાખ્યો અને શરતને રાત્રે પોતાના ખંડમાં સુવાડયો.

સાંજને ઠંડે પહોરે માજીસ્ટ્રેટ શરતને તે પુરાતન કિલ્લાનું ખંડેર જોવા તેડી ગયો. એક સમયે એ મોટું શહેર હતું અને તેના રક્ષણને માટે સાત માઇલ લંબાઇનો એક બુરજવાળો કોટ હતો. તેની આસપાસ ખાઇઓ અને ટેકરા હતા. બહારના આ કોટની અંદર ગઢ હતો. એ ગઢની જગાએ ઈંટોનાં મકાનોનો સમૂહ અને પડતાં ખંડેર આવી રહેલાં છે. ઘણાં જુનાં મંદિરો થોડીઘણી જીર્ણ દશામાં ગઢની અંદર હજી છે. તેની આસપાસ જંગલ થઇ ગયું છે અને શોધ કરનારને દાણા ભરવાના વિશાળ ભંડારનાં ખંડેર પણ જડી આવે છે. જંગલમાં દૂર લગભગ સાડાબાર ફીટ લંબાઇની એક ગંજાવર તોપ છે. તેને અગીઆર ઈંચનું મ્હો છે. એ અડધી રેતીમાં દટાએલી છે. એ સૈકાથી વરસાદ તથા પવનમાં ખુલ્લી રહેવા છતાં તેની ધાતુ કટાઇ નથી કે તેની બનાવટને ઇજા આવી નથી.

જંગલના રસ્તાપર ફરતાં ગઢમાં જવાના બુલંદ દરવાજા નીચે શરતને એ જમાનો હાલ દીન સ્થિતિમાં આવેલો રહેનાર મળ્યો. એ સંસ્થાનમાં જેમણે સૈકાઓ સુધી રાજ્ય કર્યું હતું તે પુરાણા કુળનો તે વંશજ હતો. આગળના બળવાન કુળના આ અવતંસને તેમના ગઢના ખંડેરમાં એકલો રહેતો જોઇને તેના પૂર્વજોના આત્માને દયા આવતી હશે! વિષ્ણુપુરના રાજ્યનો મુલક અને જમીનો બીજાના હાથમાં ગયાં હતાં અને એ ભૂલાઈ ગએલા કુળના વંશજને ગરીબાઇ અને તંગી વેઠવી પડેલી. અંગ્રેજ સરકારે તેને કાંઇક હલકી નોકરી આપી હતી તેથી ગાદીએ બેસનાર રાજાના એ

પુત્રને સવારથી સાંજ સુધી પોતાની ફરજ બજાવવી પડતી અને હાલના રાજ્યકર્તાના આ દયાળુ વર્તન માટે તેમનો એ આભાર માનતો હતો.

શરતને આ ગરીબ અમલદારને જોઇ લાગણી થઇ અને માજીસ્ટ્રેટે તેને પોતાને ત્યાં સાંજરે જમવાનું નોતરૂં દીધું. જ્યારે તેઓ પોતાના આ નવા નોતરેલા મહેમાનને લઇને પાછા ઘેર ગયા ત્યારે જગતકીશોર એક આરામ ખુરશીપર બેઠેલો હતો. ત્રણ દહાડાની મુસાફરીથી એટલો તેને ફાયદો થએલો હતો.

જગતકીશોરે કહ્યું, "આ પુરાતન કિલ્લાઓમાં ફરીને શોધ કરવા જેટલી શક્તિ મારામાં નથી, પણ એ સર્વેની હકીકત જાણવાને ઉત્કંઠિત છું. એના જેવાં ભવ્ય ખંડેર બંગાળામાં થોડાં જ છે."

રાજવંશી બોલ્યો, "તમે જે કહો છો તે તમારી સારી લાગણી દેખાડે છે પરંતુ અમારાં બધાં મકાનો પડી ગયાં છે અને દેવાલયો સર્વ જીર્ણ થઇ ગયાં છે."

"હા, પણ આ ખંડેરો તમારા વંશનું મહત્વ યાદગીરીમાં રાખે છે. મેં સાંભળ્યું છે કે બસેં વર્ષ ઉપર બરદ્વાન, વીરભૂમ અને વિષ્ણુપુરના રાજાઓ બંગાળાના નવાબના સમર્થ જાગીરદારો હતા. તેમાં સત્તામાં વિષ્ણુપુર કોઇ રીતે ઉતરે તેમ નહોતું."

"આપ કહો છો તે ઠીક છે, પણ અમારા પ્રાચીન કુલ સાથે સરખાવતાં બરદ્વાન ને વીરભૂમ આજકાલનાં લાગે છે."

"તમારૂં કુલ એટલું બધું પ્રાચીન છે? એની હકીકત તમારે મ્હોએથી સાંભળવા હું ઉત્સુક છું કારણ કે તમે તેનું ભૂતકાળનું ગૌરવ જાણતા હોવા જોઇએ અને બરોબર કહી શકશો."

"એ હકીકત લાંબી છે અને મારા કુલની કથા હું જ કહું એ પટતું જણાતું નથી."

"નહિં, હું તમારે મુખેથી એ સાંભળ્યા વગર રહેવાનો નથી. ઘણા વખત પછી આજે જ હું બેસી શક્યો છું. એક લાચાર બીમારના તુરંગ ખાતર તમારી પુરાતન કથા કહો. તમારે જમવાનો અને મારે સુવાનો વખત થાય ત્યાં સુધીનો કલાક એથી આનંદમાં જશે."

રાજાઓનો વંશજ પોતાનો ઇતિહાસ કોણ જાણે સોમી વખત ખુશીથી કહેતો હતો અને જગતકીશોર ખુરશીમાં પડયો પડયો સાંભળતો હતો.

શરત જે એ ભવ્ય ખંડેર જોઇ આવ્યો હતો તે અભ્યાસીને ઘટતી ઉત્કંઠાથી સાંભળવા લાગ્યો, અને જગતની મા અને વહુ બીજા ખંડમાં પડદા પાછળ આગળના વખતની વાતો સાંભળવા બેઠાં.

હકીકત કહેનારે શરૂ કર્યું. "અમારા વંશની ઉત્પત્તિમાં દંતકથાઓ ભળી ગઇ છે. અમારા વૃત્તાંતમાં જે પ્રમાણે લખેલું છે તે પ્રમાણે હું તમને કહીશ. તેમાંથી સત્ય કેટલું છે તે તમે તારવી શકશો.

"કેટલાક સૈકા ઉપર ઉત્તર હિંદુસ્તાનમાંથી મથુરા પાસેના કોઈ રાજ્યનો રાજા જગન્નાથપુરીના પવિત્ર ધામની યાત્રા કરવાને આવ્યો હતો એવું કહેવાય છે. પાછા ફરતાં એની રાણી આ જંગલોમાં ખોવાઈ ગઇ અને ત્યાં જ તેને એક પુત્ર સાંપડયો.

"એ રાણી કોઇક પ્રકારે મૃત્યુ પામી. પણ તે બાળક કાસ્મેતીયા બાગદી નામના ખેડુતને જડચો અને તેણે તેને પોતાના છોકરા પેઠે ઉછેર્યો. છોકરો ધીમે ધીમે મોટો થયો ત્યારે એક બ્રાહ્મણે તેને પોતાની ગાયો સંભાળવા નોકરીમાં રાખ્યો.

"આ નાનકડો ગોવાળ ત્યાંના બાગદીના છોકરાઓ સાથે રમતો હતો. એક દહાડો તે જંગલમાં ભૂલો પડયો અને થાકી જવાથી સુતો અને ઉંઘી ગયો. તેના મુખપર પાંદડાંમાં થઇને સૂર્યનું એક કિરણ પડેલું હતું. જ્યારે તેના ગોઠીઆઓએ તેને ત્યાં શોધી કહાડચો ત્યારે તેમણે જોયું તો એક નાગે પોતાની અનેકરંગી ફણા પસારી તેને તડકો ન આવવા માટે છત્ર કર્યું હતું. આ રાજ્યચિહ્નપરથી લોકોએ ધાર્યું કે એ છોકરાના નસીબમાં રાજા થવાનું સરજેલું છે. આ છોકરાનું નામ રઘુનાથસિંગ હતું. એ મુલકનો વૃદ્ધ રાજા જ્યારે મરણ પામ્યો ત્યારે તેના શબનો ભારે ઠાઠથી ભૂમિદાહ કરવામાં આવ્યો અને લોકનાં ટોળે ટોળાં એ જોવા એકઠાં થયાં હતાં. એ ટોળામાં દરબારી હાથી હતો. તેણે રઘુનાથને ઉપાડી ખાલી ગાદીપર બેસાડયો. આ જોઇ લોકના આશ્ચર્યનો પાર રહ્યો નહિં. સર્વત્ર હર્ષનાદ થયા અને સરદારો તથા મંત્રીઓએ તેને રાજ્યપદ આપ્યું. આદિમલ્લ નામથી એનો રાજ્યાભિષેક થયો."

આખી સાંજ આ કથા ચાલી. વૃત્તાંત કહેનારે એ વંશના કયા કયા રાજા એક પછી એક ગાદીએ આવ્યા, તેમણે યુદ્ધ કરી પાસેના મુલક જીત્યા અને રાજ્યનો વિસ્તાર વધાર્યો એ સર્વ હકીકત કહી. આસપાસનો તમામ જંગલી મુલક અને તેના અનાર્ય વતનીઓ તથા મૂળનાં અરણ્યો

વગેરે વિષ્ણુપુરના રાજાની સત્તામાં હતાં. એક પછી એક સૈકા ગયા તથાપિ એ વંશની સત્તા કાયમ રહી. બંગાળાના અફગાન રાજ્યકર્તાઓને આ સરહદપરના રાજ્યની માહિતી ભાગ્યે જ હશે. પઠાણોનો વાવટો એ મુલકમાં દાખલ થયો જ નહોતો. મુગલોની વિસ્તારી અને સુવ્યવસ્થિત સત્તાનો અમલ ઉત્તર હિંદુસ્તાનમાં સર્વત્ર થયો હતો. સોળમા સૈકામાં જ્યારે મહાન અકબર રાજ્ય કરતો હતો ત્યારે વિષ્ણુપુરના રાજાઓને અકબરના બંગાળાના સુબાને નામની ખંડણી આપવી પડી હતી. પરંતુ મુગલાઇ સત્તા ક્ષીણ થવા લાગી એટલે વિષ્ણુપુર પાછું પૂર્ણ સ્વતંત્રતા ભોગવવા લાગ્યું.

હકીકત કહેનારે કહ્યું, “વળી પાછો અરાઢમા સૈકામાં અમારે બારીક વખત આવ્યો. દક્ષિણમાં મરાઠાઓનું બળ વધવા લાગ્યું તે વખતે નાગપુરના રઘુજી ભોંસલેએ પોતાના સંખ્યાબંધ સ્વારોને બંગાળાનો ફળદ્રુપ પ્રદેશ જીતવા આ જંગલને માર્ગે થઇને મોકલ્યા. અમે અમારૂં રક્ષણ કર્યું, યુદ્ધોમાં લડયા અને માર્ગના ઘાટના ઘાટવાલ નામના ચોકીદારો નીમ્યા. અમારા વરડા માણસો કહે છે કે એ સમયમાં જંગલમાં હર વરસ યુદ્ધના ઘોષ થતા અને અંધારા સાંકડા માર્ગમાં તથા કોશાઇ નદીના કાંઠાની ઝાડીઓમાં નાની નાની લડાઇઓ થઇ હતી.

“એવું કહે છે કે આખરે રઘુજી ભોંસલેનો મોટો સરદાર ભાસ્કર પંડિત વિષ્ણુપુરના દરવાજા આગળ આવ્યો. અમારે ત્યાંના માણસોએ દરવાજા બંધ કરી દીધા, કોટપર માણસો મૂક્યાં અને તોપો તૈયાર કરી. હજી પણ એમાંની એક તોપ જંગલમાં રેતીમાં અડધી દટાએલી રહી છે. એમ કહેવાય છે કે એ જ તોપના એક ગોળાથી ભાસ્કર પંડિત મરાયો હતો. એ ખોટી વાત છે એમ કોણ કહી શકનાર છે?

“પણ મરાઠા લડાઇમાં ઉગ્ર શત્રુઓ હતા. તેમના ઘોડેસ્વાર ઝડપવાળા અને ચપળ હતા, અમારા દરેક રસ્તા અને ખીણોથી અમારા જેટલા જ વાકેફગાર હતા અને તેઓ એક વાવાઝોડાની પેઠે એકાએક આવતા અને પાછા જતા.

“તોએ પણ અમે ટકી શક્યા. અમારા કોટ મજબુત હતા અને અમારા ગોલંદાજ વફાદાર હતા. પણ એકલા મરાઠા જ અમારા દુશ્મન નહોતા. બરદ્વાનના પ્રતિસ્પર્ધી રાજ્ય સાથે પણ અમારે ઘણાં યુદ્ધ કરવાં પડેલાં; જ્યારે મરાઠાઓ અમારા ઉપર ચઢી આવ્યા ત્યારે બરદ્વાનનો રાજા અમારો સંહાર કરવાનો લાગ સાધી મરાઠાઓ સાથે મળી ગયો. એ રીતે

બે શત્રુઓની વચ્ચે વિષ્ણુપુરનું રાજ્ય ઘણા સૈકાઓ પછી પડી ભાગ્યું. અમારા વિશાળ પ્રદેશો બરદ્વાન સાથે જોડી દેવામાં આવ્યા અને ત્યાંના સરદારોને વહેંચી દેવામાં આવ્યા. અમારા વંશની સત્તા નાશ પામી છે અને કિલ્લા અને ગઢનાં ખંડેરો, હવે જે વૈભવ અદશ્ય થયો છે તે માત્ર દર્શાવે છે.”

શરત એકચિત્ત થઇ રસથી એ હકીકત સાંભળતો હતો પણ રાજવંશીની એ વાતથી જગત્કીશોર નિદ્રાવશ થયો હતો.

પ્રકરણ ૫ મું.

અડધી મજલપરનું ઘર.

એ દિવસની મુસાફરી પછી સર્વ મંડળ મિદનાપુર જીલ્લાના મુખ્ય ગામ મિદનાપુર આવી પહોચ્યું. પાલખીઓ શહેર નજીક આવી પહોંચી અને ઉચકનારાઓ પોતાનો થાક ઉતારવાને એક પ્રકારના શબ્દ બોલે છે અને જેથી રાહદારીઓ ચોંકે છે તે બોલવા મંડયા કે તરત પાસેની દુકાનમાંથી પાંચ છ કદાવર પુરુષો ઝડપથી આવીને આગળ ઉભા રહ્યા અને તેમણે તેમને રોકયા. તેમના વિક્રાળ દેખાવ અને ભારે દંડાઓપરથી આગળના તોફાની વખતમાં તેમને કોઈ લૂટારા જ ધારે. પરંતુ તેઓ મિદનાપુરના સુપ્રસિદ્ધ વતની બિપિન બિહારી દત્તના સિપાઇઓ હતા.

જગત્કીશોર અને બિપિન બિહારી એક બીજાને નામે ઓળખતા હતા. તેઓ કાયસ્થની એક જ શાખાના હોવાથી કાંઇક સગા પણ થતા હતા. શરતે અગાઉથી બિપિનને લખ્યું હતું કે જગત્કીશોર અમુક દહાડે મિદનાપુર આવી પહોચશે અને તેને અને તેની સાથમાંનાં માણસો માટે સારા ઉતારાની ગોઠવણ કરવાની વિનંતી કરી હતી. બિપિનના સિપાઇઓ આ મહેમાનોને આવકાર આપી બિપિનના વિશાળ મકાન તરફ લઇ જવા ઉભેલા હતા.

બિપિન પોતે જગત્કીશોરને તેને માટે તૈયાર કરેલી પથારીમાં લઇ જવા માટે બારણે ઉભો હતો. સ્ત્રીમંડળને માટે જૂદા રાખેલા ઓરડામાં સ્ત્રીઓને લઇ જવાનો હુકમ તેણે પોતાની દાસીઓને આપ્યો. જ્યારે તે-

મણે વિસામો લીધો અને થોડું કાચુંકોરૂં ખાઇ લીધું ત્યારે દીવા થયા અને બિપિન તેના સ્વાભાવિક સૌજન્યથી તેમને આવકાર દેવા આવ્યો.

તેણે જગતની માને કહ્યું, "માજી તમારી પુરીની જાત્રામાં અહીં ઉતરી તમારાં પગલાંથી અમારા ગામને પવિત્ર કર્યું છે. તમારા પુત્રની બરદ્વાનમાં ભારે પદવી છે અને તેમનાં મેં બહુ વખાણ સાંભળ્યાં છે. તેમને મળવાની ઘણી વેળા મને મરજી થઇ હતી. સુભાગ્યે તેઓ અહીં આવ્યા છે. તમે અહીં વધારે વખત રહેશો અને ઘર તમારૂં જ છે એમ જાણશો એવી મને ઉમેદ છે."

જગતની માએ આધું ઓઢી કહ્યું, "તમારી અમારાપર ઘણી મમતા છે ભાઈ, પણ આવી રીતે તમને તસદી આપવાનો અમારો ઇરાદો નહોતો. અમારે ફક્ત એક રાત મિદનાપુરમાં રહેવું છે તે માટે તમારા ઘર પાસે કોઇ સારો ઉતારો શોધી કહાડવાનું જ તમને કહ્યું હતું."

"ઉતારો? અમારા ગામમાં થઇને તમે જાઓ તે વખત મારાં માતાતુલ્ય તમારે માટે ભાડાનું ઘર યોગ્ય જગા કહેવાય? મારૂં પોતાનું ગરીબ ઘર જ્યાં સુધી હોય અને મારી પાસે ચપટી ચોખા હોય ત્યાં સુધી જગત્કીશોર અને તમને બીજે ઠેકાણે ઉતરવા દઉં તો મારા ઘરની અપકીર્તિ સદાકાળને માટે થાય."

જગતની માએ કહ્યું, "જેમ તમારી મરજી, તમે મારા ઉપર દીકરા જેટલી માયા રાખો છો. જગન્નાથની કૃપાથી જગત્કીશોર પુરેપૂરો આરોગ્ય થાય એવી આશિશ દો."

"માજી, એ આરોગ્ય થઈ જશે. બરદ્વાન પાછા જશે ત્યારે સાજા થશે અને હાલ છે તેથી પણ અધિક પદવી પ્રાપ્ત કરશે. એમની સાથે છે તે યુવક શરત પણ સુશીલ છોકરો છે અને આગળ જતાં નામના કાઢે તેવો છે. જ્યારે હું શરતને જોઉં છું ત્યારે મને મારો ભાઈ ખિરોદ સાંભરી આવે છે. તે એના જેટલી જ ઉમરનો છે અને એના જેવા જ ઉદાર અને ઉત્સાહી સ્વભાવનો છે. હું જાણું છું કે એ બંને કલકત્તામાં એક બીજાને ઓળખતા હતા."

"પરમેશ્વર એ બંનેનું કલ્યાણ કરો," તે વૃદ્ધ સ્ત્રીએ કહ્યું. શરત જેવો ઉદાર છોકરો મેં કોઇ દીઠો નથી. મને આ મુસાફરીમાં તો એક સગા છોકરા જેટલો કામમાં આવ્યો છે. પણ કલકત્તા જુવાન છોકરાઓને માટે અનર્થકારક જગા છે. આપણા કોલેજમાં ભણતા છોકરાઓ પોતે શું

કરે છે તેનો વિચાર કરતા નથી. તમારો ભાઇ યૂરોપ ગયો છે નહિં વારૂ? હવે એ પાછો આવશે એટલે નાતબહાર એને રેહેવું પડશે કે નહિં? ભગવાન આપણને સહાયતા કરે. મારા જેવી ઘરડીને હવે કાંઇ ઝાઝું જીવવું નથી. આવતા જમાનામાં શું થશે તે અમારા જેવાં તો કલ્પી પણ શકતાં નથી!"

"માજી, દીલગીર ના થઇ જશો અને એટલી બધી ચિંતા કરશો નહિં. જુવાન માણસ જુવાનની પેઠે જ વર્તવાના, અને એમનું ધાર્યું કરવાના. પણ જો તેઓ સત્યનિષ્ઠ અને સદ્‌ગુણી હશે તો ઇશ્વર તેમને સહાય થશે. મારૂં કહ્યું માનજો, શરત આપણા દેશના ભૂષણરૂપ થશે અને તમે તે જોવાને જીવશો; અને મારા પિતા પણ ખિરોદને આ પ્રાંતના અગ્રણીઓમાં ગણાતો જોવા જીવતા રહે એવી હું આશા રાખું છું. તેમની ઉછાંછળી વર્તણુક હોય તોપણ તેમને આશીર્વાદ દેજો. માજી, નીતિમાન માણસોની આશિશ અફળ જતી નથી."

"મારા અંતઃકરણની અને આત્માની ખરેખરી આશિશ એમને હું દઉં છું. જગન્નાથ શરત અને તમારા ભાઇને દીર્ઘાયુ કરે અને તેઓ સમૃદ્ધિવાન અને સુખી થાય."

બિપિને કહ્યું, "તમે થોડા દહાડા તો અમારે ત્યાં રહેશો કેની? તમે છેક રાણીગંજ જેટલે દૂરથી આવ્યાં છો અને હજી પુરી તો તેથી એ વધારે આઘું છે."

"ભાઇ અમે પાંચ દહાડાથી મુસાફરી કરીએ છીએ. પણ અમારો વિચાર ઉતાવળ કરીને કાલે સવારે જ ફરી ઉપડવાનો છે."

"એમ ન કરો તો ઠીક. પાંચ દહાડાની મુસાફરી પછી તમારા છોકરાને આરામ લેવાની જરૂર છે. મિદનાપુરમાં મંદિરો છે, તેમાં કાંઇ ચઢાવ્યા વિના કોઇ જાત્રાળુ જતા નથી. ઓછામાં ઓછા બે દિવસ રોકાઇ જાઓ અને અહીંનાં દેવસ્થાન અને મંદિરો જુઓ. શરતને બે દહાડામાં અહીંની જોવા લાયક જગાઓ દેખાડીશ. તમારા પુત્ર બે દહાડાના વિસામાથી આગળ મુસાફરી કરવાને વધારે ટટાર થશે."

આ પ્રમાણે ગોઠવણ કરી, અને બીજે દિવસે બિપિન શરતને પોતાની સાથે ડૉગકાર્ટમાં ફરવા લઇ ગયો. બંગાળાના બીજા કોઇ શહેરમાં મિદનાપુર જેવી ફરવાની સડકો નથી, કેમકે એ જીલ્લાના અડધા ભાગમાં કાંકરાની જમીન હોવાથી રસ્તા સારા છે. પશ્ચિમ તરફ આઘે ઉંચાણનીચાણનો

રસ્તો છે. એ સ્થાન અરણ્ય સરખું છે. આગળના તોફાની વખતમાં કોઇ રાજાએ ત્યાં ખડકપર એક કિલ્લો બાંધેલો છે તેનું ખંડેર પોતાના ઉચ્છેદની ભવ્યતા દર્શાવતું નજરે પડે છે, અને નીચાણમાં કોશાઈ નદીનું પાણી ખડક અને પથરાના પટપર ચળકી રહેલું દેખાય છે.

બિપિન શહેરનો આગેવાન ગૃહસ્થ હતો. મારકવીસ ઑફ રિપનની શાણી સરકારે દેશના લાયક અને બુદ્ધિશાળી નરોને માથે નવાં કર્તવ્ય સોંપ્યાં હતાં. બીજી ફરજો ઉપરાંત બિપિન મિદનાપુર મ્યુનીસીપાલીટીનો પ્રમુખ હતો. ફરી આવીને પાછા વળતાં બિપિન મ્યુનિસિપલ ઑફીસ આગળ રોકાયો.

જીલ્લાનો યુરોપીઅન માજીસ્ટ્રેટ સવારે ઘોડાપર ફરી પાછો આવતો હતો તેને બિપિન મળ્યો અને તેની સાથે તેણે વાત કરી. મેજીસ્ટ્રેટને બિપિન ઉપર સારો ભાવ હતો તથા તેને માટે પૂજ્યબુદ્ધિ હતી. તે ઘોડા ઉપરથી ઉતર્યો અને ઑફીસ તપાસવા તથા ઘડીક નિરાંતે વાતચિત કરવા ઑફીસમાં ગયો.

"ન્યુસપેપરોમાં મેં વાંચ્યું છે બિપિન, કે હાલ હિંદુસ્તાનના બધા ભાગમાં ઘણી ધામધૂમ ચાલી રહી છે."

બિપિને કહ્યું, "હા સાહેબ, અહીંની પ્રજા પોતાના હિત સારૂ પરિશ્રમ કરનાર રાજ્યાધિકારીનો ગુણ જાણનારી છે. છેલ્લાં થોડાંક વર્ષમાં કોઇ ગવરનર મારકવીસ ઑફ રિપન જેવો લોકપ્રિય થયો નથી. હિંદમાંથી તે વિદાય થાય તે પ્રસંગે લોક પોતાનો આભાર દર્શાવવાને ઘણા ઉત્સુક છે."

માજીસ્ટ્રેટે હસીને કહ્યું, "અરે ખરી વાત, તમે પોતે રિપનના પક્ષના છો એ વાત હું ભૂલી ગયો."

"મને લાગે છે કે રિપનના પક્ષમાં હું મન્દ જેવો છું. કલકત્તામાં થોડા દહાડા ઉપર મોટો ઉત્સવ થયો હતો પણ ત્યાં હું જઇ શક્યો નહોતો. મારાં છોકરાંને મોકલ્યાં હતાં, તેઓ કહેતાં હતાં કે કલકત્તામાં કદી નહિં થએલો એવો સમારંભ ત્યાં હતો. રસ્તા સુશોભિત કર્યા હતા, સ્વારીઓ અને રોશનાઇ તથા આતશબાજી અનુપમ હતાં."

"આ સર્વ હર્ષપ્રદર્શનનું કારણ તમારાં છોકરાં જાણે છે?"

"મેં સાત વર્ષની છોકરીને પુછ્યું ત્યારે તેણે તરત જ કહ્યું કે લૉર્ડ રિપન લોકો તરફ ઘણો મહેરબાન છે તેથી એ બધું કર્યું હતું. આ

સમારંભ જોનારમાં કોઇ પણ પુરુષ કે સ્ત્રી કે બાળક પોતપોતાની સમજણ પ્રમાણે તેની મતલબ સમજતું નથી એમ નથી. હું ધારૂં છું કે આ છોકરીના સરલ શબ્દો ઇતિહાસ પણ સાચા પાડશે સાહેબ."

"મારક્વીસને આજ પોતાનાં સુકાર્ય માટે મગરૂરી લાગશે. આ શહેરની મ્યુનીસીપાલીટીમાં નિપુણ પ્રમુખ નીમી એણે મને તો લાભ કર્યો છે જ. બીજાં જે શહેરોમાં ત્યાંના પ્રમુખ નીમવાની સત્તા લૉર્ડ રિપને આપી હોય તે સર્વમાં બિપિન બિહારી દત્ત જેવા નર હોય તો લૉર્ડ રિપનની સ્થાનિકસ્વરાજ્યની યોજના સફળ થશે ખરી."

"તમે કહોછો એ તમારી લાયકી છે. હું મારાથી જે થોડું ઘણું બને છે તે કરૂં છું. પણ ભૂતકાળમાં આ દેશમાં બુદ્ધિશાળી અને કામ કરવાની શક્તિવાળા માણસોની ખોટ હતી જ નહિં. ત્રણ જમાના સુધી અંગ્રેજી કોલેજો અને નિશાળોમાં શીખ્યા છતાં અમારા પોતાના રાજ્યવહીવટમાં જાણવાજોગ ભાગ લેવા લાયક ન થયા હોઇએ તો અમે અગાઉ કરતાં ઘણી અધમ દશામાં આવી ગયા હોવા જોઇએ."

"હું ધારૂં છું કે તમે કહો છો તેમાં કાંઇક સત્ય છે. તમને જેમ વધારે કામ સોંપીએ છીએ તેમ તમે વધારે સારૂં કામ કરી બતાવો છો. લૉર્ડ રિપનની યોજના પ્રમાણે નવા નીમાએલા ડીસ્ટ્રીક્ટ બોર્ડના મેંબરો ઘણા કામના માણસો છે અને તેમને કામ કરવાની ઘણી હોંસ છે એમ મને માલમ પડયું છે."

"તે ઉપરાંત એવી ઉદાર રાજ્યનીતિ અસંતોષનો નાશ કરે છે અને તેથી હિંદમાં બ્રિટિશ રાજ્ય વધારે સદૃઢ કરે છે. મનુષ્યસ્વભાવ સર્વત્ર સરખો જ છે. તમે અમને ફરજો સોંપો તો રાજ્ય ચલાવવાના કાર્યમાં અમે વફાદારીથી ભાગ લઇએ જ. તમે અમને કાંઈ પણ અધિકાર સોંપો નહિં તો અમે વિરુદ્ધ ટીકાકાર અને રાજ્યભક્તિહીન પ્રજા બનીએ. બ્રિટિશ રાજ્યના ઇતિહાસમાં જ્યાં જ્યાં દેશની પ્રજાના બહિષ્કારની રાજ્યનીતિ થઇ છે ત્યાં પરિણામે અસંતોષ અને રાજ્યભક્તિનો લોપ થએલો છે. લોકનાં પોતાનાં કાર્યવ્યવહારમાં તેમને ભાગ લેવા દીધાથી પૂર્ણ સંતોષ અને રાજ્યપ્રીતિ ઉત્પન્ન થયાં છે."

"બિપિન! ઈંગ્લાંડના રેડીકલ પક્ષના તમે ઉત્તમ વક્તા થઇ શકો એમ મને લાગે છે."

"હું વક્તા એ નથી અને ઇંગ્લાંડ ગયો પણુ નથી. પણુ અમને લાગે છે કે સુધરેલા દેશમાં કાંઇક પણુ સ્વરાજ્ય વિના રાજ્ય સુઘટિત રહી શકે નહિં. રાજ્યકારભારમાં લોકને કાંઈ પણુ ભાગ લેવા દેવામાં ન આવે તો આટલી મોટી પ્રાજાનું રાજ્ય સફલતાથી ચલાવવું શક્ય નથી."

"લિબરલ પક્ષના કોઇ પુસ્તકમાંથી નક્કી આવો સરસ અભિપ્રાય કાઢ્યો હોય તેમ લાગે છે. વાસ્તવિક હકીકત જોવા જતાં હિંદુસ્તાનમાં પોતાની સત્તા સર્વોત્કૃષ્ટ કરવા માટે મરાઠા અને મોગલો વચ્ચે સરસાઇ ચાલતી હતી ત્યારે તમારા દેશમાં સ્વરાજ્યની સંસ્થાઓ કઇ હતી? પિંઢારા સમસ્ત દેશમાં અનિયંત્રિત ઘૂમતા તે વખતે એવી કોઇ સંસ્થાઓ હતી કે નહિં તે વિશે તમે મને કાંઇક માહિતી આપી શકશો."

"હિંદુસ્તાન અરાઢમા સૈકામાં યુરોપનાં બીજાં રાજ્યોથી સારૂં તેમ જ ખરાબ નહોતું. તે વખતના બનાવથી અમને હર્ષ થતો જ નથી. ઓગણીસમા સૈકામાં યુરોપ ચઢીઆતું છે તેનું કારણુ એ જ છે કે ત્યાંના ઘણા ખરા દેશોમાં કાયદા તથા વ્યવહારથી નિયંત્રિત રાજ્ય થયું છે. અમે હિંદુસ્તાનમાં પણુ જીર્ણ થએલી પરોપકારશીલ અનિયંત્રિત રાજ્યસત્તા નહિં પણુ નિયંત્રિત રાજ્યવ્યવસ્થાની આશા રાખીએ છીએ."

"બિપિન, તમે ચતુર વકીલ છો. સરકારી વકીલ તરીકે મારા કામમાં તમે મને અમૂલ્ય સહાયતા કરો છો. જો તમે મને બતાવી આપો કે મુગલાઈ અને મરેઠી રાજ્યમાં આ દેશમાં યુરોપના રાજ્યોની અધમ દશાના સમયમાં હતી તેવી સ્વરાજ્યની કોઇ પણુ સંસ્થાઓ હતી તો મેં તમને આજ સુધી ધાર્યા છે તે કરતાં વિશેષ નિપુણુ માનું."

"અહીં પાર્લામેંટો અથવા લોકોના પ્રતિનિધિઓની સભાઓ કે જીલ્લાના બોર્ડો નહોતાં. પણુ લશ્કરી અને મુલ્કી બધા મોટા હોદ્દાઓ હિંદુઓ અને મુસલમાનોને મળતા. જમીનદારો વાસ્તવિકરીતે તેમની જાગીરોના રાજ્યકર્તા હતા. ગામડાં સંબંધી સર્વ વ્યવસ્થા ગામડાંની વસ્તીમાંના લોક જ કરતા. બાદશાહ રાજ્ય કરતો તે ગમે તો નિપુણુતાથી કે મૂર્ખાઇથી પણુ તેની રાજ્યધાનીમાં જ; મોટાં નગરોમાં તેના સુબા અમલ કરતા, પરંતુ પ્રજાનો મોટો ભાગ ગામડાં, તેમાં પ્રજાનું રાજ્ય જ ચાલતું."

"તમે ગામડાંની વ્યવસ્થા તેઓમાંના આગેવાનો કરે એ પદ્ધતિને ઉદ્દેશીને કહોછો. અમારા રાજ્યમાં એ પદ્ધતિ ક્ષીણુ થઇ ગઇ છે તેથી મને પણુ કોઈક વખત દીલગીરી થાય છે."

"એ પદ્ધતિ શિષ્ટ નથી પણ એ સ્વરાજ્યનું એક રૂપ છે એ તો નિઃસંશય છે. દુનીઆની સર્વ પ્રજાઓની સ્વરાજ્યની ભાવનામાં એ સૌથી પ્રાચીન છે. અર્વાચીન ફેરફારને લીધે તે નષ્ટ થઇ છે, પણ કોઇ પણ પ્રકારે પોતાના રાજ્યની વ્યવસ્થામાં લોકનો ભાગ રહે એવી ગમે તે પદ્ધતિની અમે ઇચ્છા રાખીએ છીએ. બ્રિટિશ રાજ્ય તે અમારી પોતાની રાષ્ટ્રીય સંસ્થા છે એમ ગણવાને અમે તત્પર છીએ. પણ તમે જ એને વિદેશીય અને અંતરવાળું રાજ્ય ગણાય તેવી રીતે વર્તો છો; આથી બ્રિટિશ રાજ્યની સુદૃઢતામાં વધારો તો થતો નથી જ."

"અંગ્રેજ રાજ્યકર્તા તમારી ઇચ્છાઓ અને અભિપ્રાયો કોઇ પણ રીતે ગ્રહણ કરી સફલ કરી શકતા નથી એમ તમે માનો છો?"

"તેઓ તેમ કરી શકે જ નહિં. કેમકે અહીં અંગ્રેજો દેશના લોકો સાથે રહેતા જ નથી. તમે પોતે ઘણી વાર મને કહેલું છે તેમ તેઓ પોતાની અંગ્રેજોથી બનેલી જુદી જ દુનીઆમાં રહે છે. વળી લાંબી રજાઓમાં ઝટ ઝટ યુરોપ જઇ શકવાથી આગળના મનરો, માલ્કમ અને એલ્ફીન્સ્ટન જેવા રાજ્યાધિકારીઓ કરતાં અહિંના લોકમાં થોડા ભળે છે, તેમને વિશે થોડું જાણે છે, તેમની તરફ ઓછી લાગણી રાખે છે અને તેમના અભિપ્રાયપર થોડો વિચાર કરે છે."

"પહેલાંના વખત કરતાં અમે હમણાં અહીં થોડો વખત મુકામ કરનારાં પક્ષી જેવા વધારે છીએ એ હું કબુલ કરૂં છું."

"તેથી તો ઉલટું વધારે જરૂરનું છે કે રાજ્યની એકઝીકયુટીવ કાઉન્સીલોમાં તથા રાજ્યના અધિકારમાં અમારો થોડો ઘણો ભાગ હોવો જોઇએ. બ્રિટિશ રાજ્ય અમે માથે ચઢાવ્યું છે. બ્રિટિશ રાજ્યકર્તાઓને શરણે અમારૂં ભાગ્ય મુકયું છે અને તે કારણથી જ રાજ્યકારભાર રાષ્ટ્રીય થાય અને વિદેશીય ન લાગે એવી ખાયશ રાખીએ છીએ."

"બિપિન તમે તમારો પક્ષ સબળ રીતે દર્શાવ્યો છે. હિંદુસ્તાનના કેળવાયેલા માણસોના ઉત્તમ વર્ગના અભિપ્રાય એમાં સમાયેલા છે એમ હું માનું છું. હું પોતે એમ માનું છું કે તમારા જેવા પુરુષો બ્રિટિશ રાજ્ય સાથે ઐક્ય ધરાવો છો. તમે જાણો છો તથા તમને લાગે છે કે અંગ્રેજી રાજ્યના ચાલુ રહેવામાં જ તમારૂં હિત સમાએલું છે. પરંતુ તમે પણ જાણો છો અને મને પણ ખબર છે કે આ દેશમાં કેટલાક ઉન્મત્ત અને અજ્ઞાન જનો છે અને તેઓ અમારી તરફ એવો મિત્રભાવ રાખતા નથી."

"દેશી લોકોને ઉંચા દરજ્જાની નોકરી અને રાજ્યાધિકારમાંથી બાતલ કરો છો તેથી તમે આ અજ્ઞાન રાજદ્રોહી વર્ગ જે પરિણામ ઇચ્છે છે તે હાથે કરીને લાવો છો. હાલ તમે એવી સ્થિતિમાં છો કે તમારી આગળ બે માર્ગ ખુલ્લા છે. લોકો પર વિશ્વાસ રાખી, સંતોષી અને સુવિચારવાળા વર્ગને ઉત્તેજન આપી તેમની સહાયતા તથા સહકારિતા સ્વીકારી હિંદમાં બ્રિટિશ રાજ્ય લોકપ્રિય, દૃઢ અને નિશ્ચલ કરી શકો તેમ છે. અથવા લોકપ્રત્યે અંતરભાવ અને અવિશ્વાસ રાખી રાજ્યભક્ત અને સંતોષી વર્ગને પણ દૂષિત અને માનભંગ કરી અસંતોષી રાજ્યદ્રોહીઓ જે કરવા માગે છે તે જ પરિણામ આણી શકો, અને હજી સુધી નથી ઉત્પન્ન થયો તેવો ભય તમારે પોતાને માટે ઉત્પન્ન કરી શકો એમ છે. તમારે ગમે તો સારો માર્ગ પસંદ કરો અથવા ખોટો માર્ગ ગ્રહણ કરો પણ એ બે વચ્ચે પસંદગી કરવાનો સમય દૂર નથી."

મેજીસ્ટ્રેટ એક ક્ષણ ચુપ રહ્યો અને પછી ધીમે વિચારવંત થઈ બોલ્યો, "બિપિન તમે કહો છો તે સત્ય નથી એમ મારાથી કહી શકાતું નથી. અંગ્રેજ લોકોનો એવો સ્વભાવ છે કે એક ચીજ તેમણે કરવા માંડી એટલે પછી તેમાં આઘું પાછું તેઓ જોતા નથી. વખત જતાં હિંદમાં સ્વરાજ્ય અને લોકના વિચાર જણાવનાર પ્રતિનિધિઓ અવશ્ય થશે જ. સાહેબ મહેરબાન, હવે મોડું થવાથી હું તમારી ઓફીસ તપાસવા રહી શકું તેમ નથી. વાત કરવામાં તમે એવા કુશળ છો કે મને મારૂં કામ પણ કરવા નહિં દો."

પ્રકરણ ૬ ઠું.

ખંડીઓ રાજા.

બે દહાડા મુસાફરી કર્યા પછી મિદનાપુરથી આપણું મંડળ સુવર્ણરેખા નદી સમીપ આવી પહોંચ્યું. એ નદી બંગાળાથી ઓરિસ્સાને જુદો પાડે છે. એની ઉત્તરમાં લોકો બંગાળી ભાષા બોલે છે અને દક્ષિણમાં ઉરીયા ભાષા વાપરે છે. ઉરિયા પણ સંસ્કૃતમાંથી નીકળેલી ભાષા છે. ઉત્તરનો મુલક તેરમા સૈકામાં અફગાન રાજાઓના તાબામાં ગયો હતો, પણ

નદીની દક્ષિણનો દેશ સોળમા સૈકાની આખર સુધી હિંદુ રાજાઓને વશ હતો. તે પછી મુસલમાનોએ ઓરિસ્સા જીત્યું હતું પણ તેમનું રાજ્ય બહુ થોડો વખત ત્યાં ટક્યું. કેમકે મરાઠાઓએ તે રાજ્ય હિંદુ સત્તા તળે અઢારમા સૈકામાં પાછું આણ્યું અને ઓગણીસમા સૈકામાં તેમની પછી અંગ્રેજ સરકારને તાબે આવ્યું. આ સરહદના પ્રદેશમાં ચાર સૈકામાં ચિત્તક્ષોભક બનાવો બન્યા છે. ઉરિયા અને મુસલમાનો વચ્ચે યુદ્ધો, મુસલમાન અને મરાઠા વચ્ચે અને મરાઠા અને અંગ્રેજો વચ્ચે લડાઇઓ આ સ્થળે થયેલી, પણ એ લડાઇ ટંટાનો સમય હવે ગયો છે. એ કિનારાપર ભરવાડની મોરલી જ વાગે છે અને જાણે યુદ્ધના રણશિંગાં કોઇ દિવસ વાગ્યાં જ ન હોય તે પ્રમાણે સુવર્ણરેખાનું પાણી શાંત રીતે સમુદ્ર તરફ વહ્યું જાય છે.

જગતકીશોર અને તેનું મંડળ નદી ઓળંગીને ગયું ત્યારે સુવર્ણરેખા નદીના ચળકતા પાણીપર સૂર્યનાં કિરણ પડતાં હતાં. જેમ જેમ અંતર ઓછું થતું ગયું તેમ જગન્નાથપુરી જનારા જાત્રાળુઓની સંખ્યા વધતી ગઈ. બિહારના તથા ઉત્તર હિંદુસ્તાનના મજબુત કાઠીના માણસો, બંગાળનાં શહેર તથા ગામડાંની સ્ત્રીઓનાં ટોળાં, અને દૂર દેશાવરનાં હિંદુ જાત્રાળુઓ આ સુવિખ્યાત ધામની જાત્રા કરવા દરીઆને માર્ગે સંખ્યાબંધ આવતા હતા. એક હાથ ઘણા દિવસ સુધી ઉંચો રાખવાથી જેમનું હાડકું સખત અને હાલે નહિં એવું થઇ ગયેલું હોય તેવા સંન્યાસીઓ રસ્તે હતા; દુઃખે પીડાતા દરદીઓ આખે રસ્તે સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરતા કરતા સવારથી સાંજ સુધી રસ્તો કાપતા, તથા સેંકડો માઇલનો રસ્તો એ રીતે પોતાના શરીરની લંબાઇથી માપતા, અને રાત પડે માત્ર વિસામો લેતા. શરીરે રાખ ચોળેલા બાવાઓ હાથમાં માળા ફેરવતા અને કોઇની સાથે બોલ્યા વગર તથા કોઇની પાસે માગ્યા વગર જે કાંઇ મળે તેપર નિર્વાહ ચલાવતા ચાલ્યા જતા હતા.

યુરોપમાં મધ્યકાળમાં જોવામાં આવતી આશ્ચર્યજનક શ્રદ્ધા અને દેહકષ્ટની ક્રિયાઓ, ઉગ્ર પ્રતિજ્ઞાઓનું પાલન અને તપ હિંદુસ્તાનમાં હાલ નજરે પડે છે. લાંબા વખતના વ્યાધિથી પીડિત જનો; પ્રિય જનનાં મરણથી દુઃખી થએલાં મનુષ્યો; જીવનની ઉત્તરાવસ્થા પ્રાપ્ત કરેલાં વૃદ્ધ માણસો; પોતાના મનોરથ હૃદયમાં ગૂઢ રાખનારી કોમળ કન્યાઓ અને યૌવનમાં આવેલી વધૂઓ; આ સર્વ દુઃખથી મુક્ત થવાને અથવા ચિરકાળથી ધારેલી મનકામનાઓ સિદ્ધ કરવાને આટલે દૂર રહેલા ધામમાં આવે છે. આ

અજ્ઞજનોની સરલ શ્રદ્ધાને તત્ત્વશાસ્ત્ર હસી કાઢે છે, પરંતુ દુઃખ અને વિપત્તિઓના પ્રસંગોમાં મોટી પ્રજાઓમાં સૈકાઓ સુધી શ્રદ્ધાને લીધે જ ઐક્ય રહી શક્યું છે અને એ શ્રદ્ધાના બળથી પ્રેરાઇને તેઓએ એવાં મહાન કાર્યો કર્યાં છે કે ભૂતકાળના ઇતિહાસનાં એ તેજસ્વી પ્રકરણ બની રહ્યાં છે.

હવા ખુલ્લી અને ઉત્સાહ પ્રેરનારી હતી તેથી જગત્‌કીશોર અને એની સાથેનાં માણસો સુવર્ણરેખા ઉતરી આખો દહાડો ચાલ્યા કર્યાં, અને બપોરે ફક્ત એક વખત વિસામો લેવા ઉભાં રહ્યાં હતાં. સૂર્ય પશ્ચિમ તરફની ટેકરીઓમાં રક્ત વર્ણનો થઇ રહ્યો હતો, તે વેળા પુરીના રસ્તાપરના ઓરિસ્સાના મોટા શહેર બાલાસોર તેઓ આવી પહોંચ્યાં. બંગાળાના અખાતથી એ નગર ઘણું દૂર નથી તેથી બંગાળાના મેલેરીઆવાળા જીલ્લાઓમાંથી હવાફેરને માટે આવનારને રહેવાને માટે નિરોગી હવાને લીધે આરોગ્યવર્ધક સ્થાન છે.

બાલાસોરના એક વિવેકી જમીનદારે આ પ્રતિષ્ઠિત જાત્રાળુઓને પોતાના ઘરમાં ઉતારો આપ્યો. આપણા દેશની પ્રચલિત રૂઢિ પ્રમાણે તેના ઘરનું સ્ત્રીમંડળ અતિથિસત્કારને ઘટતાં નાના પ્રકારનાં કામમાં ગુંથાઇ ગયું. આ સ્ત્રીઓ પોતે ઉરિયા ભાષા બોલતી પણ બંગાળી ભાષા સમજતી હતી; તેમ જ જગતની મા અને વહુ ઉરિયા સમજતાં હતાં. એટલે સાંજ સુધી આ સર્વ વચ્ચે ઘરના અંદરના ભાગમાં મિશ્ર વાતો ચાલી રહી હતી. પછી ઉરિયાના આતિથ્યનું સૌમ્ય ઠાઠવાળું ઉત્તમ ભોજન શરૂ થયું.

બહારના ખંડમાં જગત્‌કીશોર અને શરતની આગતાસ્વાગતા બાલાસોરના જમીનદાર કરતા હતા. તે જ વખતે ઓરિસ્સાના એ સંસ્થાનનો ખંડીઓ રાજા તેમને ત્યાં મુલાકાતે આવ્યો હતો. તે પ્રતિષ્ઠિત ગૃહસ્થનો પણ તેઓ આદરસત્કાર કરતા હતા. ઓરિસ્સાના કુદરતી બે ભાગ પડેલા છે. તે બંનેનાં સ્વાભાવિક લક્ષણ જૂદાં છે. પૂર્વ તરફનાં સપાટ મેદાનો બંગાળાના ઉપસાગરની લગોલગ આવી રહેલાં છે. તેમાં સુધરેલા લોકો વસે છે અને તે ઇંગ્રેજી સત્તામાં ખાલસા છે. પશ્ચિમ તરફના પહાડી અને અરણ્યોવાળા મુલકમાં અણસુધરેલી જાતો વસે છે અને ત્યાં તેમનામાંના વંશપરંપરાથી રાજ્ય કરનારા રાજાની હકુમત ચાલે છે. અને તે રાજા અંગ્રેજોના હાથ નીચે છે. આ રાજામાંનો એક બાલાસોરના માજીસ્ટ્રેટની મુલાકાતે આવ્યો હતો અને સાંજનો વખત જમીનદાર, જગત્‌કીશોર અને શરતની સાથે નિરાંતથી વાતચિત કરવામાં ગાળવાનો હતો.

પૂર્વે તરફના રાજાઓની રીત પ્રમાણે તેનો પોષાક ભભકા ભર્યો હતો. તેના માથાપરની ઉંચી પાઘડીપર સોનાનો શિરપેચ હતો. તેનો વર્ણ શ્યામ હતો તથાપિ તેનો ચહેરો ખુલ્લું દિલ અને વીરત્વ દેખાડી આપતો હતો; અને તે આધેડ ઉમરનો હોવા છતાં મજબુત કાઠી અને પ્રતાપી દેખાવવાળો હતો. તેના બે છોકરા તેની આસપાસ કસબી લુગડાં પહેરી બેઠા હતા. ઓરડાની બહાર રૂપાની છડીઓવાળા થોડા વીણી કાઢેલા અનુચરો ઉભેલા હતા. તેઓ એક રાજ્યાધિકારી રાજાના દેહરક્ષક હોવાનો ગર્વ ધરાવતા હતા. નીચે ચોગાનમાં રૂપાના દાંડા અને રાતા લૂગડાથી મઢેલી શોભાયમાન પાલખીઓ હતી, તેની આસપાસ ખીદમતગારોનું ટોળું હતું. પ્રાચીન ઢબના સીપાઇઓ ઢાલ તલવાર રાખી ઉભેલા હતા; રાતું છત્ર ધરનારા અને રાજ્યચમર હાથમાં ધારણ કરનારા પણ માનપૂર્વક ઉભા હતા. પાછા જવા માટે મસાલચીના છોકરાઓ મશાલ તૈયાર કરતા હતા; વાહકોનું એક નાનું સરખું લશ્કર બની રહ્યું હતું. તેઓ વાતો કરતા હતા અથવા ભોંયપર પડ્યા પડ્યા બીડીઓ પીતા હતા.

આ પ્રતાપી અભ્યાગતથી આકર્ષાઇ જગતઈશોરે તેને પૂછ્યું, "મહારાજ આપની પ્રજા બ્રિટિશ ઓરિસ્સાની પ્રજા જેવી જ છે કે ? લોકો ઉરિયા ભાષા બોલે છે ?"

તેણે કહ્યું, "હા, ઘણા ખરા લોક ઉરિયા છે અને ઉરિયા ભાષા બોલે છે, અને બ્રિટિશ ઓરિસ્સાની પેઠે પોતાનાં ખેતરો ખેડી ગુજરાન ચલાવે છે પણ દૂર પહાડોમાં અને જંગલોમાં જંગલી જાતોના વંશજો રહે છે તેઓ પોતાની જૂદી જ ભાષા બોલે છે અને અરણ્યવાસીઓની રીતે રહે છે. જંગલમાં આવેલાં થોડાં ઝુંપડાંનો સમૂહ એ તેમનાં ગામ છે, અને તેમની રહેવાની રીત જંગલી છે. મારા પિતાના વખતમાં અમારા રાજ્યના ઘણાખરા ભાગમાં એવા લોકોની વસ્તી હતી. પણ હવે સુધરેલી ઉરિયા પ્રજાનો ધીમે ધીમે વધારો થવાથી એ લોકોની વસ્તી અહીં ઓછી થઇ છે અને તેઓ જંગલ તરફ પાછા હઠતા જાય છે."

"બ્રિટિશ મુલકના જેવી જ આપની રાજ્યપદ્ધતિ છે ?"

"અમે બ્રિટિશ રાજ્યરીતિનું અનુકરણ બને તેટલું કરીએ છીએ. મારી રાજધાનીમાં ન્યાયની કચેરી છે, ઓફીસ છે, જેલ છે અને દવાખાનું છે. પણ જ્યાં સુધી લોકો સલાહશાંતિમાં પોતાના ગામના વ્યવહાર ચલાવે ત્યાં સુધી ચાલતા લગી અમે તેમને બધું ગતે કરવા દઇએ છીએ

અને વચ્ચે પડતા નથી. અમે જેમ થોડા વચ્ચે પડીએ છીએ તેમ તેઓ પોતાનો કારભાર વધારે સારી રીતે ચલાવે છે. એકંદરે લોકો કલહટંટા વગરના છે અને રાજા તરફ વફાદાર છે."

"થોડાં વર્ષ ઉપર આપની રૈયતમાં બખેડો થયો હતો એવું મેં સાંભળ્યું હતું."

"હા, એ ખરી વાત છે, પણ એમાં દોષ કેટલેક મારા અમલદારોનો જ હતો. અસલથી ચાલતા આવેલા મામુલ પ્રમાણે દાણા અને ઢોર લોકો કર બદલ આપે છે. હવે મારા અધિકારીઓએ આને બદલે ખેડાએલી જમીનની તપાસણી કરી તેનો નવો કર ઠરાવવાનું ધાર્યું. આ તે બિચારા અજ્ઞાન લોકો સમજી શક્યા નહિં અને તીરકામઠાં લઇ સામા થયા. પણ એ બંડ તરત શમાવી દેવામાં આવ્યું હતું."

"ત્યારે જમીનની માપણી કરવાનો વિચાર આપે માંડી વાળ્યો છે?"

"ના, આગળ વધેલા ભાગમાં એ છે. પણ જે અજ્ઞાન લોકો છે તેમને તો એમના પોતાના વહીવટ પ્રમાણે ચાલવા દેવા એ વધારે સારૂં છે. હાલની પદ્ધતિ ધીરે ધીરે પોતાની મેળે દાખલ થશે. તે એકદમ દાખલ કરવાની વિરુદ્ધ હું છું."

"મને લાગે છે કે આપનું કહેવું વાજબી છે. બાલાસોરના મેજીસ્ટ્રેટ પણ આપના વિચારને મળતા છે એમ મને ખબર મળી છે. આપના રાજ્યમાં એ ઘણી વાર આવે છે કે?"

"વરસમાં એક કે બે વાર. એ દાઝ જાણનાર અધિકારી છે. મારા મહેલમાં એ આવે છે ત્યારે અને મારી કચેરી, જેલ અને નિશાળો તેમને દેખાડતાં મને બહુ આનંદ થાય છે. થોડો વખત અમે શિકાર કરવામાં કહાડીએ છીએ. એ તાકવામાં કુશળ અને શિકારના શોખી છે."

"ઘણુંખરૂં આપ શાનો શિકાર કરો છો?"

"જંગલમાં લગભગ બધી જાતનાં જંગલી જનાવરો છે. વાઘ હવે ઓછા થઇ ગયા છે, પણ ચિત્તા ઘણા છે, અને રીંછ પણ ઘણી વાર મળે છે. કોઇ કોઇ વાર તો જંગલી જનાવરોનો શિકાર કરવા અમે પગે ચાલતા જ જઇએ છીએ. પણ ઘણું ખરૂં અમે ઝાડમાં સંતાઈ રહીએ છીએ અને જંગલના સેંકડો જંગલી લોકો મોટા કુંડાળા પેઠે ઉભા રહી ઢોલ વગાડી જનાવરને નસાડે છે, એટલે અમારી આગળ થઇને જતા દરેક જનાવરને

અમે મારી શકીએ છીએ. મેજીસ્ટ્રેટે ગયે વર્ષે એક શોભિતા રીંછનો શિકાર કર્યો હતો. તેનાં બચ્ચાંને એ ઘરમાં રાખે છે."

"આપનો મોટો પુત્ર પણ નિશાનબાજીમાં હુશીઆર છે એમ મેં સાંભળ્યું છે."

"હા, એ બંદૂક ઠીક પકડી જાણે છે, અને થોડા વખતમાં તાકતાં સારૂં શીખશે. પણ એને થોડું અંગ્રેજી શીખવવાનો મારો વિચાર છે. આ વખતમાં રાજ્ય ચલાવવામાં એ ઘણું ઉપયોગી છે. વળી બ્રિટિશ મુલકના કાયદા અને નિયમો જેનું અમે અનુકરણ કરીએ છીએ તે સર્વની બરોબર સમજણ તેથી પડે છે."

"તાબાનાં રાજ્યોના રાજકર્તાઓ અંગ્રેજી શીખવાથી બગડી જાય છે એમ કેટલાક કહે છે તેનું કેમ?"

"અંગ્રેજી કેળવણીથી તેઓ બગડતા નથી, પણ તેમની રૈયતથી તેમને દૂર રાખવાથી બગડે છે. નાની ઉમરના રાજકુંવરોને કટકમાં કેળવણી આપવામાં આવે છે તેથી તેઓ પોતાના રાજ્યમાં વરસો સુધી રહી શકતા નથી. તેઓ પોતાની રૈયત જોડે રહેતા નથી, તેથી તેમના પરિચયમાં આવતા નથી. જ્યારે તેઓ ઉમર લાયક થઈ રાજ્યમાં આવે છે ત્યારે પોતાની જ રૈયતથી અજાણ્યા હોય છે એ શોચનીય છે. અંગ્રેજી કેળવણી ગમે તેટલી આપીએ તેમાં કાંઇ હરકત નથી. ઉલટી વધારે કેળવણીથી વિશેષ લાભ થાય તેમ છે. પણ કુમારોને એમની પોતાની રૈયત સાથે વધારે વખત રાખવા જોઇએ. તેમણે રૈયતમાં રહી તેમની વચ્ચે હરવું ફરવું જોઇએ કે જેથી તેઓ પોતાની રૈયતને રૈયત તરીકે જાણે અને તેની દાઝ તેમને રહે. આ રીતે તેઓ કુશળ રાજ્યકર્તા અને લોકપ્રિય રાજા થઇ શકશે. જંગલીમાં જંગલી જાતો પણ સ્નેહની લાગણીની કદર જાણી શકે છે."

"ઘણાખરા રાજાઓ પોતાની રૈયત તરફ સ્નેહની વૃત્તિ રાખે છે એમ આપ ધારો છો?"

"હું એમ ધારૂં છું. ઓરિસ્સામાં વીશેક ખંડીઆ રાજા છે, અને મારા જાણવામાં છે ત્યાં સુધી એ સર્વ રાજાપર તેમની રૈયત પ્રીતિ રાખે છે. સુધારા દાખલ કરવામાં રાજાઓ જરા પાછળ રહે છે પણ મેં હમણાં કહ્યું તેમ એ ઘણીખરી વાર લાભકારક છે. આપણા જૂના વખતના લોકને નવા કાયદા અને પદ્ધતિઓ ગુંચવણ અને ત્રાસ ઉપજાવે છે. બ્રિટિશ રાજ્યવાળા જેમણે હાલની કેળવણી પ્રાપ્ત કરી છે અને હજારો વર્ષના પ્રાચીન સુધારા જેમનામાં છે તેમને આગળ વધવું સહેલું છે. અમે અસલના છીએ

તેથી ધીમે ધીમે આગળ વધી શકીએ છીએ. હવે મોડું થવા આવ્યું છે તેથી મારા મિત્ર મને જવાની રજા આપશે એવી હું આશા રાખું છું."

જગતકીશોર અને તેની સાથેનાં સર્વ બીજે દહાડે સવારમાં ત્યાંથી નીકળ્યાં. બે દહાડા ચાલ્યા પછી યાત્રાળુઓને જવાને લાંબે રસ્તે પવિત્ર વૈતરણી નદી આગળ આવી પહોચ્યાં. એ નદી બ્રાહ્મણી નદીને મળે છે અને ભારે વરસાદ પડે તે વરસમાં ઓરિસ્સાના અડધા ભાગપર એની રેલનું પાણી આવે છે. પશ્ચિમ તરફના ઉંચાણના પ્રદેશો અને ડુંગરીઓમાંથી એ બંને નદીઓ નીકળે છે અને પૂર્વનાં સપાટ મેદાનોમાંથી વહી એકઠી થઇ મોટી નદી રૂપે ચંદબલી બંદર આગળ થઇને બંગાળાના ઉપસાગરને મળી જાય છે. શિયાળામાં આ નદીઓ ઝાડપાન વગરના રેતીના પટમાં સુકાઇ જઇ સાંકડી થઇ જાય છે. પણ જુલાઇમાં જ્યારે ચોમાસું બેસે છે ત્યારે તેના મૂળ આગળ વરસાદના પાણીનાં ઝરણ એકઠાં થઇ પુષ્કળ પાણી પડવાથી ચોવીસ કલાકમાં એ નદીઓનું સ્વરૂપ બદલાઇ જાય છે. એક દહાડા અગાઉ જ્યાં લીલાં ક્ષેત્રો હોય છે, ત્યાં જમીનની વચ્ચે સમુદ્ર હોય તેવું થઇ રહે છે. ઘણો વરસાદ હોય તેવા વરસમાં નાનાં ગામ અને ગામડાં એ પાણીમાં ડુબી જાય છે અને તેથી ત્યાંના નિરાધાર લોકો ઉંચા ટેકરાપર રહે છે, અને કાચા ચોખા પર પોતાનો નિર્વાહ કરે છે. જ્યારે પાણી ઉતરી જાય છે અને તેમનાં ઘર રહેવા લાયક થાય છે ત્યારે તેઓ પાછા પોતાને સ્થાને જાય છે. કુદરતના મનસ્વી વ્યવહાર આ પૂર્વ કિનારા પર લોકોને પાયમાલ કરી નાંખે છે. એક વરસ વરસાદની તંગી પડે ત્યારે અડધા મુલકના લોકોનો વાર્ષિક ખોરાક નષ્ટ થાય છે અને બીજે વર્ષે અત્યંત વરસાદને લીધે લોકોનાં ઘર અને ખેતરો લાંબા વખત સુધી પાણીમાં ડુબી જાય છે.

વૈતરણી નદીના સંગમ પહેલાં જગતકીશોરનું મંડળ એ નદી ઉતરીને ગયું અને ઓરિસ્સાનાં જુનાં પાટનગરોમાંનું એક જાજપુર કરીને છે તે જોવા જવા માટે મોટો રસ્તો મૂકી તેઓ જરા ફંટાઇને ગયાં. આ શહેરનું પ્રાચીન ગૌરવ દર્શાવનાર હજાર વર્ષ પૂર્વનાં કેટલાંક ચિહ્નો હજી પણ છે. સ્વર્ગની રાણી ઇંદ્રાણી, પૃથ્વીની દેવી વરાહિણી અને સંહાર કરનાર કાળી માતાની એક પથરમાંથી કોરી કાઢેલી અદ્ભુત મૂર્તિઓ ત્યાં હતી તેને ભક્તિપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કર્યા. શરત પણ આ હાલ વીસરાઇ ગયેલા પૂર્વના રાજ્યનાં સ્મરણચિહ્નો જોઇ સ્તબ્ધ ઉભો રહ્યો. હાલ અપ્રસિદ્ધ થઇ ગયેલા જાજપુરનાં ઝૂંપડાં અને ઘરોપર નિઃશબ્દ તારાનો પ્રકાશ પડવા લાગ્યો,

પ્રકરણ ૭ મું.

મઠ અને દેવાલયો.

બીજે દહાડે જગતકીશોર વગેરે જાજપુરને રસ્તે ચાલવા માંડી બ્રાહ્મણી નદી ઓળંગી દહાડો આથમતાં ઓરિસ્સાની સૌથી મોટી નદી મહાનદી આગળ આવી પહોંચ્યાં.

પશ્ચિમ તરફના ડુંગરામાંથી નીકળી એ નદી ભયાનક ખીણો તથા ખડકો વચ્ચે આવેલા રસ્તાપરથી વહેતી વહેતી સપાટ મેદાનોમાં આવતાં વિસ્તીર્ણ બને છે અને તેના બે મોટા ફાંટા થાય છે. આ ફાંટાઓથી બનેલા બેટ ઉપર આગળના વખતના કોઇ હિંદુ રાજાએ દસમા સૈકામાં એક દુર્ગમ ગઢ બાંધ્યો હતો. એનું નામ પોતાનું 'કટક' એટલે મુકામ પાડ્યું હતું. એ કટક તે પછી ઓરિસ્સાની રાજ્યધાની થયું છે. નદીની શિયાળામાં રહેતી સપાટીથી વીશેક ફીટ ઉંચી પથરની દિવાલ આ મોટા શહેરને ફરતી બાંધી લીધેલી છે. ચોમાસામાં જ્યારે નદીમાં પૂર આવે છે ત્યારે તેના પાણીથી શહેરનું રક્ષણ એ દિવાલ કરે છે. મહાન હિંદુ રાજા તથા મરાઠા રાજ્યાધિકારીઓનું બંધાવેલું આ સાધન બ્રિટિશ અમલદારોએ કાળજીપૂર્વક સાચવી રાખ્યું છે કેમકે શહેરનું રક્ષણ એથી જ થાય છે. વર્ષા ઋતુમાં ઝડપથી ચઢતું પાણી, ઇજનેરો દિવસે દિવસે ચિંતા તથા ભયપૂર્વક જુએ છે, કેમકે કોઇ કોઇ વરસ પાણી દિવાલના મથાળાથી ફક્ત બે ફીટ નીચે સુધી આવે છે. એવે વખતે દિવસો ચિંતામાં અને રાત તપાસ રાખવામાં જાય છે. કેમકે પાણી વધારે ચઢે તો આ મોટું નગર વિશાળ સરોવરના રૂપમાં બદલાઈ જાય ! પરંતુ સૈકાઓના અનુભવપરથી આગળના રાજાઓએ કાઢેલી ગણત્રી ખરી જ છે. સૌથી ખરાબ વરસમાં પણ રેલનું પાણી કોટને બે ફુટ બાકી રહે તેટલું જ આવ્યું હતું અને શહેરમાં પાણીએ કદાપિ પ્રવેશ કર્યો નથી. થોડા દિવસ લોકો સંશયમાં અને ફિકરમાં રહે છે, દૃષ્ટિમર્યાદા સુધી પહોચતાં પાણી, શહેરના કિલ્લાને ઉત્તર તથા દક્ષિણે અથડાઇને જાય છે અને વહેણના જોરમાં પાણી સાથે મૂળસુદ્ધાં ઉખડેલાં ઝાડ, કોઇ શહેર કે ગામડાનાં ઘરના થાંભલા તથા છાજ તણાયાં જાય છે. પાણી જેવું ઝડપથી ચઢે છે તેવી જ ઝડપથી પાછું ઉતરી જાય છે. થોડા વખત પછી ખુલ્લા સવારમાં લોકો જુએ છે કે ભય દૂર થયો છે અને શહેર બચી ગયું છે !

શિયાળાની સાંજે આ સ્વચ્છંદી નદી રેતીના શાંત પટપર નિઃશબ્દ વહેતી હતી. જગતકીશોર વગેરે એ ઉતરી દક્ષિણ કિનારે વગર અડચણે ગયાં. કટકનો આગેવાન ગૃહસ્થ હરિવલ્લભ બોસ એની સમૃદ્ધિ અને સત્તા માટે જેટલો મશહુર હતો તેટલો અતિથિની પરોણાચાકરી કરવા માટે જાણીતો હતો. તે જગતકીશોરની નાતનો હતો અને વખતે દૂરનો સગો પણ હશે તેથી બરદ્વાનના આ જમીનદારને પોતાના ઘર સિવાય બીજે કાંઇ ઉતરવા દેવાની તેણે ના કહી. એના પ્રચંડ સિપાઇઓ ઉત્તર કિનારે આવી ઉભેલા હતા. તેમણે પાલખીઓને એકદમ રોકી અને તેમાં બેસનાર સુદ્ધાં હોડીમાં લઇ ગયા. એકે શરતનો ઘોડો ઝાલી લીધો. નદી ઉતરી રહ્યાં કે તરત ઉચકનારાઓએ પાલખી ઉચકી. મુકામ નજીક આવે અથવા ભીડવાળા શહેરમાં થઇને જવાનું હોય ત્યારે એ લોકો જે મોટા ઘાંટા પાડવામાં આનંદ માને છે તેવી બુમોના પડઘાવડે ભાર ઉચકીને ઉતાવળા ચાલતાં તેમણે શાંત સાંજ ગજાવી દીધી. વખતસર તેઓ મુકામે આવી પહોચ્યાં; પ્રતાપી અને માયાભર્યા દેખાવના હરિવલ્લભ બોસે જગતકીશોર અને શરતનો સત્કાર કર્યો અને હિંદુ ગૃહમાં માયાવાળું કુટુંબ મહેમાન તરીકે આવે ત્યારે તેને ઘટતો આદરસત્કાર દેખાડવામાં ઘરનાં બૈરાંઓ ચૂક્યાં નહિં.

જગતની મા ચતુર હતી. આસપાસની ગોઠવણ ઉપરથી તે ચેતી ગઇ કે હરિવલ્લભનો વિચાર તેમને પોતાને ત્યાં થોડા દહાડા રોક્યા પછી આગળ જવા દેવાનો છે. તેથી એ પોતે અંદરના ખંડમાં આવ્યો કે તરત બીજે દહાડે સવારે પુરી જવા ઉપડવાનો પોતાનો વિચાર તેણે જણાવી દીધો.

હરિવલ્લભે કહ્યું, "માજી, અમે જૂના વિચારનાં છીએ અને તેથી અમારા રિવાજ પણ જૂના છે. તમારા તથા તમારા પુત્ર જેવા પરોણા અમારા ઘરને પાવન કરે ત્યારે તેમનાથી એકદમ જવાય નહિં. તમે અહીંથી એક અઠવાડીઆથી વહેલાં જાઓ તો અમારા ઘરને ઓળખનાર તથા માન આપનારની નજરમાં અમારી અપકીર્તિ થઇ ગણાય. માટે તમે આઠ દહાડા રહો અને તે પછી હું બંદોબસ્ત કરી દઇશ કે તમે એકે દહાડે પુરી પહોંચી જશો. કેમકે અહીંથી પચાસ માઇલનું છેટું રહ્યું છે. ત્યાં સુધી તમારે અમારાં મહેમાન રહેવું પડશે."

આ આગ્રહ ભરેલી તથા ખરા મનની મહેમાનગીરીની સામે તકરાર કરવી કે વિનંતી કરવી વૃથા હતી તેથી એ સર્વ કટકમાં રહ્યાં.

શરત આ રોકાણુથી નારાજી ન હતો. કલકત્તાનાં દુ:ખકર સ્થાન છોડી આવવામાં અને આ એકાંત મુસાફરીમાં પોતાની નિરાશા હૃદયમાં પોષવાથી તેને વિશ્રાંતિ મળી હતી. અહીં તે એકલો કલાકના કલાક સુધી બોલ્યા ચાલ્યા વગર ઘોડાપર ફરતો; ઉંચી નીચી ટેકરીઓ, અંધકારપૂર્ણ જંગલો અને નિર્જન વેરાનો તેના મનના વિચારને અનુકૂળ આવતાં હતાં. ઘણી વેળા લાંબા અને વિચારમાં મગ્ન રાખે તેવે દહાડે પાછળ મૂકેલાં સ્થાન તેના મન આગળ આવતાં; પૂર્વના આનંદમય દિવસોનો દેખાવ તેની નજર આગળ તરી આવતો અને જે સ્વરના શ્રવણથી તેનું ઉષ્ણ રક્ત ધડકારા સહિત આખા શરીરમાં વહેતું તે તેના કાન આગળ સ્ફુરાયમાન થતો. ઓરિસ્સાના ડુંગરો અને જંગલોમાં એકલા ફરતાં પણ તેની સ્મૃતિમાંથી હેમની સ્નેહમય વાતચિત, બિન્દુના રૂપાના રણકા સરખા શબ્દોચ્ચાર અને નિર્દોષ સુધાનું લજ્જાયુક્ત મૌન ખસતાં નહોતાં.

કટકમાં રહ્યાં ત્યાં જ ઉમાના મરણના ખેદકારક સમાચાર એને મળ્યા. જેનાપર એક બહેન સરખી પ્રીતિ રાખતો તેના મૃત્યુથી તે એકાંતમાં અશ્રુપાત કરવા લાગ્યો અને પોતાની નિરાશા કાંઇક ભૂલી ગયો. નાનપણથી જ ઉમા અને બિન્દુ તેની બહેન કાલીની સખીઓ હતી તેથી સર્વપર તેનો સ્નેહ સરખો હતો. ઉમા આખા ગામમાં સૌથી રૂપવતી અને આનંદી ગણાતી. આપણા દેશનાં ગામડાંઓ લોકકથાના ભંડારથી ભરપૂર હોય છે; તેવી લોકકથાનો સંગ્રહ કરતો શરત શાંત સરોવરની પાસેની ઝાડીઓમાં અથડાતો ત્યારે ઉમા ઘણીવાર તેની જોડે ફરતી. વરસ વહી ગયાં, ઉમાનું લગ્ન થયું અને તે પત્ની બની. ધનપુરથી એ પોતાને પીયર આવી છે એ ખબર જાણતાં આખું ગામ તેના બાપના ઘર પાસે એકઠું થતું. એ તેજસ્વી આત્મા લુપ્ત થયો હતો, દીપ હોલવાઇ ગયો હતો અને તેથી જીવનમાર્ગ વધારે અંધકારમય બન્યો હતો.

પશ્ચિમ ઓરિસ્સાની ડુંગરીઓમાં એકલા ફરતાં કોઇ કોઇ વાર શરત અણસુધરેલી રીતે જીવન ગાળતા જંગલી લોકોનાં ઝુંપડાં આગળથી જતો. રાત્રે જ્યાં અરણ્યનાં પશુઓ આવતાં તેવાં અંધારાં વાંસનાં વનમાં થઇને જતો, અને જેનાં શિખરપરથી ઓરિસ્સાના સપાટ પ્રદેશ, જંગલો, શહેરો અને વહેતી નદીઓ નકશાપર ચિતરેલાં જેવાં દેખાતાં તેવા ડુંગર પર પણ ચઢતો. આવાં સ્થાન તેના મનને રૂચતાં તેથી પશ્ચિમ તરફના ડુંગરી મુલકમાં દહાડાના દહાડા ગાળતો. તે છેક ઘેનકેનલ સંસ્થાન સુધી ગયો હતો. ત્યાંના ઉંચાણના પ્રદેશમાં ઉભા રહીને જોતાં ઝાડવાળી ટેકરીઓ,

લીલી ખીણો અને ફરતાં આવી રહેલાં ધાન્યનાં પીળાં ખેતરો વગેરેની રચના દેખી તેના મનને એક પ્રકારની શાંતિ અથવા ઘણા દહાડાથી ન થએલો એવો આનંદ પ્રાપ્ત થયો હતો. એથી આગળ તે હિંડોલનાં જંગલો અને ડુંગરો તથા નરસિંગપુરના રાજ્યમાં તથા હિંદુસ્તાનની આશ્ચર્યકારક જગાઓમાં ગણાતા, અને ઇતિહાસમાં પ્રસિદ્ધ બારમલના વિકટ માર્ગ લગી તે ગયો હતો. ટીકારપાડાથી બારમલના માર્ગ સુધી મહાનદી પહાડ વચ્ચે વહે છે, અને નદીની બંને બાજુએ ઝાડીવાળી સીધી ટેકરીઓ આવી રહી છે. એ નિર્જન જંગલોમાં મોર આવે છે, અને હાથી અને બીજાં વનનાં પશુઓ ફરતાં રહે છે; મનુષ્યનો સ્વર ત્યાં ભાગ્યે જ સંભળાય છે. ખડકોથી ઘેરાએલી સ્વચ્છ મહાનદીની શાંતિમાં ભંગ પાડનાર મનુષ્યની આકૃતિ જવલ્લે જ દીઠામાં આવે છે. બારમલ આગળ ટેકરીઓ ઓછી થાય છે અને નદી ફેલાય છે. આ જગાએ એક હસતું ઝરણું જેને યોગ્ય રીતે ખળખળ નામ આપવામાં આવ્યું છે તે મહાનદીને આવીને મળે છે. આ સ્થાને જ મરાઠાઓએ ઈ. સ. ૧૮૦૪ માં ઇંગ્રેજો સાથે છેલ્લું યુદ્ધ કરેલું અને ઓરિસ્સા સદાને માટે ખોએલું.

પરંતુ ઓરિસ્સાની સૌથી પ્રખ્યાત જગા જે આખા હિંદુસ્તાનમાં જાણીતી છે તે ખંડગિરિનો ડુંગર છે. ત્યાં પ્રાચીનકાળના બૌદ્ધ ધર્મના મઠ તથા ભુવનેશ્વરનાં હિંદુ દેવસ્થાન છે. જગતની માને એ દહેરાંમાં દર્શન કરવાં હતાં તેથી હરિવલ્લભે ત્યાં જવાની ગોઠવણ કરી. એ જગા કટકથી પંદર માઇલ દૂર આવેલી છે. બે હજારથી વધારે વરસ ઉપર ઉત્તર હિંદુસ્તાનના મહારાજા અશોકે પોતાના વિશાળ સામ્રાજ્ય ભેગું બંગાળા જોડી દીધું, ત્યારે બૌદ્ધ ધર્મના સાધુઓ તથા ધર્મપ્રવર્તકો ઓરિસ્સામાં દાખલ થયા હતા અને ગુફાઓ તથા મઠ બનાવ્યા હતા જે હજી પણ રહ્યા છે. અહીં વાઘ ગુફા અને બીજી ખડકમાંથી કોરી કહાડેલી નાની ગુફાઓ એકાંતવાસી સંન્યાસીઓનાં રહેઠાણ હોય તેવી છે. તેમ જ સાથે ગણેશ ગુંફ જેવી મોટી ગુફાઓ જે આખી સમાજને સભા ભરવા જેવાં તથા પૂજા કરવાની જગા જેવાં સ્થાન છે. એક બે માળનો મઠ રાણીનુર નામે છે. તેમાં ઘણી ઓરડીઓ, ઓટલા અને બારણાની ઉપર કોતરેલી આકૃતિઓ છે. આ સર્વ પૂર્વકાળના આપણા દેશના ઘર બાંધનારા તથા સલાટોની કારીગરીનું પ્રમાણ આપે છે. શરતે ઘણીવાર સુધી આ બૌદ્ધ ખંડેરોમાં ફર્યા કર્યું. પછી સ્ત્રી વર્ગે ભુવનેશ્વરનાં હિંદુ મંદિર તરફ બોલાવવાથી તે ત્યાં ગયો.

અહીં સિંહ વંશના રાજાઓ રહેતા હતા અને આ જગાએથી ઓરિસ્સાપર પાંચમા સૈકાથી બારમા સૈકા સુધી તેઓએ રાજ્ય કર્યું હતું. એમની રાજધાની ભુવનેશ્વર એ સમયે હિંદુસ્તાનનું સૌથી વિખ્યાત નગર કદાપિ હશે. ત્યાંનું મોટું મંદિર સાતમા સૈકામાં બંધાવેલું છે. તે સિવાય સેંકડો નાનાં મંદિરો છે. તેમાંનાં ઘણાંક તો હજી અખંડિત છે અને તેમના રાજવંશી ભક્તોની સત્તા તથા મહત્ત્વની સાક્ષી પૂરે છે. આ શહેરનાં ખંડેરો જોઇ હાલના જાત્રાળુઓ તથા મુસાફરો આશ્ચર્યથી ચકિત થાય છે; જૂના વખતનાં મોટા પથરનાં બાંધેલાં મોટાં મકાનો અને અત્યંત મહેનત તથા કારીગરીથી તેમાં કરેલું કોતરકામ; સોથી બસેં ફીટ ઉંચાઇનાં મકાનો અને તેને એકેક સળંગ શિલાનાં છાપરાં જોનારને દિઙ્મૂઢ કરી દે છે.

ભુવનેશ્વરનું મોટું મંદિર જ્યાં હજી પણ પૂજા થાય છે તેમાં સ્ત્રીમંડળ દાખલ થયું. તેના વિમાનનો ઘુમટ ઉંચો છે તથા તેપર ઘણું કોતરકામ કરેલું છે. દરેક પથરપર જુદો નમુનો કોતરેલો છે. આ મંદિરની દરેક મૂર્તિ, દરેક ઝીણું પથરનું કોતરકામ આ મહાન કાર્ય પાછળ પડેલી અત્યંત મહેનતની સાક્ષી પૂરે છે. આપણા હિંદુ લોકો અતિશય મોટા પાયાપર રચના કરે છે અને હીરામોતીના જડતર જેવી બારીક કારીગરીથી તેમાં કામ કરે છે.

જગતની માએ શરતને કહ્યું, "આ દહેરાંનું જ જાણે શહેર હોય એમ લાગે છે. આ બંધાવનાર ખરે દૈવી પુરુષો હશે. આપણા બંગાળામાં આટલાં બધાં પથરનાં મંદિર નથી."

"આ પ્રાચીન નગરમાં ઠેર ઠેર મંદિરો બાંધનારા આગળના વખતમાં અમાનુષિ કુશળતાવાળા તથા દૈવી શ્રદ્ધાવાળા હોવા જોઇએ. તેમના જીવનનો કાંઇક હેતુ અને લક્ષ્ય હતાં. માજી, આજના વખતમાં આપણે કાંઇ પણ હેતુ વગરનાં નિરુત્સાહ જીવન ગાળીએ છીએ."

"હા, તું કહે છે તે ખરું છે. જેમને શ્રદ્ધા છે તેઓ ઘણું કરી શકે છે. આ પુરાતન મંદિર બંધાવનાર રાજાઓને ઇશ્વિરે સહાયતા કરી હશે. તમે જુવાન અને બળવાન છો માટે છોકરાંઓ, તમે શ્રદ્ધાપૂર્વક એક લક્ષ્ય તરફ વધવા યત્ન કરજો. તમે આ વખતમાં પણ તમારા દેશને કાંઇક લાભ કરી શકશો."

પ્રકરણ ૮ મું.

પ્રતિજ્ઞા.

જગતકીશોર અને તેનું મંડળ કટકથી ઉપડ્યું ત્યારે શિયાળાનો સૂર્ય સ્વચ્છ આકાશમાં પ્રકાશતો હતો અને તે શહેરના ઉદ્યોગી રસ્તા પર તેનો પ્રકાશ પડતો હતો. હવે પુરી પહોંચવાને આ છેલ્લી મુસાફરી હતી. મહાનદીની દક્ષિણ શાખા તેમણે ઓળંગી. આ શાખાનું પાણી થોડા મહીના અગાઉ આસપાસના મુલકમાં ફરી વળ્યું હતું પણ હાલ તો રેતીના મેદાનમાં ભાગ્યે બે ફીટ ઉંડાઇવાળા ફાંટા થઇને વહેતું હતું. પાલખીઓ અને ઘોડા વગર હોડીએ પેલે પાર જઈ શક્યાં. હવે પુરી જવાના પચાસ માઇલ ચાલવાનું હતું. આઠ કે દસ દસ માઇલને અંતરે રિવાજ મુજબ બીજા પાલખી ઉચકનારા રાખવામાં આવ્યા હતા. રસ્તામાં બપોરે વિસામો લઇને રાત પહેલાં ધારેલે મુકામે સહુ મંડળ પહોંચવાની ધારણા રાખતું હતું.

જેમ જેમ એ પવિત્ર ધામની પાસે આવતાં ગયાં તેમ દેશના સર્વ ભાગમાંથી આવનાર જાત્રાળુઓની સંખ્યા વધતી જતી હતી. ચોમાસામાં જ્યારે ત્યાં રથયાત્રાનો મેળો થાય છે ત્યારે દરરોજ એ રસ્તે હજારો લોક આવે છે, અને સારાં વરસમાં એ મેળામાં બેથી ત્રણ લાખ માણસ ભેગું થાય છે. બીજી ઋતુઓમાં લોકની સંખ્યા ઓછી હોય છે. વિશેષે શિયાળાની સુખદ ઋતુમાં વધારે અને તે સિવાય પણ બારે માસ ત્યાં જાત્રાળુઓ ચાલુ આવતા જ રહે છે. દૂરના પ્રાંતોમાંથી આવતા પુરુષો અને સ્ત્રીઓ, રોગી અને અપંગ મનુષ્યો, ભિક્ષુકો અને વેરાગીઓ તથા સંન્યાસીઓ, એ સર્વ આ ચોતરપ વિખ્યાતિ પામેલા ધામની જાત્રા કરવા મહીનાઓથી નીકળેલા–થાકેલા એ તરફ જાય છે. મરતા પહેલાં એકવાર એ યાત્રા કરવી એ તેમના શ્રદ્ધાળુ જીવનનો અભિલાષ હોય છે. મધ્ય કાળની શ્રદ્ધા હજી હિંદુસ્તાનમાં નષ્ટ થઈ નથી. યુરોપના મધ્ય કાળના સાધુઓ લખી ગયા છે તે ક્રિયાઓ તથા રૂઢિઓ હાલ પણ આ અદ્દભૂત ભૂમિમાં પ્રચલિત છે. મુસાફરી, સ્થાનફેર, નવી જગાઓ જોવી તથા નવા દેખાવો જોવા એ સર્વ વર્તમાન યુરોપમાં ઐહિક વિષયો થઇ ગયા છે, અને હિંદુસ્તાનમાં હજી એ ધાર્મિકતા તથા પુણ્યકારી કર્તવ્ય તરીકે ગણાય છે. પુરીની જાત્રાએ જનારા જાત્રાળુ જેવા જ આશ્ચર્યજનક તથા તેવી જ રીતની મુસાફરી કર-

નાર પહેલાંના વખતમાં યુરોપના કેન્ટરબરીના જાત્રાળુઓ હતા. તેમ જ પૂર્વ તરફના યાત્રા કરનાર, પશ્ચિમના લુર્ડના શ્રદ્ધાવાન જાત્રાળુ જેવા જ ભક્તિવાળા છે અને કદાપિ તેમના કરતાં વધારે વિશ્વાસ રાખનાર અને ઉત્કંઠિત હશે.

બપોરે વિસામો લેવા તથા કાંઈ ખાઇ લેવા સર્વ મંડળ થોભ્યું. રસ્તે આવેલી દુકાનપર સહુ ઉતર્યાં. બીજા ગરીબ જાત્રાળુઓને એવી સગવડની જરૂર નહોતી. તેઓ તો માત્ર કોઇ ઝાડની તળે દેવતા સળગાવી માટી કે પીતળના વાસણમાં ચોખા અને શાક અડધા કલાકમાં બનાવી દેતા. બંગાળાના જાત્રાળુને આ સિવાય બીજી કશી જરૂરીઆત નહોતી. વાયવ્ય તરફના વધારે સખત લોકોને તો રાંધવાની પણ ગરજ નહોતી. તેઓ તો ફક્ત ચણા અથવા ઘઉંનો આટો દુધ, દહીં કે પાણીમાં પલાળી ખાતા. એક કલાકમાં તો બધાંનો મુકામ ઉપડચો. માટીનાં વાસણ નાંખી દેવામાં આવ્યાં અને ચૂલામાંનો દેવતા હોલવાય તે પહેલાં તો જાત્રાળુઓએ પોતાને ખભે ડાંગ તથા પોટલી ચઢાવી દીધી હતી અને હવે જાત્રાના ધામે છેક લઇ જનારી છેલ્લી મુસાફરી આગળ તેઓ ખોરાક કે આરામની દરકાર રાખતા નહોતા.

તેમની ઉત્સુક દૃષ્ટિએ થોડી જ વારમાં, કેટલાક માઇલ દૂર છતાં જગન્નાથના મંદિરનાં શિખર દેખાવા લાગ્યાં. જ્યારે એ પવિત્ર શિખરનું પ્રથમ દર્શન થયું ત્યારે એ શ્રદ્ધાળુ સંઘ ઉભો રહ્યો. સહુએ પોતાની આંખો ઉપર હાથ રાખી તેજ ખસેડયું અને હરખ તથા જયનો નાદ થયો—"જગન્નાથજીકી જે." આ શબ્દ ચારે તરફથી આવવા લાગ્યો. સ્ત્રીઓ પણ પોતાના નાજુક સ્વર તેમાં ભેળવા લાગી. જગતની મા તથા સ્ત્રીએ પોતાની લાજ મુકી દઇ શિખર જોવા તથા સ્તુતિ કરવા પાલખીમાંથી બહાર ડોકું કહાડયું. સેંકડો માઇલથી, બંગાળા કે ઉત્તર હિંદમાંથી ઘણા દિવસ કે મહીનાથી મુસાફરી કરતાં આવેલાં મનુષ્યોને તેમની પ્રાર્થના તથા મનોરથ સફળ થતા લાગ્યા. જે ઇશ્વરને તેમણે અંતઃકરણમાં પ્રાપ્ત કર્યો હતો તે દૂરથી જણાતા તેના સ્થાનકમાં, તેમણે વેઠેલા કષ્ટ તથા પરિશ્રમવાળી મુસાફરી માટે તેમને ધન્યવાદ દેવા રહેલો હતો।

"જગન્નાથજીકી જે." ફરી ફરી આ ઉચ્ચાર થવા લાગ્યા. શરત પોતાના ઘોડાની લગામ ખેંચી આ હર્ષ પામેલા જાત્રાળુના ટોળા વચ્ચે જઇ ઉભો. તેણે મનથી વિચાર કર્યો કે જે દેવસ્થાન લાખો મનુષ્યને એક ધર્મવાળા અને એક પ્રજા બનાવી શક્યાં છે તે આ દેશમાં નિરર્થક બંધાયાં

નથી. દરેક આત્મા જે અમર જ્યોતિ પ્રાપ્ત કરવા યત્ન કરે છે તેની કાંઇક ઝાંખી એ કરાવી શકયાં છે તો તેઓનું અસ્તિત્વ સફળ થયું છે.

"જગન્નાથજીકી જે." એ ઉચ્ચાર હવે તો ચાલતાં પગલે પગલે થવા લાગ્યો. અંતે સાંજનો છાંયડો ચારે તરફ જણાવા લાગ્યો. તે સર્વેએ લાકડાનો પૂલ ઓળંગ્યો ત્યારે હર્ષનો મોટો ઉદ્‌ગાર કર્યો અને પુરીના પવિત્ર ગામમાં દાખલ થયા કે ફરી મોટો હર્ષનો શોરબકોર થઇ રહ્યો.

પુરી પહોંચતા પહેલાં જ તીર્થના ગોર કે પંડયાનું એક ટોળું જગતકીશોરની સાથે સામેથી આવ્યું હતું. જગન્નાથના મંદિરની આસપાસ હજારો પંડયાઓ ફરે છે. કોઇ કોઇ તો ઘણે દૂરથી આવેલા હોય છે અને શ્રીમંતોને પોતાના યજમાન બનાવવા માંહોમાંહે ચડસાચડસી કરે છે. જગતકીશોર માટે પણ તે જ પ્રમાણે થયું. આખરે એક ગોરની ચોપડીમાંથી જગતકીશોરના કોઇ પૂર્વજ જગન્નાથ આવ્યા હશે તેનું નામ નીકળવાથી એ લોકોના ધારા પ્રમાણે તકરારનો અંત આવ્યો. તે ગોરે જગતકીશોરના બાપદાદાની પેઢી ગણાવી, અને તેનાં જે સગાંવહાલાં પુરી આવ્યાં હશે તેમનાં નામ દેખાડયાં તથા તેના કુટુંબનો સંબંધ ખરો દેખાડયો. આ રીતે પોતાનો હક વિશેષ સાબીત કરવાથી ત્યાં રહે ત્યાં સુધી આ કુટુંબનો હવાલો પોતે લીધો.

સાધારણ સ્થિતિના જાત્રાળુઓને તેમના ગોર સરકારના કાયદાથી પટે આપેલા ઉતારાઓમાં લઈ જાય છે, પણ આ શ્રીમંત જમીનદારને ઉતરવા માટે શહેરના કોઇ ગૃહસ્થે એક વિશાળ ઘર આપ્યું હતું. પંડયો પણ ત્યાં જ સુતો હતો કે કોઇ એનો જાતભાઈ આવી એના વાજબી હક સામે દાવો ઉઠાવે નહિં.

પણ જગતની માને રાત્રે બીલકુલ ઉંઘ આવી નહિં. આ પૂજ્ય વૃદ્ધ સ્ત્રી, કાલી તથા શરત મોડી રાત સુધી દીવા પાસે બેસી રહ્યાં હતાં. તેણે શરતને કહ્યું, "તને પૂર્વના ઇતિહાસની ખબર છે માટે ભાઇ, તું મને કહે કે આ મોટું મંદિર ક્યારે બંધાયું અને જગન્નાથે આ દૂર દરિયાકાંઠાના સ્થાનમાં પોતાનો નિવાસ શા સારૂ કર્યો. મારે આજે ઉંઘવું નથી અને મને લાગે છે કે તને પણ ઉંઘ આવતી નથી. માટે મારા જેવી ઘરડીની ઇચ્છાને અનુકૂળ થઇ જગન્નાથ સંબંધી સર્વ હકીકત મને કહે."

શરતે કહ્યું, "માજી આ પુરાણકથાઓ હું બહુ જાણતો નથી. ઓરિસ્સાના સિંહ વંશના રાજાઓએ બંધાવેલાં ભુવનેશ્વરનાં દહેરાં તો તમે જોયાં.

એ રાજાઓ શિવને ભુવનેશ્વરને નામે પૂજતા. ઇતિહાસમાં લખેલું છે કે એ રાજાઓ પછી ગંગાવંશના રાજા ગાદીએ આવ્યા. તેઓ વિષ્ણુના ભક્ત હતા. તે વંશના પહેલા રાજાઓમાંના એકે આ મંદિર બંધાવ્યું કહેવાય છે."

"એ કયે સમયે અને જે ભાગ્યશાળી રાજાએ આ મંદિર બંધાવ્યું તેનું નામ શું હતું?"

"આપણા વૃત્તાંતોમાં એનું નામ અનંગ ભીમ લખેલું છે. તે સાતસેં વરસ ઉપર ગાદીએ બેઠો હતો. દંતકથા એવી છે કે જગન્નાથ વિષ્ણુએ એને સ્વપ્નમાં દર્શન દીધાં અને ઓરિસ્સાની જૂની રાજધાનીથી દક્ષિણમાં પુરીની રેતમાં જઇ ત્યાં પોતાનું મંદિર બંધાવવાની આજ્ઞા કરી. અનંગ ભીમે એ આજ્ઞા માથે ચડાવી આ દહેરૂં બંધાવ્યું. જૂની રાજધાની અને શિવની પૂજા નષ્ટ થઇ ગઇ અને નવું મંદિર તથા જગન્નાથની પૂજા હજી સુધી ચાલુ છે.

"એ તો જુદાં જુદાં નામ માત્ર છે. એક સાધુએ પણ મને કહ્યું હતું. ભગવાનની જે નામે પૂજા કરીએ તે બધી એ સ્વીકારે છે. કાશીના પવિત્ર ધામમાં જ્યાં તમારાં મા હવે રહેવાનાં છે ત્યાં શિવની પૂજા હજી ચાલે છે અને શિવનાં દહેરાં છે. અહીં પુરીમાં વિષ્ણુની પૂજા ચાલે છે અને જગન્નાથના નામનાં વિષ્ણુનાં મદિર છે. હું તો અજ્ઞાન સ્ત્રી છું પણ ધર્મનિષ્ઠ પુરુષોએ મને કહેલું છે કે શિવ ને વિષ્ણુ તે એકના એક છે અને જે પરમેશ્વરને આપણે જુદાં જુદાં નામ દઇ સંબોધન કરીએ છીએ તે એક જ છે."

શરતે કહ્યું, "એ ધર્મજ્ઞ માણસોએ તમને સત્ય જ કહ્યું છે. જુદી પ્રજાઓએ પોતાના અજ્ઞાનને લીધે નામભેદ માટે યુદ્ધ કરી લોહી વહેવડાવ્યું છે, છતાં સર્વ પ્રજાઓ જેનું આવાહન કરે છે તે એક જ છે."

થોડીવાર અટકીને તે બોલી, "તારી પુણ્યશાળી માએ પોતાનું બાકીનું આયુષ્ય કાશીના પવિત્ર ધામમાં ગાળવાનો નિશ્ચય કર્યો છે. જ્યારે જીવન પૂરૂં થવા આવે અને આપણે દુનિયાની જંજાળોથી છુટવા યોગ્ય થઇએ ત્યારે એમ જ કરવું જોઇએ એમ આપણાં પવિત્ર શાસ્ત્રોમાં કહ્યું છે. જગન્નાથ કરેને મારો છોકરો સાજો થઇ જાય, તથા મારી આજ્ઞાંકિત કાલી સુખી ઘરની ધણીઆણી થાય. દુનીઆમાં મારૂં કામ પૂરૂં થયું છે તેથી

જગન્નાથને પોતાનું બાકીનું આયુષ્ય અર્પણ કરી તેની ઇચ્છાઅનુકૂળ વર્તવાની આકાંક્ષા રાખનાર ભક્તનો તે સ્વીકાર કરશે જ. "

આ છેલ્લા શબ્દો કાંઇક કંપ સાથે બોલાયા હતા, અને એની શી મતલબ હશે તેનો વિચાર કરતાં કાલી ભયભીત થઇ.

બીજે દિવસે સૂર્યોદય થતાં જ આ મોટા મંદિરનાં દ્વાર ઉઘડયાં. એ પવિત્ર સ્થાનમાં જાત્રાળુઓનું પૂર આવ્યું. એનો ચોક વિશાળ છે. તેનો વિસ્તાર છસેં પચાસ ફીટ પહોળાઇમાં અને છસેં ત્રીસ ફીટ લંબાઇમાં છે. તેમાં નાનાં નાનાં દહેરાં ઘણાં છે. તે સર્વની મધ્યે મોટું મંદિર આવેલું છે. તેમાં પ્રસાદ ધરાવવાનું ભોગમંદિર, સંગીત માટે નટમંદિર તથા જાત્રાળુઓને એકઠા થવાનું જગતમોહન અને ઉંચે આવેલું પવિત્ર મૂર્ત્તિઓવાળું વિમાન અથવા દેવતાગાર છે.

વરસમાં એક વખતે એટલે રથયાત્રાને દિવસે એ દેવતાગારમાંથી મૂર્તિઓ કાઢીને ગ્રીષ્મમંદિરમાં લઇ જવામાં આવે છે. ઓરિસ્સાના રાજાઓએ આપેલાં લાકડાંના મોટા રથ બનાવવામાં આવે છે તથા ભાવિક ધનવાન ભક્તોનાં આપેલાં કસબી લૂગડાંથી તેમને શણગારવામાં આવે છે. ત્રણ રથમાં જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાની મૂર્તિઓ મૂકવામાં આવે છે. હજારો જાત્રાળુઓ તેનાં દોરડાં ખેંચે છે. વિસ્તીર્ણ રસ્તો, દહેરાંનાં શિખરો, અને ઘરનાં છાપરાં એ સર્વ ઉપર થઇને મનુષ્યનાં માથાંનો જાણે એક સાગર બની રહે છે. રથ ચાલવા માંડે છે એટલે લોકોના પોકારથી જાણે આકાશ ફાટશે એમ લાગે છે. સાથે ઢોલ અને વાજાં વાગે છે. રથની સ્વારીના જેવા દેખાવ આ દેશમાં પણ જવલે જ દીઠામાં આવે છે.

દરરોજ આ રથ થોડું થોડું ચાલે છે અને દરરોજ જાત્રાળુઓ વિશેષ ઉત્સાહથી આ પુણ્યકારી શ્રમ કરવા આવે છે. આ રીતે એક અઠવાડીઆ સુધી આ રથયાત્રા ચાલે છે અને આખરે ગ્રીષ્મમંદિરે આવી પહોંચે છે. આ બધો વખત જાત્રાળુઓ શહેરનાં બધાં દેવસ્થાનનાં દર્શન કરી આવે છે, પવિત્ર તળાવો કે સમુદ્રમાં સ્નાન કરે છે અને મંદિરના રસોડામાંથી અપાતો મહા પ્રસાદ આરોગે છે. સમુદ્રમાં દરરોજ ત્રીસથી ચાલીશ હજાર માણસો સ્નાન કરે છે અને એક લાખ માણસ મહા પ્રસાદ ખાનાર હોય છે. આ મહા પ્રસાદ એવો પવિત્ર ગણાય છે કે નાતજાતનો ભેદ ગણ્યા વગર સર્વને તે પીરસવામાં આવે છે. ઉંચામાં ઉંચા બ્રાહ્મણને શૂદ્ર સાથે બેસીને પણ મહા પ્રસાદ ગ્ર-

હણુ કરવો પડે છે। નાતવાળા બીજે કોઇ પ્રસંગે કે દેશમાં બીજે કોઇ સ્થાને આ જાતની છુટ આપતા નથી.

આ રથયાત્રા પુરી થયા પછી ઘણા જાત્રાળુ પાછા જવા માંડે છે. વધારે શ્રદ્ધાવાળા હોય તે રથ પાછા લાવવા સારૂ રહે છે. જવા અને આવવામાં ત્રણથી ચાર અઠવાડીઆં લાગે છે. પુરીમાં ચોમાસાનાં આ અઠવાડીઆં વરસમાં સૌથી પવિત્ર કાળ ગણાય છે.

થોડા થોડા યાત્રાળુઓ તો બારે માસ આવતા રહે છે. જગત્કીશોર અને એની સાથેનાં સર્વ આવ્યાં ત્યારે પણ જાત્રાળુઓની સંખ્યા ઠીક હતી. તેની મા તથા સ્ત્રી સૂર્યોદય પહેલાં પંડ્યા સાથે નીકળી પડયાં હતાં. મારકંડ, શ્વેતગંગા, ઇંદ્રિદ્યુમ્ન એ તળાવો અહીં પવિત્ર તીર્થ ગણાય છે. સૂર્ય ઉગતા પહેલાં એ બે જણાંએ આમાંના એકાદમાં સ્નાન કરી લીધું. પછી તે દિવસને ઘટતાં રેશમી વસ્ત્ર પહેરી લીધાં, અને શહેરમાં થઇને બીજાં દેવાલયોમાં દર્શન કરવા ગયાં. કપાલલોચન, જંબેશ્વર અને લોકનાથનાં સ્થાનકમાં દર્શન કરી મંદિરના ચોક પાછળ સાધુના આશ્રમ છે તે જોવા તેઓ ગયાં. એક મંદિરમાંથી બીજામાં જતાં તથા એક રસ્તેથી બીજે રસ્તે જતાં જગત્ની મા થાક અને કષ્ટ ભૂલી ગઇ. કાલીમાં પણ જાત્રાળુ જેવું જ બલ અને ઉત્સાહ આવ્યાં.

એ બે સ્ત્રીઓ પાછી આવી ત્યારે દહાડો ચઢી ગયો હતો. મંદિરમાંથી મહાપ્રસાદ લેવાનો હતો એટલે ઘરમાં રસોઇ કરવાની નહોતી. આ મહાપ્રસાદ પોતાની તરફથી કરાવવામાં શ્રીમંત જાત્રાળુઓ પુણ્ય ગણે છે. કોઇ કોઇ વાર દેવને ધરાવવાને અહીં છપન ભોગ કરવામાં આવે છે અને એ છપન વાનાં જથાબંધ બનાવવાને એક દિવસમાં હજારો રૂપીઆ ખર્ચાય છે. દેવને ધરાવ્યા પછી એ પાસેનાં ગામડાંમાં વહેંચી દેવામાં આવે છે. મહાપ્રસાદ માટે સારી રકમ અર્પણ કરાવવા જગત્નો ગોર ચૂકયો નહિં.

શરતને ટેકો દઇને આવતો જગત્કીશોર અને તેની પાછળ તેની મા તથા સ્ત્રી મંદિરના ચોકનાં બારણાં આગળ આવ્યાં ત્યારે દસ વાગવા આવ્યા હતા. બંને સ્ત્રીઓ નાનાં મંદિરોમાં ઉપહાર મુકતી મુકતી આવતી હતી. બધાં મોટા મંદિર આગળ આવી પહોચ્યાં અને ભોગમંદિર તથા નટમંદિર આગળ થઇ બીજા જાત્રાળુઓ ઉભા હતા ત્યાં જગતમોહનમાં આવ્યાં.

તેમની સામે વિમાનમાં પંદરેક હાથને છેટે રત્નવેદી હતી અને તે પર ત્રણ મૂર્તિઓ હતી. જાત્રાળુઓની નજરે વિમાન દેખાયું તેવો જ તેમના

મુખમાંથી શ્રદ્ધાભર્યો હર્ષોદ્ગાર નીકળ્યો અને શ્રદ્ધાળુ હૃદયમાંથી ધીમી સ્તુતિ અને પાડ માનવાનાં વચનો નીકળ્યાં. આતુર નયનથી એ અંધકારપૂર્ણ ખંડ તરફ તેઓ જાણે લીન થઇ જોઇ રહ્યાં. ઘણા મહીના દુઃખ વેઠીને યાત્રા કરવાના અરસામાં ધારેલી મનકામના સિદ્ધ થઇ તેથી ભક્તિમાન હૃદયમાં ગૂઢ રહેલા વિચાર તથા મનોરથનો ધીમા શબ્દમાં ઉદ્ગાર થયો. નિઃશબ્દ ભક્તિમાં નમેલી સ્ત્રીઓના મુખપર અશ્રુની ધારા વહેવા લાગી.

આખરે દર્શનનો વખત થયો. મુખ્ય પૂજારીએ ઇશારત કરી તેથી બધાંને આગળ જવાની પરવાનગી મળી. જાત્રાળુઓ નિઃશબ્દ થઇ આદરથી તથા પૂજ્યભાવથી રત્નવેદી આગળ ગયા. અંધારા વિમાનમાં શાંતિ પ્રસરી રહી અને દર્શન કરવા આવેલાઓ શ્વાસ પણ જાણે અદ્ધર રાખતા હતા. ઝાંખા દીવાનું તેજ અંદર પડતું હતું અને ધૂપની ધુણીના ગોટા ઉંચે ચઢતા હતા. ધ્રુજતાં અને અસ્થિરતાથી પગ મૂકતાં બૈરાંને પંડ્યાઓ તે પવિત્ર સ્થાન તરફ ચલાવતા હતા. તેઓ કયે રસ્તે જતાં હતાં તેનું પણ તેમને ભાન નહોતું, તેમ જ ઘણા થાંભલાવાળો ખંડ અને તેની ભીંતો પણ જાણે તે જોતાં જ નહોતાં. કોઇ પવિત્ર વસ્તુની સમીપમાં છે એટલું તેમને લાગતું હતું. શબ્દ વગરની સ્તુતિ કરતાં તેઓએ મૂર્તિની આગળ દંડવત્ પ્રણામ કર્યા અને તે વખત મૂર્તિનું દર્શન કર્યું.

દરેક દર્શન કરવા આવનાર વેદીની બેસણીપર યથાશક્તિ ઉપહાર મુકતાં. બિહાર કે ઉત્તર હિંદુસ્તાનના ગરીબ મજુરો પોતાના ધોતીઆની ઓટીમાંથી થોડાઘણા પૈસા કહાડતા. મોટા વેપારીની સ્ત્રી કસબી લૂગડું મૂકતી અને ગરીબ વેપારીની સ્ત્રી સાડી મૂકતી. શ્રીમંત ઘરની સ્ત્રીઓ રત્નજડિત બંગડીઓ અને કંઠીઓ, તથા અમીર લોકો સોનાની મહોર ભેટ મુકતા. સર્વ જાતની ભેટ સર્વ જાતના લોક તરફથી આવતી અને તે મુકનારની શ્રદ્ધા દર્શાવતી હતી.

જગતફીશોરની મા ત્યાંથી સૌથી છેલ્લી નીકળી. ઉઠી ત્યારે તેની આંખમાં આંસુ હતાં. પોતાના પુત્ર તથા પુત્રવધૂને માથે હાથ મુકી તેણે પોતા હૃદયમાં નિશ્ચિત કરેલી પ્રતિજ્ઞા કહી સંભળાવી. "હે જગન્નાથ! મારા છોકરાને આરોગ્યતા તથા સમૃદ્ધિ આપજો. મારી વહુ મોટા ઘરની માલિક થાય તથા ઘણાં છોકરાંની મા થાય એવું કરજો! આ સંસારમાં શીતેર વરસ હું રહી છું. હવે મારે એમાં કાંઇ કામ રહ્યું નથી. આજથી હું આ પવિત્ર શહેરમાં રહી તમારી જ સેવામાં રહેવાની પ્રતિજ્ઞા લઉં છું. તમે સમુદ્રકાંઠે રહેનારા છો અને આ મરદી સ્ત્રીનું નિવાસસ્થાન છો!"

બધાંએ આ પ્રતિજ્ઞા સાંભળી અને સાંભળતાં તેમનાં હૃદય કંપ્યાં. જગત્ અને તેની સ્ત્રીને ખબર નહોતી કે આ તેની વૃદ્ધ માનો ગુપ્ત નિશ્ચય હતો. તેને પોતાને ઘેર પાછી લઇ જવાને તેઓ સર્વ આપી દેવા તૈયાર હતાં. જે ઘર તેણે આટલો વખત ચલાવ્યું હતું તે તેના વિના આનંદ વગરનું થઇ જવાનું એમ તેમને લાગ્યું. જે તેમને પ્રાણ કરતાં અધિક પ્રિય હતી તેના વગર ઘેર પાછા જવાનો વિચાર આવતાં તેમના અંતઃકરણમાં શૂન્યતા લાગી, પણ પ્રતિજ્ઞાના શબ્દ બોલાઇ ચૂકયા હતા!

કાલીએ રડતાં રડતાં કહ્યું, "મા, તમારા વગર તો અમે બારદ્વાન પાછાં નહિં જઇએ. આપણું ઘર પોતાની શેઠાણી વગર કેવું થઇ જશે?"

"તું હવે તેની શેઠાણી થજે. હવે તારો વખત થયો છે. સુખી છોકરાંની માતા થજે. જગન્નાથે મારી વિનંતી સાંભળી છે. આ દુનિયામાં મારે હવે થોડાં વરસ કાઢવાનાં છે. પરલોક માટે તૈયારી કરવા માટે ભક્તિમાં થોડાં વરસ કાઢવાં જોઇએ એવી આપણાં શાસ્ત્રની આજ્ઞા છે. મારૂં કર્તવ્ય આ જીવનમાં પૂરૂં થયું છે અને હું પ્રતિજ્ઞા લઇ ચૂકી છું."

ખંડ ચોથો.

સરોવર.

પ્રકરણ ૧ લું.

પશ્ચાત્તાપ.

શરતની મા કલકત્તામાં ચિંતા તથા નિરાશામાં દહાડા કાઢતી હતી. બનારસના પવિત્ર તીર્થમાં ધર્મનિષ્ઠા અને ભક્તિમાં બાકીના દહાડા કાઢવાની તેના મનની ઇચ્છા હતી પણ આ સંસારની માયાના બંધને લીધે ચિંતાપૂર્ણ અને ક્લેશમય જીવનમાં પાછી ઘસડાઇ આવી હતી. એમાંથી છૂટી ફરી બનારસ જવાને એ બહુ ઉત્સુક હતી. જગતકીશોર અને એની વહુ તરફથી સારા સમાચાર હમેશ આવ્યા જતા હતા. તે રાત દહાડો માગતી કે એ કુશળક્ષેમ બરદ્દાન પાછાં આવે એટલે તે એ બંધનથી છૂટી જીવનનું છેલ્લું કર્તવ્ય બજાવી શકે.

પુરીથી આવેલા છેલ્લા કાગળથી તેને ખબર પડી હતી કે જગતકીશોરની માએ મરતા સુધી ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો છે. તેણે પોતાના મનમાં કહ્યું કે એ સુખી થઇ ગઇ. એણે પોતાના જીવનનું કર્તવ્ય યોગ્ય રીતે પૂરૂં કર્યું છે. ઘરમાં પોતાની જગા પોતાના પુત્ર અને પુત્રવધૂને સોંપી હવે પરમાર્થમાં પોતાનો કાળ કાઢવાની છે. આવા ઉન્નત જીવનનો અંત શુભ જ હોવો જોઇએ. હે કલ્યાણમય ભગવાન ! મેં જો તારી આજ્ઞા પ્રમાણે વર્તવાને યત્ન કર્યો હોય તો મારા છોકરાની વ્યથામાં એને સહાય થજે અને મારો તારી સેવામાં અંગીકાર કરજે !

પોતાના છોકરાના સ્મરણથી એ બિચારીના મુખપર હમેશ દુઃખની છાયા ફરી વળતી. પોતાની આજ્ઞા પ્રમાણે વર્તવા સારૂ તેણે કેટલો પરિત્યાગ કર્યો હતો તે તે જાણતી હતી તથા એથી એના મનને કેટલું દુઃખ થતું હતું તેની પણ તેને ખબર હતી. શરત થોડા જ કાગળો લખતો અને તે પણ ટુંકા હતા. તે પોતાની બહેન તથા બનેવી સંબંધી હકીકત લખતો પણ પોતાને વિશે કાંઈ લખતો નહિં. કલકત્તે પાછા આવી ફરી ઉદ્યમ શરૂ કરવાનું કાંઇ જ જણાવતો નહોતો. આ ટુંકા કાગળો શરતની મા રાત્રે એકલી હોય ત્યારે દીવા આગળ વાંચતી. તેના અંતઃકરણમાં શૂન્યતા લાગતી અને મનમાં ભયનું સૂચન થતું. આ બિચારી વિધવા પોતાના વિચાર કોઇને જણાવતી નહિં પણ મનમાં જ શમાવતી, તથા તે પર રાતદહાડો મનન કર્યા કરતી. તેના મનમાં એવી બીક પેસી ગઇ હતી કે એની પોતાની અભિમાનવૃત્તિ તથા દુનીયા માટેની કાળજીને લીધે એના હિંમતવાન તથા ઉદાર પુત્રનું ભવિષ્યનું જીવન ઝાંખું થઇ ગયું છે.

ઉમા ગુમ થઈ છે એ ખબર સાંભળીને તેની મા કલકત્તે આવી હતી. તે શરતની માને મળવા આવતી અને તે બંને વચ્ચે ઘણી વાતચિત થતી. સ્વાભાવિક રીતે માને નિરંતર થતા શોકસહિત તે પોતાની જતી રહેલી છોકરી સંબંધી વાત કરતી અને એ સંભારવાથી તેના મનને નવું દુઃખ અને વધારે રડવું આવતું છતાં તે વિશે વાત કર્યા કરતી.

તે વારંવાર કહેતી કે, "એમાં ભગવાનને શો દોષ દેવાય? જેવી મારી કરણી તેવાં ફળ મળ્યાં. આગલા જન્મમાં મેં પાપ કર્યા હશે તેથી આ ભવમાં હું આવું દુઃખ પામું છું! ધનથી ન લોભાઇને એ આડે રસ્તે ગયેલા છોકરાને મેં મારી છોકરી ન પરણાવી હોત તો આજ મારી ઉમા કોઇ ગરીબની સ્ત્રી હોત પણ જીવતી રહી હોત અને ઘડપણમાં મારૂં આશ્વાસન કરનાર તથા મારો ટેકો થાત."

શરતની માએ કહ્યું, "બહેન તમારો એ કાંઇ દોષ નથી. ભગવાન આપણા ભવિષ્યની ઘટના કરે છે; આપણે એના હાથમાં નિમિત્ત માત્ર છીએ. તમને પોતાને દોષ દેશો મા, કેમકે ઉમાને પરણાવી ત્યારે તો તેનો વર વહી ગએલો કે આડે માર્ગે ગએલો નહોતો. તે વખતે તો તે સારો અને આગળ જતાં વધારે સારો નીવડે તેવો દેખાતો હતો. તાલપુખર આવતો ત્યારે ગામમાં બધે મળવા જતો અને આપણને બધાંને વેચાતાં લે એટલો ધનવાન હોવા છતાં તમામ મોટી ઉમરનાં માણસને નમતો તે તમને

નથી સાંભરતું ? ખરે મને એ દહાડા બરાબર યાદ છે. ધનંજય જ્યારે ગામમાં આવે ત્યારે મને મળ્યા વગર તો જાય જ નહિં. ઉમા બિચારી મને માશી કહેતી એટલે એ પણ મને માશી કહી હેતથી બોલાવતો. તે વખતે મારી નજરમાં તો તમારા જમાઇ જેવો સારો છોકરો કોઇ નહોતો લાગતો."

ઉમાની માએ કહ્યું, "એ વખતની યાદ તાજી કરાવશો નહિં. એથી મારૂં કાળજું કપાઇ જાય છે. બહેન, તમે કહો છો તે ખરી વાત છે. મારો ધનંજય મોટા દિલનો છોકરો હતો અને હજી એ એવો ઉદાર જ છે પણ એને સજ્જડ ફસાવેલો છે અને એનો ભોગ મારી ઉમા બિચારી થઇ."

"બહેન, હવે રોશો નહિં, ઉમાનાં સંકટ અને કલેશનો હવે અંત આવ્યો છે. તાલપુખરમાં હતાં ત્યારે એ મારા ખોળામાં બેસતી, મારી પાસે રમતી અને મને માશી માશી કરીને બોલાવતી; એ મધુર છોકરીને હું સંભારૂં છું ત્યારે મને લાગે છે કે મારૂં મગજ ફરી જશે અને રડવામાં આંસુને બદલે લોહી પડશે, પણ હવે એ તો શાંતિ પામી છે, આપણે દુઃખ વેઠવા જીવતાં રહ્યાં છીએ ! ભગવાન મારા છોકરાને સહાયતા કરે અને આ કલેશમય તથા દુઃખમય સંસારમાંથી મને વિરક્ત કરે !"

"મંગલમય પ્રભુ તમારા પુત્રને સહાય થશે જ. શરત જેવો સારો અને ઉદાર છોકરો મેં કોઇ દીઠો નથી. બિન્દુ અને હેમ સાથે પણ એક સગા ભાઈ કરતાં વધારે સારૂં રાખે છે, વળી તમારા જમાઇની સાથે જાત્રાએ જવા સારૂ તો એણે અભ્યાસ પણ પડતો મૂક્યો છે. એ તો થોડા વખત પછી પાછો આવશે અને તમને વૃદ્ધપણમાં આનંદ આપશે તથા ગર્વયુક્ત કરશે."

શરતની મા ધીમેથી બોલી, "મને લાગે છે કે એના મનપર બોજો છે અને એનું જીવન અંધકારમય થઇ ગયું છે." આમ કહેતાં તેણે નિઃશ્વાસ મૂકયો.

"ઓહો ! તમે સુધા સાથે લગ્ન કરવાનું તેણે પૂછ્યું હતું તે વિશે વિચાર કરો છો ! એ વાત કરશો જ નહિં. એ હકીકત આપણે બંને ભૂલી જઇશું. હેમ અને બિન્દુ બાળક છે તેથી એ વગરવિચારની માગણી તરફ તેમણે લક્ષ આપ્યું. બિન્દુ બીચારી આ બન્યું તેથી બહુ દીલગીર થઇ છે. હવે ભૂલેચૂકે પણ એ સંબંધી કાંઇ બોલતી નથી. તમારા છોકરાને એ વાતથી કાંઇ નુકસાન નથી. એવી નિંદાથી આપણ બૈરાંને દૂષણ લાગે પુરુષોને નહિં. બિન્દુને બાપડીને હમેશ સાંભળવું પડશે અને સુધાને

જીવતા સુધી એ કલંક લાગેલું રહેશે. સુધા પહેલાં હતી તેવી રહી નથી, બહુ સુકાઇ ગઇ છે; તેના મ્હોપર બીલકુલ લોહી નથી અને એની આંખો ખાડામાં પડી છે. તે બોલતી ચાલતી નથી અને આખો દહાડો કામમાં રોકાએલી રહે છે. આ કુમળું બાળક આ અપકીર્તિ શી રીતે સહન કરી શકશે ?"

શરતની મા બોલી ઉઠી, "કોમળ કન્યા! હું સુધાનો વિચાર કરૂં છું ત્યારે મારૂં પોતાનું દુઃખ પણ ભૂલી જાઉં છું. એ નાનપણમાં પતિ વગરની થઇ છે અને આ બનાવ બન્યા પછી એનું વૈધવ્ય બેવડું થયું છે. પણ એ બિચારીને શો દોષ દેવો? દોષ કોને દેવો? મારા છોકરાને હા કહી તેમાં કાંઇ ખોટું કરવાનો ઇરાદો બિન્દુનો પણ નહોતો. કલકત્તામાં વિધવાઓનાં હમણાં હમણાંમાં ઘણાં એ લગ્ન થયાં છે. અને વિદ્વાન માણસો કહે છે કે આપણાં શાસ્ત્રો એને સંમતિ આપે છે. બિન્દુના મનમાં કે મારી બહેન અને શરત સુખી થઇ શકે તો બીજાં તે નાપસંદ કરે તેમાં શો વાંધો છે. બિન્દુ તો સારૂં જાણી કરવા ગઇ તેથી એનો વાંક પણ હું કાઢતી નથી. સુધાને લઇને મારી પાસે કોઇ વાર આવવાનું એને કહેજો. મને તેમને મળવાનું બહુ મન છે. તેમનાં મધુર વિનીત મુખ જોઇ મારા મનને કાંઇક સાંત્વન મળે છે."

"તમને મળવા આવવાનું હું એમને કહું છું પણ એ આખો દહાડો કામમાં હોય છે. હું ઘરડી છું એટલે તેમને કામ કરાવી શકતી નથી. કાંઇ પણ કામ કરવા જાઉં છું કે મારી ઉમા મને સાંભરી આવે છે અને મારૂં હૈયું ભરાઇ આવે છે. શાક સમારવા બેસું ત્યારે પણ ઉમા સાંભરે છે કે એને શાક સુધારવું બહુ ગમતું. ચોખા રાંધું છું ત્યારે પણ ઉમા સાંભરી આવે છે. એ મને કેવી રાંધવા લાગતી! હવે હું તો નકામી થઇ ગઇ છું. હવે મારે બિન્દુ ને સુધા બે રહ્યાં છે. ભગવાન એમનું રક્ષણ કરો."

"મને એ બે જણ શરત ને કાલી જેટલાં વહાલાં છે. હું જઇને એમને મળીશ. એમના તરફ મારૂં મન ઘણું ખેંચાય છે. બિન્દુ અને સુધાને કહેજો કે હવે મારે આ દુનીઆમાં ઝાઝા દહાડા કાઢવા નથી અને જેમનાપર મેં નાનપણથી માયા રાખી છે તેમને હું તરછોડવાની નથી."

બીજે દહાડે સાંજે શરતની મા બિન્દુને મળવા આવી. સુધા સાથે લગ્નની ના કરી ત્યાર પછી આ પહેલી વખત જ આ કુટુંબનાં માણસોને તે મળી હતી. હેમે આ સંમાનનીય વૃદ્ધ સ્ત્રીનો રોજ કરતાં પણ વિશેષ

સત્કાર કર્યો અને તેને વધારે માન આપ્યું. તેને પાલખીમાંથી ઉતારી અને બિન્દુના ખંડમાં લઇ ગયો. બિન્દુ પોતે આગળ આવી અને માનપૂર્વક તેના પગને હાથ લગાડી નમન કર્યું અને બેસાડી. સુધાએ એને જોઇ પણ પોતે દોષવાન હોય અને એ વૃદ્ધ સ્ત્રીના સ્નેહને પાત્ર ન હોય તેમ મનથી જાણી ત્યાંથી છાનીમાની ખશી ગઇ.

"બિન્દુ તું મને મળવા કેમ આવતી નથી? જેને તું માશી કહીને બોલાવતી તેને ભૂલી ગઇ કે?"

"નારે, માશી, તમને કદાપિ ભૂલું નહિં. પણ કલકત્તામાં આવ્યા પછી અમારે મંદવાડ અને એવી અડચણો આવી હતી. તાલપુખર પાછાં જવાની અમારી બહુ મરજી છે. અમારા સરખાં ગરીબ માણસ ત્યાં વધારે છુટાં અને સુખમાં રહી શકીએ તેમ છે."

"ખરૂં કહે છે બિન્દુ; આ મોટું શહેર તો જેને પૈસો અને ધંધો હોય તેને માટે છે. મને પણ અહીં એકલું એકલું અને ઉત્સાહ વગરનું લાગે છે. બનારસ પાછાં જવાનું મને મન છે. સંસારની માયાના બંધમાંથી છુટવું કઠણ છે પણ હવે મારે કાંઇ કરવાનું રહ્યું નથી. મારા જેટલી ઉમરનાંને ધર્માચરણ અને ભક્તિ એ જ યોગ્ય છે."

"તમે સંસારનાં કર્તવ્ય પૂરાં કર્યાં છે. અને તે પણ યથાયોગ્ય રીતે કર્યાં છે તેથી તમારૂં જીવન ધન્ય છે. તમારૂં આખું જીવન ભક્તિપરાયણતામાં જ ગયું છે એટલે બનારસમાં તમારાં આખરનાં વરસ જશે એ તમારાં સુકર્મને યોગ્ય જ છે. અમે તો જીવનના પ્રયાસની મધ્યમાં છીએ. તમારા જેવાનાં દૃષ્ટાંત અમને આપત્તિમાંથી પાર ઉતારે! કાલીના સારા સમાચાર છે ને?"

"ભગવાનની કૃપાથી સારી ખબર છે. જગન્નાથની દયાથી મારા જમાઇ જગતકીશોર આરોગ્ય થયા છે અને એ બધાં પાછાં બારદ્વાન આવનાર છે. મારા છોકરાનો પણ કોઇ કોઇ વાર કાગળ આવે છે પણ એ તો કલકત્તે આવવાનું કાંઇ લખતો નથી."

બિન્દુ કાંઈ બોલી નહિં.

"બિન્દુ, મને લાગે છે કે મારા છોકરાના પાછા આવતા સુધી હું હવે કલકત્તામાં નહિં રહી શકું. પરમેશ્વર એને સન્માર્ગ દેખાડશે. શરત હવે મોટો થયો છે. એને માનું કાંઇ કામ નથી. મારૂં સ્થાન અહિં નથી

પણ બનારસમાં છે. મારા વચ્ચે પડવાથી એને કાંઇ લાભ થવાનો નથી. ઉલટી કાંઇક હાનિ થઇ હોય તેમ લાગે છે."

બિન્દુએ ઉત્તર આપ્યો નહિં.

"ગમે તેમ હોય પણ હવે તરત બનારસ જવાનો મેં ઠરાવ કર્યો છે. તમને બધાંને કદાચ હમેશને માટે મૂકીને જતા પહેલાં તને અને સુધાને આશીર્વાદ દેવાને હું આવી છું. તમને મા વગરની છોકરીઓને મેં તમારી મા જેટલાં જ વહાલાં ગણ્યાં છે. તમને સુખી કરવામાં પ્રભુ મને સહાય થાઓ!"

આ પ્રેમભરેલાં વચનો સાંભળી બિન્દુ રોવા લાગી, પણ હજી તે કશું બોલી નહિં.

"સુકુમાર સુધા ક્યાં છે? એને બોલાવ. જતા પહેલાં એકવાર મને એને ભેટી લેવા દે અને એને આશીર્વાદ દેવા દે."

સુધાને બોલાવી એટલે તે આવી. શરતની માએ તેને તાલપુખરમાં જોઇ હતી તે કરતાં તે ઉંચી થઇ હતી અને સુકાઇ પણ બહુ ગઇ હતી. તેના મૃદુ ગાલ ફીક્કા થઇ ગયા હતા, તેની આંખ આગળ કાળા ડાઘ પડયા હતા, અને તેના હાથ લાંબા અને પાતળા દેખાતા હતા. તેના મુખપરથી બાળપણનું હાસ્ય જતું રહ્યું હતું અને સ્ત્રીના જીવનની ચિંતાની અને અકાળ દુઃખની છાપ તેની ભમરપર જણાતી હતી. આ ફેરફાર જોઇ શરતની મા ભયથી કંપી. સુધા નીચી નમી તેના પગને હાથ લગાડતી હતી ત્યારે શોકનાં કે પશ્ચાત્તાપનાં આંસુ તેની આંખમાંથી સુધાના વાળપર પડયાં.

રોતાં રોતાં તેણે કહ્યું, "મારી પાસે આવ, મારા અંતરમાંથી તને આશીર્વાદ દઉં. સુધા! થોડા મહીનામાં તું કેવી ફેરવાઇ ગઇ છે? અરેરે! છેક નાનપણમાં તને દુઃખ પડયું છે. તારૂં આ હસતું મુખ શોક માટે સરજ્યું હોય તેવું નથી, તેમ જ તારી મધુર આંખો અશ્રુ માટે બનાવેલી નથી."

રાત પડી એટલે બિન્દુ પોતાની બહેનને ત્યાં રહેવા દઇ પોતે છોકરાંને સુવાડવા ગઇ. તેલ વગરનો દીવો ચડ ચડ થતો બળતો હતો. સુધા નમ્ર અને ચૂપ થઇ એ વૃદ્ધ સ્ત્રીની પાસે બેઠી હતી અને તાલપુખરમાં હતી અને નાની હતી ત્યારે કરતી તેમ તે શરતની માની છાતીમાં ભરાઇ ગઇ હતી. આગળના વખતની અને આગળના બનાવોની સ્મૃતિ તાજી

થતાં શરતની માએ ધ્યાનમાંને ધ્યાનમાં તેને પોતાના હૃદયસરસી વધારે લીધી. સુધાની રાંક વિધવા મા એને તેડીને તેને ઘેર આવતી તે તેને સાંભરી આવ્યું. નાનાં છોકરાંમાં પોતાને કોણ હેતથી બોલાવે છે એ જાણવાની પ્રેરણા બુદ્ધિથી બાળક સુધા તેની પાસે આવતી તે તેને યાદ આવ્યું. નાની સુધાની મા મરી ગઇ તે પછી તે એના સ્નેહથી આશાપૂર્ણ, આનંદપૂર્ણ થઇ સાંત્વન પામતી તેનું એને સ્મરણ થયું. વળી વૈધવ્ય પ્રાપ્ત થયું ત્યારે પોતાના દુઃખથી કેવળ અજ્ઞાન સુધા તેના ઘરમાં બાળપણના આનંદ અને સ્નેહવડે ઉત્સાહ પ્રેરતી એ સર્વ તેને સાંભરવા માંડયું. જ્યારે તે બનારસ જવાની હતી ત્યારે તેને પગે વળગીને સુધા બહુ રોઇ હતી તે પણ તેને યાદ આવ્યું. આ મા વગરની કોમળ બાળા તેના સ્નેહ તથા પ્રેમને આધારે જીવતી હતી. હાલ પણ જે ત્રાસદાયક બનાવે તેની આશાનો વિચ્છેદ કર્યો હતો તથા તેના કોમળ જીવનનો વિનાશ કર્યો હતો તે ભૂલી જઈ બાળકના વિશ્વાસભર્યા અચળ પ્રેમથી તે તેને વળગી રહી. તે વૃદ્ધ સ્ત્રીના હૃદયમાં કાંઇક સાલવા લાગ્યું, અને તેના મનમાં દુઃખ ઉભરાઇ આવ્યું. તેણે તે છોકરીને હૃદયસરસી ચાંપી અને યાચનાના ઉદ્‌ગાર તેના મુખમાંથી નીકળ્યા. "હે ભગવાન ! જે બાળકને મેં ઉછેર્યું છે તેનો નાશ મારે હાથે તો નહિં જ કરૂં ! મારા અલ્પ જ્ઞાનથી મેં બહુ મોટો અપરાધ કર્યો છે. હે મારા પ્રભુ ! મને ક્ષમા કર, હું તારી દયા માગું છું."

પ્રકરણ ૨૦ મું.

આશ્વાસન.

કલકત્તાના દક્ષિણ પરામાં આદિગંગાને કાંઠે સુપ્રસિદ્ધ કાલીઘાટનું મંદિર આવેલું છે. એવું કહેવાય છે કે પહેલાં ગંગા નદીની મુખ્ય શાખા આ હતી. અને અહીં થઇને જ તે સમુદ્રને મળતી હતી. આ પવિત્ર નદીને કિનારે ઉપર કહેલું મંદિર બાંધવામાં આવ્યું હતું. ગંગા નદીનું વહેણ હવે બદલાઇ ગયું છે અને આદિગંગા નદી રેતીથી પૂરાઈ ગઇ છે. તોપણ એ સ્થાન પ્રથમના જેટલું જ પુણ્યમય ગણાય છે. અને હાલનું કલકત્તા શહેર, કાલીઘાટ એટલે કાલી માતાને ઉતરવાનું પવિત્ર સ્થાન એ શબ્દનો અપભ્રંશ છે.

આ જૂના દહેરામાં ઘણા ભક્તો ભેટ મોકલે છે. તહેવારને દિવસે કલકત્તાનાં બૈરાં ત્યાંના સાંકડા રસ્તા તથા બજારમાં ટોળેટોળાં થઇને જાય છે. તેઓ હજી પણ એ પવિત્ર નદીના સ્થિર પાણીમાં સ્નાન કરી રેશમી વસ્ત્ર પહેરી મંદિરમાં મૂકવાની ભેટ લઈ સ્તુતિ કરતાં કરતાં જાય છે. પૂજન-વિધિ પૂરો થાય છે એટલે બાકીના પૈસાથી ભૂખ્યાંને અન્ન આપે છે તથા અનાથને સહાયતા કરે છે. એવાં ક્ષુધાતુર તથા નિરાશ્રિત અસંખ્ય જનો આ પવિત્ર મંદિરની પાસે એકઠાં થાય છે.

શિયાળાની એક સુંદર સવારે શરતની મા પાલખીમાં બેસી આ મંદિર આગળ આવી. સૂર્ય હજી ઉગ્યો પણ નહોતો તેટલામાં તેણે સ્નાન-પૂજન કરી લીધું. પછી જે ગોરને સાથે લઇને તે આવી હતી તેની જોડે તે મંદિરથી તથા રસ્તા અને બજારથી ઘણે દૂર ગઇ, અને ઝાડ અને તાડમાં અદૃશ્ય થઇ ગઇ. એક ઝુંપડી આગળ આવી એના બારણા આગળ તે ઉભી અને ગોર અંદર ગયો.

એક વૃદ્ધ બ્રાહ્મણ એ ઝુંપડીમાંથી નીકળ્યો. સીત્તેર શિયાળા જોવાથી તેની ઉંચી કાઠી વળી ગઇ હતી. તેના વાળ ધોળા થઇ ગયા હતા અને યોગ્ય રીતે શિખા પાછળ વાળેલી હતી. દેવનાં નામ છાપેલું એક વસ્ત્ર તેના અંગપર હતું અને અંગને ટેકો આપવા સારૂ પાસે એક લાકડી હતી. તાલપુખરના ઘોસ કુટુંબનો એ ધર્મગુરુ હતો. તેની સાથે એક મધ્યમ ઉમરનો માણસ આવ્યો હતો. એની મુખમુદ્રાપર પવિત્રતા અને ધાર્મિક ઉત્સાહનાં ચિહ્ન હતાં. વાયવ્ય તરફના સાધુઓ પેઠે તેણે ભગવાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં. તેનું અંગ બળવાન તથા સુપ્રમાણ હતું. તેની આંખોમાં અદ્ભુત તેજ હતું. એના વાળ રાતા હતા અને તેની જટા બાંધી હતી. એ બનારસથી આવેલો બ્રહ્મચારી હતો.

શરતની માએ પોતાના ગુરુને ચરણે પડી નમસ્કાર કર્યા પછી પેલા બ્રહ્મચારીને પ્રણામ કર્યા. તેમણે તેને આશીર્વાદ દઇ ઉઠાડી અને તેને ઝુંપડીની અંદર લઈ ગયા.

તેણે પૂછ્યું, "પિતા આપ શરીરે સુખી અને શાંતિમાં છો?"

"ઇશ્વરકૃપાથી હું કુશળ છું. મારી પુત્રી, તું પણ કુશળ છે ને? તારાં સંતાન ખુશીમાં છે? તારા ઘરમાં સહુ સારૂં છે ને?"

"પિતા! દયાળુ પ્રભુએ મારૂં આયુષ્ય લંબાવ્યું છે. પણ આ સંસારમાં મનની શાંતિ થોડાંને જ મળે છે. હું કલકત્તામાં એકલી છું તેથા

બનારસમાં શાંતિમાં નિવાસ કરવા ઇચ્છા રાખું છું. મારો છોકરો અને છોકરી જમાઈ સાથે પુરી યાત્રા કરવા ગયાં છે."

"યાત્રા કરવા ગયાં તે સારૂં કર્યું. જગન્નાથ તેમને શરીરસુખ તથા સંપત્તિ આપશે. ભગવાનપર ભરૂસો રાખજે મારી પુત્રી, તારી વૃદ્ધાવસ્થામાં તને શાંતિ તથા સાંત્વન આપનાર એ જ છે."

"ભગવાન પરનો વિશ્વાસ એ જ મારા જીવનની આશા છે, પિતાજી. પણ સ્ત્રીનું હ્રદય ઘણી વખત સ્ખલન પામે છે અને સ્ત્રીની બુદ્ધિ ઘણી વેળા ભ્રમિત માર્ગે જાય છે. મારા કષ્ટમાં તમે મને સહાયતા કરશો તથા આ પવિત્ર બ્રહ્મચારી એમની સલાહ અને મદદ મને આપશે."

બ્રહ્મચારી બોલ્યો; "હા હું તમને ખુશીથી સલાહ આપીશ. બહેન, તમે મને કાશીમાં જોયો નહિં હોય પણ મેં તમને દીઠાં હતાં. તાલપુખરથી પણ હું અજાણ્યો નથી. અરે, કાલી, ઉમા અને બિન્દુ નાનાં હતાં અને પરણ્યાં નહોતાં ત્યારે હું તમને ઓળખતો હતો."

"એમાંથી બિન્દુ સુખી છે, એને બે છોકરાં છે. ઉમા તો પાછી થઇ."

"ઉમા ગુજરી ગઈ? એ તો આખા ગામનું ગર્વસ્થાન હતી અને એ તરફ સૌથી સુંદર ગણાતી હતી અને તેનાં ઓળખીતાઓનું આનંદસ્થાન હતી! તેની તેજસ્વી ચળકતી આંખો મને કેવી બરોબર સાંભરે છે! શું એ મધુર બાલિકા, એ મૃદુ કન્યાનું જીવન એટલામાં પૂરૂં થયું? બહેન, એ કેમ અને ક્યારે મૃત્યુ પામી?"

"એકાદ મહીના ઉપર એ ઘરમાંથી જતી રહી. તેને વરનું સુખ નહોતું. પોતાના દુઃખનું તે બહુ ચિંતન કર્યા કરતી હતી. એમ કહે છે કે આ દુઃખનો અંત આણવાને તે પવિત્ર નદીમાં પડીને મરી ગઇ."

"જ્યાં સુધી કોઇએ એને પડતાં નજરે જોઇ હોય નહિં ત્યાં સુધી એ હું માની શકું નહિં. કદાપિ કોઇ પુણ્ય મંદિરમાં ઇશ્વિરે તેને જગતની નજરથી ગુપ્ત રાખી હશે. જ્યાં સુધી એનું દુઃખ પૂરૂં થશે અને જે વાદળછાયાથી એના નવ જીવનમાં વિઘ્ન આવ્યું છે તે દૂર થતા સુધી એ ત્યાં રહેશે."

"ઓ બ્રહ્મચારી મહારાજ! ઇશ્વિર કરે ને તમારૂં કહેવું ખરૂં પડે; તો ઉમાની મા તમને આશિશ દેશે!"

"તે બ્રહ્મચારીએ આગળ વાત ચલાવી. બિન્દુને બે છોકરાં છે એમ તમે કહ્યું નહિં વારૂ? એ સુખી રહો. તાલપુખરની એ મધુરમાં મધુર,

વિનીત છોકરી મને કેવી બરોબર યાદ છે! એની એક નાની બહેન હતી ને, મેં જોઇ ત્યારે તો એ છેક બાળક હતી.”

“એ ઓછા ભાગ્યની છે. બાળપણમાં જ તે વિધવા થઇ.”

“ખરે, બહુ ખેદકારક વાત છે. જે સંસારમાં આવાં દુઃખનો સમુદાય છે તેમાં રહેવું કોને ગમે? ગરીબ માની ગરીબ દીકરી, સ્ત્રી થતા પહેલાં તો બાપડી વિધવા બની! ઇશ્વિરનું અગાધ ડહાપણુ છે તો એનું પણુ મંગળ એ કરશે.”

“આ તમારા બોલ પણુ ખરા પડો ભાઇ! આ છોકરી સંબંધે જ મારે તમારી તથા આ પવિત્ર ગુરુની સલ્લાહ લેવી છે. મારા મનને કષ્ટ થાય છે અને હું દુઃખ પામું છું. તમારી સલાહ અને સહાયતા માટે જ હું અહીં આવી છું.”

ગુરુ બોલ્યા, “બોલ બેટા, તું જાણે છે કે સંસારમાંથી તો હું વિરક્ત થયો છું એટલે મારી સલાહની ઘણી કિંમત નથી તથાપિ અમારાથી બનશે તેટલું કરીશું. નવદ્વીપમાં શાસ્ત્રસંપન્ન બ્રાહ્મણો રહે છે ને જગદ્‌વ્યવહારના વિષયો સંબંધી સલાહ આપે છે. દુનીઆદારીના પ્રશ્નોમાં ખરા ખોટા વિશે સલ્લાહ પૂછવાને ઘણા જણુ તેમની પાસે જાય છે. આ દુનીઆમાં મારે હવે થોડા દહાડા રહ્યા છે. હવે આ જીવનના અંત ભાગમાં શાંતિ પ્રાપ્ત કરવાના પ્રયાસ કરવા છે. એ શાંતિ ઐહિક જીવનની નથી.”

“માત્ર ઐહિક જીવન સંબંધી પ્રશ્ન હોત તો તમારા આ એકાંતમાં ભંગ પાડવા હું આવત નહિં. મારા દુઃખમાં આશ્વાસન માગવા હું આવી છું. તમે અમારા કુટુંબના ગુરુ છો, મારા સસરાના મિત્ર હતા અને મારા પતિના આચાર્ય હતા. મારે સહાયતા અને આશ્વાસનનો ખપ પડે ત્યારે તમારા સિવાય બીજા કોની પાસે હું જાઉં?”

“પુત્રી! રોઇશ નહિં. તારે માટે મારાથી બનશે તે હું કરીશ. બનારસથી આવેલા આ મારા મિત્રે શાસ્ત્રનું ઘણું અધ્યયન કરેલું છે, તું તેને ઓળખતી નથી પણુ એ તને અને તારાં સગાંને ઘણા વખતથી ઓળખે છે. તે પણુ યથાશક્તિ તને સહાય થશે. આટલું બધું તને લાગે છે તેથી જણાય છે કે તારૂં દુઃખ ભારે હોવું જોઇએ.”

“મારૂં કષ્ટ ભારે છે અને તે કેમ નિવેદન કરવું તેની મને સમજણુ પડતી નથી. બિન્દુની બહેન બાળપણુમાં જ વિધવા થઇ તેને વિશે આ-

બ્રહ્મચારી વાત કરતા હતા. હવે તે સ્ત્રીવેશમાં આવી છે અને મારા છોકરા શરતનું મન એના પર ચોંટયું છે તેથી તે એનું પાણિગ્રહણ કરવાને ઇચ્છે છે. આ લગ્નમાં તમે સંમતિ આપો તો તેઓનું જીવન સુખી થશે. એ લગ્ન કરવાની મના કરો તો આ જગતમાં તેમનું જીવન નષ્ટ થાય એમ છે."

આ પ્રશ્ન સાંભળીને તે વૃદ્ધ માણસ દિઙ્મૂઢ થઇ ગયો. શરતની મા પરણી ત્યારથી તે એને ઓળખતો હતો અને હિંદુ રૂઢિઓ અને સંપ્રદાયો ઉપરનો તેનો અત્યંત આદરભાવ પણ તે જાણતો હતો. તેના પોતાના પુત્રનું વિધવા સાથે લગ્ન કરાવવા વિશે તેને બોલતી સાંભળી તે આશ્ચર્ય પામ્યો.

"પુત્રી, તને ખબર નથી કે આપણો હિંદુ રિવાજ વિધવાઓના પુનર્લગ્નનો પ્રતિષેધ કરે છે? બ્રાહ્મણો અને પંડિતો તને એ પ્રમાણે જ કહેશે અને તું પોતે પણ તે જાણે છે."

"હાલનો રિવાજ મારે જાણવો હોત તો હું તમારી પાસે આવત નહિં. કેટલાક પ્રસંગ એવા આવે છે કે આપણે ચાલતી આવેલી રૂઢિથી વિરુદ્ધ માર્ગે—જો તે માર્ગ અપવિત્ર ન હોય તો—જવાની હામ ભીડવી પડે છે. આ આચરણ ધર્મ તથા ઇશ્વિરની નજરે જોતાં અપવિત્ર છે કે નહિં તે તમારા મુખથી જાણવા હું આવી છું. પિતા! આ સ્ત્રીના દુઃખ અને કષ્ટની વાત સાંભળો!"

પછી આંખમાં આંસુ સાથે તેણે બનેલી સર્વ હકીકત કહી. પોતાના ઘર તથા શરત સંબંધી, ઉમા અને તેની મા વિશે, અને હેમ, બિન્દુ અને સુધાની તમામ હકીકત કહી. બિન્દુ અને સુધા કેવી રીતે કલકત્તે આવ્યાં, ત્યાં શરત તેમની કેટલી બરદાસ હરરોજ કરતો, અને તેનું હૃદય કેમ આકર્ષાયું એ સર્વ વાત તેણે કહી. ઘણું રોતાં રોતાં તેણે સુધાની અપકીર્તિ કેવી થઇ હતી તે તથા શરતની આશાનો કેવો ભંગ થયો હતો તે પણ કહ્યું. તેના પોતાના જીવનના આ અંત સમયે અંધકાર ફરી વળતો તેને લાગતો હતો. એવે વખતે તેના ધર્મગુરુઓ તેને સહાય થઇ સલાહ આપે તથા આશાનું એક કિરણ દેખાડી આશ્વાસન આપે એવી તેણે વિનંતિ કરી.

તેણે કહ્યું, "અમે અમારા અલ્પ જ્ઞાન પ્રમાણે વર્ત્યા છીએ. પણ દુનીઆનો માર્ગ તે જ હમેશ સત્ય માર્ગ હોતો નથી. ઉમાની માએ પોતાની છોકરી બરદ્વાનના સૌથી ધનવાન માણસને પરણાવી અને હવે એ

રાત દહાડો મારી પાસે આવીને રૂએ છે. તેના હૃદયને આ મોટો ઘા છે. હું પણ કુલાભિમાન અને ખોટા ગર્વથી દોરાઇ તેની શિક્ષા મને થાય છે. દુનીઆ મને દુઃખમય લાગે છે. મારી આશા શરત અને કાલી તથા બિન્દુ અને સુધામાં ટકી રહી છે. એ બે છોકરીઓની મા મરતી વખતે મને એમને સોંપી ગઇ છે. મેં શરત અને સુધાનો વિવાહ તોડાવ્યો છે, પણ એક સ્ત્રીના ઉતાવળા આચરણથી તેમનાં કોમળ જીવનપર અંધકાર પ્રસરવા દેશો નહિં ! પિતા, ધર્મની આજ્ઞા શી છે તથા માતા તરીકે મારે શું કર્તવ્ય કરવાનું છે તે મને કહો."

તે પોતાના દુઃખની વાત કહી રહી એટલે અનુકંપાથી આર્દ્ર થઇ ગુરુએ અશ્રુપાત કર્યો. ગરીબ દુઃખી સુધાની નિંદા થાય છે એ સાંભળતાં બ્રહ્મચારીની આંખમાંથી જ્વાળા નીકળી. થોડીવાર બંને ચૂપ રહ્યાં.

ગુરુએ પોતાના જુવાન સોબતીને કહ્યું, "બોલ બેટા, બનારસના મંદિરોમાં શાસ્ત્રનું અધ્યયન તેં કરેલું છે, તેમ જ તેં સાધુસંન્યાસીઓને પવિત્ર મુખેથી ઉપદેશ પણ સાંભળ્યો છે. તારી નજર આગળ શાસ્ત્રમાંનું કાંઇ ગુપ્ત રહેલું નથી. આ વખતમાં ભાગ્યે જ જોવામાં આવે છે એવો તને સરસ્વતીનો પ્રસાદ મળેલો છે માટે આ તારી બહેનને માયા અને સ્નેહથી ઉત્તર આપ. આપણા વિચાર તું મારા કરતાં વધારે સારી રીતે નિવેદન કરી શકીશ."

"તમે શું જાણવા ઇચ્છો છો ? મારી શી મદદ તમે માગો છો ?"

"મારે એ જાણવું છે કે આ બે જણનો સ્નેહ અપવિત્ર કહેવાય કે નહિં, અને ઇશ્વિરે વિધવાઓના પુનર્વિવાહનો પ્રતિબંધ કર્યો છે કે નહિં."

"ઇશ્વિરની આજ્ઞા શી છે તે તેનાં કાર્યપરથી માત્ર આપણે અનુમાન કરી જાણી શકીએ છીએ. જે શબ્દથી પ્રકૃતિ ઇશ્વિરની ઇચ્છા દર્શાવે છે તેનો પ્રતિઘોષ માત્ર તે આપણાં શાસ્ત્રો છે."

"ભલે, આપણાં શાસ્ત્રોમાં શું કહેલું છે તે મને કહો ભાઇ."

"પરણેલી સ્ત્રીઓએ મૃત્યુ પામેલા પતિનું સ્મરણ કરી પતિવ્રતા રહેવું એવી શાસ્ત્રાજ્ઞા છે, પણ જો તેમની મરજી હોય તો ફરી પરણવાનો નિષેધ કર્યો નથી. સુધાની પેઠે જે બાલ્યાવસ્થામાં વિધવા થાય છે તેમને માટે તો પુનર્વિવાહ કરવાની શાસ્ત્રમાં સ્પષ્ટ આજ્ઞા છે. દયાળુ ઇશ્વિર એવા લગ્નનો પ્રતિબંધ કરતો નથી. એ તો આ દુઃખથી ભરેલા જગતનાં દુઃખમાં માણસો પોતાની મૂર્ખાઇથી વધારો કરે છે."

"ભાઈ તમારૂં કલ્યાણ થાઓ. કર્તવ્ય આપણને જે કરવાનું દર્શાવે તે કરવામાં રૂઢિ કે લોકના અભિપ્રાય આપણને રોકી શકવાના નથી."

"હા જેઓ સત્ય માર્ગે ગયા છે તેમને રૂઢિ અને લોકના અભિપ્રાય અટકાવી શક્યા નથી એ તમે જાણતાં હશો. તમે પૂજ્ય વિદ્યાસાગર વિશે સાંભળ્યું હશે. હાલના વખતમાં તો સર્વે વિદ્વાનોમાં એ વિદ્વાન છે; સહુ કરતાં ઉદાર તથા સર્વથી શુદ્ધ છે. વિદ્યાસાગરે દર્શાવ્યું છે કે આપણાં પવિત્ર શાસ્ત્રોને વિધવાઓએ હમેશ એ જ સ્થિતિમાં રહેવું એવો નિર્દય ચાલ સંમત નથી. અને આપણા ડાહ્યા રાજ્યકર્ત્તાઓએ વિદેશી છતાં હિંદુ વિધવાઓનાં લગ્ન કાયદા પૂર્વક છે એમ ગણનારો વાજબી કાયદો કર્યો છે. આ જમાનામાં ઘણી વિધવાઓએ લગ્ન કર્યાં છે અને પરણેલા જીવનમાં સદાચાર તથા આનંદમાં તેઓ રહે છે. તમારા પુત્રને એણે ઇચ્છેલી કન્યા સાથે પરણવા દો. એ શુદ્ધ નિર્દોષ લગ્નપર દયાનો પ્રેરક પ્રભુ કૃપાદૃષ્ટિ રાખશે!"

ગુરુએ કહ્યું, "બ્રહ્મચારી કહે છે તે યોગ્ય છે. જા, અને તેની આજ્ઞા પ્રમાણે ચાલ. દુનીઆ તો ગમે તેમ બોલશે! એવી નકામી નિંદાને તારે તથા મારે ગણકારવી ન જોઇએ એવો વખત આવ્યો છે. તારા પુત્ર તથા સુધા પ્રત્યે તારો ધર્મ છે તે બજાવ. કૃપાળુ પ્રભુ પોતે જ જ્યારે આશ્વાસન અને સુખનો માર્ગ ઉઘાડે છે ત્યારે એનાં બાળક આ જગત્માં દુઃખ પામે અને વિનાકારણ પીડાય એવી તેની ઇચ્છા હોય જ નહિં."

"તમારા સાંત્વનાના શબ્દથી તથા બ્રહ્મચારીના વચનથી મારૂં દુઃખ શમ્યું છે, મારા પર ભરૂસો રાખજો. આવી પવિત્ર સલાહની મદદથી એક મા પોતાનું કર્તવ્ય કેમ કરવું તે બરોબર સમજે છે. મારે હવે થોડું જીવવું છે. શરત અને સુધા પરણીને સુખી થાય એ મારી અંતની પ્રાર્થના છે."

પ્રકરણ ૩ જું.

એક રાજકુટુંબ.

બરદ્વાન શહેરમાં શોકની છાયા પ્રસરી રહી છે. બરદ્વાનની એક મોટી જાગીરનો રાજા—બંગાળાના મોટા જાગીરદાર રાજાઓમાંનો એક—

આખરના મંદવાડમાં છે અને તેને વારસ પુત્ર નથી. બજારમાં અને કચેરીમાં, ઘરમાં અને સભાઓમાં સર્વના મનમાં એ પ્રશ્ન ઉભો થયો છે કે રાજાના મરણ પછી એની પત્ની કોને દત્તક લેશે અને કોણ રાજા થશે. રાજાની મા એ દત્તક કરેલો પુત્ર કબુલ કરશે કે નહિં.

કોઇ મોટો જમીનદાર વારસ વગર મરી જાય છે ત્યારે આવા જ પ્રશ્ન આપણા લોકોના મનમાં ઉભા થાય છે. જો કોઈ અપુત્ર મરણ પામે તો તેની વિધવા દત્તક પુત્ર લઇ શકે છે એવી જૂની રીત છે અને બે હજાર વરસથી પ્રવર્તતાં હિંદુ ધર્મશાસ્ત્રોમાં એને સ્પષ્ટ અનુમતિ આપેલી છે. આ પ્રમાણે દત્તક લીધેલો છોકરો રીત રિવાજ તથા કાયદા પ્રમાણે ખરો વારસ છે. દત્તક લેનારના કુટુંબનો તેને ગણવામાં આવે છે, કુળની રીત મુજબ તેને શિક્ષણ આપવામાં આવે છે તથા સર્વ મિલકતનો તે માલિક થાય છે. આ સગવડ ભરેલી રીતથી સેંકડો વરસથી વંશ ચાલુ રહ્યા છે; વળી વિશેષ લાભમાં ઘણી અડચણો દૂર થઈ લડાઈ અને મારામારી અટકી છે. પુરાતન રોમની પેઠે જ હિંદુસ્તાનમાં જનસમાજ તે વ્યક્તિઓથી નહિં પણ કુટુંબોથી બનેલી છે. કોઇ કુટુંબનો મુખ્ય પુરુષ અપુત્ર મરી જાય તોપણ તેના મનને અંતને સમયે એમ સમાધાન રહે છે કે એણે પોતે દત્તક લીધેલા અથવા તેની સ્ત્રીએ દત્તક લીધેલા છોકરાના વડીલપણા નીચે એનું ઘર એની પછી ચાલશે. આ ઉપયોગી રિવાજ શાસ્ત્રસંમત છે. શાસ્ત્રમાં કહેલું છે કે જે કોઇ પોતાના પુત્ર કે દત્તક લીધેલા વારસ વગર મૃત્યુ પામે તેના આત્માને પિંડ મળતા નથી તેથી પરલોકમાં તે સુખ પામતો નથી.

બ્રિટિશ સરકારે આ રિવાજ કબુલ રાખ્યો છે એ ડહાપણ કર્યું છે. એક રાજ્યાધિકારીએ રાજગાદીના માલિક અપુત્ર મરે તેનાં રાજ્ય ખાલસા કરવાના લોભમાં એ રિવાજની અવગણના કરી હતી. આ જાણી જોઇને કરેલો અન્યાય ઇ. સ. ૧૮૫૭ ના બળવાના મુખ્ય કારણરૂપ બન્યો હતો. આ ત્રાસદાયક બનાવ પછી ઇંગ્લાંડનાં મહારાણીએ હિંદનું રાજ્ય પોતાને હસ્તક લીધું અને ઇ. સ. ૧૮૫૮ ના પોતાના જાહેરનામામાં રાજ્યકર્તા રાજાઓ તથા સરદારોને પોતાનો વંશ કાયમ રાખવા દત્તક લેવાનો હક પાછો બક્ષ્યો. બરદ્વાનના રાજાઓમાં એ રિવાજ પ્રચલિત હતો તેથી આ રાજા માંદો પડયો ત્યારે આ પ્રશ્ન કાંઈ નવો ઉભો થએલો નહોતો.

એક દિવસે સાંજે આ બાબત ઉપર મસલત કરવા શહેરના ત્રણ આગેવાન ગૃહસ્થો એક શાંત જગાએ મળ્યા હતા.

બરદ્વાનનો કમીશ્નર બરદ્વાન અને બીજા પાંચ જીલ્લા મળી એક કરોડ માણસની વસ્તીવાળા મુલકનો ઉપરી હોવાથી મોટો અધિકારી હતો. તે બરદ્વાનમાં રહેતો હતો અને દર વરસે પોતાના જીલ્લાઓમાં ફરતો. એ સર્વમાં યોગ્ય અને શાંત રીતે વહીવટ ચાલે છે કે નહિં તે માટે તે જવાબદાર હતો. એ બધી બાબતની તે જાતે તપાસ રાખતો તથા દરરોજના ઓફીસના પત્રવ્યવહારના ઢગલામાં દરેક પ્રશ્નનો નિર્ણય પંડે કરતો. કલકત્તાની સરકાર સાથે બારોબાર સંબંધ હોવાથી સરકારના હુકમ તરત જીલ્લાઓમાં ફેરવતો અને તે બરોબર પળાય છે કે નહિં તેની તજવીજ રાખતો. આખા દહાડાના અથાગ કામથી થાકેલો તે સાંજે મોડો પોતાને ત્યાં તેડેલા ગૃહસ્થોને મળવા દિવાનખાનામાં આવ્યો. ત્યાં ચ્હા પીવાનો હતો અને બરદ્વાનની મોટી જાગીર સંબંધી મસલત ચલાવવાની હતી.

રાજાનાં સગાં અને સંબંધીઓમાંથી સત્તાવાળો વન બિહારી અસાધારણ પ્રભાવવાળો પુરુષ હતો. આખા જીલ્લામાં તેના સરખો ઘોડે બેસનાર કોઇ નહોતો, કોઇને શિકારનો શોખ તેના જેવો નહોતો, અને સાંકડા રસ્તાપર ઝપાટાબંધ ચાર ઘોડાની ગાડી હાકવાની કુશળતા એના જેવી કોઇનામાં નહોતી. શિકારનો શોખ એનામાં કુદરતી જ હતો, અને ખાણાંમાં તથા નાચમાં આગળ પડનાર હતો. આ પ્રવીણ ક્ષત્રીના સ્વાભાવિક પ્રભાવનાં વખાણ ત્યાંની યુરોપીઅન સ્ત્રીઓ કરતી. આ ગુણો ઉપરાંત તેનામાં કામ કરવાનો ઉત્સાહ અને અનુભવી અમલદારોને છક કરી નાંખે તેવું ઓફીસનું કામ કરવાની શક્તિ હતી. આ સર્વને લીધે બરદ્વાનના મોટા રાજકુટુંબમાં તે આગળ જતાં કીર્તિવંત થાય તેવો હતો. એ જાગીરના વહીવટમાં તેને એક પદવી આપવામાં આવી હતી અને ત્યાંનું સરકારી કોઇ કામ તેની સલાહ લીધા વગર કરવામાં આવતું નહિં.

તેની સાથે આવેલો ગૃહસ્થ શાંત, વિચારવંત અને આગળ નહિં પડનાર હતો. તેનું શરીર નિર્બળ અને તેના વાળ જુવાનીમાં જ ધોળા થઇ ગએલા હતા. સત્યચરણ બરદ્વાનમાં સૌથી પ્રવીણ અને બંગાળાના શ્રેષ્ઠ વકીલોમાંનો એક હતો. તે થોડું બોલતો હતો અને તે પણ સવાલના જવાબમાં જ; અને ત્યારે પણ વિચારપૂર્વક ધીમેથી શરૂ કરીને બોલતો હતો. એ બધાંમાં મળનાર હળનાર માણસ નહોતો. સભાઓ તથા મેળાવડાઓમાં તે ભાગ્યે જ દીઠામાં આવતો. તે પોતાના કામમાં જ ગુંથાએલો રહેતો. પણ તેના કામમાં એનાથી ચઢિયાતો કોઇ નહોતો અને એની બરોબરી કરી

શકે તેવા થોડા જ હતા. શહેરના મોટા અધિકારીઓ કાયદા સંબંધી કોઇ કામ સત્યચરણની સલાહ વગર કરવાની હિંમત ધરતા નહિં તેમ જ બંગાળાના કાયદાના અધિકારીઓ પણ તેની કિંમત જાણતા તથા તેને માન આપતા.

નોકરો ન્હાનાં વાસણ લઇ ગયા પછી વાત ચાલી.

કમીશ્નરે કહ્યું, "આપણે છેક સંકડામણમાં આવી ગયા છીએ. મને લાગે છે કે બરદ્વાનના રાજ સંબંધી કાંઇ નવા જુની થશે ખરી."

વન બિહારી બોલ્યો, "હા સાહેબ, એમ જણાય છે ખરૂં, એ જાગીર-નો તમામ ઇતિહાસ અદ્ભુત બનાવોથી ભરપૂર છે."

"એમ જ છે. એ બસેં વરસનો ઇતિહાસ છે, નહિં?"

"હા, ઇ. સ. ૧૬૫૭ માં આબુરાય નામે મહાન પુરૂષ પંજાબથી અહીં આવીને વસ્યો અને બરદ્વાનની આ જાગીર સ્થાપી. કલાઇવે પ્લાસીની લડાઇ જીતી તે પહેલાં બરોબર સો વરસપર એ હકીકત બની હતી. પણ આબુરાયના પ્રપૌત્ર કૃષ્ણરામે એ જાગીરમાં ઘણો વધારો કર્યો તથા દિલ્હીના બાદશાહ પાસેથી એની સનદ મેળવી. એના વખતમાં બખેડો થએલો તેની હકીકત તો આપ જાણતા હશો કારણ કે તેને બ્રિટિશ રાજ્યના ઇતિહાસ સાથે સંબંધ છે."

"મને પૂરેપૂરી એ હકીકતની ખબર નથી. અમે તો અમારા પોતાના ઇતિહાસ કરતાં અમારી ઓફીસનું કામ–પત્રવ્યવહાર વિશે વધારે માહીતગાર છીએ."

"સુબાસિંહ નામના કોઇ માણસે બંડ કર્યું હતું, અને કૃષ્ણરામને લડાઇમાં માર્યો હતો. એ બખેડો થયો તે જ વખતે અંગ્રેજોને કલકત્તામાં કોઠી બાંધવાની પરવાનગી આપવામાં આવી હતી. આ બંડનો અંત અદ્ભુત વાર્તા પેઠે આવ્યો. સુબાસિંહ કૃષ્ણરામની છોકરીના રૂપપર મોહિત થયો હતો એવું કહેવાય છે અને તેને જોર જુલમથી તે પરણવા ઇચ્છતો હતો. પરંતુ એ ક્ષત્રિય કન્યા પોતાના બાપના શત્રુથી સંકોચ પામી અને તેને તે જ સ્થળે છરી ભોકી મારી નાંખ્યો."

"આની તો એક કથા રચાય તેવું છે. વન બિહારી તમે એ વિશે એક વાર્તા કેમ નથી લખતા?"

વન બિહારીએ હશીને કહ્યું, "લખવાનું કામ મને બહુ રૂચતુ નથી. મારા કરતાં એમાં વિશેષ કુશળ માણસોને એ મેં સોંપ્યું છે."

"તમે કહો છો તે સત્ય છે. તમે સ્વાભાવથી જ કામ કરવા યોગ્ય છો અને લેખક નથી. વળી હાલ તો તમારે ઘણું કામ છે. કૃષ્ણુરામ અને સુબાસિંહ બંને મરાયા પછી રાજ્યનું શું થયું તે મને કહો."

"કૃષ્ણુરામનો પૌત્ર કીર્તિચંદ આ વંશની ઉન્નતિ કરનાર મહાપુરુષ હતો. ઉત્તર અને પૂર્વના પ્રદેશના ઘણા કકડા તેણે પોતાના રાજ્યમાં જોડી દીધા. અનેલોક કહે છે તે ખરૂં હોય તો વિષ્ણુપુરના વૃદ્ધ રાજાને તેના જંગલના કિલ્લામાં પણ એણે સતાવેલો. કીર્તિચંદ પોતાના કુળની તેમ જ દેશની રક્ષા માટે તત્પર રહેતો હતો. મરાઠાઓ ચઢી આવતા તેમની સામેના ઘણા ઝઘડાઓમાં બંગાળાના મુસલમાન રાજ્યકર્તાને પણ તેણે ઘણી મદદ કરેલી. ૧૭૪૦ માં કીર્તિચંદ મરણ પામ્યો ત્યારે બરદ્વાન બંગાળામાં શ્રેષ્ટ પંક્તિનું રાજ્ય ગણાતું હતું."

"પછી ?"

વન બિહારીએ કહ્યું, "લાંબી વાતને ટુંકી કરીને કહું છું. કીર્તિચંદ પછી ત્રીજી પેઢીએ તેજચંદ આવ્યો. તેના વખતમાં અંગ્રેજો બંગાળાના વાસ્તવિક માલિક થયા હતા. વૉરન હેસ્ટીંગ્સના વસુલાત ઉઘરાવનારા અધિકારીઓ તેજચંદને તેના પૂર્વજોને ચઢાઇઓ કરનાર મરાઠા લાગતા તે કરતાં વધારે ઉગ્ર લાગ્યા. વખતસર ઉપજ ન ભરવા માટે બંગાળાના આવા જાગીરદારોને વૉરન હેસ્ટીંગ્સે કેદમાં નાંખેલા એ હકીકત તો આપને વિદિત હશે."

"અરેરે! વૉરન હેસ્ટીંગ્સ પોતે ઘણી સકડામણમાં આવી ગયો હતો તેથી આ જમીનદારો તરફ તેણે સખતાઈ ચલાવી હશે. એના પછીનો લોર્ડ કોર્નવાલીસ વધારે રહેમદીલનો હતો. એણે રાજ્યકારભાર ઘણો સુધારી દીધો હતો."

"લોર્ડ કોર્નવાલીસે ૧૭૯૩ માં સરકારનું મહેસુલ કાયમને માટે એક જ ઠરાવ્યું (પરમેનન્ટ સેટલમેંટ) તેથી બંગાળાના જૂના જાગીરદારોનો ઉદ્ધાર થયો. હવે જમીનની ઉપજમાં વધારો થાય તે લોકને મળે છે તેથી બંગાળા આ દેશના સર્વ પ્રાંતોમાં વધારે સમૃદ્ધિવાન છે."

કમીશ્નર હસ્યો. તેણે કહ્યું, "૧૭૯૩ ની કાયમના મહેસુલની વ્યવસ્થા તમારા જેવા જમીનદારોને સારી લાગે છે. પણ અમે બીજા દૃષ્ટિબિંદુથી જોઇએ છીએ. સરકારની માગણીને હમેશને માટે પરિમિત કરી દેવાથી

રાજ્યની ઉપજનું એક સાધન બંધ થાય છે અને સરકારના હકનો એ નિરર્થક વ્યય થાય છે એમ તમને નથી લાગતું? તમે જમીનદાર છો એટલે એ રૂપમાં તમે એ જોઇ શકતા નહિં હો. પણ સત્યચરણ જેવા વકીલ શું ધારે છે?"

આ બધો વખત સત્યચરણ ચુપચુપ સાંભળ્યા કરતો હતો. કમીશ્નરે જ્યારે તેનો અભિપ્રાય પૂછ્યો ત્યારે પહેલવહેલું જ તેણે મ્હો ઉઘાડયું અને ધીમેથી કહ્યું, "સાહેબ, સરકાર રૈયતના હિતકર્તા છે તેથી રૈયતના હિતથી વિરુદ્ધ તેમના હક હોઇ શકે નહિં."

"કબૂલ. પણ લોકોના હિત ખાતર પણ ખેતીવાડીમાં જેમ વધારો થાય તેમ સરકારી તીજોરીમાં પ્રતિદિન વધારો કરવો એ ડહાપણનું કામ છે એમ તમે નથી ધારતા?"

"ના સાહેબ, હિંદુસ્તાનમાં એમ ન જોઇએ એમ હું ધારૂં છું. અહીં હવે અમારો વણવાનો અને બીજો હુન્નર પડી ભાગ્યો છે, અહીંનો વેપાર ઘણો ખરો યુરોપીઅન વેપારીઓના હાથમાં છે; અહીંની ખાણો યુરોપીઅન નાણાંથી ચાલે છે. એટલે જમીનની ઉપજ એ જ માત્ર પ્રજાનો આધાર છે. હિંદની ચાર પંચમાંશ પ્રજા જમીનપર ગુજરાન કરે છે. સરકારનું મહેસુલ નિશ્ચિત હોય તો પ્રજા પોતાના ધનનું જે એક જ સાધન રહ્યું છે તેમાં વધારો થવાની આશા રાખી શકે. બંગાળામાં તમે એ પ્રમાણે કર્યું છે તેથી બીજા પ્રાંતોને મુકાબલે બંગાળા કાંઇક સમૃદ્ધિવાળું છે. મદ્રાસ, મુંબાઇ તથા ઉત્તર હિંદુસ્તાનમાં એ પદ્ધતિ તમે દાખલ કરી નથી તેથી એ સર્વ પ્રાંતો હમેશની દરિદ્રતામાં રહેલા છે."

કમીશ્નરે પૂછ્યું, "એ તમે શી રીતે સાબીત કરો છો સત્યચરણ?"

વકીલે ઉત્તર આપ્યો, "દુકાળનો ઇતિહાસ એ સિદ્ધ કરી આપે છે. કાયમના મહેસુલવાળા બંગાળામાં થોડા જ દુકાળ પડે છે. છેલ્લાં સો વરસમાં લોકના જાનને નુકસાન થયું હોય તેવો એકે દુકાળ પડયો નથી. બીજા પ્રાંતોમાં વારંવાર દુકાળ પડે છે અને લોકના જાનની બેસુમાર ખુવારી થાય છે. ૧૮૭૭ ના દુકાળમાં મદ્રાસમાં પચાસ લાખ માણસ મરી ગયાં હતાં."

"સરકાર પોતાનું મહેસુલ અમુકથી વધારે ન લે તેથી લોકોને શો ફાયદો થાય એ હું સમજી શકતો નથી. તેથી મારા મિત્ર વન બિહારી જેવા જમીનદારોને લાભ થાય ખરો. તેઓ પોતાની વધતી જતી ઉપજ એકઠી કરે છે અને યથેચ્છ ઉડાવે છે. પણ એકંદર પ્રજાને એથી શી રીતે લાભ થાય છે?"

"બંગાળાના જમીનદારોને જમીનની પેદાશના વધારામાંથી ઘણો થોડો ભાગ મળે છે સાહેબ. તેનો ઘણો ભાગ લોકને જ મળે છે અને લોક તેથી સારી અવસ્થામાં રહે છે. બંગાળામાં મધ્યમ વર્ગના અને હલકા વર્ગના લોકો પણ પોતાની સહેજસાજ મૂડી જમીનમાં નાંખે છે. વધારાની પેદાશનો થોડો ઘણો ભાગ સર્વને મળે છે. લોર્ડ કોર્નવાલિસનું આ રહેમભર્યું કાર્ય દૂરગામી પરિણામવાળું છે. તેનાથી થોડાં ઘણાં નહિં પણ લાખો મનુષ્યોનું સુખ સચવાઇ રહ્યું છે. લોર્ડ કેનીંગ અને લોર્ડ લોરેન્સ એ મોટામાં મોટા વાઇસરોય થઇ ગયા છે. તે બંને હિંદના સર્વ પ્રાંતોમાં કાયમનું મહેસુલ ઠરાવવાની પદ્ધતિના હિમાયતી હતા. એ યોજના અમલમાં આવી હોત તો વારંવાર દુકાળ પડત નહિં."

"સત્યચરણ તમારૂં કહેવું કાંઇક અંશે ખરૂં હશે. અહીંના જુદા જુદા વર્ગના લોકોની સ્થિતિ તમારા જેટલી હું જાણતો નથી, અને તમે કહો છો કે ઉંચીનીચી સર્વ સ્થિતિના લોકને જમીનની વધતી જતી પેદાશનો લાભ મળે છે તે વાત હું સ્વીકારવા તૈયાર છું. પણ એ લાભમાં સરકારનો પણ હીસ્સો કેમ ન હોવો જોઇએ તેનું કાંઈ કારણ બતાવો છો? તમે પોતે જ કહ્યું છે કે સરકાર રૈયતના હિત સારૂ છે તથા રૈયતના પ્રતિનિધિ છે. સરકારને જે વધારો મળે તે રૈયતના લાભ સારૂ વપરાય અને એક નહિં ને બીજા રૂપમાં રૈયતને જ પાછો મળે તેથી તેમનો વેપાર અને હુન્નર વધે."

"આ દેશમાં દુર્ભાગ્યે એ પ્રમાણે થતું નથી. અહીંથી દર વર્ષે બે ક્રોડ પાઉંડની રકમ ઇંગ્લાંડ મોકલવી પડે છે અને તેના અવેજમાં પ્રત્યક્ષ રીતે કાંઇ મળતું નથી. લોકો કર આપે છે તેમાંનો અડધો ભાગ બારોબાર પરદેશ જાય છે અને તેમાંથી લોકને ભાગ કાંઇ આવતું નથી. હાલમાં દુનીઆના બીજા કોઇ દેશને આ પ્રમાણે ખમવું પડતું નથી. આવો ઘસારો પ્રતિવર્ષ થયા કરે તો દેશમાં દરિદ્રતા વધતી જાય અને દુકાળ પડયા વગર કોઇ દેશમાં રહે નહિં. ગોલ, ઇજીપ્ત, સીસીલી અને પેલેસ્ટાઇનને દરિદ્રતામાં ડૂબાડી ધનસંચય કરવા માટે પ્રાચીન રોમની તમે અવમાનના કરો છો. અમેરિકા તથા નેધરલાન્ડસને લૂંટી દ્રવ્ય મેળવવા માટે સ્પેનની પણ નિંદા કરો છો. એ જ પદ્ધતિ ઇંગ્લાંડ હિંદમાં ચલાવે છે એમ તેને લાગતું નથી. હિંદને દરિદ્ર બનાવી દુકાળના મ્હોમાં મુકી જે દ્રવ્ય ઇંગ્લાંડ એકઠું કરે છે તેથી પ્રાચીન રોમ અને અર્વાચીન સ્પેન

જેટલું જ ઇંગ્લાંડનું શુભ થશે. મારા અભિપ્રાય કહું છું તે માટે આપ સાહેબ મને માફ કરશો. પણ બંને પક્ષને સરખા મહત્વનો આ વિષય છે તેથી બોલું છું."

"તમે તમારા વિચાર ખુલ્લા દિલથી જણાવો છો તેથી હું તમને પ્રશંસનીય ગણું છું. તમારા અને મારા વિચાર એક થાય એવું તો તમે ધારતા નહિં હો પણ કેટલીક બાબતમાં તમારૂં કહેવું વાજબી હશે એમ લાગે છે. હું કરકસર કરવાનો હિમાયતી છું અને પ્રતિવર્ષ જે ખાડો અહીંની તીજોરીમાં પડે છે તે હું પસંદ કરતો નથી. ચાલો હવે આપણે આજના મુખ્ય કામ સંબંધી વાત કરીએ. વન બિહારી તેજચંદ રાજાના વખતમાં લોર્ડ કોર્નવાલીસે કાયમના મહેસુલની પદ્ધતિ બંગાળામાં દાખલ કરી એ સંબંધી હકીકત કહેતા હતા."

"હા જી. હવે મારે થોડું જ કહેવાનું રહ્યું છે. ૧૮૩૨માં તેજચંદ મરણ પામ્યો તે વખતે કોઈ ખોટો હકદાર ઉભો થયો, તે માટે કેસ કોરટે ચઢયો હતો અને ઇંગ્લાંડના ટીચબોર્નના કેસ કરતાં પણ વધારે લોકમાં જાણીતો થયો હતો. એ ખોટો હકદાર હાર્યો અને દત્તક લીધેલા છોકરા માહતાબચંદને વારસો મળ્યો. આ મોટી મીલકતના માલિક તરીકે તેણે કુશળતાથી વહીવટ ચલાવ્યો; સોંતલના બંડ વખતે ઇ. સ. ૧૮૫૫ માં તથા ૧૮૫૭ ના બળવા વખતે વફાદારીથી તેણે સરકારને મદદ કરી હતી; ઇ. સ. ૧૮૬૪માં સરકારે તેને વાઇસરોયની કાઉન્સીલના મેંબરની માનનીય જગાએ નીમ્યો. આ સર્વ હકીકતથી આપ વાકેફ છો. આ પ્રતિષ્ઠિત પુરુષ ગુજર્યા પછી હાલનો રાજા તેની ગાદીપર આવ્યો. આ રાજાની રીતભાત ગયા રાજાથી તદન વિરુદ્ધ છે. જે ટુંક મુદત એની સત્તા રહી તેટલામાં તેણે તેનો દુરુપયોગ કર્યો અને પોતાના જ દુરાચારને પરિણામે અકાલે મરણશય્યાપર પડયો છે."

"ખરેખર, વન બિહારી, આ ખેદની વાત છે અને આપણુ સર્વ તેથી દીલગીર છીએ. માહતાબચંદ જેવા સારા સર્વ જાગીરદારો થાય એવું બ્રિટિશ સરકાર ઇચ્છે છે. જે છોકરાને દત્તક લેવામાં આવે તેને નાનપણથી યોગ્ય શિક્ષણ મળે એવી આશા રાખીએ છીએ. કોને દત્તક લેશે તે તમને કાંઇ ખ્યાલમાં છે?" આમ કહીને કમિશ્નરે પોતાની તીવ્ર આતુર નજર વન બિહારી તરફ નાંખી.

પણ એ કાંતિમાન ક્ષત્રીના શાંત અભેદ્ય મુખ પરથી કાંઇ હકીકત

જણાઇ નહિં. તેણે ઉત્તર દીધો, "એ તો નાની રાણીની મરજી ઉપર છે. અથવા રાણીમાતાની ઇચ્છા ઉપર છે. તે દૃઢ મનની છે અને તેની વહુ તેના અભિપ્રાય પ્રમાણે ચાલે છે."

"રાણીમાતા સારો છોકરો જોઇને પસંદ કરશે કેની?"

"હા જી. હું એમ ધારૂં છું. મરહૂમ માનનીય તેજચંદને યોગ્ય એ મોટા દિલની બાઈ છે. નાનપણથી હું એ કુટુંબને આધારે હતો તે વખતથી મને એ ઓળખે છે અને મને બહુ સારી રીતે રાખતાં હતાં. મારા તરફની એમની લાગણી વખત જતાં કદાચ બદલાઇ હશે; પણ એને વિશે હલકું મારા મુખથી બોલી હું અધર્મ નહિં કરૂં."

"વન બિહારી, તમારા સરખાને એવી જ વર્તણુક લાયક છે. પણ આપણે મુદ્દાપર એકદમ આવીએ. તમારે એક છોકરો છે. બરદ્વાનમાં એના જેવો કાન્તિમાન છોકરો ભાગ્યે હશે. તમે રાજાની જાત અને કુળના છો. લોકવાયકા એવી છે કે રાણીની નજર તમારા એ પુત્ર તરફ આકર્ષાઇ છે, તેથી તેને જ વખતે ખોળે લેશે. એ તમારા હાથ તળે જ શિક્ષણ લેશે અને મરહૂમ તેજચંદ સરખો પ્રતાપી રાજા થશે. મારી કલ્પનામાં કાંઇ અસંભવિત જેવું લાગે છે?" એમ કહી કમીશ્નરે ફરીથી તેની તરફ દૃષ્ટિ ફેરવી.

પણ વન બિહારીના મુખપર કાંઇ વિચાર જણાઇ આવતા નહોતા. પહેલાંની પેઠે જ તેનો ચહેરો દુર્ગમ્ય રહ્યો. તેણે કહ્યું, "મારા છોકરા તરફ મોટાં રાણી ભાગ્યે જ મમતા રાખતાં હોય. જો નાની રાણી એને દત્તક લેવાનું કબૂલ કરે તો કોરટે ચઢી એની સામાં થાય એમ હું ધારૂં છું."

"પૈસાથી કાંઇ માર્ગ સરલ થાય તેમ છે? રાજાની તીજોરી ભરપૂર છે એમ મેં સાંભળ્યું છે. પોતાની પસંદગીના છોકરા હોય તો તેને દ્રવ્યથી સંતોષે અને તમારા છોકરાને દત્તક લેવા દે."

"મોટાં રાણી ઉદાર દિલનાં છે અને પૈસાને તો પગની રજ સમાન ગણે છે. રાજ્યનું તમામ ધન એમને આપવાનું કોઇ કહે તો તે સર્વ પોતાના ભાઇને કે બીજા કોઇ સગાને આપી દે. એ ધર્મપરાયણ છે તેમને પૈસાની ગરજ નથી. ધનની સત્તા તેમના પર બીલકુલ નથી."

એ પછી એક કલાક વાત ચાલી પણ કશા નિશ્ચય પર કોઇ આવ્યું નહિં. આખું બરદ્વાન નાની રાણી કોને દત્તક લેશે તે જાણવાને ઉત્સુક

થઇ રહ્યું હતું. ઘરને ખુણે અને વકીલોની ઓફીસોમાં કયા કયા છોકરાને ગાદી મળવાનો સંભવ છે તે ઉપર ચર્ચા ચાલતી હતી. એ બાબત ઉપર શહેરમાં બે પક્ષ પડયા હતા. રાણીના નિર્ણય માટે બંને આતુર હતા.

કમિશ્નર પણ શો નિર્ણય થશે તે માટે ઉત્સુક હતો. ઉઠતે ઉઠતે તેણે વન બિહારી અને સત્યચરણને કહ્યું, "જેને દત્તક લે તેને એનાં કર્તવ્યને ઘટતી કેળવણી આપવાની કાળજી રાખવી પડશે. સગીર ઉમરનો છોકરો મોટો થાય ત્યાં સુધી તેની મિલકતનો વહીવટ સરકાર કરે છે. તેને યોગ્ય શિક્ષણ મળે તેની સંભાળ સરકાર લેશે કે જેથી જમીનદારને માથે જોખમદારી ભરેલી ફરજો રહેલી છે તે બજાવવાને લાયક એ થાય."

પ્રકરણ ૪ થું.

સાંજની મીજલસ.

કમીશ્નરને ત્યાંથી ઉઠીને વન બિહારીએ જગતકીશોરને ઘેર ગાડી લેવડાવી. જગતકીશોરે તેને અને બીજા થોડા મિત્રોને પોતાને ઘેર તેડી મેળાવડો કર્યો હતો. પુરીથી આવીને જગતકીશોર ઘણો ફેરવાઇ ગયો હતો. તેની તન્દુરસ્તી સુધરી ગઇ હતી તેથી તેનામાં જુવાની અને બળ આવેલાં લાગતાં. તેના વડીલોના ઘરમાં એના ભાઇઓ અને કાકીઓ રહેતાં હતાં. પણ તે પોતે શહેરના ખુલ્લા ભાગમાં એક બગીચાવાળા પોતાના નાના ઘરમાં પોતાની પત્ની સહિત રહેતો હતો. રાણીગંજના દાક્તરે તેને આ પ્રમાણે કરવાનું કહ્યું હતું અને તેની સલાહ પ્રમાણે વર્તવાનું તેને યોગ્ય લાગ્યું હતું.

જગતકીશોરની એની પત્ની તરફની વર્તણુકમાં પણ ઘણો ફેર પડયો હતો. તેના મંદવાડમાં જે ધૈર્યથી તેણે સંભાળ લીધી હતી અને ચાકરી કરી હતી તે જોઇ તેનું અંતઃકરણ આર્દ્ર થયું હતું, અને આગળ કદી નહિં થએલો એવો ભાવ તેના હૃદયમાં થયો હતો. આખી સાંજ તે એના ખાટલા પાસે બેસી રહેતી; તેને સારૂ નાના પ્રકારની હલકી ખાવાની ચીજો તૈયાર કરતી, અને તેનો હસ્ત ઝાલી તેને ઉંઘ આવતા સુધી મૃદુ સ્નેહપૂર્ણ વાતો કરતી. રાતમાં જાગી ઉઠે ત્યારે તે તેને તપાસતી જાગતી બેઠેલી

હોય અથવા પથારીને છેડે થોડો આરામ લેવા સુઇ રહી હોય. સવારના પહોરમાં તેને ખોરાક આપતી અને તેની ચાકરી કરતી. પોતાના સુખ કરતાં તેના સુખ અને જરૂરીઆતોનો પહેલો વિચાર કરતી. પતિના હૃદયમાં આથી સ્નેહ ઉત્પન્ન થયો હતો અને આવી પતિભક્ત, અનુરક્ત પત્નીને માટે કોમળ પ્રેમની ઊર્મિ થઇ હતી.

તે વીસ વરસની યુવતી થઇ હતી અને જે જૂદા ઘરમાં તેઓ રહેતાં હતાં તેની શેઠાણી હતી. તેનો પતિ તેની પાસે ઘણો વખત રહેતો, પોતાના દરેક કામમાં તેની સલાહ લેતો અને તેની પ્રેમમય વાતચિત સાંભળવામાં આનંદ પામતો. તેઓ એક બીજાનાં મન આગળ નહિં સમજેલાં તેવાં સમજવા લાગ્યાં હતાં અને એક બીજા તરફ આકર્ષાતાં હતાં. આપણા દેશમાં પ્રેમનો ઉદ્‌ભવ લગ્ન પછી આ રીતે જ થાય છે. નવ વધૂ સ્ત્રી વેશમાં આવે છે અને ઘરની ધણીઆણી થાય છે ત્યારે આજ્ઞાકારી છોકરીના અનુરાગમાં સ્ત્રીનો સુકોમળ અને ગાઢ પ્રેમ ભળે છે. આવી રીતે ઉદ્‌ભવેલો પ્રેમ જીવનના અંત સુધી રહે છે. પોતાની કુમળી વયમાં શીખેલો, પતિ પ્રત્યેનો ધર્મ સ્ત્રી કદી ભૂલતી નથી. પતિ પણ જે બાળક કન્યા તેના ઘરમાં આવેલી અને જેના જીવનનું વલણ પોતે જ ઘટાવેલું અને જે પોતાની નજર આગળ સ્ત્રી રૂપમાં ખીલી હોય તેને હૃદયમાં પ્રેમથી પોષે છે.

બહારના ખંડમાં જગતકીશોર એના માનવંત મિત્રમંડળને મળતો હતો તે વખતે કાલીને મળવા અને પુરીની જાત્રા કરી આવ્યાં માટે ધન્યવાદ આપવા ઘણાં બૈરાં આવ્યાં હતાં. વન બિહારી જેની સત્તા અને ઓળખાણ દિવસે દિવસે વધતા જતાં હતાં તેનો માનભર્યો સત્કાર જગતકીશોરે કર્યો. બીજા મિત્રો એક પછી એક આવતા તેમના પ્રત્યે પણ તેણે તેવો જ વિવેક અને આદરભાવ દેખાડયો.

વન બિહારી સાથે એક ખુણામાં બેસીએ તેને એ ખરા મનથી આવકાર આપતો હતો. એટલામાં તે વિશાળ ખંડમાં સંગીતના સ્વર શરૂ થયા.

તેણે કહ્યું, "લાલાસાહેબ, (વન બિહારીને એના મિત્રો એ નામથી બોલાવતા) તમે મને ફરીથી મળ્યા તેથી હું બહુ ખુશી થયો છું. બારદાનથી ગયો ત્યારે જીવતો પાછા આવવાની આશા નહોતી."

"તમને સાજાતાજા પાછા આવેલા જોઇને ઉલટા અમે ખુશી થયા છીએ. તમને હજી ચાળીસ વર્ષ પણ થયાં નથી. હજી બીજાં ઘણાં વર્ષ

તમે જીવો એવી આશા અમે રાખીએ છીએ. હવાફેર અને મુસાફરીથી તમને બહુ ફાયદો થએલો લાગે છે. અગાઉ કરતાં તમે જુવાન દેખાઓ છો."

"હા, લાલાસાહેબ આ પ્રવાસથી મને ફાયદો થયો છે. જે લોકો કદી ઘર છોડીને નીકળતા નથી તેમને જાત્રાએ જવાની ફરજ પાડવામાં ધર્મનું કાર્ય કરાવવા ઉપરાંત આગળના ડાહ્યા પુરુષોની કાંઇ વિશેષ મતલબ રહેલી છે. એનાથી હવાફેર થાય છે, મુસાફરી કરાય છે, નવાં સ્થાન જોવાય છે અને તે સર્વથી આપણી તંદુરસ્તી સુધરી આયુષ્યમાં ઉમેરો થાયછે."

"હા મારી પણ એ ખાત્રી છે. મેં સાંભળ્યું છે કે તમારાં પૂજ્ય માતુશ્રી હવે પુરીમાં રહેવાનાં છે."

"હા, પણ અમને એની ખોટ બહુ પડે છે. પણ હવે એનો અંતનો વખત એ શાંતિમાં રહે એ એક ફાયદો છે. મોટા ઘરની વ્યવસ્થા અને ચિંતાથી એની તબીયત બગડવા માંડી હતી. પુરીમાં એ વધારે સુખમાં રહી લાંબો વખત જીવશે. અમને કાગળ લખતાં રહેશે."

"ખરી વાત છે. મેં સાંભળ્યું છે કે તમારાં પત્નીને પણ જાત્રા ઘણી માફક આવી છે. પણ એમની સાથે પેલી પહાડી છોકરી કયાંથી લઇ આવ્યાં છે? તે બૈરી છે નહિં વારૂ? તેનો ચહેરો સારા ઘરની હિંદુ સ્ત્રી જેવો ઘાટમદાર છે. તમારાં પત્નીની સેવા કરવા માટે એનાથી સરસ છોકરી કોઇ નાતની ભાગ્યે મળત."

"હા એ બૈરી છે. બાંકુરામાંથી મારી સ્ત્રીએ તેને આણી છે. એની પોતાની હકીકત કાંઈ છે. તેને તજી દીધેલી છે અને એનું કોઇ નથી. પોતાને ભૂલી જનાર ધણીની ખોળ કરવા એ આવી છે."

"આવી મધુર કન્યાને ભૂલી જાય તેવો ધણી કોણ છે?"

"લાલા સાહેબ, એ બાબત જ હું તમારી સાથે વાત કરવાનો હતો. રાજાના બગીચાનો માળી માધુ એનો એકદર વર છે. તમારા એ નોકર પર તમારો અમલ ચલાવી એની સ્ત્રીને પોતાને ઘેર રાખે એટલું તમારે કરવું પડશે."

"એમ કરવામાં કાંઈ સત્તા વાપરવાની જરૂર પડે તેવું નથી! માધુને એની આ સ્ત્રી મળે તો સુખી થાય. હવે મને સાંભરે છે કે બાંકુરાથી પોતાની સ્ત્રીને તેડી લાવવાનું ઘણીવાર એ કહે છે. પણ આ અનાર્ય લોકો કેવા હોય છે તે તો તમે જાણો છો. એ લોકો બેદરકાર અને રખડેલ હોય છે. દૂર રહેલી સ્ત્રી કરતાં પીઠું તેમને વધારે વહાલું હોય છે."

" એ સંબંધે અમે એ છોકરીને ખાતરી આપી છે. એની બાપડીનું ભરણપોષણ એને કરવાનું છે તેથી પોતાનો પગાર એ દારૂ પીવામાં ઉડાવે નહિં એ બાબતની સંભાળ રાખવી પડશે. "

" એ કામ એની બૈરીને સોંપજો. એવા દેખાતા મધુર ચહેરાવાળાં ઘણી સબળ ઇચ્છાશક્તિવાળાં હોય છે, અને ઘણા કોમળ હસ્ત સખતાઇથી પ્રચંડ, આડા ધણીઓને વશ રાખે છે અને તેમની પાસે દયા માગવાને કાલાવાલા કરાવે છે. આ બૌરી સ્ત્રી પોતાના ઘરમાં સ્ત્રીના હક દાખલ કર્યા વિના રહે તો જાણજો કે હું ચહેરાના દેખાવનો પરીક્ષક નથી. બાંકુરાથી આટલે દૂર પોતાના અપરાધી ધણીને શોધી કાઢવા જે આવી છે તે તેની સાથે કેમ વર્તવું તે જાણતી જ હશે. માધુ હવે પીઠામાં જાય તો એના ભોગ મળ્યા સમજજો ! "

"લાલા સાહેબ, મારા મિત્ર હેમચંદ્ર ઉપર મહેરબાની કરીને રાજાની મિલકતના વહીવટનું કામ તમે આપ્યું છે તે માટે હું તમારો પાડ માનું છું. એ પ્રમાણિક અને લાયક માણસ છે. પણ બહુ આગળ પડનાર નથી. કલકત્તામાં છ મહીના રહ્યો પણ એને કાંઇ ઉદ્યમ મળ્યો નહિં. તમે એને મદદ કરી છે તથા એના પર વિશ્વાસ રાખ્યો છે તેને લાયક એ જરૂર નીકળશે. હું એને સારી પેઠે ઓળખું છું. "

" આવા લાયક માણસની ભલામણ તમે મને કરી માટે હું તમારો આભારી છું. રાજ્યની મિલકતના વહીવટનું કામ મેં કર્યું છે તેથી માણસની પરીક્ષા કાંઇક હું કરી જાણું છું. હેમચંદ્ર જેવો માણસ મને ભાગ્યે મળ્યો હશે. એના હાથમાં કામ આવ્યા પછી જ્યાં તમામ અવ્યવસ્થા હતી તે આખું પરગણું ઠેકાણે આવી ગયું છે અને રાજની મહોરવાળા દસ્તાવેજ કરતાં એના મ્હોના વચન ઉપર લોકને વધારે ભરૂસો છે. જાગીરમાં અવ્યવસ્થા થાય તો જાગીરદાર અને તેના નોકરોનો દોષ હોવો જોઇએ એમ મને લાગે છે. આપણા દેશના ખેડુતો પાસે માયાથી કામ લેવામાં આવે અને તેમને ઇનસાફ મળે તો હિંદુસ્તાનના ખેડુતો જેવા ગરીબ ખેડુત દુનીઆમાં બીજા કોઇ નથી. "

" આ તમારા નવા કામદાર જેવો માયાળુ અને ન્યાયી માણસ તમે બધે શોધો તો પણ જડે તેમ નથી. તાલપુખરનું એનું ઘર તો એક ન્યાયની કચેરી બન્યું છે. ગામડાના લોકોની બધી તકરારો એ પતાવે છે. એ પરગણામાં થોડાને જ કાયદાનો આશ્રય લેવો પડે છે હેમની વહુને

પણ અમે ઓળખીએ છીએ. એના જેવી સુશીલ અને સમજુ સ્ત્રી થોડી જ હશે. કોઇ કોઇ વાર મૂર્ખ ખેડુતો શીમાડા માટે કે ઢોરને ચરવાની જગા માટે માંહોમાંહે વઢે છે ત્યારે તે એમના વૈરાંને બોલાવી કોણ જાણે શી રીતે સમજાવી દે છે કે તકરારનો નિવેડો એકદમ આવે છે અને પેલા મૂ-ર્ખાઓને નવાઇ લાગે છે કે આપણે શા માટે લઢતા હતા."

"એ ખરે લાયક જોડું છે. બરદ્વાનના રાજાના અમલદારોનો વિ-શ્વાસ એમનાપર સતત્ રહે ને એ દીર્ઘાયુ થાય! પણ એ ઉપરથી હેમ-નો મિત્ર તમારો સાળો શરત સાંભરી આવ્યો. એનું શું થયું?"

"એ અમારી સાથે પુરી આવ્યો હતો. ઓરિસ્સાના એક રાજા અમને બાલાસોરમાં મળ્યા હતા તેમને એ પસંદ પડવાથી પોતાના રાજ્યમાં એને લઇ ગયા. એ ઉત્સાહી યુવક છે. નવાં સ્થળ અને નવું કામ એને બહુ ગમે છે. રાજ્યના ઘણા અન્યાય એણે દૂર કર્યા છે અને રાજ્યકારભારમાં સુધારો કર્યો છે એમ કહે છે. રાજ્યના તમામ મુલકમાં એ ફરે છે; જંગલ અને જંગલી એકાંત માર્ગમાં ભમવું એને ગમે છે. ત્યાંના અડધા જંગલી સરદારો અને શિકારીઓ તેને ભાઇબંધ ગણે છે, તેને પોતાના દિલની વાત કહે છે અને રાજ્યાધિકારી તરીકે તેનાપર વિશ્વાસ રાખે છે."

"શરતનું કામ વખાણવા લાયક છે. ઉત્સાહ અને દૃઢ સ્વભાવવાળા તથા જીવનમાં નવા માર્ગ ગ્રહણ કરે તેવા મનુષ્યોની બહુ જરૂર છે. પણ શરત ઘર, મિત્ર, અને તમારાં પત્ની—એની બહેન—એ સર્વને તજીને બ-હાર ફરે છે, તે જંગલના જીવનના મોહને લીધે છે એમ નક્કી તમે જાણો છો? લોકવાયકા ખરી હોય તો એ સર્વની પાછળ કાંઇ પ્રેમકથા રહેલી છે, અને પ્રેમમાં આશાનો ભંગ થવાથી આમ એ ફરતો ફરે છે."

"તમારા સાંભળવામાં એ વાત આવી દેખાય છે, લાલા સાહેબ. મને થાય છે કે તમને બધી વાતની ખબર ક્યાંથી મળે છે અને બધું તમને શી રીતે સાંભરે છે!"

"મારી સ્થિતિ ભયરહિત નથી. મારા સભ્ય દેખાતા અને હસતું મ્હો રાખનારા મિત્રોમાં કેટલાક એવા છે કે વન બિહારીની પડતી કાલ થાય તો તેઓ રાજી થાય. આ કારણથી મારે મારી આંખો અને કાન ઉઘાડા રાખવાની જરૂર પડે છે. તમારી કલ્પનામાં પણ ન આવે એવે સ્થળેથી મારી પાસે વાતો આવે છે."

"એમ જ હશે. મારા સાળાના સંબંધમાં એવું થયું કે હેમની સ્ત્રીની

બહેનના પ્રેમપાશમાં એ કલકત્તામાં પડયો. પણ એ વિધવા છે અને આપણા રિવાજ પ્રમાણે વિધવાથી ફરી લગ્ન કરી શકાય નહિં."

"પણ હાલ આપણા વખતમાં તો વિધવાઓએ લગ્ન કર્યા છે. વિદ્વાનો કહે છે કે આપણાં ધર્મશાસ્ત્રોમાં એની છુટ આપેલી છે અને ઘણીક બાળ વિધવાઓનાં માબાપ એ છુટનો લાભ લે છે. એની સાથે લગ્ન કરવાની શરતની મરજી જ છે તો શા માટે કરવા દેતા નથી ? આવી મનોભાવની નિરાશાને લીધે એક જુવાન માણસનું જીવન અફળ જાય એ તો ખેદની વાત છે."

"તમે સુધારાવાળા પેઠે બોલો છો લાલા સાહેબ !"

"ના, દુનીયાદારીના વ્યવહારમાં કુશળ માણસ તરીકે હું બોલું છું. જગતકીશોર ! આપણાં શાસ્ત્રો માટે મારા જેટલો આદરભાવ કોઇને નહિં હોય. પણ તેઓ આપણને સુમાર્ગે દોરવાને રચવામાં આવ્યાં હતાં. આપણને બંધનમાં નાંખવા નહોતાં રચ્યાં. આજ જ્યારે આખું જગત્ આગળ વધે છે ત્યારે આપણે પણ વધવું જોઇએ. જગતકીશોર, મારૂં કહ્યું માનજો, આપણી વિરુદ્ધ ગમે એટલું બોલવામાં આવે છે પણ આપણે વ્યવહારકુશળ પ્રજા છીએ. આપણે સ્થિર રહેલા નથી પણ ધીમે ધીમે સંભાળ રાખીને આગળ પગલું ભરીએ છીએ. રામ મોહન રાયના વખત પછી આપણા રીતરીવાજોમાં હાલના વખતને અનુસરતો જે ફેરફાર આપણે કર્યો છે તેવો થોડી જ પ્રજા કરી શકે. સંસારિક બાબતોમાં આપણે જૂના વિચારને વળગીને આગળ ચાલનારા છીએ."

"તમે કહો છો તે બધું ખરૂં છે લાલા સાહેબ, પણ જેમના અભિપ્રાય માનનીય છે એવા ઘણા હજી વિધવાવિવાહ તરફ અરુચિ દેખાડે છે."

"શરતના વિચાર માટે કોણ વાંધો લે છે ? તમારાં માતુશ્રી ?"

"ના ના, સંસારના વિષયોમાંથી હવે તેમણે લક્ષ ખસેડી દીધું છે. જગન્નાથના પુણ્ય તીર્થમાં ઇશ્વરભક્તિમાં એમનું ચિત્ત લાગ્યું છે."

"ત્યારે શરતની મા વાંધો લેતાં હશે ?"

"હા, મારાં સાસુ બનારસથી આવ્યાં અને એ વિવાહ તોડી નંખાવ્યો. એથી જે દુઃખનું કારણ પોતે થયાં તે તેમણે જાણ્યું અને પછીથી મન ફેરવ્યું છે. સાધુ સંતોની સલાહ તેમણે લીધી અને હવે અમને ખાસ

આજ્ઞા કરી છે કે લગ્ન એકદમ કરવું અને શરતે પોતાની નવ વધૂને લઇ બનારસ તેમનો આશીર્વાદ લેવા જવું. કલકત્તેથી પાછાં એ બનારસ ગયાં છે."

"ત્યારે હવે હરકત શેની રહી છે? તમારાં પત્નીને એમનો ભાઇ વિધવા સાથે લગ્ન કરે તે ના પસંદ છે? હું નથી ધારતો કે એ સુ-શીલ મમતાળુ બાઇ પોતાના ભાઇનું જીવન નિરાશ અને દુઃખી કર-વાને રાજી હોય."

"મારાં સાસુનો અભિપ્રાય તે જ એમની છોકરીનો સમજવો. તે ગમે તેવા નરમ સ્વભાવની છે, પણ પોતાના ભાઇને સુખ થાય તો ગમે તે લોકનિંદા સાંભળવાને તત્પર છે. પણ મારી પોતાની હિંમત ચાલતી નથી અને હું ખંચાઉં છું."

"જાઓ જાઓ મારા સાહેબ! જગતકીશોર, જરા મરદાઇ રાખો. જે નકામી ધાસ્તીથી બૈરાંઓ ડરતાં નથી તે કાઢી નાંખો. મેં પોતે શ-રતને જોયો છે. હું માણુસની પરીક્ષા કરી જાણું છું. આપણામાં એ કાર્ય કરી શકે એવો અને દેશને ઉપયોગી થાય તેવો છે. આવી નાહક નિરાશા પાછળ જન્મારો વ્યર્થ કરવા લાયક એ નથી. તમારી સંમતિ મને આપો તો હું આજ રાતે જ બાલાસોર તાર કરૂં. બાલાસોરનો રાજા મને સારી રીતે ઓળખે છે. મારી ખાતર એ શરતને રજા આપશે. એ ઉત્સાહી યુવકની લાગણી હું કળી શકું છું અને નક્કી કહું છું કે તાર પહોચ્યા પછી બે દહાડામાં અથવા રેલવે અને આગબોટ જ્યારે આવે ત્યારે એ બર-દ્વાનમાં આવ્યો જાણજો."

"તમારી સલાહ તમારા સ્વભાવને અનુકૂળ છે. મારા જેવા હિંમત વગરના અને બ્હીકણુને તમે હિંમત આપો છો. તમે હિંમતથી મોટી પદવીએ ચઢયા છો, અને મારી ખાતરી છે કે આથી પણ અધિક અધિ-કાર તમને મળશે. તમારો પુત્ર બરદ્વાનનો રાજા થશે તે હું જોઇશ અને સરકાર તમને રાજાનો ખિતાબ આપશે. તમારી સલાહ હું માન્ય રાખું છું. તમારો આ નમ્ર મિત્ર હમેશ તમારી તરફ જ રહેશે અને તમારો આ-ભારી રહેશે. આ રહ્યો મારો હાથ."

પ્રકરણ ૫ મું.

વહી ગએલો સુધરે છે.

સંગીતના સ્વર લુપ્ત થયા છે. મીજલસના મહેમાનો જવા મંડયા છે અને દિવાનખાનાની બત્તીઓ હોલવાઇ છે. અંદરના ખંડમાં જગત્‌કીશોર પોતાની પત્ની પાસે બેસી શરતને મોકલવાના તાર સંબંધી ધીરે ધીરે વાત કરે છે. કાલીના અંતઃકરણમાં ઉપકારની લાગણી થવાથી તે પતિના હૃદય સરસી જાય છે. દેશ છોડીને ગએલો તેનો ભાઇ પાછો આવશે, અને પ્રેમ અને સુખનો ઉપભોગ કરશે; દુખીઆરી સુધા આનંદી, પ્રેમપૂર્ણ પત્ની થશે. તેમનું ઘર આ સંસારનાં સર્વ સુખથી ભરપૂર બનશે; આ સર્વનો વિચાર કરતાં તેની આંખોમાં આંસુ આવ્યાં. સ્ત્રીની કલ્પના એથી પણ દૂર જાય છે. કાલીના મન આગળ તેના ભાઇનાં હજી જન્મવાનાં બાળકનાં દિવ્ય મુખ જણાય છે; તેઓ પોતાની ફોઇનું નામ કાલા શબ્દોથી ઉચ્ચારે છે, અને તેને ચુંબન અને ધુળથી આચ્છાદિત કરે છે. આ કાલ્પનિક સૃષ્ટિમાં બિન્દુ પણ આવે છે. પણ બિન્દુ સાથે બીચારી ઉમાનો વિચાર આવતાં આ સ્વપ્ન જોનારની મુખરેખા કાંઇક ખિન્ન દેખાય છે. એ ત્રણ જણ સાથે મોટાં થયાં હતાં. ઉમાની સ્મૃતિ તેની સખીઓના હૃદયમાં હજી તાજી જ હતી.

મધ્ય રાત્રિ વીતી ગઇ હતી, દીવાની જ્યોત ઝાંખી થઇ હતી પણ જગત્‌કીશોર અને તેની પત્ની હૃદયના સુખદુઃખની વાતો કરતાં હતાં. એટલામાં બહારનાં બારણું ધીમેથી ઠોકાયાં. જગત્‌કીશોર સાંભળી રહ્યો; તે ફરીથી ઠોકાવાનો અવાજ આવ્યો.

જગતે કહ્યું, “આટલી મોડી રાત્રે કોણ આવ્યું હશે? નોકરો બધા સુઇ ગયા છે હું જઇને બારણું ઉઘાડું છું.” એમ કહી તે બહાર નીકળ્યો. કાંઇક ન સમજાય તેવી આશાથી દોરાતી તેની પત્ની તેની પાછળ અદ્ધર પગલાંથી ગઇ.

કોઈ અજાણ્યો પુરુષ અંદર આવ્યો. ઝાંખા દીવાને લીધે જગત્ તેને ઓળખી શક્યો નહિં. કાલી બીજા ખંડમાં ગઇ અને પોતાની બરાઇ રહેવાની જગાએથી તે અજાણ્યા માણુસને ધારીને જોવા લાગી.

જગતે પૂછયું, "તમે કોણ છો? આટલી મોડી રાતે તમે શા સારૂ આવ્યા છો?"

તે અજાણ્યા આદમીએ જવાબ દીધો, "હું એક વખત તમારો મિત્ર હતો. હવે એ સંબંધને લાયક હું નથી. આપણી જુની મિત્રાચારીની ખાતર એક રાત તમે મને ઉતારો આપશો તો પછી હું મારી મુસાફરી પર ચાલ્યો જઇશ."

આ અવાજ તરત ઓળખાયો. મોટા જમીનદાર ધનંજયને આ અવસ્થામાં જોઇ જગત્ ચમક્યો. તેનો ચહેરો લેવાઇ ગયો હતો, તેની આંખો ખાડામાં પડી હતી, તેના વાળ વીખરાએલા હતા અને ગુંચવાઈ કપાળ પર પડેલા હતા અને તેના મુખ પર મૃત્યુની છાપ જણાતી હતી. આ પુરુષ અને ઉમાની હકીકતનો વિચાર આવતાં જગત્‌ને તિરસ્કારની લાગણી થઈ. પણ તેની જાતીય સભ્યતાથી એ લાગણી દાબી દઇ તે માયાથી બોલ્યો:

"ધનંજય, આપણે મળ્યે બહુ વખત થયો. તમારી આ દશા થઇ છે? થોડા વખત ઉપરમાં તમે અહીંના સૌથી શ્રેષ્ઠ અને મોટા માણુસ હતા. તમારી મુલાકાતથી શહેરનો ગમે તે પદવીનો માણુસ પોતાને માન મળેલું સમજતો. તમારે ઘર વગરના થઇ રઝળતા ફરવું પડે છે એવો વ-વખત આવ્યો છે? તમારી મોટી મિલકતો છે, ધનપુરમાં મહેલ સરખું ઘર છે. એ બધાંની સંભાળ કોણ લે છે અને તમે આમ રખડતા કેમ ફ-રવા માંડયું છે?"

મારી મિલકતનો વહીવટ મારા બાપનો પ્રમાણિક કારભારી કરે છે. એ મિલકતના વારસ મારા ભત્રીજાઓ થશે. હું એને લાયક નથી. મેં મ-હાન અપરાધ કર્યો છે અને દુઃખ પણ બહુ પામ્યો છું. હું શાંતિની ઇચ્છા રાખું છું પણ જગત્‌માં કાંઇ મને મળતી નથી. પહેલાં મારે થોડા મિત્ર હતા. તેમાં તમારી પત્ની સૌથી સાચી હતી. મારી સ્વર્ગવાસી સ્ત્રીને તે બહેન કરતાં પણ વધારે પ્રિય હતી. તાલપુખર હું જતો ત્યારે ઘણીવાર તે મને મળતી. એના નમ્ર અને માયાળુ સ્વભાવને લીધે આજે પણ હું અહીં આવ્યો છું ત્યારે તે મારા પર દયા કરી મમતાનો બોલ કહેશે. કાલે તો હું જવાનો છું અને ફરી એને તસદી આપવાનો નથી."

કાલીથી હવે સહન થયું નહિં. તેની આંખોમાંથી અશ્રુનો પ્રવાહ ચાલતો હતો. આખું ઓઢેલા લૂગડામાંથી તે જણાતો હતો. તે એ ખંડમાં

આવી. તેણે ધનંજયનો હાથ પહેલાં પેઠે ઝાલીને અંદરના ખંડમાં તેને બેસાડયો. પછી પોતાના પતિના કાનમાં કહ્યું:

"મારી પ્રિય ઉમાનો વર આ ઘરમાંથી અપમાન પામીને જાય એવું એનો ગત આત્મા જુએ નહિં. એ ગમે તેવો છે પણ મારી ઉમાનો પતિ છે. એની પાસે બેસો અને એને આશ્વાસન આપો. એટલામાં હું એને સારૂ કાંઇ ખાવાનું કરી આપું છું. એને ખાવાની જરૂર હોય એવું લાગે છે."

એમ કહી કાલી રસોડામાં ગઈ અને જગત્ પોતાના પરોણા પાસે બેઠો. એણે પોતાની દુઃખમય કથા કહી. વાંચનાર એ સર્વ હકીકત જાણે છે.

તેણે કહ્યું, "ધનનો નાશ થયો છે એથી હું દિલગીર નથી. પૈસા-ટકાનું મને ઘણું નુકસાન થયું છે પણ હજી મારી મિલકત છે. મારા મિત્રો જતા રહ્યા તેનો પણ મને શોક નથી; એમાંના સારા છે તે મારા તરફ ધિક્કારથી જુએ છે અને મારી વાતો કરે છે. આ સઘળું પણ હું સહન કરી શકું છું. પણ મારા મનમાં એક વાત એવી છે કે જેથી મારૂં જીવન યાતનામય થઇ ગયું છે. એક શુદ્ધ, પવિત્ર સ્ત્રી મારા પર પ્રેમ રાખતી હતી, મારા પર વિશ્વાસ રાખતી હતી, તેને રીબાવી રીબાવી મેં મૃત્યુને શરણ કરી છે એ વિચાર નિરંતર મને બાળે છે. એનું ફીકકું લોહી વગરનું મ્હો રાત દહાડો મારી નજર આગળ તરે છે. સ્વપ્નમાં પણ તેનું શ્વેત મુખ ઉઘાડી આંખે મધ્ય રાત્રે પાણીમાં તરતું હું જોઉં છું અને તેથી ચીસ પાડીને હું જાગી ઉઠું છું. હું ખૂનનો અપરાધી છું. મારૂં કાળજું ખસી ગયું છે. મારાથી આ સહેવાતું નથી।"

"ધનંજય। તમારે ધીરજ રાખવી જોઇએ. તમે મહાન અપરાધ કર્યો છે. આપણાં શાસ્ત્રમાં પણ કહ્યું છે કે જ્યાં સ્ત્રીઓ દુઃખ પામે છે તથા તેમને પીડા થાય છે તે કુટુંબ ઇશ્વરના કોપથી નષ્ટ થાય છે. તથાપિ એવું એકે પાપ નથી કે પ્રાયશ્ચિત્તથી તેમાંથી મુક્ત ન થવાય. તમને દીર્ઘ અને દુઃખકારક પશ્ચાત્તાપ થયો છે. તમે ઇશ્વરકૃપાની યાચના કરશો તો તમારા મનને શાંતિ મળશે."

ધનંજયે આ કાંઇ સાંભળ્યું નહિં. તે પોતાના મન સાથે બોલવા લાગ્યો. "એક વેળા તાલપુખરમાં હું મારે સાસરે હતો. તે વખત ચંદની રાત હતી. આખું ગામ નિદ્રાવશ થયું ત્યારે એની સાથે હું ચાંદનીમાં ફરવા ગયો હતો. એ શાંત તળાવને કાંઠે અમે બેઠાં હતાં અને પાણી જોતાં હતાં. મારા હૃદયપર તેણે પોતાનું વિશ્વાસ પૂર્ણ હૃદય ટેકવ્યું ત્યારે અમારાં અંતઃ-

કરણ રસમય ઐક્યથી ઉછળીતાં. ચંદ્રપ્રભાથી ઉજ્જવલ થએલું એનું મુખ ઉંચું કરી મેં એને ચુંબન કર્યું. આકાશ ભણી દૃષ્ટિ કરી મેં ઈશ્વરને સાક્ષી રાખી પ્રતિજ્ઞા લીધી કે જીવનના અંત સુધી આ મારાપર વિશ્વાસ રાખીને રહેલી કન્યાપર હું પ્રેમ રાખીશ. જાણે એ જ્યોત્સ્નામય મુખ–સહેજ કૃશ અને ખિન્ન થએલું એ જ મુખ–હજી પણ હું જોઉં છું. એ પોતાની આંગળી આકાશ ભણી કરે છે. કેમકે મેં શપથ લીધા હતા અને ઈશ્વરની નજરે એ શપથ તોડવાનો અપરાધી છું."

"આ સર્વ વાતો સંભારશો નહિં. એથી તો તમે ઘેલા થઇ જશો."

"એક વખત હું માંદો હતો ત્યારે એ પોતાને પીયરથી ધનપુર આવી હતી. દાક્તર મને જોવા આવ્યો હતો તે જરા વિચારમાં પડેલો જણાયો અને ધીમે ધીમે કાંઇ કહેવા લાગ્યો. હું ગભરાઉં નહિં માટે મારી મા બહાર જઇને રોતી. પણ ઉમાનું હૃદય આશાપૂર્ણ હતું. તે મારી પાસે રાતદિવસ બેસી રહેતી અને ધીમે રહીને મને કહેતી કે ઈશ્વર મારી પાસેથી તમને છીનવી લેનાર નથી. એના વચનથી મને આશા આવી અને એના પ્રેમથી હું બળ રાખી શક્યો. આ બનાવ મારી આંખ આગળ આવે છે અને એ ધૈર્યવાળી, કશાથી ન થાકનારી પત્નીને શાંત અંધારા ઓરડામાં એના પતિની શય્યા પાસે બેઠેલી હું જોઉં છું. પતિને મટયું તે પત્નીનો જીવ લેવા માટે."

"પરમેશ્વરને ખાતર ધનંજય એવા એવા વિચાર કરવા મૂકી ઘો."

"સૌથી છેલ્લો તેમ જ ત્રાસદાયક બનાવ કલકત્તાનો છે. રસ્તાપરના ઝાડ પાસે અડધી બેભાન જેવી એને ટાઢથી ધૂજતી મેં જોઇ. ત્યાં થઇને મારી ગાડી જતી હતી. દીવાના અજવાળાથી મેં તેના મુખ તરફ જોયું. નિઃશબ્દ થઇ કરગરતા મુખે તેણે મારી તરફ જોયું. તે કાંઇ બોલી નહિં. એને અંધારામાં મુકી ગાડી ઝપાટામાં ચાલી ગઇ. ગાડીમાં મારી પાસે કલકત્તાની એક જાણીતી નાટકની સ્ત્રી બેઠેલી હતી. જેવી તે બહારથી સુંદર હતી તેવી જ અંતરમાં મલિન હતી. મારી અન્યાય પામેલી તે સ્ત્રીને ટાઢમાં મેં રહેવા દીધી અને તે મરણ પામી."

અડધા કલાકથી કાલી ખાવાનું લઇને આવી હતી અને આ ઉન્મત્ત પ્રલાપ સાંભળતી હતી. એનું હૃદય ફાટે એટલું તેને લાગતું હતું. તેણે આખું ઓઢેલું ખસી ગયું. તે એની હમેશની શાંત પ્રકૃતિ ભૂલી ગઇ અને ઉદ્વેગથી ધ્રૂજતા ઘાંટાથી તે બોલી:

"હવે સંયમ કરી સુનીતિને માર્ગે ચાલો એવું પ્રાયશ્ચિત્ત એ અન્યાય પામેલી બાળા માગે છે. એનું પૂજ્યભાવથી સ્મરણ કરી એની જેવી ઇચ્છા હતી તે પ્રમાણે ચાલશો તો ઉમા સ્વર્ગમાંથી તમને ક્ષમા કરશે."

એ પોતાના ખરા મનથી કહેતી હતી તે જોઇ ધનંજય ચમક્યો. પોતાની લવરીમાંથી જાગ્રત થયો અને તેણે ધીમા નરમ અવાજે પૂછ્યું, "કાલી તું એમ ધારે છે? સ્વર્ગમાં રહેલી ઉમા મને ક્ષમા કરશે?"

કાલીએ રડી પડીને કહ્યું, " તમે સારા થઇ સન્માર્ગે ચાલશો તો એ ક્ષમા કરશે જ. ઉમાના મનને કેટલું દુઃખ હતું તેનો ઇશ્વર સાક્ષી છે. એ ગમે એવી ગર્વપૂર્ણ હતી પણ કોઇના પર તેણે ક્રોધ નથી કર્યો, તેમાં તમારા ઉપર તો કદાપિ નહિં, એ હું જાણું છું. એની ઇચ્છા પ્રમાણે તથા એની સહાયતાની યાચના કરી ચાલશો તો પવિત્ર ઉમા પોતાનાં દુઃખ ભૂલી જઇ તમને સહાય થશે."

આ વચનોથી ધનંજયના વ્યથિત મન પર અમૃત રેડાયું. તે પછી દીર્ઘ શાંતિ પ્રસરી રહી. એક બાળકની પેઠે કાલીની પાછળ એ ગયો, ખાવાનું ખાધું અને સુઇ ગયો.

એ સુતો એટલે પુષ્કળ આંસુ એની આંખોમાં વહેવા લાગ્યાં. આથી એના મન પરનો ભાર ઓછો થયો અને ઉમાના ગયા પછી એકે દિવસ નહિં મળેલી તેવી શાંતિમાં આ પશ્ચાત્તાપથી સંતપ્ત થએલો અપરાધી ઉંઘ્યો.

પ્રકરણ ૬ ઠું.

શોધ.

ઉમા આવી આશ્ચર્યજનક રીતે ધનંજયને છોડીને જતી રહી ત્યારે તેણે ધનંજયને જે કાગળ લખ્યો હતો તે તેણે બીજે દહાડે સવારે જગતને દેખાડયો. જગતે લઇને તે પોતાની સ્ત્રીને બતાવ્યો. આંસુ ભરેલી આંખો વડે તેણે તે વાંચ્યો.

એકાએક તેના મનમાં આશાના કિરણનો ઉદય થતો જણાયો. તેણે કહ્યું, "ઉમા ગર્વવાળી અને મન ખોલીને ન બોલે એવા સ્વભાવની હતી,

અને ધર્મપરાયણ હતી. બીજી હતભાગ્ય સ્ત્રીઓની પેઠે એ પોતાનો જીવ કહાડે એ બનવું સંભવિત છે? કાલીઘાટના બ્રહ્મચારીએ મારી માને કહ્યું હતું કે ઉમા જીવતી હશે અને કોઇ તીર્થમાં પોતાનાં દુઃખ ભૂલવા અને ભક્તિમય જીવન ગાળવા તે ગઇ હશે. આ સાધુનું વચન ખરૂં કેમ ન હોય? કાગળમાં બરદ્વાન પાસેનાં એકસોઆઠ દેવસ્થાન લખ્યાં છે. તેમાંથી એકાદમાં ધનંજયને એની પત્ની જીવતી જડે અને એના મહા પાતકનો ભાર એના હૃદય પરથી હલકો થાય એ સંભવે છે?"

આ આશા ઉપર વિચાર કરવામાં બીજો દિવસ ગયો. સાંજે જગત્ અને કાલી ધનંજયને લઇને દહેરાંમાં ગયાં, મહાતાબચંદ રાજાએ એ બંધાવ્યાં હતાં. એક ચોકની આસપાસ ફરતાં બાંધેલાં હતાં તેથી તેનાં શિખર હારબંધ જણાતાં હતાં. મહાતાબચંદ ઘણીવાર ત્યાં આવતો અને તે દરેકમાં નમસ્કાર કરતો. આથી તેનાં અંગ દુખતાં અને તેની ભમરપર પરસેવાનાં ટીપાં બાઝતાં. મિલકતની ઉપજમાંથી એનું ખરચ ચાલતું તેથી રાણીમાતા હજી પણ ત્યાં દર્શન કરવા આવતાં. બરદ્વાન જનાર લોકમાંથી રાજકુટુંબની ભક્તિના ચિહ્ન રૂપ આ દેવસ્થાનનાં દર્શન કરવા શ્રદ્ધાવાન માણસોનાં ટોળેટોળાં આવતાં હતાં.

જગત્ અને તે સ્ત્રીએ શ્રદ્ધાપૂર્વક એ મંદિરમાં પૂજન કર્યું. ધનંજયે આંસુ પાડી હૃદય ખાલી કર્યું. કુમાર્ગે ગાળેલા જીવનનું પાતક ધોઈ નાંખવા માટે ધર્માચરણ કરવાની તેની સ્ત્રીની છેલ્લી આજ્ઞા એને સાંભરી આવી. આ આજ્ઞા ઈશ્વરી હોય તે પ્રમાણે તે તેને અનુસરતો.

છેક સાંજ પડી ગઈ ત્યારે તે મંદિરના વૃદ્ધ પૂજારીને તેની પર્ણકુટીમાં કાલી મળવા ગઈ. તેણે એને નમસ્કાર કર્યા અને એ વૃદ્ધ પુરુષે આશીર્વચન કહ્યાં.

કાલીએ કહ્યું, "આ દેવોની સેવામાં તમે ઘણાં વરસ ગાળ્યાં છે તેથી ઘણા ભાવિક સેવકો તમારી આશિશ પામ્યા હશે."

"તમે ઠીક કહો છો. રાજા મહાતાબચંદે મને સેવામાં રાખ્યો હતો. એ વૃદ્ધ રાજાને ઘણીક વાર હું એક મંદિરથી બીજે મંદિર લઇ ગયો છું. એ ખરા મહા પુરુષ હતા. આપણા રાજ્યકર્તાએ એમની કદર જાણી એમને માન આપ્યું હતું. એમનું લક્ષ ધર્મ ઉપર ઘણું હતું. પાછલી અવસ્થામાં એ એક પણ દિવસ અહીં પૂજા કરવા આવ્યા વગર રહ્યા નહોતા. એ ગયા અને એની પછી આવેલા રાજા પણ જવાની તૈયારીમાં છે."

કાલીએ પૂછ્યું, "અહીં એકલા રાજા જ આવે છે તેમ કાંઇ નથી ને?"

"ના ના, આ શિવાલય શું ઉંચ કે શું નીચ જે કોઇ શ્રદ્ધાવાન હૃદયથી આવે તેને માટે સદા ખુલ્લાં છે."

"જીવનમાં શાંતિ નહિં મળવાથી ધર્મમાં શાંતિ મેળવવા આવેલાં દુઃખી જન પણ તમારી પાસે આવતાં હશે."

"હા, એવાં ઘણાં ઘણી વાર મારી પાસે આવે છે. એવાં દુર્ભાગી શિવની પાસે સાંત્વન મેળવવા ન આવે તો બીજા કોની પાસે જાય?"

"થોડા દહાડા ઉપર કોઇ સુંદર યુવતી તમારી પાસે આવીને પોતાની દુઃખમય કથા તમને નિવેદન કરી તમારી મદદ લેવા આવી હોય એવું તમને કાંઇ યાદ છે?"

"એવાં ઘણાં અહીં આવે છે. પણ એક યુવતી આવી હતી તે એવી મનોહર સુંદરતાવાળી હતી કે હું તેને ધારી ધારીને જોઇ રહ્યો અને તેના દુઃખની હકીકત મેં તેને પૂછી હતી. તે વિધવા હતી. એનું હૃદય દુઃખપૂર્ણ હોવાથી બેસુમાર રૂદન કરતી હતી."

"એને વિશે હું નથી પૂછતી. હું કહું છું તે તો વિધવા નથી, એના પતિએ એને તજી દીધી છે. વિધવા કરતાં ઘણું વધારે દુઃખ એને પડેલું છે. એની આપત્તિમાં એ અહીં તમારી પાસે આવી હશે એમ મેં ધાર્યું."

"હવે તું કહે છે ત્યારે મને યાદ આવે છે. મેં કહી તે સ્ત્રી વિધવા નહોતી. તેણે વિધવા પહેરે તેવું કોર વગરનું લૂગડું પહેર્યું હતું, અને એને હાથે કે કોટે કાંઇ ઘરેણું નહોતું. પણ આંસુવાળી આંખ ઢાંકવાને એણે હાથ ઉંચો કર્યો ત્યારે તેને હાથે લોઢાની બંગડી મેં જોઇ હતી. સૌભાગ્યવતી સ્ત્રીઓએ બંગડી જીવતા સુધી પહેરી રાખે અને ભર્તા મરણ પામે ત્યારે વિધવા થએલી સ્ત્રી કાઢી નાંખે. એ દુઃખી યુવતીનો પતિ જીવતો હોવો જોઇએ. એના દેખાવ અને વેશ પરથી મેં તેને વિધવા જાણેલી."

"ભગવાન તમારાપર કૃપા કરે અને તમારૂં જીવન જેવું શુદ્ધ છે તેવું જ સુખમય અંતસુધી થાય. આ યુવતીએ પોતાની દુઃખકથા તમને કહી હતી? મારા કાન સાંભળવાને ઉત્સુક બની રહ્યા છે અને આશાના અંકુર ફુટવાથી મારૂં અંતઃકરણ ઉછળે છે, માટે મને કહો."

"હું જે જાણું છું તે બધું તને કહીશ. પણ આ સ્ત્રીએ પોતાની કાંઇ હકીકત કહી નથી."

"તાલપુખરથી કે ધનપુરથી એ આવી છે એમ કાંઇ કહ્યું હતું?"

"તે ક્યાંથી આવી તે કાંઇ બોલી નહોતી."

"કલકત્તામાં એનું જીવન ક્લેશમય અને દુઃખી હતું અને તેનું કોઇ નહોતું એમ પણ તેણે નહોતું કહ્યું?"

"તેણે દુઃખ કે ક્લેશ વિશે કાંઇ ન કહેતાં માત્ર આંસુ પાડયા કર્યાં હતાં."

"એનો પતિ શોધવા આવશે તો આ દેવાલયમાં પાછાં આવવાનું પણ કાંઈ બોલી નહોતી?"

"પતિ વિશે કે પાછાં આવવા વિશે કશું તેણે કહ્યું નહોતું."

"એ ક્યાં જવાની છે અને ક્યાં મળશે તે કાંઇ કહી ગઈ છે?"

"પવિત્ર નદીઓના કાંઠાપરનાં જુદાં જુદાં તીર્થો તથા દેવસ્થાનોમાં બીજા જાત્રાળુઓ ફરતા ફરે છે તેમ ફરવાનો તેનો વિચાર હતો."

"એને વિશે બીજું કાંઇ તમે જાણુતા નથી? કાંઇ પણુ નિશાની અથવા કાંઇ બોલેલા બોલ તમને સાંભરતા હોય તો કહો. તમારા બોલ ઉપર એના ધણીનું સુખ, આશા અને જીવન આધાર રાખે છે."

"તે એક અક્ષર પણુ બોલી નથી અને કાંઇ નિશાની આપી ગઇ નથી. અહીં આવી દર્શન કર્યાં, રડી અને બીજે દિવસે ચાલી નીકળી."

કાલી ધડકતી છાતીએ પતિ પાસે આવી અને જે થોડી ખબર લાવી હતી તે તેને કહી. આતુર થઇને જગતે તપાસ ચાલુ રાખી અને દરેક દહેરાના પૂજારી તથા નોકરને પૂછ્યું. પણુ કાંઈ ખબર મળી નહિં. વિધવાવેશે એક સ્ત્રી આવી હતી તે એક રાત રહી બીજે દહાડે જાત્રાળુઓ ભેગી ગઇ હતી એટલું સર્વ કોઇ જાણુતા હતા. એક સ્ત્રીએ કહ્યું, "એનો વર તરત જ મરી ગયેલો હશે કેમકે તેના કપાળ પર કંકુનો ચાંલ્લો હતો."

એની જોડે હતા તે જાત્રાળુઓ કોણુ હશે? બરદ્વાનથી આવેલા કોઇ માણુસો હશે? બધા વચ્ચે આવીને મંદિરમાં રહેનાર એક છોકરાએ કહ્યું, "એ બધા અજાણ્યા લોક હતા. ફક્ત ગોઇપુર ગામની ગોવિંદની મા તેમાં હતી. એ તો એને ગામ પાછી ગઇ."

પાલખીમાં બેસીને કાલી પોતાને બરદ્વાનમાંને ઘેર ગઇ ત્યારે મધ્ય રાત્રિ થઇ હતી. પણુ જગત્ પાછો આવ્યો નહોતો. ધનંજયની જોડે એ

ગોઇપુર ગયો હતો. રાત અંધારી હતી. ખેતરમાં થઇને જવાના રસ્તા શિયાળાની ઝાકળથી ભીના થએલા હતા. ત્યાં થઇને જનારા આ આતુર પુરુષો પર તારાનું શાંત તેજ પડતું હતું.

પાછલી રાતે ગોવિંદની માને પેલા શોધ કરવા નીકળેલાઓએ જગાડી. એક સુંદર જાત્રાળુ યુવતી તેની પાસે આવી રૂદન કરતી હતી પણ તેણે પોતાની દુઃખકથા કોઇને કહી નહોતી. એટલી હકીકત આંખમાં આંસુ આણી તેણે કહી.

તેણે કહ્યું, "એ કેવી મધુર છોકરી હતી. પણ ભગવાને એને માથે દુઃખ નાંખ્યું હતું. એ બાપડી વિધવા હતી. અમે સાથે આગગાડીમાં અને પગ રસ્તે ઘણી મુસાફરી કરી હતી અને ઘણાં દેવસ્થાનમાં ગયાં હતાં. દેવસ્થાનમાં જતી પીળાં વસ્ત્ર પહેરેલી સાધ્વી સ્ત્રીઓમાં ઘણીવાર તે મળી જતી અને પોતે એવાં પીતવસ્ત્ર ધારણ કરી તેમના જેવાં થવાનું કહેતી હતી. રસ્તા પરના ઝાડ નીચે રસોઇ કરતી ત્યારે મેં તેના દુર્ભાગ્યની વાત પૂછી પણ તે કાંઇ બોલી નહિં અને રડયા કર્યું. તેનાં માબાપ તાલપુખરનાં રહેનાર હતાં અને એને ધનપુર પરણાવી હતી એમ તેણે કહ્યું હતું."

પેલા એના મનમાં નવી આશાનો ફણગો ફુટયો. એ બે સ્થળના નામથી તેમની લગભગ ખાતરી થઇ કે એ દુઃખી સ્ત્રી ઉમા જ હોવી જોઇએ.

ધનંજયે કહ્યું, "પણ બાઇ, તમે છેલ્લી એને કયાં દીઠી હતી? તમે કયાંથી એનાથી છુટાં પડયાં? તમારા બોલ સારા શુકનવાળા હશે તો ધનપુરનું સર્વ ધન તમારા પગ આગળ આવી પડશે અને એક પતિ તમને સદા આશિશ દેશે."

"શું એનો વર છે? શું એ વિધવા નથી ત્યારે? મને એમ લાગતું હતું જ. એ ઘણી શરમાળ અને થોડા બોલી હતી. વળી એના કપાળમાં ચાંલ્લો પણ હતો. અમે ઘણા દહાડા સાથે મુસાફરી કરી પણ પોતાના ધણી વિષે એણે કાંઇ કહ્યું નહોતું."

ધનંજયે ધ્રુજતા હૃદયથી કહ્યું, "એમ હશે, પણ કઇ જગાએથી તમે એનાથી જૂદાં પડયાં, અને છેલ્લી તમે એને કયાં જોઈ એ મને કહો."

"અમે છુટાં પડયાં જ નહોતાં બીજા જાત્રાળુઓ જોડે અમે બરદ્વાન પાછાં આવ્યાં, ત્યાંથી એ મારી જોડે આ ગામમાં આવી અને પાસેની ઝુંપડીમાં થોડા દહાડા રહી હતી અને મેળે રાંધી ખાતી. પણ લોકાએ એને વાસ્તે પૂછપરછ કરવા માંડી એટલે એ કાયર થઇ. બે દહાડા

ઉપર જ. કેટલીક સ્ત્રીઓ ગયા જતી હતી તેમની જોડે ગઈ છે. ગયામાં પીળાં વસ્ત્ર પહેરીને જે તપસ્વિનીઓ રહે છે તેમની દીક્ષા એ લેવાની છે."

ધનંજયે કહ્યું, "ભાઇ જગત્, તમારૂં કામ હવે પૂરૂં થયું છે. હવે એ શોધ મને એકલાને કરવા દો. મારે દુનીઆમાં બીજું કાંઇ કામ રહ્યું નથી. હું રઝળતો રખડતો તમારે ત્યાં આવ્યો ત્યારે તમારી સ્ત્રીએ મને આવકાર દીધો અને તમારા જેવા શુદ્ધાચરણના માણસની સહાયતાને લાયક હું નહોતો તો પણ તમે મને મદદ કરી છે. મારી છાતીપરથી મોટો ભાર ઉચકાઇ ગયો છે અને મારા આત્માપરનું મહા પાતક ધોવાઈ ગયું છે. હવે મારી સ્ત્રી જીવે છે એમ જાણ્યા પછી મારામાં બળ આવ્યું છે અને એ જડશે ત્યાં સુધી એની શોધ કરીશ અને નહિં જડે તો શોધતો મરીશ."

બરદ્વાનથી આખી રાત આગગાડીમાં મુસાફરી કર્યા પછી બાંકીપુર આવે છે. બાંકીપુરથી રેલવેની એક શાખા છે તે ગયા જાય છે એ શહેર દેવસ્થાનોથી ભરપૂર છે. ગુજરી ગએલા પૂર્વજો અને સગાંનું શ્રાદ્ધ કરવાને દરરોજ ઘણા હિંદુ જાત્રાળુઓ ત્યાં જાય છે. ફલ્ગુ નદીના બાંધેલા આરા ઘણા છે. ત્યાં શ્રદ્ધાવાન પુત્રો અને દુઃખી સગાં ગત આત્મા માટે તર્પણ કરે છે. મૃત્યુ પામેલાં માટે આપણા હિંદુઓ જેવો પૂજ્યભાવ બીજી કોઇ પ્રજામાં નહિં હોય. ગયામાં જે શ્રાદ્ધવિધિ કરવામાં આવે છે તેમાં ઘણો જ ગૂઢ ધાર્મિક મર્મ રહેલો છે.

આવી જગાએ જ્યાં જાત્રાળુઓનાં ટોળે ટોળાં આવે છે અને ઉતાવળી આગગાડીમાં પાછા જાય છે અને પાછળ કાંઈ તેમની નિશાની રહેતી નથી ત્યાં કોઇ સ્ત્રી પોતાનું નામ નિશાન આપ્યા વગર આવી હોય અને તરત પછી ગઇ હોય તો તેનો પત્તો મેળવવાને પ્રયાસ કરવો લગભગ વ્યર્થ છે. પણ ધનંજય હિંમત હાર્યો નહિં. એ શોધ એ એના જીવનનો મુખ્ય હેતુ અને પાપનું પ્રાયશ્ચિત્ત થઇ હતી.

ધનંજય આખી સાંજ ગયાના ધૂળવાળા રસ્તાઓમાં ભટક્યો. તેણે દરેક દુકાને તપાસ કરી. પથ્થરના પ્યાલારકાબીઓ જે માટે ગયા પ્રસિદ્ધ છે તેના વેચનારને પણ તેણે પૂછ્યું. મંદિરો પાસેની સાંકડી ગલીઓમાં પીતળની મૂર્તિઓ વેચનાર સ્ત્રીપુરુષોને પૂછી તજવીજ કરી. અંધારા ખુણા શોધી વળ્યો, દહેરામાંથી નીકળતાં જાત્રાળુઓનાં દરેક ટોળાં પણ જોયાં અને નદીને કિનારે પૂજારીઓ તથા મોડા આવેલા જાત્રાળુઓને પૂછતો પૂછતો તે થાક્યો.

ફરતાં ફરતાં રાત પડી પણ તેણે શોધ જારી રાખી. રસ્તાપરની દુ-કાનમાંથી ચોખા ખાઇ લીધા અને નદીમાંથી પાણી પી પગથીઆં પર વિશ્રામ લેવા બેઠો. મોટા મંદિરમાં રાતના શયન સમયની આરતિના ઘંટ વાગ્યા. નદી તરફથી સાંજનો મૃદુ પવન વાતો હતો. ધનંજય થાકી ગયો હતો, તેના પગે વાગેલું હતું અને મનમાં ઉદ્વેગ હતો તેથી પથરને અઢીં-ગીને બેઠેલો ત્યાં જ ઉંઘી ગયો.

રાત અંધારી હતી અને સ્થળ શાંત હતું. ઠંડક વધારે થતી ગઇ અને મંદિર તથા બજારની ગડબડ બંધ થઇ. એટલામાં એ થાકેલા મુ-સાફરને કોઇએ સ્પર્શ કરી જગાડયો. તેણે ઉંચું જોયું તો એક વૃદ્ધ પૂજા-રીને પાસે ઉભેલો જોયો.

" બધા જાત્રાળુઓ સુઇ ગયા છે એવે વખતે તું અહીં એકલો કેમ છે? તું કોણ છે? "

" હું બરદ્વાનથી આવું છું અને બે દહાડા ઉપર જે જાત્રાળુઓ અહીં આવ્યા છે તેમને ખોળું છું. એ જાત્રાળુઓમાં એક જવાન સ્ત્રી આવેલી છે. તેના પતિની ખુશી એને પાછી લઇ જવાની છે. "

" એ જાત્રાળુઓનાં નામ તને ખબર છે? "

ધનજયે કહ્યું, " હા ". તેણે ગોઇપુરથી એ સર્વ હકીકત મેળવી હતી.

" ત્યારે તારે બહુ શોધવા જવું પડે તેમ નથી મારી સાથે ચાલ. "

પૂજારી તેને મોટા મંદિરમાં લઇ ગયો. એની અંદર સેંકડો ગોર રહેતા હતા. આ તપાસની હકીકત તથા શોધ કરનારને સારો બદલો મળવાની વાત સાંભળી બધા પોતાની ચોપડીઓમાંથી નામ ખોળવા મંડયા. ગોરની આ ચોપડીમાં નામ લખાવ્યા વગર કોઇ જાત્રાળુ ગયાથી જતા નહિં.

નામ જડયાં એટલે એક પંડયાએ કહ્યું, " આ રહ્યાં; એ પાંચ જણ હતાં. મા, બાપ અને એમની બે પરણેલી છોકરીઓ હતી, અને તેમની સાથે આવેલી એક જુવાન વિધવા હતી. "

" એ સ્ત્રીનું નામ શું છે? " ધનંજયે ઉત્સુક થઇ પૂછયું.

ગોર કહે, " મારી ચોપડીમાં એ નથી લખ્યું કેમકે તેણે પોતાનું નામ કહ્યું નહોતું. એ તાલપુખરમાં જન્મી હતી અને બનપુર પરણી છે. "

" ધનપુર કે બનપુર? "

"કોણ જાણે. લખેલું ચોખ્ખું નથી અને છેકાઇ ગયું છે."

"એ સર્વે હવે ક્યાં છે?"

"હું ધારૂં છું કે હજી ગયામાં છે. હું એમની સાથે હતો અને બધાં મંદિર ફેરવી આવ્યો છું. સાંજરે મને દક્ષિણા આપી તેઓ મારી આગળથી ગયાં. એક દુકાનમાં એ ઉતર્યા છે ત્યાં તે સુવા ગયાં હતાં."

"એ કઈ દુકાન?"

"ગોપાળ કંદોઇની દુકાન."

"જલદી કરો. એ મંડળને ખોળી કહાડશો તો તમારી મહેનત અફળ નહિં જાય."

મધ્ય રાત્રે ગોપાળ કંદોઇને ઉંઘતો ઉઠાડયો. તે પથારીમાંથી ઉઠીને આંખો ચોળતો અને બડબડતો આવ્યો. "ગરીબ ધંધાદાર માણસોને રાતે આ વખતે ઉંઘતા જગાડવાનું શું કામ પડ્યું ભાઇ સાહેબ? તમે પોલીસ વાળા છો, ગામમાં કોઇનું ખુનખૂન થયું છે કે શું?"

એક ચળકતો રૂપીઓ આપવાથી આ ઉંઘમાંથી જાગેલો માણસ શાંત થઇ ગયો.

ધનંજયે કહ્યું, "તારી દુકાનમાં જે જાત્રાળુઓ ઉતર્યા છે તેમની સાથે મારે વાત કરવી છે. હું તને વધારે વાર ખોટી નહિં કરૂં."

"કયા જાત્રાળુઓ?"

"કેમ બરદ્વાનથી આવેલા તે. એક પુરુષ અને ચાર સ્ત્રીઓ હતાં ને અહીં બે દહાડા રહ્યાં હતાં તે."

"અરે, એ લોકો તો સાંજે વાળુ કરીને તરત અહીંથી નીકળ્યાં છે. એને તો ત્રણ કલાક થઈ ગયા."

"એ બધાં ક્યાં ગયાં ભાઇ?"

"એ તો મને ખબર નથી. હું કાંઇ પોલીસવાળો નથી અને સારા માણસોને માટે પૂછપરછ પણ કરનાર નથી." એમ કહી એને ઉઠાડનાર ઉભેલા હતા તો પણ પોતાની દુકાનનું ખપેડાનું બારણું ઢાંકી દેવા મંડયો.

ધનંજયે કહ્યું, "જરા ઉભો રહે. તારી દુકાનેથી શી રીતે ગયાં?"

"હરનમનું ગાડું ભાડે કરીને ગયાં. ચાર બૈરાં એમાં બેઠાં અને એ નીકળ્યું એટલે પેલો આદમી ચાલતો ગયો."

બારણું બંધ કરીને ગોપાળ સુતો. આમ ઝટ લઇને એક રૂપીઓ મળ્યો હતો એટલે તે બહુ નારાજ થએલો નહોતો.

પંડયાએ કહ્યું, "હવે આપણે શું કરવું? આ નકામી શોધ પડતી મૂકો. આમ ભટકતે થાકશે એટલે એ બૈરી પોતાના ધણીને ઘેર એની મેળે જશે. પવનને અને ભટકતી સ્રીને કોણ પાંજરામાં પુરી શકે તેમ છે?"

ધનંજય ખીજવાઇને બોલ્યો, "તમારા વિચાર તમારી પાસે જ રહેવા દો. આપણું કામ પૂરૂ થયું નથી. ગાડાવાળા હુરનમનું ઘર ચાલો શોધી કાઢીએ."

ગાડાવાળાનું ઘર ખોળી કાઢયું અને ઘણા ધાંટા પાડયા ત્યારે તેની સ્રી ઉઠી. તેણે બીકથી ધ્રુજતી આવીને બારણું ઉઘાડયું. આટલી રાતે આવનાર સરકારનાં માણસો હશે અને વેરો ન ભરવા માટે તેના ધણીને પકડવા આવ્યાં હશે એમ તેણે જાણ્યું. આંખો ચોળતે અને રોતે રોતે તેણે કહ્યું, "પણ એ તો ઘરમાં નથી."

ધનંજયે પૂછ્યું, "બાઈ, તારો ધણી ગાડું ભાડે લઇ કોઇક ઠેકાણે ગયો છે ખરૂ વારૂ?"

એ સ્રીએ ધ્રૂજતે ધ્રૂજતે કહ્યું, "હા પણ એ લુચ્ચો માણસ નથી કે સરકારને વેરો ન આપી ઠગે."

"સરકારના વેરાને ને અમારે લેવા દેવા નથી. અમે તો કોઇ બાઇડી ખોવાઇ છે તેની ખોળમાં આવ્યા છીએ."

"અરે ભગવાન! મારા ધણીનું શું થશે! કોઇની બાઇડી કે છોકરીને જાણીને એણે સંતાડી નહિં હોય એ મારી ખાતરી છે. મારા ગરીબ ઘરમાં એવી કોઇને હું ઉતારો આપું જ નહિં. અમે મહારાણીની ગરીબ પણ પ્રમાણિક રૈયત છીએ. એનો હુકમ તોડીએ તેવાં નથી."

ધનંજયે કહ્યું, "એ અમે જાણીએ છીએ." એમ કહી તેના હાથમાં એક રૂપીઓ મૂકયો. તારા ધણીએ કાંઇ ગુન્હો કર્યો નથી પણ એ ખોવાએલી સ્રીના ધણીએ એને તેડવા મોકલ્યું છે. હુરનમના ગાડામાં કયે રસ્તે તે ગઇ છે તે ફક્ત જાણવું છે."

ધીમી પડીને તે સ્રી બોલી, "એ મને ખબર નથી. મારા ધણી ગાડામાં લઇ ગયા તે આદમીઓને મેં તો દીઠાં એ નથી. એ તો આઠ વાગે ગોપાળની દુકાને ગાડું લઈ ગયા ત્યાંથી એ લોકો બેસીને ગયાં."

ગોરે પૂછ્યું, "એ કયારે પાછો આવશે? કેટલે આઘે જવાનું છે અને

ક્યારે પાછો આવશે એ તો તને કહી ગયો હશે."

"એને માટે બપોરે ખાવાનું કરી મુકવાનું મને કહ્યું છે. બુદ્ધ ગયાથી પાછલે પહોરે પાછા આવશે એમ કહ્યું છે."

ધનંજયે કહ્યું, "થયું ત્યારે." એમ કહી પંડયાને ખેંચીને બુદ્ધ ગયાને રસ્તે ચાલ્યો. "અહીંથી એ બહુ આઘું નથી અને ગાડું આપણાથી ત્રણ કલાક અગાઉ નીકળ્યું છે. પંડયાજી! હિંમત રાખો. સહવાર થતા પહેલાં આપણે બુદ્ધ ગયા પહોચી જઇશું. ઉતાવળા જઇએ તો ગાડાને રસ્તામાં પણ પકડી પાડીએ."

પંડયાએ ઉત્સાહથી જવાબ દીધો. "ચાલો ત્યારે." એની મહેનત માટે એને સારી પેઠે સંતોષ્યો હતો અને કામ સિદ્ધ થાય તો મોટી રકમ ઇનામમાં મળવાની આશા હતી. એણે મનથી વિચાર કર્યો કે "આવી નાસી ગએલી સ્ત્રીઓ શોધવાનું કામ ઘડી ઘડી મળે તો અમારા ધંધામાં ઠીક કમાઇ થાય."

ગયાના બીજા માણસો જેવો પંડયા શરીરે પ્રચંડ હતો અને ધનંજયે દૃઢ નિશ્ચય કર્યો હતો. અંધારામાં તેઓ ભોંય કાપતા ગયા. ખડબચડે રસ્તે વખતે ઠોકર પણ વાગતી. બેમાંથી કોઇ બોલતું નહોતું. રસ્તે એક બે બળદનાં ગાડાં મળ્યાં તેમાં તપાસ કરી પણ કાંઇ પત્તો લાગ્યો નહિં. રસ્તે મળે તેટલાં બધાં માણસોને પૂછ્યું પણ બરદ્વાનથી આવેલાં માણસોની ખબર મળી નહિં.

પ્રભાત થયું અને પૂર્વાકાશમાં અરુણોદય થવાથી અગ્નિ સરખો રાતો રંગ દેખાવા લાગ્યો. એ વખતે ધનંજય અને પંડયા થાકેલા બુદ્ધ ગયા પહોચ્યા. જાત્રાળુઓનાં ગાડાં છૂટવાની અને બળદ ચરાવવાની જગા તેમણે તરત શોધી કહાડી. તપાસ કરતાં હુરનમ આખી રાતની મુસાફરી કરી, તાપણા આગળ બેસી નિરાંતે ચલમ પીતો બેઠેલો તેમણે દીઠો.

પંડયાએ કહ્યું, "ભાઇ હુરનમ, મને લાગે છે કે ગયાથી બુદ્ધ ગયા આવવાનું તને ઠીક ભાડું મળ્યું હશે."

"નારે પંડયાજી, આજ જાત્રાળુઓ આગળ જેટલા પૈસા કયાં આપે છે. આગળના જેટલા જાત્રાળુ જ હવે રહ્યા નથી અને અમારે ગાડાવાળાઓને કાંઇ કમાણી નથી રહી. પણ શું કરીએ બાપદાદાનો ધંધો પડયો તે કાંઇ છોડી દેવાય? મારે તમારૂં દેવું છે તે હું ભૂલી નથી ગયો. વરસ

ઉતરતાં બ્યાજ સીખે તમને આપી દઈશ. આજ તો મને થોડા પૈસા મળ્યા છે અને ઘેર મારી બાઇડી ભૂખે મરે છે."

"ભાઇ, તારી બાઇડી તો કાંઇ ભૂખે મરતી નથી. બપોરે તારે સારૂ ખાસું ખાવાનું કરી રાખવાની છે ને! હું મારૂં લ્હેણું લેવા નથી આવ્યો. ઉલટા આ ઉદાર ભાઇસાહેબ તને કાંઇ ઇનામ આપવા ધારે છે. તારા ગાડામાં આવેલાં માણસ વિશે ખબર આપે તો લે આ રૂપીઓ, તારી બાઇડી માટે એનો સાલ્લો લાવજે."

ગાડાવાળાની આંખો ખુશી અને આતુરતાથી ચમકવા લાગી. "ભગવાન તમારૂં ભલું કરે. પંડયાજી, તમે અમારા ઉપર સદા મહેરબાન છો. મારાં બાઇડીછોકરાં તમને આશિશ દેશે. ગાડામાં આવેલાં માણસો સંબંધે હું વધારે જાણુતો નથી. ચાર બાઇડીઓ હતી અને એક આદમી હતો. તે તો આખે રસ્તે ચાલીને આવ્યો છે."

"હા, હા, તે તો અમે પણ જાણીએ છીએ. પણ એ સહુ ક્યાંથી આવ્યાં અને બાઇડીઓ કેવી દેખાતી હતી તે તો કહે."

"બંગાળાના કોઇ કુલીન કુટુંબની હોય તેવી જણાતી હતી. એક આધેડ હતી. બીજી બે પરણેલી હતી તેની પેલી મા હોય એમ એમનાં લૂગડાં ઘરેણાંપરથી લાગતું હતું. ચોથી હતી તે બોલ્યા ચાલ્યા વગર બેસી રહી હતી. તેના હાથમાં કાંઇ પહેરેલું નહોતું. આ પવિત્ર સ્થળોમાં દર્શન કરવાને ઘણી વિધવાઓ આવે છે, પંડયાજી."

"તેમને અહીં આવે કેટલી વાર થઇ અને તેઓ ક્યાં ગયાં છે? તારા ગાડામાં પાછાં ગયા જવાનાં છે?"

"ના, પંડયાજી, મારૂં ભાડું તો ચૂકવી દીધું છે અને મને રજા આપી છે એટલે હું જાણું છું કે અહીં એક બે દહાડા રહેવાનાં હશે. એક કલાકથી અમે આવ્યાં છીએ. બુદ્ધ ગયા કાંઇ મોટું નથી. તમે તપાસ કરશો તો એ લોકો મળશે."

ધનંજયે કહ્યું, "પંડયાજી, હવે તમારૂં કામ નથી. આખી રાત તમે મહેનત કરી તે બદલ આ થોડા રૂપીઆ લો, બાકીનું હું મારી મેળે કરી લઇશ. આટલો પત્તો આપ્યો છે તો ઇશ્વર મારી શોધ ઝટ સફળ કરશે!"

હુરનમના ગાડામાં પંડયા ગયા ગયો. ધનંજયે તપાસ શરૂ કરી. દરેક દુકાને અને દરેક જગાએ જ્યાં જાત્રાળુઓ એકઠા થયા હતા ત્યાં

તેણે તપાસ કરી. આખરે બરદ્વાનવાળાં માણસો જડયાં. તેમાંના પુરુષને બોલાવતાં તેનું હૃદય ધડકવા લાગ્યું.

"બરદ્વાનથી આવેલા ગૃહસ્થને નમસ્કાર કરૂં છું. હું સાંનો જ છું. આ સ્ત્રીઓને આ પવિત્ર તીર્થમાં જાત્રા કરવાને તમે લઇ આવ્યા છો. તેમના મનની ઇચ્છાઓ પ્રભુ સફલ કરો. પણ તમારી સાથે એક બીજી સ્ત્રી હતી એમ તમારા ગોર કહેતા હતા. તે તો અહીં નથી. એ કયાં ગઇ!"

"મહેરબાન સાહેબ! તમને નમસ્કાર કરૂં છું. મારી આંખો મને ઠ-ગતી ન હોય તો હું ધનપુરના જમીનદાર જોઉં છું. એમની જાગીરમાં અમે રહીએ છીએ. તમે મળ્યા એ તો અમારૂં મોટું ભાગ્ય. ધનપુરના જમીનદા-રને પ્રણામ કરો." એમ કહી તેણે પોતાની સ્ત્રી તથા છોકરીઓતરફ જોયું.

સ્ત્રીઓ પગે પડી. પછી પેલાની સ્ત્રીએ તેને કાનમાં કાંઇ કહ્યું, એ-ટલે તે ઘાંટો પાડીને બોલ્યો, "મારી સ્ત્રી કહે છે કે કલકત્તામાં આપનાં ધણીઆણી ગુજરી ગયાં સાંભળીને એ બહુ દિલગીર થઈ છે. પરમે-શ્વર પાસે એ માગે છે કે તમે ફરીથી લગ્ન કરો અને તમારી મોટી મિલકતને લાયક વારસ પુત્રપૌત્રનું ઘણું સુખ જુઓ."

ધનંજયના મનમાં લાગ્યું કે આ બોલકણી બાઇડી અને એના આશીર્વાદ જહાનમમાં જાય. પણ તે સભ્યતાથી બોલ્યો, "તમારી પત્નીને નમસ્કાર કરૂં છું. અને એમની સારી લાગણી માટે આભાર માનું છું. પણ તમારી સાથે જે જુવાન સ્ત્રી આવી હતી તેને વિશે જે જાણતા હો તે કહો."

જમીનદાર તરફ કાંઇક શકમંદ નજરે જોઇ તેણે કહ્યું, "હું એને વિશે ઝાઝું કહી શકું તેમ નથી." જમીનદારની કલકત્તાની રીતભાતની થોડી ઘણી ખબર તેને હતી તેથી ગયા નાસી આવેલી જુવાન સ્ત્રી સં-બંધી પૂછપરછ એને પસંદ પડી નહિં. "એ કોઈ જુવાન વિધવા હતી. અમારા મનમાં કે જાત્રા કરવાને અમારી સાથે આવે છે તેથી એને જોડે લઈ આવ્યાં. એના મનમાં ખોટો ઇરાદો હશે તો ઇશ્વિર એને પૂછશે. અમે તો સીધે રસ્તે ચાલનાર છીએ. એવાં સાથે જવું પણ અમને ગમે નહિં. અમારી પાસેથી એ કેમ અને કયાં ગઈ તે જાણવાની અમારે શી જરૂર?"

ક્રોધ અને નિરાશાને લીધે ધનંજયે પોતાનો હોઠ કરડયો. એનું હૃદય ઉછળવા લાગ્યું અને મગજ ભમવા માંડયું. પેલાં લોકને મૂકીને એ બુદ્ધ

ગયાના પ્રખ્યાત મંદિર તરફ ધીમે ધીમે ચાલ્યો. માથું ફરી જવાથી બે શુદ્ધ જેવો તે દહેરાના પગથીઆપર બેઠો.

એક ગામડીઆની છોકરી પાસેની ગમાણુમાંથી દૂધ લઇ પોતાની ઝુંપડીએ જતી હતી. તેની નજર ખિન્ન થએલા ધનંજય પર પડી. તે ઉભી રહી અને પોતાના મ્હો પરથી લુગડું ખસેડીને તેણે જોયું. એ સુંદર મુખાકૃતિપર દુઃખની છાપ તે સ્ત્રીના કોમળ અંતઃકરણે જોઇ. એ ભૂખ્યો અને થાકેલો હતો એમ પણ તેણે જાણ્યું.

તેણે ધીમથી કહ્યું, “હું બ્રાહ્મણુની છોકરી છું. તેથી મારા વાસણુમાં-થી તમે દૂધ પીશો તો હરકત નથી.” એમ કહી તે થાકેલા મુસાફરની પાસે બેઠી, અને તેના મ્હો આગળ વાસણુ ધર્યું.

દૂધ પીને પગથીઆપર જ ધનંજય ઉંઘી ગયો.

પ્રકરણ ૭ મું.

સુંદર સંન્યાસિની.

હિંદુસ્તાનનાં બધાં તીર્થો કરતાં બુદ્ધ ગયા ધર્મકાર્યને અર્થે વધારે સમર્પણુ થએલું છે. ધનંજય સુતો હતો તે જ જગાએ ઇસુ ખ્રીસ્ત પહેલાં પાંચસે વરસ પૂર્વે એક ફરતો મુસાફર બેઠો બેઠો સંસારનાં માણુસને પ-ડતાં દુઃખ અને પરિતાપ વિશે વિચાર કરતો હતો અને પરિતપ્ત ચિત્તે મોક્ષનો માર્ગ શોધતો હતો. એ મુસાફર ગૌતમ બુદ્ધ હતો અને એણે બૌદ્ધ ધર્મનો પ્રસાર કર્યો હતો. એ ધર્મ હાલ મનુષ્યજાતિનો ચોથો ભાગ પાળે છે. તેણે પોતાના જાતિ બંધુઓને તથા મનુષ્ય બંધુઓને ઉપદેશ કર્યો તે એ હતો કે શુદ્ધ જીવન ગાળવું, પ્રાણીઓપર દયા રાખવી, આપ-ણુને દુઃખ દેનારને ક્ષમા કરવી અને આપણુાપર તિરસ્કાર વૃત્તિ રાખનાર પર પ્રેમ રાખવો. આ ઉપદેશનો સ્વીકાર હિંદુસ્તાનના ગરીબ અને હલ-કાવર્ગના લોકોએ કર્યો હતો; તેમ જ ચીન, જાપાન, બ્રહ્મદેશ તથા સી-લોનમાં એ ધર્મનો અંગીકાર થયો હતો. દૂર રહેલા તાર્તરી અને સાઇ-બીરીઆ સુધી એનો પ્રચાર થએલો હતો.

ઇ. સ. પૂર્વે ત્રણુસેં વરસ પહેલાં મહાન અશોકે બૌદ્ધ ધર્મ ગ્રહણુ

કર્યો હતો, અને તે વખતે જણાએલી દુનીઆના છેડા સુધી એ ધર્મનો ફેલાવો કરવા માટે ધર્મપ્રવર્તકો મોકલ્યા હતા. આ પ્રવર્તકોએ ઓરિસ્સાના ડુંગરોમાં ગુફાઓ તથા મઠ કોરી કહાડયા છે. તેમણે સીલોનમાં એ ધર્મ ફેલાવ્યો, તથા પશ્ચિમનાં મોટાં રાજ્યો–સીરીઆ, ઇજીપ્ત, મેસીડન, સાઇરીન તથા એપાઇરસ એ સર્વમાં એ ધર્મનો ઉપદેશ કર્યો હતો. જીસસ ક્રાઇસ્ટ જન્મ્યો તે વખતે બૌદ્ધ ધર્મીઓ પેલેસ્ટાઇનમાં રહેતા હતા અને પ્રેમ તથા ક્ષમાના નીતિના ઉપદેશ કરતા હતા.

મહાન અશોકની પછી ઘણા સૈકાઓ પછી કોઈ દેશભક્ત હિંદુએ બુદ્ધ ગયામાં, જ્યાં ગૌતમ બુદ્ધે પ્રેમના ધર્મનો સંકલ્પ કર્યો હતો ત્યાં હાલનું સુપ્રસિદ્ધ મંદિર બંધાવ્યું. એ મંદિર મરામત ન થવાથી પડી જવા આવ્યું હતું પણ આ વાર્તાના સમયથી થોડા વખત પહેલાં અંગ્રેજ સરકારે ભૂતકાળના સ્મરણચિહ્નપર આદરભાવથી તે દુરસ્ત કરાવ્યું હતું. એ મંદિરનાં પગથીઆં પર ઉંઘમાં ધનંજય પોતાના મનની વ્યથા ભૂલી ગયો.

સૂર્યોદય થયો. સૂર્યનાં કિરણ મંદિરના ઉંચા શિખરપર પડયાં અને તેનું તેજ ચારે તરફ ફેલાયું. આ મંદિરની નજીકમાં બૌદ્ધ મૂર્તિઓ તથા પૂતળાં જ્યાંથી મળી આવે ત્યાંથી એકઠાં કરી રાખવામાં આવે છે. સીલોન અથવા બ્રહ્મદેશથી આવેલા કોઇ જાત્રાળુઓને પીળાં વસ્ત્ર પહેરેલો સાધુ બધે ફેરવતો હતો. હિંદુ જાત્રાળુઓ કોઇ અહીં તહીં ફરતા હતા અને કોઇ ઝાડતળે રસોઇ કરતા હતા. થોડી દુકાનોમાં વેચવાનો સામાન અને જાત્રાળુઓને પસંદ પડતી મૂર્તિઓ તથા નવાઈની ચીજો પડેલી હતી. આસપાસ ઘર અને ઘાસ છાએલાં ઝુંપડાંવાળું શાંત બુદ્ધ ગયા ગામ આવી રહ્યું હતું.

પગથીઆં પર ધનંજયની પાસે કોઈ સ્ત્રી બેઠેલી હતી. પીળાં વસ્ત્ર તેણે પહેરેલાં હતાં તથાપિ તે બૌદ્ધ ધર્મની નહોતી પરંતુ હિંદુ સંન્યાસિની હતી. પીળા કકડાથી તેણે વાળ બાંધ્યા હતા. તેમાંથી થોડા કપાળપર અને થોડા ખભાપર છૂટા પડયા હતા. પીળો ઝભો પહેર્યો હતો અને કમરપર એ જ રંગના વસ્ત્રથી તે બાંધી લીધો હતો. સંન્યાસિનીનો દંડ તેની પાસે હતો તથા પગ ઉઘાડા હતા. તે બેભાન થાકેલા ઉંઘતા પુરુષ તરફ ઘડી ઘડી નજર નાંખતી અને આંસુ પાડતી.

ઉંઘેલો પુરુષ ઉઠયો ત્યારે સૂર્ય ઉંચે ચઢયો હતો. તેની તરફ જોઇ રહેલી આંખો તરફ નજર કરીને તેણે પોતાની આંખો મીચી દીધી. તેણે

હાથ જોડયા, અને કહ્યું, "હે દયાળુ પ્રભુ! આ જો હું સ્વપ્ન જોતો હોઉં તો મને જાગ્રત કરી જીવતો કરીશ જ નહિં."

"ઓ ધનપુરના અધીશ! તમે મારા જેવી ઘર વગરની રખડતીની પાછળ અહીં સુધી કેમ આવ્યા છો?" સંન્યાસિનીનાં આ વચન, સાંભળનારના કાનને પૂર્વે સાંભળેલા અને પૂર્વના બનાવનું સ્મરણ કરાવનાર ગીત સરખાં લાગ્યાં.

"ઈશ્વિરે મારા પાપનું ક્ષાલન કર્યું છે, અને શું મારી ઉમા, મારી પત્ની તું જીવતી છે?"

તે સ્ત્રીએ શાંતપણે જવાબ દીધો, "તમારી ઉમા અને તમારી પત્ની હવે નથી. આ પીળાં વસ્ત્રપરથી તમે જાણી શકો છો કે હું કોઇ પુરુષની પત્ની નથી. આ રંક હૃદય અને આત્મા ઈશ્વિરસેવામાં અર્પણ કર્યાં છે."

થોડોક વખત શાંતિ પ્રસરી. ધનંજય અંતે બોલ્યો. "ઉમા, તારા હાથ મારા પર મૂક અને મને સ્પર્શથી જાણવા દે કે તું જીવતી છે અને હું જોઉં છું તે મારા ભ્રમિત મગજને લીધે નથી."

ઉમાએ કોમલતાથી પોતાનો હાથ એના હાથ પર મુકયો. આ પરિચિત સ્પર્શથી તે કંપી. તરત જ તેણે હાથ ખસેડી લીધો.

"નહિં નહિં ઉમા! મને તારે પગે પડવા દે, મને તારી ક્ષમા માગવા દે કેમકે તારા ઉગતા જીવનમાં ઘણાં દુઃખ મેં પાડયાં છે અને મારા હૃદય તથા ઘરમાંથી તને કહાડી દુનીઆમાં રઝળતી કરી છે!"

ધનંજય તેના પગપર માથું નાંખી આંસુથી એના પગ ધોતો હતો; એને ખસેડવાને ઉમાએ પ્રયત્ન કર્યો. આઘે ઉભી રહી શાંત સ્વરથી તેણે કહ્યું:

"ધનપુરના અધીશ! ભૂતકાળનું સ્મરણ કરશો નહિં, કેમકે આપણે સંબંધે ભૂત નષ્ટ થયું છે. પ્રભુ પાસે ક્ષમા યાચો, એ જ માત્ર આપણાં પાપ ક્ષમા કરી શકે છે."

"અરે, ઇશ્વર મને ક્ષમા કરે. એની કૃપાની મારે ખરી જરૂર છે. મેં કેટલું દુઃખ સહન કર્યું છે એ ઉમા, જો તું જાણે તો તું પણ મને ક્ષમા કરે. ભૂતકાળનું સ્મરણ મને રાત દિવસ થયા કરે છે. એ વખતના દારુણ ત્રાસનો વિચાર કરતાં કરતાં મારૂં મગજ સંતપ્ત થયું છે અને મારી આંખોમાં જોવાની શક્તિ જતી રહી છે. મારા જીવનનું અધઃપતન મને

રૂંધી નાંખે છે. દયાની મેં બહુ યાચના કરી છે પણ દયા પામ્યો નથી. ઘોર પાપની છાયા, ત્રાસદાયક મૃત્યુ, મને નિરંતર વ્યથિત કરતાં હતાં, મારૂં લોહી ઠરી જવા લાગ્યું હતું અને મારૂં હૃદય સ્તબ્ધ થઇ ગયું હતું. ”

“ અરે તમે ઘણું દુઃખ પામ્યા છો. દયાળુ પ્રભુ દુઃખિતને શાંતિ આપનાર છે. ”

“ મધ્ય રાત્રિના પાપનાં તથા, શ્યામ પાણીમાં પડેલી સ્ત્રીનાં સ્વપ્નાં મને રાત્રે આવતાં અને એ ત્રાસદાયક સ્વપ્નમાંથી ઝબકી હું જાગી ઉઠતો. જે મધુર જીવનને મેં નિરર્થક કર્યું હતું, અને જે કોમળ હૃદય મેં છુંદી નાંખ્યું હતું તેનો મને વિચાર આવતો હતો. હું મોટેથી રૂદન કરતો પણ તે સાંભળનાર અને મારી દયા ખાનાર કોઇ નહોતું. ”

“ ધનપુરાધિપ ! એવું ન બોલશો. સુખદુઃખનો જે સંન્યાસિનીએ સર્વદાને માટે ત્યાગ કર્યો છે તે સંબંધી સાંભળવું તેને યોગ્ય નથી. ”

“ ધર્મના આશ્વાસનને લીધે તેં તો સુખદુઃખ તજ્યાં છે, પણ મને તો દરેક પરિચિત પદાર્થ, તારૂં દરેક ચિહ્‌ન, ઓ ઉમા, શૂળ પેઠે ઘોચાતાં હતાં. અંતે કલકત્તાનું શૂન્ય, નિંધ ઘર છોડી હું કાંઇ વિશ્રાંતિ મળશે એ આશાએ રસ્તામાં રખડવા લાગ્યો. હું બિન્દુને ઘેર ગયો. આ જગત્‌માં જો શાંતિ હોય તો એના ઘર અને હૃદયમાં છે. નાનપણમાં તારાપર એ ઘણો જ પ્રેમ રાખતી હતી. હજી પણ તને એટલું સંભારે છે કે કોઈ સખી ભાગ્યે જ એટલું યાદ કરતી હોય. મને લાગ્યું કે હું તેની પાસે દયાની યાચના કરીશ તો તે મને જરૂર આશ્વાસન આપશે. ”

ઉમાની આંખમાં આંસુ આવ્યાં, પીળા ઝભા તળેથી તેનું હૃદય ઉચું નીચુ થતું હતું. પોતાની બાલસખીને સદા કાળને માટે તજી છે એ વાતનું સ્મરણ થતાં તેને આ લાગણી થઇ હતી.

“હું એને ઘેર ગયો, પણ કલકત્તેથી એ તો તાલપુખર ગઇ હતી. અને ત્યાં મ્હો દેખાડવાની મારામાં હિંમત નહોતી. પછી મને કાલી સાંભરી. કલકત્તેથી હું પગે ચાલતો બરદ્વાન ગયો. રાત્રે ગામડાંનાં ઝુંપડાંમાં ઘાસની પથારીમાં હું વિસામો લેતો. એક દહાડો મોડી રાત્રે હું ત્યાં પહોચ્યો અને ધ્રૂજતે હાથે બારણું ઠોક્યાં. એ બધાં પુરીની જાત્રાએ જઇને પાછાં આવ્યાં છે. તેમણે મમતાથી મને ઉતારો આપ્યો. મારી દુઃખકથા કાલીએ સાંભળી અને તેનું હૃદય વીંધાયું. નાનપણની પેઠે મારો હાથ ઝા-

લીને તે પોતાના ખંડમાં મને લઇ ગઇ અને કહ્યું કે ઉમાનું સ્મરણ પૂજ્ય-વૃત્તિથી કરશો અને તેની ઇચ્છા હતી તે પ્રમાણે વર્તશો તો એ તમને ક્ષમા કરશે. મારા પરિતપ્ત હૃદયપર એ શબ્દોથી અમૃતસિંચન થયું અને કાલીબહેનના ઘરમાં હું સુતો તે પહેલી જ વાર શાંતિથી ઉંઘ્યો. એની માયા અને સ્નેહનો બદલો ઇશ્વિર આપશે!"

ધનંજય અટકયો. તેના શુષ્ક ગાલપર આંસુનાં ટીપાં પડયાં. જરા શાંત થઇ તેણે કથા આગળ ચલાવી.

"તેં જે છેલ્લો કાગળ મને લખ્યો હતો તે તારા સ્નેહના સ્મરણ-ચિહ્નને હું હમેશ મારા હૃદય સમીપ રાખું છું. તે કાગળને આધારે હું એકસો આઠ દહેરાંમાં ગયો. કાલી અને જગત્ મારી સાથે આવ્યાં હતાં. ત્યાં કોઇને તારે વિશે ખબર નહોતી. ત્યાંથી મને ગોઇપુર મોકલ્યો અને ત્યાં મને ભાળ મળી કે તું ગયા ગઇ છે. હું ગયા આવ્યો. ત્યાં મંદિર બજાર વગેરે સર્વ સ્થળમાં તારી તપાસ કરી. નદીને કીનારે તારાં સ્વપ્ન હું જોતો હતો. વધારે શું કહું? ઇશ્વિરે મારી ઉમા, મારો આત્મા, મારૂં જીવિત, મને પાછું આપ્યું છે!"

તે સ્ત્રીનું અંતઃકરણ સંન્યાસિનીના ઝભા નીચે ફરીથી ધડકયું. તેની આંખો ભીની હતી. કાંઇક કંપતા અવાજથી તે બોલી, "ધનપુરના અધીશ! મર્ત્ય મનુષ્યના હાથમાં કોઇને ક્ષમા કરવાનું નથી. આપણું જીવન પાવન કરનાર મંગલમય પ્રભુ જ છે. છતાં એક સ્ત્રીની યાચના કાંઇ કામની હોય તો પવિત્ર પ્રભુને ધામ રાતદહાડો તમારે સારૂ પ્રાર્થના કરીશ. તમે ઘણો વખત અને અત્યંત દુઃખ વેઠયું છે. ભૂતકાળના અપરાધ સારૂ તમે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કર્યું છે; ઇશ્વિર મારો સાક્ષી છે કે જીવીશ ત્યાં સુધી તમારા તરફ ક્રોધનો ભાવ આ હૃદયમાં નહિં રહે."

"આવાં માયાભર્યાં વચન ઉચ્ચારનાર તારા મધુર ઓઠને મારી આશિશ છે. જીવનના અંત સુધી હું યાદ રાખીશ કે મેં પાપ કર્યું હતું અને તેં તે ક્ષમા કર્યું છે. મારા અપરાધથી કલુષિત થએલો હું તારી સમક્ષ આવ્યો છું અને તું મારા ઉદ્ધાર માટે પ્રાર્થના કરે છે. ઉમા, તારી દુઃખકથા હવે મને કહે. તું એકલી કેમ ફરે છે?"

"મારી કથા દુઃખપૂર્ણ નથી. મંગલનિધાન પ્રભુને શરણે જાય તેને તે સાંત્વન આપે છે. અહીં ઘણી સ્ત્રીઓ છે તે પવિત્ર સંન્યાસિનીઓના આશ્રમમાં દાખલ થઇ જાત્રા અને પુણ્યાચરણમાં જીવન કાઢે છે.

તેમાંની કેટલીક ઘણે દૂર ફરેલી છે, અને એવાં પવિત્ર સ્થાનો તેમણે જોયાં છે કે જ્યાં કોઇ જવલ્લે જ જાય છે. તેવીને હું મળી છું. પવિત્ર ગંગા નદી જ્યાંથી નીકળે છે ત્યાં ગોમુખના બરફના ડુંગર એમણે જોએલા છે. કાશ્મીરમાં બરફથી ઢંકાએલા પર્વતોમાં દહેરાં છે તે તેમણે જોયાં છે. પૂર્વકાળમાં રામ અને સીતા રહેતાં તે ગોદાવરીના પ્રદેશ એમણે દીઠા છે અને કૃષ્ણા અને કાવેરી નદીને કિનારે આવેલાં પ્રાચીન દેવસ્થાન તેમણે જોએલાં છે. મહાન પ્રભુની સેવા એનાં અનેક મંદિરોમાં કરવી અને તેનાં સંતાનને દુઃખ અને માંદગીમાં સહાય થવું એ એમનું કર્ત્તવ્ય છે; તેઓનાં જીવન પુણ્યમય છે. આ દીન ભટકતી સ્ત્રીને તેમણે સહાય થવાનું કર્યું છે. તેમના સંગમાં હું સંસારનાં કષ્ટ અને વ્યથાઓ ભૂલી જઇશ. તેમનો પવિત્ર વેશ તો મેં ધારણ કર્યો છે. તેમનાં પુણ્ય જીવનનું અનુકરણ કરવા પ્રયાસ કરીશ. એવી સાધુતામાં આનંદ રહેલો છે એમ આગળ લખી ગયા છે."

"ઉમા, તારો ઉદ્દેશ ઉચ્ચ તથા તારા શુદ્ધ જીવનને ઘટતો જ છે. પણ કલ્યાણકારી પ્રભુ તેને મંદિરે આવે તેની જ સેવા સ્વીકારે છે એમ તું માને છે? જેઓ સંસારમાં રહી તેમના નિર્બળ મનુષ્યબંધુઓને સહાયતા કરે છે, દીન, રંકને મદદ કરે છે, અને જીવનની લાલચ વચ્ચે સન્માર્ગે જવાનો પ્રયાસ કરે છે તેની તેને ગણના નથી એમ તું ધારે છે?"

"ના. જેઓ સંસારમાં રહીને સત્ય માર્ગનું અનુસરણ કરે છે તે ઈશ્વરના મંદિરમાં રહેનાર કરતાં ઈશ્વરની નજરમાં વધારે મોટો પરિત્યાગ કરે છે એવું લખેલું છે. જે મનુષ્યબંધુઓ અશક્ત છે, જીવનનાં કર્તવ્ય કરવા માટે યોગ્ય નથી તેઓ સંન્યાસની અવસ્થામાં આશ્રય શોધે છે. હું એ વર્ગની છું. મારાં કર્તવ્ય કરવામાં ચૂકેલી છું તેથી સંન્યાસિની થઇ પ્રાયશ્ચિત્ત કરવા ઇચ્છું છું."

"મારી ઉમા! તું કર્તવ્યમાં નથી ચૂકી. તેં જે તપ કર્યું છે તેવું તપ કોઇ સંન્યાસી કે વેરાગીએ જંગલમાં અને એકાંતમાં પણ કર્યું નહિં હોય. તારા જેવી હિંમતથી અને નમ્રતાથી કોઇ સંન્યાસીએ દુઃખ ખમ્યું નહિં હોય. કર્તવ્યભ્રષ્ટ તો હું થયો છું. મારૂં ચિત્ત મલિન વિષયો તરફ ગયું હતું. હું નિર્બળ છું અને મારે આશ્રય અને ટેકાની જરૂર છે. મોહાંધ પતિની પાસે રહી તેનું જીવન વિશુદ્ધ કરવામાં તું સહાય નહિં થાય?"

"ઓ ધનપુરના ઇશ! લોભાવશો નહિં. સ્ત્રીનું હૃદય નિર્બળ છે અને

ની પગલે પગલે સ્ખલન પામે છે."

"તારી વિલાપ કરતી માની પાસે પણ તું નહિં રહે? એને તારા સિવાય કોઈ નથી. તેના ઘડપણનો ટેકો અને અંત સમયે પાસે રહેનાર એને કોણ છે? તેણે તને મોટી કરી છે. ઉમા, એના જીવનના અંતમાં એના જીવને ટાઢક નહિં કરે?"

તેણે ફરીથી કહ્યું, "હું આવી નહિં શકું એમ જાણ્યા છતાં મને નહિં છોડો?"

"બિન્દુ એક સગી બહેન કરતાં પણ તારાપર અધિક સ્નેહ રાખે છે, તેને મળવા તું કેમ ન આવી શકે? બિન્દુનાં છોકરાં માસી ક્યાં ગઇ કહે છે તેમને પાસે તું કેમ ન લઈ શકે? તારી પ્રિય કાલીની બહેન અને સખી ફરીથી તું નહિં થાય? દુઃખી સુધાને દિલાસો દેવા તું નહિં આવે? ઓ ઉમા! તારે ઘરમાં આ બધાં કર્તવ્ય કરવાનાં છે તેના કરતાં સંન્યાસિનીનાં કર્તવ્ય તને ચઢિયાતાં અને વધારે પવિત્ર લાગે છે?"

આ બધાંનું સ્મરણ એકદમ થવાથી ડસકે ડસકે રોતાં ઉમાએ કહ્યું, "પણ મારૂં હવે ઘર જ નથી."

ધનંજયે કહ્યું, "મારી પ્રિય ઉમા! આ તારા અનુતપ્ત પતિના હૃદયમાં તારૂં ઘર છે. આપણા આગલા કાળનું સ્મરણ કર. આ નેત્રને તું કેટલી પ્રિય હતી તે સંભાર. મારી સંમુખ જબરી લાલચો આવી હતી. તેને વશ થઇ હું ભ્રષ્ટ થયો. મેં ઘોર પાપ કર્યું છે. તથાપિ તારો સ્નેહ હું કદી ભૂલ્યો નથી એ સત્ય માનજે. તું કન્યાવેશે પરણીને મારે ત્યાં આવી તે વખત કરતાં આજ મને વધારે મધુર લાગે છે. મારી નજર આગળ તું સ્ત્રીવેશમાં આવી તે કરતાં પણ આજ આ પરિતપ્ત હૃદયને તું વધારે પ્રિય છે. જે ઇશ્વરે મને અપરાધમાંથી બચાવ્યો છે તેની ભક્તિ કરવાનો હું પ્રયાસ કરીશ અને હવે પછી તને અનુરક્ત રહેવામાં તું મારી સહાયક થા."

ઉમાના આખા શરીરમાં કંપારી થઇ. મનુષ્યના હૃદયના બધા ભાવ દાબી શકાય છે અને તેનું દમન થઇ શકે છે, બધી સ્મૃતિઓ નષ્ટ કરી શકાય છે. પણ સતી સ્ત્રી જેના ઉપર એક વખત પૂર્ણ હૃદયથી પ્રેમ રાખે છે તેને તે કદાપિ ભૂલી શકતી નથી. સ્ત્રીના ચિત્તમાં ઉદ્‌ભવતા મનોવેગને દાબી દેવા એ સુંદર સંન્યાસિનીએ પ્રયત્ન કર્યો, અને બોલી. તેનો અવાજ એના મનની નિર્બલતા દર્શાવતો હતો.

"ઓ ધનપુરના નાથ ! આ રંક અબળાને જતી મૂકો, એની નિર્બલતા તમે જાણો છો. આપણે મળ્યાં હતાં, આપણે જુદાં પડ્યાં છીએ. આપણ દરેકે ગ્રહણ કરેલે માર્ગે ચાલીએ એ વધારે સારૂં છે. ઈશ્વરસેવામાં મને તો દુનીઆમાં નહિં મળેલી એવી શાંતિ મળી છે; અને તમારે માટે તો ઘણું ઉચ્ચ કર્તવ્ય છે; તમારાં ગરીબ ખેડુતોને મદદ કરો, તમારી પ્રતિષ્ઠાને યોગ્ય તમારા દેશની અને તમારી પ્રજાની સેવા કરી શકો તેમ છે. ઈશ્વરે તમને સુકૃત્ય કરવાને સન્માર્ગે ચઢાવ્યા છે તેનું ભજન કરો. એક સ્ત્રીના પ્રેમ કરતાં આ બધાં વધારે ઉચ્ચ આદેશવાળાં છે. એ કર્તવ્ય બજાવો અને આ ગરીબ દુઃખી સ્ત્રીને તેણે ગ્રહણ કરેલે શાંત માર્ગે જવા દો. આ વધારે સારો રસ્તો છે. હવે પછી આપણે પાછલી અવસ્થામાં મળીએ અને હું વૃદ્ધ થએલી હોઉં ત્યારે આપણે કદાચ મિત્ર તરીકે રહી શકીશું. તે વખત જે નિકટના સંબંધમાં આપણે કર્તવ્યવિમુખ થયાં તે પાછો તાજો કરવાની ઇચ્છા નહિં રહે."

"મધુર ઉમા, હું કર્તવ્યવિમુખ થયો છું, પણ તું મારી પાસે ફરી આવે તો ઈશ્વરઇચ્છાથી હું કર્તવ્યપરાયણ થઇશ. મેં તને દુઃખ દીધું છે અને કુમાર્ગે ગયો છું એમાંથી પાછા આવવાને તું મને સહાય થા. તારે પગે મને પડવા દે—હું મારા ઈશ્વરને પગે પડવું પણ ભૂલી ગયો છું. મારી કૃપામય દેવી ! મને તારે યોગ્ય થવાને તું સહાયતા આપ."

ઉપરાઉપરી ડસકાં ભરતી ઉમા બોલી ઉઠી, "મારા નાથ, ઉઠો અને આ સ્ત્રી તે સ્ત્રી જ રહી છે એ વાતનો હું સ્વીકાર કરૂં છું તે સાંભળો. તમારી પત્ની તે તમારી પત્ની સદાકાળ રહેશે એ ખાતરી રાખજો. મારા નાથ, જીવતા સુધી જગતમાં જ્યાં જઈશ ત્યાં તમારો પ્રેમ આ હૃદયમાં રહેશે. ઈશ્વરે મને સ્ત્રી સરજી છે તો એની સેવામાં જીવિત અર્પણ કર્યા પછી પણ મારા હૃદયનો ભાવ મારા મનમાં એ રાખવા દેશે. આટલું સ્વીકાર્યા પછી મેં ગ્રહણ કરેલે માર્ગે જવાની મને આજ્ઞા આપો. તમારી મૂર્તિ મારા હૃદયમાં સતત રહેશે, અને અંતર્યામી ઈશ્વરના ભજનમાં પણ તમારૂં નામ હું સાથે જપીશ એ જાણજો. આ પીળાં વસ્ત્ર ધારણ કર્યા પછી પાછી સંસારમાં તો મારાથી આવી શકાય તેમ નથી."

"પુણ્યાત્મા પ્રિયતમા ! તારૂં હૃદય તારાં સ્ત્રીનાં કર્તવ્યોમાં અનુરક્ત છે તો આ વસ્ત્ર તને રોકી શકનાર નથી. લગ્નને દિવસે પહેરેલી લોઢાની બંગડી તારા હાથમાંથી તેં કહાડી નાંખી નથી. એ શુભ ચિહ્ન પરથી હું

જાણી શકું છું કે તું હજી નવ શિષ્યા છે, તેં દીક્ષા લીધી નથી. નવ શિષ્યાથી સંસારમાં પાછાં જઈ શકાય છે. એ જ શુભ કડાને આધારે હું તને મારી પોતાની ગણી પાછી લઇ જઇશ. તારાપર હમેશ પ્રેમ રાખતા આવેલાના હૃદયમાં તથા ઘરમાં પાછી ચાલ. દુનીઆની ઉચ્ચતમ, શુદ્ધતમ, અને મધુરમાં મધુર સ્ત્રીને લાયક થવાનો પ્રયત્ન હું કરીશ."

શિયાળાનો સૂર્ય મંદિર અને તેના શિખરપર તપતો હતો. જેના હૃદયમાં સ્ત્રીને યોગ્ય પ્રેમ હતો અને સ્ત્રીની કોમળતાથી જેણે ક્ષમા ધારણ કરી હતી તેનાપર સૂર્યનાં કિરણોનું તેજ પડતું હતું. પાસેનાં દેવાલયોમાંથી સવારના ઘંટ વાગવા માંડ્યા. આ સમયે એક ભ્રમિત આત્મા પશ્ચાત્તાપથી સદાચારને માર્ગે આવ્યો; એક **સ્ત્રીના પ્રેમથી** વિમાર્ગે જતા આત્માનો ઉદ્ધાર થયો.

પ્રકરણ ૮ મું.

તાલપુખર.

તાલપુખરમાં વસંત ઋતુ બેઠી છે. કુમળાં વાંસનાં ઝાડ લીલાં થયાં છે. મોટા પીપળાનાં ઝાડનાં પાંદડાં ખરી જઇ કુમળાં ચળકતાં રાતાં પાંદડાં આવ્યાં છે. આંબાને મોહોર આવ્યા છે અને આસપાસ ચારે તરફ એની સુગંધ ફેલાઇ છે. માલતીના છોડ ઉપર કળીઓ આવી રહી છે. આપણા દેશમાં અતિ પ્રશંસા પામેલાં કમળનાં ફુલ સર્વે તળાવોમાં ઉગ્યાં છે.

હેમ અને બિન્દુ પોતાને ગામ પાછાં આવ્યાં છે. કલકત્તાના બંદીખાના જેવા ઘરમાંથી ત્યાં આવ્યા પછી એમના જીવને નિરાંત લાગે છે. હેમને હવે પૈસાની છુટ થઇ છે. ઘરની આગળ તેણે નવો ખંડ બાંધ્યો છે. તેમાં સવારથી સાંજ સુધી ખેડુતો ભરાએલા રહે છે. ઉત્તર હિંદુસ્તાનમાં શહેરની સ્ત્રીઓને ફરવા હરવાની છુટ હોતી નથી. એ બંધનમાંથી મુક્ત થઇ બિન્દુ પોતાનાં પાડોશી અને ઓળખીતાંઓને ત્યાં છુટથી મળવા જાય છે. સૂર્ય ઉગતા પહેલાં તે તળાવમાં સ્નાન કરવા જાય છે. ઘણીક વાર સાંજે તેનો પતિ ખેડુતો સાથે કામમાં રોકાએલો હોય ત્યારે પોતાની કાકીને ત્યાં જાય છે. ઉમા જીવતી રહી અને પતિનો સ્નેહ પામી એ સંબંધી વાત

કરતાં તેને હર્ષનાં આંસુ આવે છે. બિન્દુનાં છોકરાં તેમની મોટી કાકીની આસપાસ રમે છે, બોલે છે, એને લાડ કરે છે અને એનું હૃદય આનંદથી ભરે છે.

શરત પોતાની નવ વધૂને લઈ પોતાના ગામડાના ઘરમાં આવી રહ્યો છે. તેમનાં હૃદય દિવસો અને મહીનાઓ સુધી મૂક પીડા તથા નિરાશામાં એકએકને અનુરક્ત રહ્યાં હતાં તે પ્રબળ અને ઉત્કટ પ્રેમની લાગણી અનુભવવા લાગ્યાં. સુધાની ઝાંખી પડેલી આંખોમાં તેજ આવ્યું હતું અને તેના ગાલપર આનંદ અને સુખાકારીની રતાશ આવી હતી. ગયા ઉનાળામાં જે એક બાળક માત્ર હતી અને બહેનને ઘેર બિલાડીનાં બચ્ચાં પાછળ દોડતી તે આજે સુંદર પ્રેમાળ સ્ત્રી બની છે. તેનું હૃદય અંતરના હર્ષથી ઉભરાતું હતું અને તે આનંદ ઢાંકવાનો તે વૃથા પ્રયત્ન કરતી હતી. પોતાના ઘરનું સર્વ કામ કરતી, ઘર સાફસુફ કરતી અને પતિને સારૂ રસોઇ કરતી. આખા દહાડાના કામથી પરવારી શરત ઘેર આવતો ત્યારે તે શરમાઇ તેના પ્રેમભર્યા ચુંબનમાંથી છટકી જવા (કે પ્રસંગ આણુવા ?) પોતાનાં ખંડમાં ભરાઈ જતી.

ફરી પરણેલી હિંદુ વિધવા તરફ ત્રાંસી નજરે લોકો જોઇ રહેલા. સનાતનની સ્ત્રી પણ બિન્દુ પાસે ઘણી વાર આવતી ત્યારે વખત નવા નવા ફેરફાર કરે છે એમ કહેતી.

તેણે રોતાં રોતાં કહ્યું, "બહેન, મેં તો તને કહ્યું જ હતું કે કલકત્તે જઇને નાતજાતમાં રહેવું બનવાનું નથી. આ સુધાબહેનને મારૂં દહીં કેવું ભાવતું ! હસ્યા વગર તો એ મારી જોડે બોલે નહિં. બાળપણમાંથી વિધવા થએલી એ ફરી લગન કરશે એમ કોણ ધારે ? બહેન, મેં તો તે વખતે જ તને કહ્યું હતું કે આપણા કોલેજમાં ભણતા જુવાનીઆઓ શું ન કરે તે કહેવાય નહિં, જીવતાં માણસનાં ગળાં પણ તેઓ તો કાપે."

બિન્દુએ હસીને કહ્યું, "શરતે હજી મારી બહેનનું ગળું કાપ્યું નથી. એ તો એને પરણ્યો છે અને એને સુખી કરી છે."

તે સ્ત્રી નિષ્કપટ ભાવથી બોલી, "પણ એ ગળું કાપ્યા કરતાં એ ભૂંડું નથી કર્યું ? બહેન, ગામના લોક શું કહે છે તે તો સાંભળ."

"બહેન, લોકો તો છો બોલે. એ બોલતા થાકશે. અમે તેની દરકાર રાખવાનાં નથી. શરત જેવો લાયક માણસ આખા ગામમાં નથી અને મારી સુધા જેવી સાચી પત્ની પણ કોઇ નહિં હોય. શ્રદ્ધાવાનનો ફલદાતા ઇશ્વર એમને સુખી કરશે."

"હા બહેન, સુધા સારી છે તેની મારાથી કદી ના નહિં કહેવાય. હજીએ મારૂં દહીં એને ભાવે છે અને મને કૈબારત બહેન કહીને બોલાવે છે, એના ઉપર ભગવાન દયા રાખે!" એમ કહીને દુધવાળીએ આંસુ લૂછ્યું અને ઘેર ગઇ.

બીજા પાડોશીઓ પણ આ જ પ્રમાણે કહેતા. વખત ખરાબ થઇ ગયો છે, જવાન પુરુષો અને સ્ત્રીઓ સ્વચ્છંદે વર્તનાર થયાં છે એમ સહુ કહેતાં. છતાં શરત તથા સુધાના માયાળુ સ્વભાવ અને સૌજન્યની કોઇથી ના પાડી શકાતી નહોતી. હજામની સ્ત્રી પહેલાં થોડા દહાડા ન આવી પણ પછી એક દહાડો રાતે આવીને સુધાને પગે પડી રોવા લાગી. ધોબણે પણ થોડો વખત રહી કામ કરવું શરૂ કર્યું. સારા ઘરની કુલીન સ્ત્રીઓ પોતાને ત્યાં સર અવસરે કે જમવાને સુધાને તેડી શક્તી નહિં, પણ તેને મળવા આવતી કેમકે સુધા સર્વના ઉપર સ્નેહ રાખતી અને તેને કોઇની સાથે વેર નહોતું. નાતબહાર રહેનારને જે ત્રાસ આગળ હતો તે રહ્યો નથી. લોકો જૂની રીતને વળગી રહ્યા છે પણ તેઓ વધારે વ્યવહારકુશળ થયા છે.

વૃદ્ધ તારિણી એક વખત બરદ્વાનથી રજા પર ઘેર આવ્યો ત્યારે કહેતો હતો કે "વખતના વેગની સામે થવું નકામું છે. શરત તું દૃઢ નિશ્ચયવાળો છે. તેં તારૂં ધાર્યું કર્યું. પણ ખરી વાત એ છે કે બ્રાહ્મણોને તૃપ્ત કરવા જોઇએ, ત્યારે એમને સંતોષો." તાલપુખરમાં અગાઉ ભાગ્યે થયો હોય તેવો મોટો જમણવાર કરવામાં આવ્યો. આ પછી સામા પક્ષવાળા જરા શાંત થયા.

ઉમા એને પીયર આવી હતી. તેણે પીળો ઝભો કહાડી નાંખ્યો હતો અને અગાઉની પેઠે હીરામોતીનાં ઘરેણાંથી શણગારાએલી હતી. તેણે માને પ્રણામ કર્યા અને બિન્દુને ભેટી પડી. તે સુધાને ઘેર આવી ત્યારે એ લજ્જા પામતી સુંદરીની ડોકમાં સુનાની કંઠી અને હાથમાં સુનાની બંગડીઓ જોઈ તેની આંખમાં હરખનાં આંસુ આવ્યાં. તેણે તેને છાતી સરસી લઇ કહ્યું, "મારી મીઠી બહેન, ઇશ્વર તારૂં કલ્યાણ કરો." એમ કહી પોતાની ડોકમાંથી પાંચ સેરની મોતીની માળા કહાડી સુધાને પહેરાવી. તે બોલી "બહેન સુધા! મારી ખાતર આ તું પહેરજે કેમકે નાનપણથી તું મને વહાલી હતી. તને બાલપણમાં વૈધવ્ય પ્રાપ્ત થએલું જોઇ હું રડતી. હવે તને સ્નેહશીલ પત્ની થએલી જોઇ મારૂં હૈયું હરખાય છે. આ માળા મારા પતિના સ્નેહની પ્રથમ ભેટોમાંની એક હતી. દયાળુ પ્રભુએ મને મારા

પાંત પાછા આપ્યા છે." આથી વધારે ઉમા બોલી શકી નહિં. સુધાને પોતાની છાતીએ ચાંપી રાખીને માત્ર રોયા કર્યું. દુઃખ પામેલી સ્ત્રીને બીજી દુખીઆરીને માટે જે ખરી લાગણી થાય–અનુકંપા થાય, તેવા શુદ્ધ ભાવનાં એ આંસુ હતાં.

સુધાને પોતાની ભાભી થયા પછી જોવાની કાલીને બહુ હોંસ હતી. પણ મુસાફરી કરવાની તેને હાલમાં મનાઇ હતી. જગત્કીશોરની કાકીઓએ હરખભેર ઉમાની માને કાગળ લખ્યો હતો કે જગત્ની માની જાત્રા અને વાંચ્છના સફળ થઇ હતી. થોડા મહીના પછી જગતના ઘરમાં ઘણા વખતના ઇચ્છેલા વારસને આવવાની વકી હતી. રાણીગંજના અંગ્રેજ દાક્તરને વારંવાર બોલાવવામાં આવતો હતો. પણ ઘરનાં બૈરાંએ એને નકામો ગણી કહાડી નાંખ્યો હતો કેમકે એ ખાત્રીપૂર્વક એમને કહી શકતો નહોતો કે છોકરી નહિં પણ વારસ છોકરાનો જ જન્મ થશે.

અઠવાડીઆં પાણીના રેલાની પેઠે ચાલ્યાં ગયાં. એક દહાડો સાંજે સુધા સરોવરપર જતી હતી. આકાશ ચંદ્રરહિત હોવાથી અંધકારમય હતું. તાડનાં ચમર જેવાં પાંદડાં આકાશ તરફ રહેલાં હતાં અને તેમાં થઇ મૃદુ પવન વાતો હતો. તારાનું તેજ પાણીના તરંગપર પડતું હતું. આવેની ઝાડીમાંથી કોયલનો કોમળ સ્વર રાતની શાંતિમાં આવતો હતો. સુધાનું માથું ઉઘડી ગયું હતું. તેના કાળા ચળકતા કેશ તેના મધુર, યૌવનપૂર્ણ મુખપર અને છાતીપર પડયા હતા. તળાવને કિનારે વિચારમાં એ ઉભી હતી એટલામાં સહેજ ખખડાટ તેના કાનપર પડયો.

ઝાડીમાંથી તેના પતિની ઉંચી અને ભવ્ય આકૃતિ નજરે પડી. સુધાએ ઘડો ભોંય પર મૂકયો અને આપણી વહુની સ્વાભાવિક રીત પ્રમાણે તેણે માથે ઓઢયું.

"અહીં આપણને જોનાર કોઇ નથી ને તું કેમ મ્હોં ઢાંકે છે પ્રિયા! આપણે હજી એક કર્તવ્ય બજાવવાનું રહી ગયું છે તે સંભારવા હું આવ્યો છું. કાલે આપણે અહીંથી બનારસ જવાનું છે અને ત્યાં જઇ મારી માતુશ્રીની આશિશ લેવાની છે."

"ઠીક ત્યારે જેમ ઝટ જવાય તેમ સારૂં. મને માને મળવાની ઇચ્છા લગ્ન પછી તરતની થએલી છે. મારી મા કરતાં પણ એ મારા પર વધારે સ્નેહ રાખે છે. કોઇ કોઇ આગલા બનાવ એકાએક આપણને સાંભરી આવે

છે. આ ઉનાળાની સાંજે અહીં ઉભી રહી છું તે જ વખતે બાર વરસ ઉપર હું બાળક હતી અને મારી મા જોડે અહીં આવતી તે વાત સાંભરે છે. મારા નાનપણમાં જ એ ગુજરી ગઇ. પણ ઇશ્વિરે મને એના જેવાં જ સ્નેહશીલ, ઋજુ અને સુશીલ સાસુ આપ્યાં છે. મને બનારસ તેડી જાઓ મારા નાથ ! હું મારાં આંસુ વડે એમના પગ ધોઇશ અને એ મને આશીર્વાદ દેશે. એમના જેવાંના આશીર્વાદે જીવનમાં સુખ પમાય છે.”

“સુધા તું સત્ય કહે છે. પુણ્યાત્મા માતુશ્રીના આશીર્વાદથી આપણે સુખી થઇશું. તું પણ મારી સાથે રહેજે. સુધા તું મારા જીવનની દૃષ્ટિમર્યાદા પર નવીન તેજ રૂપે આવી છે. તું મારો આનંદ, મારો આધાર અને દિલાસો છે. તું હવે મારી જ છે.”

એમ કહી શરતે આ ખીલેલી માલતી સરખી મધુર, લજ્જા પામતી છોકરીના આસપાસ પોતાનો હાથ નાંખ્યો અને તેના કંપતા હોઠ ઉપર ઉત્કટ પ્રેમનું ગાઢ ચુંબન કર્યું. તેના બાહુપાશમાંથી છુટવાને મથતી નવવધૂ સ્પર્શથી ધ્રૂજતી હતી, તેનું મુખ રાતું થયું હતું અને તેની છાતી ધડકતી હતી. પોતાનો હરખ ઢાંકવાને એ ઝાડમાં જતી રહી.

રાત્રિ વિશે શાંતતા પસરી રહી હતી. તારાનું તેજ તાલસરોવર પર પડ્યું હતું.

સમાપ્ત.